॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથય નમઃ ॥

॥ શ્રી ગૌતમ સ્વામીને નમઃ ॥

# શ્રી 'શ્રીચંદ્ર' (કેવલી)

પૂ. શ્રી સિદ્ધર્ષિ ગણિવર કૃતઃ


સંપાદક :– મુનિશ્રીજયપદ્મવિજય મઃ



પાંચમું સંસ્કરણ: મુલ્ય રૂા. ૩–૪૦

શ્રી કીર્તિચંદ્ર નિર્મલ મૌક્તિક ૧ :

વીર સં. : ૨૪૯૫. વિક્રમ સં. : ૨૦૨૫.
શાલિવાન ૧૮૯૧. ઈ. સ. : ૧૯૬૯.

પ્રકાશક :– શા. મોતીચંદ નરશી ધરમસિંહ

અજિતભુવન, જયશ્રીરાજનગર,

હુબલી. ફો. નં. ૨૪૩૭

**શ્રી વર્ધમાન આયંબિલ મહાતપ પૂર્ણ કરનારા વિરલાઓઃ-**

૧ સ્વ.સા.શ્રી તીર્થશ્રીજીમ ૨ પં. શ્રી હર્ષવિજયજી ગણિ (૫૦૦ એકાંતર)
૧૭ સા. શ્રી સંવેગ ,, ૩ સ્વ. મુ. રા. શ્રી કુમુદવિજયજી(બીજી ૨૩)
૧૮ ,, ગજેન્દ્ર ,, ૪ સ્વ. પં. શ્રી કાન્તિ ,, ગણિ.
૧૯ ,, પ્રવિણ ,, ૫ પં. શ્રી રાજવિજયજી ,, (બીજી વખત)
૨૦ ,, રૈવત ,, ૬ મુ. રા. શ્રી ભાવ ,,
૨૧ ,, પુષ્પચુલા ,, ૭ ,, ,, પ્રમોધ ,,
૨૨ ,, શુભદ્રા ,, ૮ ,, ,, દર્શન ,,
૨૩ ,, તારા ,, ૯ ,, ,, મહાનંદ ,, (બીજી વખત ચાલુ)
૨૫ ચીમનલાલ ઋષિ ૧૦ પં. ,, મનોહર ,, ગણિ.
૨૬ સ્વ. મનસુખ પોપટલાલ ૧૧ મુ. રા. ચંદ્રયશ ,, (૧૦૦૮ અખંડ)
૨૭ દત્તુભાઇ જત્રાટકર ૧૨ ,, ભુવન ,,
૨૮ જેઠાભાઈ ખીમજીભાઈ ૧૩ ,, મણિપ્રભ,, (બીજી ૩૬)
૨૯ કાનજી ભુધર ૧૪ પં. શ્રી કુમુદચંદ્રવિજયજી
૩૦ જગજીવન ગીરધરલાલ ૧૫ શ્રી દયામુનિશ્રી
૩૧ રતીલાલ ગાંધી ૧૬ મુ રા શ્રી હેમન્દ્રવિજયજી (૧૦૦૦-૫૦૦ અખંડ)
૩૨ બાલાભાઈ ખંભાત ૨૪ મુ.રા. જયંતભદ્રવિજયજી
૩૩ મોહનલાલ સુરત ૩૪ કાન્તિલાલ મો૦
૩૫ ડાહ્યાભાઈ પાટણ ૩૬ ચીમનલાલ ગંભડદાસ
૩૭ વેજુબાઇ કચ્છમાંડવી(૧૦૦૦ અખંડ)સ્વ.સા શ્રી ચૈતન્યશ્રીજીસ્વ કાંતાબાઈ
(૫૦૦ અખંડ૨ પં. શ્રી ભદ્રંકરવિજય ગણિ. ૧ મુ. શ્રી જયપદ્મવિજયમ.)
૯૯ પં. શ્રી ભાનવિજયજી ગણિ મુ. રા. શ્રી યોગેન્દ્રવિજયજી
૯૪ સા. શ્રી જીતેન્દ્રશ્રીજીમ. ૯૨ ,, ચંદ્રાશુવિ. ૮૮ મુ.રા. શ્રી કલ્યાણપ્રભવિ.
૮૭ મુ.રા શ્રી પદ્યોતનવિ મોહનલાલ અમરશી ૭૯ ,, ખાંતીવિજયજી
૬૫ પં. સૂર્યસાગરજી ગણિ ૫૪ ગણિભદ્રસાગરજી ૫૦ મુ શ્રી જયપદ્મ વિ.
૮૧ મુ રા શ્રી નિત્યાનંદવિજયજી ૩૯ મુ રા. શ્રી મહાભદ્રવિજયજી
૪૩ સા. શ્રી કલ્પલતાશ્રીજીમ. (૨૭ વર્ષથી એકાંતર ઉપવાસ)
૩૦ રીખબચંદ હાથીચંદ ૨૫૦૦ એકાંતર. રતીલાલ નાથાલાલ. ૨૨૨૫ એકાંતર
પં. સં. શ્રી ભૂતિબાઈ વરધીચંદ (ચાલુ) ૪૬ મુ.રા.શ્રી પ્રભાકરવિજયજીમ.

વર્ષોપૂર્વ મેળવેલી:- (હમણાં [redacted] લખતા નથી.)

૨૦ સ્વ.આ.દે. શ્રી વિજયપ્રેમસૂરિશ્વરજી ૩૮ આ.દે. શ્રી વિજયજંબૂસૂરિશ્વરજી
૧૫ આ.દે. શ્રી વિજયયશોદેવ ,, (૨૫ કરોડ નવકાર) ૬૬ પં. શ્રી પુષ્પવિજય ગ.
૪૭ ઉ. શ્રી કેવલવિ. ગણિ ૩૬ પં. શ્રી ભકિત વિ. ૨૯ પં. શ્રી માનવિજય ગ.
૨૮ પં. શ્રી કનક ,, ગણિ ૫૧ ,, ભદ્રંકર ,, ૧૬ ,, વર્ધમાન ,.
૨૫ ,, ચિદાનંદ વિ. ૬૯ ,, મલય ,, ૧૦ ,, સુદર્શન ,,
૫૧ ,, જયંત ,. ૨૫ ,, રૈવત ,, ૭ ,, મુક્તિ ,,
૨૫ ,. ત્રિલોચન ,, (૧૦૦ અઠ્ઠાઇ) હિમાંશું ,, (૨૦ ઉપવાસથી અરિહંતપદ
૨૦ વખત)
૩૯ સ્વ. શ્રી પદ્મવિજય ૬૧ ,, રવિ ,. ૨૫ મુ.રા. શ્રીમતિવિજયજી
૪૫ સ્વ.મુ રા. ગુણભદ્રવિ. ૨૮ મુ.રા શ્રી રત્નાકરવિ. ૨૯ મુ. શ્રી પદ્મપ્રભ વિ.
૨૪ મુ.રા. શ્રી મહિમા ,, ૧૩ ,, કલ્યાણ ,, ૩૩ પં.શ્રી નરરત્ન વિ. ગ.
૩૮ ,, જય ,, ૨૨ ,, અશોક ,, ૬૦ મુ. શ્રી મહાપ્રભ .,
૫૨ ., પૂર્ણભદ્ર ,, ૪૭ ,, ભદ્રાનન ,, ૪૩ પૂર્ણાનંદ ,,
૨૨ ,, ચંદ્રપ્રભ ,, ૨૭ ,, કુંદકુંદ ,, ૧૫ લલિત ,,
૨૩ ,, મિત્રાનંદ ,, ૬૪ ,, મતિધન ,, ૫૯ ત્રિલોચન ,,
૨૯ ,, કૈલાસપ્રભ ,, ૪૩ ,, યશોભદ્ર ,, ૨૪ પ્રિયકંર ,,
૨૯ ,, દેવભદ્ર ,, ૪૨ ,, ચરણકાંત ,, ૧૧ તત્વપ્રભ ,,
૩૧ ,, પ્રવિણ ,, ૨૪ ,, જીનભદ્ર ,, ૯ ,, ધનપાલ ,,
૫૦ ,, જયપદ્મ ,, ૧૬ ,, રત્નાશું ,, ૬૫ ,, ધર્મરત્ન ,,
૩૨ ,, મહોદય ,, ૨૦ ,, પ્રમોદ ,, ૨૮ ,, ચંદ્ર ,,
૧૫ સ્વ હીર ,, ૯ ,, જયભદ્ર ,, ૨૭ ,, મેરૂપ્રભ ,,
૧૦ મુ રા. શ્રીવિચક્ષણ ,, ૪૫ ,, નરભદ્ર ,, ૭ ,, ધર્મઘોષ ,,
૫૦ ,, જીનપ્રભ ,, ૧૯ ,, જયઘોષ ,, ૧૧ ,, ધર્મગુપ્ત ,,
૯ ,, ભદ્રગુપ્ત ,, ૧૪ ,, તત્વાનંદ ,, ૩૦ ,, ધર્માનંદ ,.
૩૭ ,, પુંડરિક ,, ૨૧ ., રાજેન્દ્ર ,, ૨૧ ,, અમરેન્દ્ર ,,
૩૬ ,, મોક્ષાકર ,, ૩૮ ,, મહાયશ ,, ૪૧ ,, ભદ્રશીન ,,
૪૧ ,, લોચન ,, ૩૬ ,, કીર્તિકાંત ,, ૪૧ ,, હેમેન્દ્ર ,,

પુનર્જન્મ ! અને અદ્‌ભુત વિજય !

સં. :- મુનિ શ્રી જયપદ્મવિજય મ. હર્વીના ડડગલી.

શ્રી કીર્તિચંદ્ર નિર્મલ મૌક્તિક ૨. રૂા. ૧)

..................?

સંપાદક :- મુનિશ્રી જયપદ્મવિજય મ.

ક્યારે ? રાહ જુઓ.

શ્રી કીર્તિચંદ્ર નિર્મલ મૌક્તિક ૩.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૯ | મુ. શ્રી ધુરંધર | વિ. | ૧૮ | મુ. શ્રી ચંદ્રશેખર | વિ. | ૪૬ | મુ. શ્રી જયશેખર | વિ. |
| ૨૬ | ,, રત્નપાળ | ,, | ૩૦ | ,, જગતચંદ્ર | ,, | ૩૩ | ,, આનંદઘન | ,, |
| ૧૫ | ,, દયા | ,, | ૩૬ | ,, ચંદ્રશેન | ,, | ૨૧ | ,, જયદેવ | ,, |
| ૪૬ | ,, મનોગુપ્ત | ,, | ૨૨ | ,, લલિતશેખર | ,, | ૧૯ | ,, રાજશેખર | ,, |
| ૧૫ | ,, મુનિચંદ્ર | ,, | ૧૦ | ,, ગુણરત્ન | ,, | ૧૧ | ,, નંદિવર્ધન | ,, |
| ૨૭ | ,, નંદિષેણ | ,, | ૩૯ | ,, મણિભદ્ર | ,, | ૬૫ | ,, લબ્ધિશેન (૫૦૦ અખંડ). | ,, |
| ૩૦ | ,, કંચન | ,, | ૫૩ | ,, ગુણચંદ્ર | ,, | | (૫૦૦ એકાંતર) | |
| ૨૬ | ,, ચંદન | ,, | ૨૪ | ,, શાંતીભદ્ર | ,, | | ,, | |
| ૧૫ | ,, જીનરત્ન | ,, | ૧૬ | ,, ચિરંતન | ,, | ૯ | વિરશેખર | વિજય |
| ૨૭ | ,, જયકુંજર | ,, | ૨૦ | ,, કીર્તિશેન | ,, | ૧૫ | વ્રજશેન | ,, |
| ૮ | ,, કીર્તિચંદ્ર | ,, | ૧૨ | ,, લાભચંદ્ર | ,, | ૧૦ | નંદીઘોષ | ,, |
| ૩૧ | ,, પૂર્ણચંદ્ર | ,, | ૨૦ | ,, જીનચંદ્ર | ,, | ૨૫ | મહાબલ | ,, |
| ૧૦ | ,, પુણ્યપાલ | ,, | ૪૬ | ,, ચંપક | ,, | ૧૫ | સુબાહુ | ,, |
| ૧૫ | ,, સિદ્ધાચલ | ,, | ૧૭ | ,, પદ્મશેન | ,, | ૩૩ | તત્વરત્ન | ,, |
| ૨૫ | ,, મુક્તિપ્રભા | ,, | ૧૮ | ,, અમરગુપ્ત | ,, | ૪૫ | ચંદ્રકીર્તિ | ,, |
| ૪૧ | ,, ચંદ્રગુપ્ત | ,, | ૨૦ | ,, વારિષેણ | ,, | ૨૪ | વિદ્યાનંદ | ,, |
| ૫૦ | ,, નરચન્દ્ર | ,, | ૧૭ | ,, ચિરંજય | ,, | ૩૦ | મણિશેખર | ,, |
| ૧૫ | ,, જયતિલક | ,, | ૧૪ | ,, અક્ષય | ,, | ૫ | મહાશેન | ,, |

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી સિદ્ધર્ષિ ગણિવરકૃતઃ

# શ્રી 'શ્રીચંદ્ર' (કેવલી)

卐

સંપાદકઃ—
મુનિ શ્રીજયપદ્મવિજય મ:

卐

શ્રી કીર્તિચંદ્ર નિર્મલ મૌક્તિક ૧

卐

પાંચમું સંસ્કરણ ] [ મૂલ્ય રૂા. ૩=૪૦

સાથે શ્રીશંખેશ્વરજીનો અસલ ફોટો ભેટ.

# પુનર્જન્મ અને અદ્ભુત વિજય !

卐

સંપાદકઃ—

મુનિ શ્રીજયપદ્મવિજય મ. હોસપેટ.

卐

શ્રીકીર્તિચંદ્ર નિર્મલ મૌકિતક ર.

卐

સાથે શ્રીશંખેશ્વરજીનો અસલ ફોટો ભેટ.

મૂલ્ય રૂા. ૧.

---

..... ?

સંપાદકઃ—

મુનિ શ્રીજયપદ્મવિજય મઃ

શ્રીકીર્તિચંદ્ર નિર્મલ મૌકિતક ૩.

ક્યારે ?..........રાહ જુઓ.

મેનબજાર, હોસપેટ. (S. Rly.)

# પ્રાતઃ સ્મરણીયઃ

શાંત, દાંત, તપસ્વી,
આદિ અનેક ગુણાલંકૃત
અનેક શાસન પ્રભાવના કરી છે અને કરશે.

ભવિષ્યમાં શ્રેષ્ઠ પદ જે પામવાના છે,

**પરમયોગી પૂજ્યપાદ પંન્યાસ**

**શ્રીમદ્ ભદ્રંકરવિજયજી**

**ગણિવરશ્રીના હસ્તકમલમાં સપ્રેમ ભેટ**

**( એ ગુરૂભાઈની ૧૧ વર્ષ સેવાનું**
**સૌભાગ્ય મળ્યું હતું )**

જયપદ્મવિજયની કોટીકોટી વંદનાપૂર્વક.

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# પ્રસ્તાવના

શ્રી સિદ્ધર્ષિ ગણિશ્રીએ સંસ્કૃતમાં રચેલા શ્રી 'શ્રીચંદ્ર' કેવલિચરિત્ર પરથી ગુર્જરભાષામાં આ ગ્રંથની રચના કરવામાં આવી છે. અને પૂ. પા. મુનિશ્રી જયપદ્મવિજયજીએ આ ગ્રંથનું સંપાદન કર્યું છે.

કોઈપણ જૈન કથા–પછી તે નાની હોય કે વિરાટ હોય તેનો આદર્શ ઘણો જ ઉચ્ચ હોય છે. જૈન સાહિત્યમાં જે જે ઐતિહાસિક અને પૌરાણિક ચરિત્રો લેવામાં આવ્યાં છે તે સર્વ પાછળ માનવ-જીવનના કલ્યાણનું જ ધ્યેય રાખવામાં આવ્યું છે.

જૈન સાહિત્યમાં એવી એક પણ કથા નહિં મળે કે જે લોકોને ભૌતિક સુખમાં સહાયક બને અથવા તો મનોરંજનનો રસ પાય! હેતુ અને આદર્શ વગરનું સાહિત્ય એ સાવ તુચ્છ વસ્તુ છે. એવી પ્રતીતિ આપણને જૈન દર્શનની કથા સાહિત્યના અવગાહનમાંથી પ્રાપ્ત થઈ શકે છે.

પ્રસ્તુત ચરિત્ર એટલું આકર્ષક અને રસ ભરપુર છે કે સામાન્ય માનવી પણ કથાના રસ પ્રવાહમાં ખેંચાતો જાય અને છેલ્લે એના હૈયા પર ધર્મ, શ્રદ્ધા, તપ અને ત્યાગના અમૃત છવાઈ જાય.

ચરિત્રમાં જે કથા છે તે અંગે કહેવાનું કશું નથી, કારણ કે શ્રી 'શ્રીચંદ્ર' કેવલિનું ચરિત્ર જૈનોમાં મશહુર છે. એટલુંજ નહિ પણ કથામાં આવતા વિવિધ રસો સર્વેને મુગ્ધ કરે તેવા છે.

પ્રસ્તુત કથા ઘણાજ ઉચ્ચ આદર્શોથી મઢેલી છે. અને કથાનો રસ પ્રવાહ પણ એટલોજ મનોમુગ્ધ કરનાર છે.

(દ્વિતીય આવૃત્તિમાંથી ટુંકાવીને) **શ્રી મોહનલાલ ચુનિલાલ ધામી**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# પ્રસ્તાવના

શ્રી શંખેશ્વરજી તીર્થના અધિષ્ઠાયક શ્રીપાર્શ્વયક્ષની સહાયથી આજે પાંચમું સંસ્કરણ પ્રગટ થઈ રહ્યું છે, એ એની લોકપ્રિયતા છે.

૨૪માં શ્રી વર્ધમાન સ્વામી ભગવાન અત્રે વર્ધમાનતપ ઉપર પૂર્વે જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે ફરમાવી રહ્યા છે.

જીવ અનંતકાળથી જ ૮૪ લાખ જીવાયોનીમાં સુખાભાસરૂપી મૃગજળ પાછળ દોટ મૂકીને અનંત દુઃખો ભોગવી રહ્યો છે. તે દુઃખોમાંથી મુક્ત થઈ અનંત અવ્યાબાધ અખંડ સુખ પ્રાપ્તિનો માર્ગ ચીંધી રહ્યા છે.

ભગવાનને સર્વજીવો પ્રત્યે અસિમ કરૂણા હોય છે, સર્વજીવોને મોક્ષે લઇ જવા ઉત્કૃષ્ટ ભાવના છે, સર્વજીવોના કર્મ બાળી નાખવાની શક્તિ હોય છે, પરંતુ બીજાજીવોના કર્મો બીજા કોઈ ખપાવી શકતા નથી. પરંતુ પોતેજ પોતાના ખપાવી શકે છે. જેથી મોક્ષે લઈ જઈ શકતા નથી. દરેકે સ્વપુરૂષાર્થ કરવાનો છે.

આપણે સુખ જોઇએ તો દરેક જીવને સુખ આપીએ તો આપણને સુખ પ્રાપ્ત થાય. 'વાવો તેવું લણો' એ અટલ નિયમ છે. આજે તેથી ઉલટું વર્તન વર્તાય છે, જેથી દુઃખ વૃદ્ધિ પામી રહ્યું છે. જ્યારે સર્વજીવોને સુખ અપાશે ત્યારે સુખ પ્રાપ્ત થશે. 'જીવો અને જીવવા દો.'

ભગવાન વર્ધમાનસ્વામી મોક્ષે પધાર્યા ત્યારે ઇંદ્રે વિનંતી કરી હતી કે, થોડીવાર રહીને પધારો કારણ આપશ્રીની રાશીમાં, ભસ્મગ્રહ બેસવાનો છે, તે ઘણું નુકસાન કરશે. આપશ્રીની હાજરીમાં બેસે તો નુકશાન ન કરી શકે.'

ભગવાને કહ્યું કે, 'તમે વિબદ્ધ છો, મારૂં આયુષ્ય વધારી ન શકાય. ભાવીભાવ ફેરવી ન શકાય' હજી ૪ વર્ષ ઉપર ગયા પછી તે ભસ્મગ્રહ જે હાલ વક્રી છે. તે ગયા પછી સુખ વૃદ્ધિ પામશે. સારો ટાઇમ આવશે. ૨૦૩૦ પછી.

આજે ચંદ્ર ઉપર ઉતરવાની વાત મોટા ભાગના માની રહ્યા છે. પરંતુ તેમના ઉલટા સુલટા વચન અને વર્ણન ઉપરથી બીજે કયાં ઉતર્યા છે. પરંતુ ચંદ્ર ઉપર નહી. એ શકય નથી. પરંતુ ૨૫૦૦ વર્ષો પૂર્વે ભગવાનના પૂજનવંદન માટે સૂર્ય-ચંદ્ર મૂળ વિમાનમાં ભૂલથી આવ્યા હતા. એવી રીતે આવતા નથી. બીજે રૂપે આવે છે.

કથાનો કાલ જૈન ગણિતમાં આવે છે. પરંતુ ચાલુ ગણિતમાં આવે તેમ નથી. ત્યારે તેમની કાયા ૯ હાથની હતી. આપણે ૩II હાથના છીએ. પુણ્યશાળીઓની કયાં પુણ્યલીલા અને હમણાની કયાં પાપલીલા સરખામણી કરવા જેવી છે.

કથા જયાં કહેવા માંગતી હોય ત્યાં વિશેષ કહેવાનું રહેતું નથી. સહુકોઈ શુભ માર્ગે પ્રયાણ કરી સુખી થાવ. ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ કાંઈ ભૂલથી લખાણું હોય તો મિચ્છામિ દુક્કડં.

૨૪૯૬ મહા શુદ ૧૩ જયપદ્મવિજય
ગુરૂપુષ્યામૃત-રવિયોગ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :

# પ્રસ્તાવના

શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુજીની અસિમ કૃપા અને અધિષ્ટાયક શ્રી પાર્શ્વયક્ષની સહાયથી આજે પાંચમું સંસ્કરણ પ્રગટ થઈ રહ્યું છે. સાથે અસલ સુંદર ફોટો ભેટ અપાય છે. આશાતનાથી બચવા વિનંતી છે.

જીવ અનંતકાળથી ૮૪ લાખ યોનીઓમાં રઝળપાટ કરી રહ્યો છે. જન્મ અને મૃત્યુના અને બીજા ઘણા દુઃખો ભોગવી રહ્યો છે. તેમાંથી મુક્ત થવા અર્થે કરૂણાથી અનંતા શ્રી જિનેશ્વરદેવોએ ધર્મ ૪ પ્રકારનો દાન, શિલ, તપ અને ભાવ પ્રકાશ્યો છે. આ તપ ઉપર બનેલું દૃષ્ટાંત કહ્યું છે.

એમના બતાવેલા માર્ગે જો જીવ પ્રયાણ કરે તો અનંત અવ્યાબાધ અખંડ સુખ પ્રાપ્ત કરી શકે ત્યાં અમર થાય. પરંતુ જીવને મોહનીય કર્મ એ સમજવામાં અંતરાય કરે છે. કોઈ માયા કહે છે જે અસત્ય છે તે સત્યનો ભાસ કરાવે છે અને સત્યને અસત્ય તરીકે ઉંધા ભણાવે છે. જેથી જીવ રઝળપાટ કર્યા જ કરે છે.

જે પુણ્યશાળી જીવ મુક્તિ પ્રાપ્ત કરે છે. તે જેટલો ઉપકાર સર્વ જીવો ઉપર કરે છે. તે બીજો કોઈ જીવ કરી શકતો નથી. નિગોદમાં નરક કરતાં જીવોને અધિક દુઃખ હોય છે. આપણી કલ્પનામાં બેસવું એ ઘણું મુશ્કેલ છે. જ્ઞાની ભગવંતો, જ્ઞાનથી જોઈને કહ્યું છે. 'આંખની પાપણ ઉઘાડ ઢાંક કરીએ તેટલામાં તે ૧૭૫ વખત જન્મે છે અને મૃત્યુ પામે છે. પરંતુ તે બેહોશ હોય છે જેથી એ દુઃખનું એને ભાન હોતું નથી. તેમાંથી આપણે જ્યારે કોઈ જીવ મોક્ષે ગયો ત્યારે બહાર નીકળ્યા છીએ.'

એ ઉપકાર આગળ બીજા ઉપકારો કોઈ વિશાતના નથી છતાં આજના અજ્ઞાનીઓ એમને સ્વાર્થી કહે છે. ઉલટી ગંગા વહી રહી છે. આજે સમાજવાદના મૃગજળ પાછળ પ્રજાને ઉંધાપાટા બંધાવે છે, અને પોતે ૨૫ લાખના મહેલમાં રહેવું છે. વિમાનમાં ઉડવું છે. કિંમતી મોટરોમાં માલવું છે. સમાજવાદ મોક્ષમાં છે. બીજે ક્યાં પણ થઈ શકે તેમ નથી. કારણ કે દરેકના પાપ પુણ્ય જુદા છે. એના ફળ ભોગવ્યા વગર છુટકો જ નથી. ત્યાં કોઈની લાગવગ કે લાંચ ચાલે તેમ નથી.

સુખી થવાનો એક જ માર્ગ છે. જ્ઞાની ભગવંતે ચીંતવેલા માર્ગે પ્રયાણ કરવું. તે માર્ગ આ કથામાં મળી શકશે. કથા જ્યાં કહેવા માંગતી હોય ત્યાં વધારે લખવાની આવશ્યકતા નથી. સહુ સુખી થાવ.

૨૪૯૬ પોષ ૧૦મી. જયપદ્મવિજય

# અપૂર્વ જીવન !

૧૯૬૧ના દશેરાના (વિજયા ૧૦મીના શુભ મુહૂર્તે) પ્રભાતે ૯ વાગે જન્મ. ૭–૧૦–૧૯૦૫. સરદી પ્રુફ કરવા ઠંડા માટલાના પાણીથી સ્નાન. ત્રણ દિવસ છેલ્લા સ્ટેજની સરદી પછી જિંદગી પર્યંત શરદી થાય નહી. બાલપણ સુખમાં, યુવાવસ્થામાં યોગશાસ્ત્ર, અધ્યાત્મકલ્પદ્રુમ, ઉપમિતિભવ પ્રપંચ કથા, શિલોપદેશમાલા, શાંતસુધારસ, વાંચતા સંસાર અસાર સમજાયો.

સાધુ થવાની ભાવના, ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા, ઘણા માંગા આવ્યા પરંતુ લગ્ન માટે ના, ઘણી કસોટી થઈ. ૨૦૦૨ મા દીક્ષા. તેમાં પણ ઘણી કસોટી થઈ. પ્રથમ ૫૦૦ અખંડ આયંબિલ કર્યાં. ઉપર ૩ ઉપવાસ ૬૦૦ એકાસણા, વચમાં ૧૦૮ આયંબિલ. ૧૯૪૪ મુંબઈના ધડાકામાં અપૂર્વ બચાવ. બંને બાજુથી અગ્નિજવાળા પસાર થઈ ગઈ પરંતુ નવકાર મંત્રના પ્રભાવે રક્ષણ થયું.

૨૦૦૩માં વિહારમાં સેજકપુરથી ધાંધલપુર જતાં માર્ગમાં પડકું કરડ્યું. ઝેર ચડવા માંડ્યું. નવકારમંત્ર અને ઉવસગ્ગહરમંત્ર ગણતા ગણતા પાંચ માઈલનો વિહાર તેમાં ઝેર સાથળ સુધી ચડ્યું પરંતુ મંત્ર પ્રભાવે બચી ગયા. આખું ગામ અજાયબ થયું.

૨૦૦૮માં નડીયાદ પાસે મોટા પુલ ઉપર પાછળથી ટ્રેન આવવા છતાં શ્રીનવકારમંત્ર અને શ્રી શંખેશ્વરપાર્શ્વ ભગવાન ધ્યાનથી, વર્ધમાન તપની ઓળીમાં અજબ બચાવ. વાવટાવાળાને ધ્રાસ્કો પડ્યો કે ગયા.

૨૦૧૩માં શ્રી શંખેશ્વરજીમાં પહેલ વહેલા ૧૧ ઉપવાસ કર્યાં હતા. શુભ દિવસે પ્રભાતે ૫ા વાગે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાને કૃપા કરી દર્શન આપ્યા. ગુલાબની કળીઓની આંગી હતી. જરાવારમાં પ્રભુજીએ સ્માઇલ કર્યું તેથી ભાસ થયો કે, 'કાંઇક કહેવુ છે' પ્રશ્ન

કર્યો 'મને મોક્ષ પ્રાપ્ત થશે? ગંભીર નાદથી જવાબ મળ્યો કે 'થશે' બીજો પ્રશ્ન કર્યો 'કેટલા વર્ષે?' જવાબ,...ભવનો' મળ્યો!

૨૦૧૪માં શ્રીશંખેશ્વરજીમાં અજાણ્યા ભાઇ આવી ધર્મચર્ચા કરીને કહ્યું કે, 'અમારે ત્યાં તાડપત્ર ઉપર ઋષિ વશિષ્ટ, અગસ્ત્ય, નંદિશ્વર અવધિજ્ઞાન અને જ્યોતિષ જ્ઞાનથી લખી ગયા છે? વિચાર આવ્યો જન્મકુંડલીની નકલ કરીને આપીને કહ્યું કે, 'ઋષિના વારસને આપવું અને તાડપત્રમાં આ માટે શું લખ્યું છે તે લખવું.'

તે ભાઈ ૧ાા–૨ મહીને ગયા અને કુંડલી આપી. તાડ–પત્ર ફેરવતા એકમાં લખ્યું હતું કે, 'મુનિશ્રી જયપદ્મવિજય મહારાજ માટે.. ભાઈ અમુક દિવસે પૂછવા આવશે. તેજ દિવસ લખ્યો હતો. બધુ બરોબર હતું. જેમ કુંડલી આપી હતી. તેમ કુંડલી લખી ગયા હતા. અભિપ્રાય જણાવ્યું હતું કે, તમારી કુંડલીમાં ગુરૂ ગ્રહ એવો સબળ યોગ કરી બેઠો છે જે મોક્ષ અપાવી મૂકશે.'! આગળ લખ્યું હતું કે,

'તમારા તપ અને સંયમના પ્રભાવે આવતા ભવમાં અવધિજ્ઞાન થશે પછી કેવલજ્ઞાન થશે. વધારે ભવ નથી. પદ્માવતીદેવીની આરાધના આ ભવમાં સફળ થશે. વિહાર કરતા અત્રે આવશો ત્યારે આ શાસ્ત્રોનો વિશેષ પરીચય થશે! એ પહેલેથી જાણતા હતા, સ્વપ્ન દ્વારા સૂચન થયેલું.

૨૦૧૭માં શ્રી શંખેશ્વરજીમાં ચૈતરવદ ૫ના ૧૧ વાગે ઉપર આ પુસ્તકની પ્રથમ સંસ્કરણની પ્રેસ કોપીમાં શ્રી 'ચંદ્ર'ની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ લખી રહ્યા હતા ત્યાંતો એકાએક દેવીપુષ્પોની સુગંધ મહેકી ઉઠી. તે પાંચ મીનીટ સુધી હતી. પછી વિલીન થઈ પછી ૯૯ ડાક દેરાસરજી હતુ ત્યાં તપાસ કરી પરંતુ એ સુગંધ ત્યાં ન હતી. મુ. શ્રી માણેકવિજયજી ૨ કલાકથી દેવવંદન કરતા હતા. તેમને સુગંધ માટે પૂછ્યું. તેમણે ના પાડી. એવી કોઈ સુગંધ આવી નથી. પાછા ઉપર આવી બેસી વિચાર્યું કે 'પવનના ઝપાટે સુગંધ આવે તો ૦ાા સેકન્ડ

ઉપર ટકે નહી. આવી અપૂર્વ સુગંધ જનમારામાં સુંઘવા મલી નથી, તો કેમ આવી.'

ત્યાંતો બટન દબાવો અને લાઇટ થાય તેમ મગજમાં પ્રકાશ પડ્યો કે, '૭૦૦ વર્ષો ઉપર શ્રીવર્ધમાનસૂરીશ્વરજીએ વર્ધમાન તપની ૧૦૦ ઓળીઓ કરી અભિગ્રહ લીધો હતો કે, 'શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા પછી પારણું કરવું. શ્રીશંખેશ્વર હજી જતા હતા પરંતુ માર્ગમાં જ કાળ કરી ગયા. શ્રીશંખેશ્વરજીના ધ્યાનથી હાલના અધિષ્ટાયક શ્રીપાર્શ્વયક્ષ થયા. તેમને વર્ધમાનતપ પ્રિય હતું. અને વર્ધમાન તપના દષ્ટાંતમાં શ્રી 'શ્રીચંદ્ર'નું નામ ૮૦૦ ચોવીશી અમર રહેવાનું છે. જેથી તેઓ આવી પાંચમીનીટ સુધી ઉભા રહ્યા. ત્યાં સુધી તેમના ગળામાંની ફુલોની માળાની સુગંધ આવી. તેમની સહાયથી પાંચ સંસ્કરણ અને એક હિંદી સંસ્કરણ ખપી ગયું.

બ્યાડગી અને દાવણગેરીમા એકસંપ માટે આચાર્યે મહેનત કરી હતી પરંતુ ન થયું અને એમણે મોટીબેન્નર, હરીહર અને ભાતીમાં કહ્યું કે 'એક સંપ થઈ જશે. ત્યાં રહીને એક સંપ કર્યું. હવીના હડગલીમાં ૩ વર્ષ કામ અટક્યું હતું તે પણ થઈ ગયું.

| ૨૪ વર્ષમાં તપ | ઉપવાસ | | | | | આયંબીલ |
|---|---|---|---|---|---|---|
| | ૧૧. | ૬. | ૩. | ૨. | ૧. | |
| | ૩ | ૧. | ૧૭. | ૧૮. | ૭૧૨. | ૧૪૪૫. |

| નીવી. | એકાસણા | બ્યાસણા. | છુટી નવકારશી. |
|---|---|---|---|
| ૧૨/૮૨. | ૨૨૦૫. | ૪૧૧૯ | ૮૦ |

વિહાર ૧૨૯૫૯ માઇલનો કર્યો.

મુનિશ્રી જયપદ્મવિજય મહારાજ ઉત્તરોત્તર શાસનપ્રભાવના કરો એ અભિલાષા.

હુબલી ૧-૧-૧૯૭૦ **મોતીચંદ નરશી ધર્મસિંહ.**

# આભાર

જે પુણ્યશાળીઓએ અગાઉથી ઉદારતાથી નકલો નોંધાવી છે, તેમના આભારી છીએ.

૨૨૩. સાધ્વી શ્રી હર્ષલતાશ્રીજી મહારાજશ્રીના અંખડ ૫૦૦ આયંબિલ તપ પૂર્ણ થયું તે નિમિત્તે.

| | | |
|---|---|---|
| ૨૫. | સાધ્વી શ્રી હેતશ્રીજીમ, સા, શ્રી મુક્તિશ્રીજીમ. | અહોર. |
| ૨૫. | દામજી જાદવજીની કું, | હુબલી. |
| ૨૫. | સોમચંદ ડી. શાહ, જીવણ નિવાસ સામે, | પાલીતાણા. |
| ૧૫. | શા. સરદારમલ કસ્તુરચંદજી, | ડાવનગેરે. |
| ૧૫. | ,, ભભુતમલ ઓંકારમલ, | ,, |
| ૧૫. | ,, વનેચંદ ફોજાજી, | હુવીના હડગલી |
| ૧૫. | ,, ચુનીલાલ ઝવેરીલાલ બાફના | ,, |
| ૧૧. | ,, ખેતશી ધનજી ખોના, | હુબલી |
| ૧૧. | ,, ગલબાજી દેવીચંદ, | ડાવનગેરે |
| ૧૧. | ,, પીતાલાલ મુળચંદજી, | ,, |
| ૧૧. | ,, મેઘરાજ માનાજી, | ,, |
| ૧૧. | સંઘવી નથમલ સુરેશકુમાર, | ,, |
| ૧૧. | શા. જે. કપુરચંદ એન્ડ બ્રધર્સ, | ,, |
| ૧૦. | શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર, | અમદાવાદ |
| ૧૦. | શા. મુરજી વીરધોર લાલકા, | યલવગી. |
| ૧૦. | ,, શેશાજી હસ્તિમલજી, માંડવાલાવાલા. | હરપનહલી |
| ૭. | એમ. એસ. શાહ, | એકસંભા |
| ૭. | શા. ભાણુજી વેલજી ડુમરાવાલા, | મુંબઈ ૯. |
| ૭. | ,, પદમશી નરશી જખઉવાલા, | ,, |

| | |
|---|---|
| ૭. મોદી જયંતીલાલ નાગરદાસ, | મુંબઈ ૬૬. |
| ૭. સુશ્રાવિકા | |
| ૭. નાદીરશા ધનજીશા અંકલેસરીઆ, | હુબલી |
| ૭. શા. ધનજી ખીયશી ધરમશી, | ,, |
| ૭. ,, ડુંગરશી ધરમશીહ રાજપાર | સીરસી |
| ૭. ,, ત્રીલોકચંદ ધુળાજી, | રાણેબેન્નુર |
| ૭. ,, કસ્તુરચંદ કું. | દાવનગેરે |
| ૭. ,, અમીચંદ શાંતીલાલ, | ,, |
| ૭. ,, ચુનીલાલ તલકાજી, | ,, |
| ૭. ,, જયંતીલાલ જેઠમલજી, | ,, |
| ૭. ,, ધુળાજી થાનમલજી, | ,, |
| ૭. ,, ગેનમલજી ફૂલચંદજી, | ,, |
| ૭. ,, ભીખમચંદ છગનલાલ મગનલાલ | ,, |
| ૭. ,, શાકળચંદ બાબુલાલ, | ,, |
| ૭. ,, ધરમાજી લખમાજી, | ,, |
| ૭. ,, પુનમચંદ ચંપાલાલ, | ,, |
| ૭. ,, ભભુતમલ પ્રેમચંદ, | ,, |
| ૭. ,, રીખબદાસ મુળચંદ, | ,, |
| ૭. ,, ફોજમલ કપુરચંદ, | ,, |
| ૭. ,, કાન્તિલાલ પુખરાજ, | મુંબઈ ૨. |
| ૭. ,, ભોગીભાઈ C/o ઉંઝા ફારમશી, | ઉંઝા |
| ૭. ચોધરી પારસમલજી C/o કલ્યાણ ટ્રેડર્સ, | કોડુર |
| ૭. શા. પ્રેમજી લખમશી, (કચ્છ–બાળા) | મુંબઈ ૧૩. |
| ૭. ,, ચંદનમલ નરશીંગજી, વાઈટ હાઉસ, | હોસપેટ |
| ૭. ,, જીવરાજ ભુરમલ, | ,, |
| ૭. બનારસ ફેન્શી સ્ટોર્સ, | હોસપેટ |
| ૭. શા. પુનમચંદ ભાનીરામ, | ,, |

| | |
|---|---|
| ૭. ,, વસ્તીમલ અચલાજી | ,, |
| ૭. ,, ભગવાનચંદ શરેમલ, | ,, |
| ૭. ,, ખુશાલજી લધાજી, | ,, |
| ૭. લકી ફેન્શી સ્ટોર્સ, | ,, |
| ૭. જવાહર ફેન્શી સ્ટોર્સ | ,, |
| ૭. શા. ચેલાજી હરખચંદ, | ,, |
| ૭. ,, પ્રાગજી સુકરાજ, | ,, |
| ૭. ,, ભગવાનજી શીવલાલજી, | મુંબઈ ૨. |
| ૭. સુશ્રાવક, | હોસપેટ |

卐

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીના (બ્લેકવાઈટ) ફોટા હજાર, સ્વ. શા. હીરજી હેમરાજ મોમાયા-ના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી કુંવરબાઈ તરફથી પ્રભુભક્તિ નીમીત્તે ભેટ મળ્યા છે. તે બદલ આભાર. (આશાતનાથી બચવું.)

# અનુક્રમ


**૧**

શુભલગ્ન ૧
શ્રીદેવી ૯
સ્ત્રી ચરિત્ર ! ૧૩
ધરણનો ગૃહત્યાગ ૧૭
શુભ સ્વપ્નો ! ૨૦
પુત્ર જન્મ ૨૫
સૂચવતીનો શોક ૨૮
કુળદેવીનું આગમન ૩૦
મનોરથ ફળ્યા ૩૦
મેનાનું અનશન ! ૩૩
વિદ્યાભ્યાસ ૩૪
લગ્ન ૩૭
અશ્વ પસંદગી ૩૮

**૨**

રાધાવેધ ! ૪૦
મંત્રાધિરાજ મહિમા ! ૪૬
પદ્મિનીની પારખ ૫૦
ચંદ્રકળા ૫૨
પદ્મિની પાણિગ્રહણ ૫૭
જયકુમારની કપટલીલા ૭૦
શ્રી 'શ્રીચંદ્ર'ની મહાનતા ૭૫
ગંભીર વિચારણા ૭૬
મંત્રાધિરાજ મહિમા ૭૮

**૩**

પુણ્ય પ્રભાવે ૮૩
પુણ્ય પ્રભાવ ૮૬
સુલોચના ૯૧
પ્રયાણ ૯૪
ચંદ્રમુખી ૯૫
કુશળ કોણ ? ૯૭
સ્ત્રીના પ્રકાર ૧૦૨
પુરુષના ૩૨ લક્ષણો ૧૧૧
મદનસુંદરી સાથે લગ્ન ૧૧૨
સુપાત્ર યોગ ૧૧૩
સમ્યક્ત્વ મહિમા ૧૧૫
સુવર્ણ પુરુષ ! ૧૧૬
યોગીની સાથે ૧૧૭
મદનસુંદરીનું અપહરણ ૧૨૩
રાજ્ય યોગઃ ૧૨૫
ગુણચંદ્રનું મિલન ૧૨૭

**૪**

પારસમણી ! ૧૨૯
અપૂર્વ નરમાદા મોતી ૧૩૦

| | |
|---|---|
| પૂર્વભવની મેના | ૧૩૧ |
| સદા ફળ ઉદ્યાન ! | ૧૩૨ |
| સ્વયંવર મંડપ | ૧૩૩ |
| અદ્‌ભુત સ્વપ્ન ! | ૧૩૪ |
| સૂર્યવતીને ભારંડે ઉઠાવી | ૧૩૫ |
| પૂર્વભવનું સ્મરણ ! | ૧૩૬ |
| શ્રીદેવી આ ભવમાં કમલશ્રી ! | ૧૩૬ |
| ચિંતામણી રત્ન ! સુવર્ણ ખાણ ! | ૧૩૭ |
| વૃક્ષ ઉડે છે ! | ૧૩૮ |
| ૯ કન્યા સાથે પાણિગ્રહણ | ૧૩૯ |
| જયની કુટીલ ચાલ ! | ૧૪૧ |
| જયકલશ હસ્તિ વિફરે છે ! | ૧૪૩ |
| પંચભદ્ર અશ્વો ભેટ ! | ૧૪૪ |
| યક્ષ સુકૃત્યથી પ્રસન્ન ! | ૧૪૬ |
| તપનો પ્રભાવ ! | ૧૫૦ |
| જીવ અને કર્મ ! | ૧૫૪ |
| શ્રી 'શ્રીચંદ્ર'નો વિજય ! | ૧૬૦ |
| આનંદ મંગલ ! | ૧૬૨ |
| અદ્‌ભુત વિદ્યા અને કલા ! | ૧૬૫ |
| 'નમો જિણાણં' | ૧૬૭ |
| પિતા–પુત્રનું મિલન | ૧૭૦ |
| પૂર્વ જન્મની સ્મૃતિ ! | ૧૭૪ |
| વિમાનમાં ! | ૧૭૬ |
| તપના અદ્‌ભુત ફળો ! | ૧૭૬ |
| ૫૦૦ આયંબિલ | ૧૮૦ |
| શ્રીવર્ધમાન આયંબિલ તપ | ૧૮૪ |


卐



ભોરલતીર્થ (બનાસકાંઠા)ના મહાન ચમત્કારિક

મૂળનાયક **શ્રી નેમનાથ ભગવાન**



સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજના
પટ્ટધર પ. પૂ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના
આજ્ઞાનુવર્તિ પૂ. સાધ્વીશ્રી હર્ષલતાશ્રીજી મહારાજ

## પ. પૂ. પરમતપસ્વી સાધ્વી શ્રી હર્ષલતાશ્રીજી મહારાજ સા. નું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

અધ્યાત્મપ્રધાન આર્યાવર્ત દેશમાં સૌરાષ્ટ્રની ભૂમિમાં અનેક મહાપુરૂષો પેદા થયેલ છે. આ કારણે જ "સૌરાષ્ટ્રની ધરતી સંતભૂમી ગણાય છે."

જન્મ—અનેક શૂરવીરો, અને સંતોની ખાણભૂત, સૌરાષ્ટ્ર દેશમાં, સિદ્ધગિરીની શીતળ છાયામાં અતિસુરમ્ય સમૃદ્ધિમય ઉદ્યોગોમાં પ્રસિદ્ધ ગંગનચુંબી ભવ્ય મંદિરોથી અત્યંત રમણીય શિહોર નામે ગામ છે. તેમાં વૈભવશાલી ભદ્રિક પરિણામી સંઘમાં અગ્રગણ્ય, ધર્મપ્રત્યે વિશિષ્ટ શ્રદ્ધાવાળા શેઠ નેમચંદ ગગજીના ધર્મપત્ની કંકુબેનની કુક્ષિથી પુત્રીનો જન્મ થયો. જેનુ નામ ઉત્તમબેન રાખવામાં આવ્યું.

પૂર્વપુન્યના ઉદયથી અને માતા પિતાના સુસંસ્કારોથી બાલ્યવયથી જ ઉત્તમબેન ધર્મપ્રત્યે અને જિનભક્તિ તરફ આકર્ષાયા, વ્યવહારિક તથા ધાર્મિક જ્ઞાન સંપાદન કર્યું. યોગ્ય ઉંમરે તેમનું લગ્ન ભાવનગર નિવાસી શાહ વેલચંદ નથુભાઇના સુપુત્ર સાકરચંદભાઇ સાથે કરવામાં આવ્યું ઉત્તમબેને પોતાના ધાર્મિક સંસ્કારોથી શ્વસુરપક્ષને ધર્મ-વાસિત કર્યો અને સામાયિક પ્રતિક્રમણ, પૂજા, રાત્રિભોજન-ત્યાગ, અભક્ષ્યત્યાગ વિગેરે નિત્યનિયમ ચાલુ રાખ્યાં ગૃહસ્થ

જીવનના ફળરૂપે બે પુત્ર અને એક પુત્રી થઇ. "શાણી માતા સો શિક્ષકની ગરજ સારે" એ કહેવત મુજબ માતાની સદ્‌પ્રેરણાથી બન્ને બાલક અને બાલિકા ધર્મપરાયણ બન્યાં.

ઉત્તમબેને હંમેશા પોતાની સાથે સામયિક પ્રતિક્રમણાદિ ક્રિયામાં તેમજ ધાર્મિક અભ્યાસમાં જોડવાથી પોતાના બાળકોનું જીવન પણ જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગમય બનાવ્યું.

વેદનીય કર્મના ઉદયથી સાકરચંદભાઇને ટી. બી. નું દર્દ થયું. પાંચ વર્ષ પર્યંત સમભાવે વેદના સહન કરતાં અરિહંત પરમાત્માનો જાપ કરતાં આયુષ્યનો અંત આવતાં પરલોક સિધાવ્યાં. ઉત્તમબેનને નાની ઉમરમાં વૈધવ્યપણાનું દુઃખ આવતાં કુટુંબીઓના હૃદય કળકળી ઉઠયાં. ત્રણે બાળકો તદ્દન નાની ઉંમરના હોવાથી નેમચંદભાઈનું મન અત્યંત દુઃખગ્રસ્ત બન્યું. અને પોતાની પુત્રીનું વૈધવ્યદુઃખ અસહ્ય થઈ પડયું. પરંતુ ધર્મના મર્મને સમજતા હોવાથી ધર્મ-માર્ગમાં વિશેષ સહાયભૂત બનવા લાગ્યાં.

સંસારી જીવનમાં દુઃખના પ્રસંગો આવે ત્યારે અજ્ઞાની આત્મા અનેક પ્રકારે આક્રંદ કરી આર્તધ્યાનમાં વૃદ્ધિ કરે છે. જ્યારે વિવેકી આત્માઓ કર્મોદયથી આવી પડેલાં દુઃખને સમભાવે સહન કરે છે અને નવાકર્મ ન બંધાય તેની કાળજી રાખે છે. અને દુઃખના પ્રસંગને પણ આત્મહિતના નિમિત્તભૂત બનાવે છે.

ઉત્તમબેન પ્રથમથીજ ધર્મપરાયણ ગંભીર પ્રકૃતિથી સૌમ્ય સુજ્ઞ હતા. જેથી વિધવાપણાના દુઃખસમયે પોતાના આત્માને સમભાવમાં નિમગ્ન બનાવ્યો, તથા ક્રિયાસહિતઓળી જ્ઞાનપંચમી, મેરૂમંદરનીઓળી, ચૈત્રીપૂનમ, અગ્યારસ, વરસીતપ, કર્મસુદનતપ વગેરે વિવિધ તપશ્ચર્યા કરવામાં ચિત્તને વિશેષ પરોવ્યું.

થોડા સમયબાદ પોતાના મોટાબ્હેનના કહેવાથી પિતાશ્રીની અનુજ્ઞા લઇ માટુંગા મુકામે પાઠશાળા ભણાવાવા ગયાં, તે દરમ્યાન અંધેરી મુકામે પૂ. આ. રામસૂરિ મ. ની નિશ્રામાં ઉપધાનતપની આરાધના કરી. ઉત્તમબેનની સાથે તેમની પુત્રી હંસાકુમારીની વૈરાગ્ય ભાવના દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી, ૧૪ વર્ષની નાનીવયમાં સંઘ સમક્ષ ચતુર્થવ્રત ઉચ્ચરાવ્યું. શ્રીફળની પ્રભાવના કરી, ભાવોલ્લાસ વધતાં ૧૦૦ મણ ઘી બોલી રથમાં પ્રભુજીને લઇને બેસવાનો લાહો લેવરાવ્યો.

તીર્થયાત્રા — આબુજી, કેશરીયાજી, શણકપુરજીની પંચતીર્થી, જેસલમેર, બીકાનેર, ઓસીયાજી, નાકોડાજી, કાપરડાજી. ગીરનાર, ઉના, દીવ, ભોયણી, પાનસર, તળાજા પાલીતાણા વગેરે યાત્રાઓ કરી, પાલીતાણાની નવ્વાણુ યાત્રા તથા ચોમાસુ કર્યું.

શીખરજીની યાત્રા કરાવવા નેમચંદભાઇ સાથે ગયાં, શીખરજીની યાત્રા કરીને આવ્યાબાદ પોતાની પુત્રી તથા ભાણેજને ધૂમધામથી દીક્ષા આપવાના મનોરથ સેવી રહ્યાં

હતાં, વૃદ્ધાવસ્થા હોવા છતાં શીખરજીની આઠ યાત્રાઓ ચાલીને કરી. યાત્રા કરીને પાછા વળતા ઈન્દોર મુકામે ફકત એક જ દિવસની બીમારીમાં નેમચંદભાઈ પરલોક સિધાવ્યાં. પોતાની પુત્રી અને ભાણેજની દીક્ષા મહોત્સવ ઉજવવાનો મનોરથ મનમાં જ રહ્યો. "કુદરત કરે ત્યાં કોઈનું ચાલતુ નથી." પિતાશ્રીના અચાનક મૃત્યુથી ઉત્તમબેનને ખૂબ જ આઘાત થયો. અને વૈરાગ્યભાવ વિશેષ પ્રદીપ્ત બન્યો.

પ્રવ્રજ્યાસ્વીકાર—અલ્પસમયમાં જ આત્મબળ કેળવી, પુરૂષાર્થ ફેરવી, સગાસંબંધીના સ્નેહબંધનને તોડી મહોત્સવપૂર્વક પોતાની પુત્રી યુક્ત પ.પૂ. શાન્તમૂર્તિ હીરમુની મહારાજ સાહેબના વરદહસ્તે પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરી. માતા તથા પુત્રીનું નામ અનુક્રમે પૂ. હર્ષલતાશ્રીજી મ. તથા પૂ. હેમલતાશ્રી મ. રાખવામાં આવ્યું.

સંયમીજીવન — સંયમ સ્વીકાર્યા બાદ તેઓશ્રીએ સંસ્કૃત, પાકૃત, કર્મગ્રન્થના અર્થ, મોટી સંગ્રહણી, તત્વાર્થાદિ પ્રકરણોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો, અઠ્ઠાઇ ચત્તારિઅઠ્ઠદસ દોયતપ, વિશસ્થાનકતપ, (વર્ધમાનતપની બાવન ઓળી કરી) આદિ તપધર્મની આરાધનામાં કટીબદ્ધ બન્યાં.

તેઓશ્રીની ક્રિયારૂચી, અપ્રમત્તતા, સહનશીલતા, ઉદારતા, વાત્સલ્યતાદિ ગુણો તથા દિવસમાં દસ કલાક મૌનપાલન, જે ગામમાં જેટલાં જિનબિંબ હોય તેટલાં ચૈત્યવંદન કરવાં. ઉગ્રતપશ્ચર્યામાં પણ ઉભા ઉભા જ દરેક ક્રિયા કરવી. તે ખરેખરૂ પ્રશંશનીય છે.

તેઓશ્રીએ ગુજરાત, મહારાષ્ટ્ર, કાઠીયાવાડ, મારવાડ આદિ દેશોમાં ઉગ્રવિહાર કરી ભવ્યજીવોને પ્રતિબોધ કર્યો છે. વિશેષ્ટ ગામડાઓમાં ચાતુર્માસ કરી અજ્ઞાની આત્માઓને ધર્મમાર્ગમાં દોર્યા છે.

તેઓશ્રીના કુટુંબીમાંથી શ્વસુરપક્ષ, પિતૃપક્ષ, મોસાળપક્ષ સર્વ મળી ચોવીસભાવુકોએ ચારિત્રમાર્ગ અંગીકાર કર્યો છે. તેમાંય અનુમોદનીય ઘટના તો એ છે કે પિતૃપક્ષમાંથી પોતે ત્રણ બેનો, ભાઇ, ભાભી, ભત્રીજો, બેનની ત્રણ છોકરીઓ, છોકરો, વહુ, એ બધા ઉત્કૃષ્ટ સંયમીજીવન જીવી રહ્યાં છે. તેમાં તેઓશ્રીની બેનો, ભાણેજ અનુક્રમે વિમલપ્રભા શ્રી મ. સુદર્શનાશ્રી મ. પદ્મરેખાશ્રી મ. પદ્મપ્રભાશ્રી મ. જ્યોતિરેખાશ્રી મ. જે પણ ૫૦૦ આયંબિલ સતત કર્યા છે, તે ખરેખરૂ પ્રશંસા પાત્ર છે.

તેઓશ્રીએ (પૂ. હર્ષલતાશ્રી મ. સાહેબે) ભોરલતીર્થમાં ચમત્કારી નેમનાથ ભગવાનના સાનિધ્યમાં ૫૦૦ આયંબિલનો તપ શરૂ કર્યો. શ્યાસ-ગોળાનું દર્દ હોવાથી તપ પૂર્ણ થઈ શકે તેવી આશા ન હતી. પરંતુ નેમનાથદાદાની સહાયતાથી જ ૫૦૦ આયંબિલ નિર્વિઘ્ને પૂર્ણ થયાં. સંવત ૨૦૨૫ના પો. શુ. ૬ના ભોરલતીર્થમાં પારણું કર્યું.

નેમનાથ ભગવાનના ચમત્કારો—આ કાલિકાલમાં પણ નેમનાથ ભગવાનના અધિષ્ઠાતા દેવે પ્રત્યક્ષ અગણિત ચમત્કારો બતાવેલ છે, તેમજ શ્રદ્ધાવંત મનુષ્યોની અભિલાષાઓ પૂર્ણ કરી છે, શ્રદ્ધાજનક દ્રષ્ટાન્તો નાચે મુજબ :—

(૧) ભોરલના ઠાકોરસાહેબને વારસાના હક્કની બાબત માં તકરાર થઈ જેથી ગાદી મળવામા આડ નડી હતી. પરંતુ પૂર્ણશ્રદ્ધાથી નેમનાથ ભગવાનનું સ્મરણ કરવાથી દાદાંની કૃપાથી ગવર્નમેન્ટ તરફથી દત્તકપુત્ર સ્વીકારાયાની ખબર આંવી. અને ભોરલની ગાંદીનાં પાંલક બન્યાં.

૨ ભોરલથી ૮૦ માઇલ દૂર વડવજનના પહાડો છે. ત્યાં ભોરલનો રબારી વસ્તા ગજા પોતાનો માલ (ઘેટાં બકરાં) લઇને ગનો, ત્યાં તેનો માલ ચોરાયો, અન્યધર્મી છતાં નેમનાથ ભગવાન પ્રત્યે આસ્થાથી દૂર રહીને દાદાનું સ્મરણ કર્યું. અને મનથી ઇચ્છયું કે "મારો માલ હાથ લાગી જાય કે તરતજ ઘેર જઇ પ્રભુના દર્શન કરી દાતણ કરીશ." દેવી સંજોગે માલ પાછો મળી ગયો. ઘેર આવી પ્રભુના દર્શન કર્યાબાદ દાતણ કર્યું.

૩ વાયોવૃદ્ધ પૂ. રત્નવિજયજી મ. મારવાડથી દાદાના દર્શન કરવા પધાર્યા, તેમને ચક્ષુતેજ તદ્દન ઓછુ હતું. પ્રભુપ્રત્યે પૂર્ણશ્રદ્ધાથી અઠ્ઠમતપ કર્યો, પ્રભુઅંગમાંથી ઝરતું અમીઝરણુ તેમની નજરે પડયું. અમીઝરણુ છાંટવાથી તેમના ચક્ષુ તેજસ્વી બન્યોં.

આ રીતે નેમનાથ ભગવાનના સ્મરણમાત્રથી પુત્રની ઇચ્છાવાળાને પુત્ર પ્રાપ્તિ, સંકટમાં આવી પડેલાને સંકટ મુકિત, મૃતપ્રાય બની ગયેલાને નવજીવન પ્રાપ્ત થયેલ છે. વિશેષ માહિતિ માટે "ભોરલ નેમિકથા કીર્તન" પુસ્તક

જરૂર વાંચો જેથી વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થશે. પૂ. ગુ. હર્ષલતાશ્રી મ. પણ નેમનાથદાદાની કૃપાથી જે તપશ્ચર્યા કરી શક્યા છે.

ખરેખર મારા પૂ. દાદી ગુરૂમહારાજ સાહેબે અમને ઉપદેશામૃતનું પાન કરાવી. સંસાર સમુદ્રમાંથી તારવા માટે નૌકાસમાન પારમેશ્વરી પ્રવ્રજ્યા આપી, જ્ઞાન, ક્રિયા, તપમાં પ્રગતિ કરાવી અમારા આત્મામાં સંયમર્યોગ્ય ગુણોને વિકસાવ્યાં, તેથી તેઓશ્રીના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી.

તેઓશ્રીની નિશ્રામાં રહીને ગુરૂભકિતનો અપૂર્વ લાભ અમારો આત્મા મેળવે એજ શુભેચ્છા

લી.

**ગુરૂચરણાંબુજે ભ્રામરીતુલ્યા**

**હર્ષપ્રભાશ્રી વિનયગુણાશ્રી.**

# પ્રકરણ પહેલું : શુભલગ્ન

૨૫૦૦ વર્ષો પૂર્વે શ્રી વર્ધમાન સ્વામીના (ભગવાન મહાવીર) પ્રથમ શિષ્ય અનંતલબ્ધિનિધાન ગણધર શ્રી ગૌતમસ્વામી વિચરતાં વિચરતાં શ્રેષ્ઠ એવી વૈશાલી નગરી બહાર સુંદર ઉદ્યાનમાં પધાર્યા. (ઇક્ષ્વાકુ વંશજ અલમ્બુષાએ સ્થાપેલી વિશાલ વૈશાલી નગરીમાં ૭૭૦૭ પ્રસાદો ૭૭૦૭ ઉંચા મહેલો ૭૭૦૭ ઉદ્યાનો સુવર્ણવાવો હતી. અંદરનું નગર કિલ્લાથી સુરક્ષિત હતું. તેમાં ભુવનો સુવર્ણ શિખરોથી શોભતા હતા. ત્યાં ૭૭૦૭ વિશિષ્ટ કુલો હતા. તેમાં પ્રત્યેક કુલના પ્રતિનિધિ રાજા કહેવાતા હતા. કિલ્લા બહારના ભુવનો ચાંદી અને ત્રાંબાના શિખરોથી શોભતા હતાં)

તે શુભ વધામણી અતિ હર્ષથી સાંભળીને ગુરુભક્ત શ્રી ચેટક મહારાજા અંતપુર અને પ્રજાથી યુક્ત ગણધર ભગવંતના ચરણકમળમાં વિધિપૂર્વક વંદના કરીને સુખશાતા પૂછી કરીને સર્વ યોગ્ય સ્થળે બેઠા.

શ્રી ગૌતમ સ્વામીજીએ ધર્મદેશનાનો પ્રારંભ કરતા ફરમાવ્યું કે, 'સર્વદર્શી શ્રી જિનેશ્વરદેવોએ ધર્મ દાન, શીલ, તપ અને

ભાવ એ ચાર પ્રકારે પ્રકાશ્યો છે, તે મોક્ષને પ્રાપ્ત કરાવે છે. પણ તપને ઉત્કૃષ્ટ કહ્યો છે. તેના અનેક ભેદો છે.

'સર્વ તપોમાં પણ વિશાળ તપ પૂર્વે શ્રી વર્ધમાન સ્વામી ભગવાને શ્રી શ્રેણીક મહારાજા આદિ પર્ષદા આગળ જેમ પ્રકાશ્યો હતો તે હવે કહેવાશે.'

નિકાચીત કર્મોને પણ નષ્ટ કરનાર અને સર્વ ઇચ્છીત પૂરનાર એવો શ્રી વર્ધમાન આયંબીલ તપ છે. એક એક વૃદ્ધિપામતા એવા આયંબીલ તપની ઓળી જેમાં પારણે ઉપવાસ આવે છે.' સિદ્ધાંતમાં કહ્યું છે કે 'એક આયંબીલ એક ઉપવાસ એમ વૃદ્ધિ પામતા અનુક્રમે ૧૦૦ ઓળીએ એ તપ પૂર્ણ થાય છે. (૫૦૫૦ આયંબીલ અને ૧૦૦ ઉપવાસ) તે મહાન તપ ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસે લાગટ પૂર્ણ થાય.

'અત્યંત દુષ્કર આયંબીલ વર્ધમાનતપ કોઇક વીરલો પૂર્ણ કરી શકે છે અને અંતે શ્રી 'શ્રીચંદ્ર'ની જેમ હંમેશા સુખી થાય છે.' તે સત્ય દૃષ્ટાંતઃ-

[illegible]બુદ્વિપના ભરતક્ષેત્રમાં પૂર્વે એક કુશસ્થળ નામની વિશાળ સુંદર નગરી હતી ત્યાં ૧૦ લાખ નગરના અધિપતી પ્રતાપસિંહ નામે ન્યાયી રાજા હતા તેમને ૫૦૦ રાણીઓમાં મુખ્ય જયશ્રીને જય, વિજય, અપરાજય અને જયંતક એ ચાર પુત્રો હતા.

પ્રતાપસિંહ પાસે કરોડ સૈનિકો ૧૦ લાખ અશ્વો, યશોધવલ જેમાં મુખ્ય છે ૧૦ હજાર હાથીઓ, ૧૦ હજાર રથો, ૧૦ હજાર ઊંટો, વાજીંત્રો, ધ્વજાઓ અને ચરપુરુષો

વિગેરે ૧૦-૧૦ હજાર હતા. મંત્રીઓ, સામંતોથી પ્રજા ઉપર રાજ કરતા હતા. પ્રતાપસિંહે રાજસભામાં પરદેશથી આવેલ વેપારી વરદત્ત શેઠને પૂછ્યું કે, 'તમે કયાં રહો છો ? આ અપૂર્વ નગરી કરતાં કોઇ વધારે સુંદર નગરી નિહાળી છે' ?

શેઠે નમન કરીને કહ્યું કે, 'આપશ્રીની આજ્ઞામાં ઘણી નગરીઓ છે, પરંતુ ઇંદ્રપુરી જેવી સુંદર દીપશિખા નગરીમાં પ્રથમ સુંદર રાજાના મહેલ છે. મધ્યમાં પ્રથમ શ્રી જિનેશ્વર ભગવાનના ૪ દ્વારના સુંદર દેરાસરજીથી માંડીને ચારે દિશામાં બજારો, ગૃહો, સુંદર મહેલો અને કીલ્લો છે. ઇશાન દિશામાં રાજકુટુંબ અગ્નિ દિશામાં વેપારીઓ અને નૈઋત્યમાં બીજા તમામ જાતિના લોકો રહે છે. બહાર સુંદર કમળોની શ્રેણીથી સુશોભીત પદ્મ સરોવરની આસપાસ વાવો, વાટિકાઓ, કુવા, ઉદ્યાનો વગેરે મનોહર સ્થળો આવેલા છે. તે દીપશિખા નગરી ખરેખર આપશ્રીને નિહાળવા જેવી છે, ત્યાં હું વસુ છું.'

પ્રતાપસિંહે આશ્ચર્ય પામીને નિરખાવાની ઇચ્છાથી અમાત્યના પ્રોત્સાહનથી, સૈન્ય સાથે પ્રયાણ કર્યું, ત્યારે વાયુ અનુકૂળ વાતો હતો દિશાઓ શાંત હતી, શુભ પક્ષીએ શુભ શુકન કર્યાં ! માર્ગના મુકામે પ્રતિહારીએ આવીને વિનંતી કરી કે, 'સેવા અર્થે ચાર કળાકારો આવ્યા છે.' રાજાએ આજ્ઞા આપતા તેમણે પ્રવેશ કર્યો.

પ્રતાપસિંહે પૂછ્યું કે. 'તમે શું વિજ્ઞાન જાણો છો.' પ્રથમ કળાકારે કહ્યું, હું પક્ષીઓની બોલી જાણી શકું છું.' બીજાએ કહ્યું કે, સ્વામીના મનને જાણી શકું છું.' ત્રીજાએ કહ્યું કે,

'સ્ત્રી-પુરુષના લક્ષણો જોઈને ભવિષ્ય જણાવી શકું છું. ચોથાએ કહ્યું કે, 'રથભ્રમણની કળામાં પ્રવિણ છું' ગુરુ ગુણધરે કળા શીખવી છે.' કળાકરોનું સન્માન કરીને, ચિંતવેલું કબુલ કર્યું અતિ હર્ષથી રાજાની સેવામાં રહ્યા.

કહ્યું છે કે, 'આહાર, નિદ્રા, મૈથુન અને ભયમાં મનુષ્યો અને પશુઓ સમકક્ષાએ છે, પરંતુ મનુષ્યમાં ખરેખર જ્ઞાન એવિશેષ છે; જ્ઞાનહીન મનુષ્યો પણ પશુ સમાન છે.'!

ક્રમે કરી દીપશિખા નગરી નજીક આવ્યા ત્યારે એક શુભ પક્ષીએ મધુર સ્વરથી શુભ શુકન કર્યાં! પ્રથમ કળાકારે કહ્યું કે, 'એક સ્નેહયુક્ત સુંદર કન્યાનો યોગ થશે! એમાં સંશય નથી' એમ પક્ષી કહે છે. રાજાના મનમાં હર્ષ થયો ત્યાં તો દીપશિખા નગરીના રાજા દીપચંદ્રે આવીને નમન કરીને, વિનંતી કરી 'હે દેવ! આપશ્રીના શુભ ચરણોથી નગરીને પાવન કરવા પધારો.'

પદ્મ સરોવરની પાળે બન્ને રાજાઓની સ્વારી પહોંચીને, સુંદર બજારની શ્રેણીઓ, વિવિધ સુંદર તોરણો વિગેરે નિરખતા નગરમાં પ્રવેશ કર્યો. રાજમાર્ગમાં સુંદર ૭ માળના મહેલના ઝરુખામાં દિવ્યકન્યા સખીઓથી યુક્ત પ્રતાપસિંહને નિરખવા ઉભી હતી. પ્રતાપસિંહની દૃષ્ટિ પડતાંજ મનરૂપી ભ્રમર કન્યા રત્નના મુખરૂપી કમળમાં આસક્ત થઇ ગયો.

જેમ લયમાં યોગી ક્ષણવારમાં સ્થિર થાય તેમ પ્રતાપને જોઇને, મનને ઓળખનાર કળાકારે કહ્યું કે, 'જેને જોઇને આપ સ્થિર થયા છો, તે આપશ્રીને પુણ્યથી પ્રાપ્ત થશે.' તે

સાંભળી આશ્ચર્ય અને હર્ષ પામીને પ્રતાપસિંહે પૂછયું, 'હે ભદ્ર! આ મહેલ કોનો છે? આ મનોહર કન્યા કોણ છે?

કળાકારે કહ્યું કે, 'દીપચંદ્રની પટ્ટરાણીનો મહેલ છે, તે પ્રદીપવતીની કુક્ષિરૂપી કમલિનીમાં હંસલી સમાન આ સૂર્યવતી-કુમારી કન્યા છે.' 'ઇચ્છીત વૈદ્યનું આગમન જેમ હર્ષીને' અને 'દૂધમાં જેમ સાકર' તેમ આપશ્રી બન્ને દેવ તુલ્ય છો, તે ચંદ્ર અને ચંદ્રિકા જેવો યોગ થયો છે' સૂર્યવતીએ પણ મટકું માર્યા વિના અનિમેષ દૃષ્ટિથી પુનઃ પુનઃ પ્રતાપસિંહના રૂપરૂપી અમૃતને પીધું.! સ્વારી આગળ ધપતાં ત્યાં ત્રણ માર્ગ ભેગા થયા.

તેથી આગળ ચાર માર્ગના મધ્ય ભાગમાં અતિ સુંદર મંદિરને દેખીને, પ્રતાપસિંહે અતિ હર્ષથી વિધિપૂર્વક પ્રવેશીને પ્રથમ જિનેશ્વરજીને વંદન કરી, સ્તુતિ ચૈતવંદન કરી બહાર આવ્યા. તે નગરીના મધ્ય ભાગમાં હતું. પરંતુ પ્રતાપનું મન તો સૂર્યવતી પાસે મૂકાયું હતું. પ્રતાપસિંહ રાજા રાજસભામાં સુંદર સિંહાસન ઉપર બીરાજમાન થયા.

તે દેખીને 'જેમ મેઘગર્જનાથી મોર નાચી ઉઠે' તેમ દીપચંદ્ર રાજાએ હર્ષ પામીને, વિશાળ મહોત્સવપૂર્વક સૂર્યવતીનો હસ્તમેળાપ પ્રતાપસિંહની સાથે કરાવ્યો! ત્યારે સ્ત્રી અને પુરુષના લક્ષણના જાણકાર કળાકારે કહ્યું કે, 'હે પૃથ્વી પતિ! સુલક્ષણોથી યુક્ત હોવાથી, બે સુંદર પુત્રોને જન્મ આપશે! તે પુત્રોથી પિતા, શ્વસુર અને શિરછત્ર એવા માતામહ પણ પૃથ્વી ઉપર વિખ્યાતી પામશે! તેથી પટ્ટરાણી પદને યોગ્ય છે.'

એમ જ થયું. 'અહો સૂર્યવતીનું અદ્‌ભુત ભાગ્યરૂપ અને સૌભાગ્ય! તે ધર્મવૃક્ષના ફળને પામી છે'! એમ લોકો કહેતા હતા.

કોઈ એક દિવસ સિંહપુર નગરથી દીપચંદ્રની ભત્રીજી ચંદ્રવતીના પતી શુભગાંગ રાજાના દૂતે આવીને કહ્યું કે, 'હે દેવ! વાસંતિકા નામની ભયંકર અટવીમાં શૂર પલ્લીપતી છે તે સર્વ રાજાઓને દુર્જય છે. તે પલ્લીની પશ્ચિમ દિશામાં સિંહપુરના શુભગાંગ રાજાના મહેલમાંથી ચંદ્રાવતી રાણીના એકાવલી હારને કોઈ ચોરીને લઈ ગયું. કોટવાલે પગેરૂં કાઢતાં, ચોરોને પકડીને હાજર કરી દીધા. તે કબુલતા ન હોવાથી ચાબુકથી શિક્ષા કરી કબુલ્યું કે, 'શૂરની આજ્ઞાથી ચોરી કરી છે' હાર લઈને રાજાએ ગુસ્સાથી શૂળી ચડાવવાનો હુકમ કર્યો અને એમ જ થયું.'

'તે શૂરે જાણીને રોષથી સિંહપુરને વિશાળ સેનાથી ઘેરી લીધું છે. આવી વિષમ પરિસ્થિતિમાં શું કરવું તે આપશ્રી કાર્ય કુશળ વિચારો' 'જેમ હસ્તિની ગર્જના સાંભળીને કેસરીસિંહ ગર્જી ઉઠે' તેમ પ્રતાપસિંહે ગાજી પ્રયાણ ભેરી વગડાવી. તરત ચતુરંગ સૈના તૈયાર થઈને પ્રયાણ કર્યું. મુકામ કરતાં કેટલેક દિવસે સિંહપુર નજીક નદી કીનારે પડાવ નખાવ્યો બન્નેના ચરપુરુષોએ સેના વગેરેની બાતમી આપી. તે વિચારીને પ્રતાપસિંહે સેના સજ્જ કરવા આદેશ આપ્યો.

શૂરને બાતમી મળતાં, તરત જ વૃદ્ધજનોની સલાહ લેતાં કહ્યું કે, પ્રતાપસિંહ બહુ જ બળવાન હોવાથી પલાયન થવું તેજ શ્રેષ્ટ માર્ગ છે.' ત્યારે શૂર કહ્યું કે, 'પ્રતાપસિંહ યમ જેવો હોવાથી હવે છટકવું મુશ્કેલ છે.' જેથી તેમણે મૌન સેવ્યું. શૂરે વિચારીને શ્રેષ્ઠ ગંધહસ્તી ઉપર આરૂઢ થઈને સેના સાથે સામે આવ્યો.

પ્રતાપસિંહની સ્વસેના તરફ નજર જતાં, સર્વ હસ્તીઓ મદ વિનાના અને ઉંઘતા જોઇને, દીપચંદ્રને પૂછ્યું કે, હસ્તીઓ આમ કેમ થઇ ગયા છે.' 'શૂરના ગંધહસ્તીના કારણે એમ બન્યું છે.'! 'તો હમણા શું ઉચિત છે.'? એટલામાં તો તે રથભ્રમણના કલાકારે વિનંતી કરી કે 'હે દેવ! આ રથ ઉપર આપશ્રી આરૂઢ થાવ અને મારી કળાને નિરખો.' ત્યારે ધનુષ્ય-બાણોથી સજ્જ થઇને પ્રતાપસિંહ આરૂઢ થયા. રથ મોખરે લીધો. તેની સામે શૂર ગંધહસ્તી ઉપર સામે આવ્યો.

કળાકારે રથને ચારે તરફ અતિવેગથી ફેરવ્યો. પ્રતાપસિંહે બાણથી શૂરને નીચે પટક્યો અને તરત જ કાષ્ટના પાંજરામાં કેદ કર્યો ! જય જયકાર ગાજી ઉઠ્યો અને જયકલશ ગંધ હસ્તીને કબજે કર્યો. શૂરની સેના ચારે તરફ પલાયન થઇ ગઇ! શુભગાંગ રાજાએ સિંહપુરમાંથી બહાર નીકળીને પ્રતાપસિંહને સન્માનપૂર્વક નમન કર્યું. સર્વ તે અટવીમાં જઇને પલ્લીને લૂંટીને ૧ મૂડો મોતીનો અને ૫૬ કોટી સૂવર્ણ, બીજી અમૂલ્ય વસ્તુઓ પ્રતાપસિંહે ખજાનામાં નખાવી!

બાકીનું ધન દીપચંદ્ર અને શુભગાંગ રાજાને વહેંચી દીધું! વસ્ત્ર વગેરે સૈન્યને વહેંચી દેવરાવ્યું. પ્રતાપસિંહે પ્રસન્ન થઇને જ કળાકારોને કહ્યું કે, સર્વ સ્વકળામાં પ્રવીણ છો! એકે પક્ષીની બોલી જાણી! બીજાએ મારું મન જાણ્યું! ત્રીજાએ કન્યાના લક્ષણો અને ફળવતી જાણી અને ચોથાએ રથભ્રમણ કળાથી મારા જયમાં સાથ આપ્યો! તેથી મને મહાન લાભ થયો. અહો તમારું જ્ઞાન! તમારી બુદ્ધિ! અને તમારું ચતુરપણું! કળા પ્રાપ્ત કરવા જે પરિશ્રમ લીધો હશે તેને તમે સાર્થક કર્યાં છે.'

મોટા પ્રસાદથી વિશાળ દાનથી જુદી જુદી રીતે ચારે કળાકારનું સન્માન કર્યા ! તે પ્રલ્લીના સ્થળે સૂર્યવતીના નામ ઉપરથી નવું સૂર્યપુર નામનું નગર વસાવ્યું. દીપચંદ્ર અને શુભગાંગ રાજાઓને કેટલીક ભૂમિ ભેટ આપી. પ્રતાપસિંહે સિંહપુરનું નિરીક્ષણ કર્યું. પછી બન્ને રાજાઓ દીપશિખામાં પાછા આવ્યા. કેટલાક દિવસ રહ્યા બાદ પ્રતાપસિંહે સૂર્યવતીથી યુક્ત કુશસ્થળ તરફ પ્રસ્થાનની તૈયારી કરી.

એમ જ થયું. પ્રસ્થાન અવસરે પ્રદીપવતીના નયનોમાં અશ્રુ આવ્યાં. સૂર્યવતીને કુલાંગના યોગ્ય હીતશિક્ષા આપી. દીપચંદ્ર રાજા અને પ્રજાજનો અશ્રુભીના નયને વળાવીને પાછા વળ્યા. કેટલાક દિવસે એક શુભ દિવસે સુંદર શણગારેલી કુશસ્થળ નગરીમાં મહોત્સવપૂર્વક પ્રવેશ કરીને, પુણ્યના પ્રભાવે પૃથ્વીપતિ પ્રતાપસિંહ પટ્ટરાણી અને રાણીઓ સાથે સંસાર ભોગવવા લાગ્યા !

કહ્યું છે કે, 'સુકુળમાં જન્મ, તનનું નિરોગીપણું, સૌભાગ્ય, નિર્મળયશ, વિદ્યા અને ધન, સંપત્તિ ધર્મથી જ પ્રાપ્ત થાય છે ! સારી રીતે સેવેલો ધર્મ, સ્વર્ગ અને મોક્ષને પણ આપે છે !

## પ્રકરણ બીજું :                    શ્રીદેવી

કોઇ એક દિવસે પ્રતાપસિંહના પુત્રો જય વિજય, અપરાજય અને જયંતક જય મહેલના ઝરૂખામાં વિનોદને કરતા, હતા ત્યારે ઘણા લોકોને રાજમાર્ગમાં એકઠા થયેલા જોઇને, સેવકને પૂછ્યું કે, 'આટલા લોકો એકઠા થઇને કયાં જઇ રહ્યા છે.'? 'બહાર ગામથી કોઈ એક પ્રખ્યાત જ્યોતિષી આવ્યો છે, તેથી ત્યાં જાય છે' 'તેને બોલાવી લાવ.'

આશિર્વાદ આપતા એવા તત્પર જ્યોતિષીને સન્માનપૂર્વક યોગ્ય આસને બેસાડીને પૂછ્યું કે, 'તમે કયાંથી આવો છો? તમે શું જાણો છો? અને કયાં જવાના છો'? 'હે રાજપુત્રો! પશ્ચિમ દિશામાં પૃથ્વીની શોભારૂપ અને ધર્મલક્ષ્મીથી સુંદર એવું સિંહપુર છે. ત્યાં લક્ષ્મીથી પૂર્ણ એવો જ્યોતિષી શ્રીધરને પ્રાણથી પણ વલ્લભ નાગીલા સ્ત્રી છે. તેમને ધરણ પુત્ર જન્મ્યો.'

'તે જ્યારે યુવાન થયો ત્યારે, ત્યાંના પ્રિયંકર જ્યોતિષીને શીલવતી સ્ત્રીથી શ્રીદેવી સુંદર પુત્રી જન્મી, ક્રમથી યૌવનવતી થઇ ત્યારે તેની સાથે માંગણી કરીને મહોત્સવપૂર્વક પાણી ગ્રહણ કરાવ્યો. શ્રીદેવી રૂપલાવણ્યથી શોભતી, કળાકુશળ અને

વિશેષથી જૈન ધર્મમાં રક્ત હતી. તે વિશુદ્ધ મુખવાળી, નિ અને સત્ય બોલતી જેનું મુખલજ્જાથી નમેલું રહેતું તેવ આર્હત ધર્મની ક્રિયામાં રક્ત હતી. તે દિવસ અને રાત્રીના ઘરનું સર્વ કાર્ય કરતી હતી. પરંતુ સાસુ નિષ્ઠુર બોલીને ખોટા ટપકો આપ્યા કરતી 'જેમ પાણીનો રેંટ રાજસ્થાનમાં ચાલતા; લાકડીથી ખટખટ અવાજ થાય છે. તેમ' હમેશા નાગીલા ખટખટ કર્યા જ કરતી હતી.'

કહ્યું છે કે, 'પથારી ઉંચકવી. ઘરને સ્વચ્છ રાખવું પાણી ભરવું, અનાજ દળવું, રસવતી કરવી, વાસણ માંજવા, સાસુ નણંદ અને દિયરની ભક્તિ કરતી અતિ કષ્ટથી શ્રીદેવી જીવતી રહી હતી. તેણી હંમેશા શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરતી. તેણીને માતાપિતા પાડોસીઓ વગેરે જ્યારે પૂછતા, ત્યારે શ્રીદેવી પોતાના ગૃહને સુંદર કહેતી, બીજું કાંઈ કહેતી નહી. ઘરમાં કોઇપણ ભાંગફોડને કરતું કે કાંઇ પણ ખોવાતુ ત્યારે તે કામ શ્રીદેવીનું છે એમ નાગીલા ખોટું કહીને બતાવીને પુત્રને હંમેશા ભંભેરતી હતી. ત્યારે ધરણ ગુસ્સે થઇને શ્રીદેવીને મારતો.

સુકુળમાં શ્રીદેવી ઉત્પન્ન થઇ હોવાથી પોતાના પૂર્વ કર્મને દોષ આપતી અને સ્વનાપૂર્વકર્મોનાં ફળ છે એમ માનતી પરંતુ સાસુના દોષ છે એમ કોઇને પણ કહેતી નહી. એક દિવસે સસરાની વીંટી ઘરમાં ક્યાંક પડી ગઇ તે તેના ખ્યાલમાં આવ્યું નહી. પ્રભાતે શ્રીદેવીને ઘર સાફ કરતા વીંટી મલી. તે ઠેકાણે મૂકીને અન્ય કાર્ય કરવા ગઇ. સસરાના ખ્યાલમાં આવ્યું પૂછયું કે, 'કોઇને મારી વીંટી જડી છે.'? પૂછવા છતાં પણ મળી નહી. પશુના વંડામાંથી શ્રીદેવીએ એટલામાં વીંટી લઇને સસરાને આપી. તેથી સસરો ખુશી થયો, પરંતુ શ્રીદેવીનું છિદ્ર જોઇને સાસુએ

મોટા સ્વરથી નાટક ભજવ્યું કે, 'હું ચોરટી વહુને જાણું છું! આ રીતે સર્વ વસ્તુ ચોરીને માનું ઘર ભરશે, તો મારું ઘર કેમ ચાલશે? હે લોકો! આ આચરણ જુઓ સહુના ઘરે વહુ હશે પરંતુ આવી નહી હોય. જ્યાં આવી હોય ત્યાં મારું કોણ સાંભળે? હે પુત્ર! સુકુળમાં ઉત્પન્ન થયેલી તારી સ્ત્રી આનંદ કરે છે.'

માના ચડાવવાથી ગુસ્સે થઈ કાંઈ પણ વિચાર કર્યા સિવાય ધરણે લાકડી એકદમ તે સતીના મસ્તકે ફટકારી ત્યારે શ્રીદેવી શ્રી નમસ્કાર મહામંત્ર સ્મરણ કરતી હતી. મસ્તક ફુટયું અને બેશુદ્ધ થઈને ગબડી પડી. રક્તની ધાર વછુટી તે જોઈને ધરણ હા હાકાર કરવા લાગ્યો અને મસ્તકે ઔષધી ચોપડી. કોઈકે તે હકીકત શ્રીદેવીના મા–બાપને કહી. તેઓ મસ્તક કુટતા ત્યાં આવ્યા. માતાએ કલ્પાંત કરતા ખોળામાં લઈને કહ્યું કે 'હે પુત્રી! આ શું થયું? નેત્રો ભમે છે? મારા મુખને જો. હે પુત્રી! તારા કયા વચનને યાદ કરું? હવે મને માતા કહીને કોણ બોલાવશે? તે તે વસ્તુઓ હવે કોણ માગશે? તું જે રમતો રમતી તે હવે કોણ રમશે.'?

'હે પુત્રી! તું નાની હોવા છતાં પણ લજ્જાથી ઉત્તર આપતી નહી! કયારેય પણ રૂદન ન કરતી! હું કયારેક શિક્ષા કરતી પરંતુ તારૂં મુખ વાંકુ ન થતું! તે સુંદર તારી શ્રી જિનેશ્વરની ભક્તિ, અભિગ્રહનું ધારવું, તપ અને વિરતિ તારા સિવાય બીજી કન્યાઓમાં દેખાતા ન હતા! તું ચુપ કેમ છે'? પિતાએ કહ્યું કે, 'પુત્રીરત્નને જે વિત્યું છે તે વિધાતા પણ સહન કરશે નહી.' તેમ વિલાપ કરવા લાગ્યા. તેથી ધરણ પણ કલ્પાંત કરતા બોલ્યો કે 'કાંઈપણ દોષ ન હોવા છતાં મેં ક્રોધથી વિચાર કર્યા સિવાય મારી પાપી એવા મેં આ શું કર્યું? મારા નિષ્ઠુર પ્રહારથી મૃત્યુ પામશે તો હું હત્યારો થઈશ.'

લોકોએ હંમેશા અસત્ય બોલતી નાગીલાનો તિરસ્કાર કર્યો. 'જેમ સર્પના મુખમાંથી દેડકો છુટે' તેમ શ્રીદેવી મૃત્યુ પામી સાસુના પંજામાંથી છુટશે! એમ વાત કરતા હતા. શ્રીદેવીના પુણ્યથી બહારગામથી કુશળ વૈદ્યરાજ આવી ચડયા! તેમણે પાણી મંત્રીને શ્રીદેવીને છાંટયું જેથી ચૈતન્ય આવ્યું! તેણીનું તે સ્વરૂપને જોઇને, વૈદ્યરાજે કહ્યું કે, 'હવે ધર્મનું ઔષધ કરો.' માતાપિતા શ્રીદેવીને ઘેર લઇ ગયા.

સુ સાધુ પાસેથી શ્રી જિનેશ્વરદેવે કહેલ તત્ત્વની શ્રદ્ધા કરાવી, સર્વ જીવોની ક્ષમાપના, ચિત્તની શુદ્ધિપૂર્વક પાપની નિંદા, પુણ્યની અનુમોદના, ૭ ક્ષેત્રોમાં ધનનું સદ્‌વ્યય, તપને યાદ કરી અનુમોદના, મૃત્યુના મુખમાંથી જીવોને સદ્‌ભાવથી મુક્તિ અપાવી મમતાનો ત્યાગ, અનશન, બ્રહ્મચર્ય વિગેરે વ્રતો શ્રીદેવીએ ઉચ્ચાર્યા. અંતકાળે આરાધના કરીને, શ્રી નમસ્કાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં પુણ્યના પ્રસાદથી શ્રીદેવી સદ્‌ગતિને પામી.!

# પ્રકરણ ત્રીજું : સ્ત્રી ચરિત્ર

કેટલાક દિવસે મૃત્યુનો શોક પાળીને, કાળક્રમે શોકને ત્યાગીને, ધર્મમાં ઉદ્યમવાળા થયા. કારણકે 'ધર્મથી જીવોને સુખ પ્રાપ્ત થાય છે.' લોકોએ શ્વશુર પક્ષનો તિરસ્કાર કર્યો જેથીં શ્રીધર સિંહપુરમાં મુખ બતાવી ન શકયો. ત્યાં કન્યા કોઈ આપે તેમ ન હોવાથી બીજા કોઇ નગરમાં જઇને, કોઈ ઉમાને ધરણને પરણાવી. પરંતુ તેણી અતિ ઉદ્ધત, રોષવાળી, સર્વના સામે બોલનારી, હઠથી ઘરના કોઇ કામને કરતી ન હતી. પગલે પગલે સર્વના દોષને પ્રગટ કરતી! 'વાઘની આગળ જેમ બકરી' તેમ સાસુ થઇ. ઘરના બધા કામ સાસુને કરવા પડતા હતા.!

કાળક્રમે સાસુ સસરા મૃત્યુ પામ્યા. ઉમાએ માયા ભકિત અને યુકિતથી ધરણને વશ કર્યો. કોઇ એક દિવસે ઉમાના વખાણ મિત્ર સોમદેવ પાસે ધરણે કર્યા. ત્યાં શ્રાવક મિત્ર લાભકારી વચન બોલ્યો, 'શું આ સત્ય હશે'? પરંતુ કહ્યું છે કે, 'ગુરુની પ્રશંસા સમક્ષ કરવી, મિત્ર અને બંધુની પરોક્ષ કરવી, પુત્ર અને સ્ત્રીની મૃત્યુ પછી કરવી.'

'સ્ત્રીઓ અત્યંતનિર્દય અને હરણના શીંગડા જેવી વાંકી, નદી પ્રમાણે નીચે જનારી અને વજ્ર જેવી કઠણ છાતીની હોય

લાકોએ હંમેશા અસત્ય બોલતી નાગીલાનો તિરસ્કાર કર્યો. 'જેમ સર્પના મુખમાંથી દેડકો છુટે' તેમ શ્રાદેવી મૃત્યુ પામી સાસુના પંજામાંથી છુટશે! એમ વાત કરતા હતા. શ્રાદેવીના પુણ્યથી બહારગામથી કુશળ વૈદ્યરાજ આવી ચડયા! તેમણે પાણી મંત્રીને શ્રાદેવીને છાંટયું જેથી ચૈતન્ય આવ્યું! તેણીનું તે સ્વરૂપને જોઇને, વૈદ્યરાજે કહ્યું કે, 'હવે ધર્મનું ઔષધ કરો.' માતાપિતા શ્રાદેવીને ઘેર લઇ ગયા.

સુ સાધુ પાસેથી શ્રી જિનેશ્વરદેવે કહેલ તત્ત્વની શ્રદ્ધા કરાવી, સર્વ જીવોની ક્ષમાપના, ચિત્તની શુદ્ધિપૂર્વક પાપની નિંદા, પુણ્યની અનુમોદના, ૭ ક્ષેત્રોમાં ધનનું સદ્‌વ્યય, તપને યાદ કરી અનુમોદના, મૃત્યુના મુખમાંથી જીવોને સદ્‌ભાવથી મુક્તિ અપાવી મમતાનો ત્યાગ, અનશન, બ્રહ્મચર્ય વિગેરે વ્રતો શ્રાદેવીએ ઉચ્ચાર્યા. અંતકાળે આરાધના કરીને, શ્રી નમસ્કાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં પુણ્યના પ્રસાદથી શ્રીદેવી સદ્‌ગતિને પામી.!

# પ્રકરણ ત્રીજું : સ્ત્રી ચરિત્ર

કેટલાક દિવસે મૃત્યુનો શોક પાળીને, કાળક્રમે શોકને ત્યાગીને, ધર્મમાં ઉદ્યમવાળા થયા. કારણકે 'ધર્મથી જીવોને સુખ પ્રાપ્ત થાય છે.' લોકોએ શ્વશુર પક્ષનો તિરસ્કાર કર્યો જેથીં શ્રીધર સિંહપુરમાં મુખ બતાવી ન શકયો. ત્યાં કન્યા કોઈ આપે તેમ ન હોવાથી બીજા કોઇ નગરમાં જઇને, કોઈ ઉમાને ધરણને પરણાવી. પરંતુ તેણી અતિ ઉદ્ધત, રોષવાળી, સર્વના સામે બોલનારી, હઠથી ઘરના કોઇ કામને કરતી ન હતી. પગલે પગલે સર્વના દોષને પ્રગટ કરતી! 'વાઘની આગળ જેમ બકરી' તેમ સાસુ થઇ. ઘરના બધા કામ સાસુને કરવા પડતા હતા.!

કાળક્રમે સાસુ સસરા મૃત્યુ પામ્યા. ઉમાએ માયા ભકિત અને યુકિતથી ધરણને વશ કર્યો. કોઇ એક દિવસે ઉમાના વખાણ મિત્ર સોમદેવ પાસે ધરણે કર્યા. ત્યાં શ્રાવક મિત્ર લાભકારી વચન બોલ્યો, 'શું આ સત્ય હશે'? પરંતુ કહ્યું છે કે, 'ગુરુની પ્રશંસા સમક્ષ કરવી, મિત્ર અને બંધુની પરોક્ષ કરવી, પુત્ર અને સ્ત્રીની મૃત્યુ પછી કરવી.'

'સ્ત્રીઓ અત્યંતનિર્દય અને હરણના શીંગડા જેવી વાંકી, નદી પ્રમાણે નીચે જનારી અને વજ્ર જેવી કઠણ છાતીની હોય

છે! ચિત્તમાં કાંઇ હોય, વચનમાં કાંઇ જુદુ જ કહેતી અને ક્રિયા કાંઇક જુદી જ દેખાય છે.' એવી માયાવાસ્ત્રીમાં કોણ સ્નેહ કરે? તારી સ્ત્રીના મફતના વખાણ શા માટે કરી રહ્યો છે.'? 'હે મિત્ર! આ તું શુ કહી રહ્યો છે'! 'તારી સ્ત્રીને હું સારી રીતે જાણું છું! તેણી એક દિવસ પણ ઘરમાં રહેતી નથી! માયાવી આચણોથી સ્નેહ હોવો ન જોઇએ! ખાત્રી કરી જો.'

ધરણે અતિ કષ્ટથી બહારગામ જવાની ઉમાની સંમતી લઇને, બહાર નીકળી ગુપ્ત રીતે દિવસ મિત્રને ત્યાં વીતાવીને. રાત્રી પડતાં ઉમા બહાર ગઇ એટલે ધરણ સ્વગૃહમાં મિત્રના કહેવાથી છુપાઇ ગયો. જેમ બારણું પહેલા બંધ હતું તેમ કરીને મિત્ર પાછો ગયો. ક્ષણવારમા કયાંકથી અતિ ઉત્સાહથી ઉમા આવીને, વિશેપથી રસવતી અને પથારીની સર્વ તૈયારી કરવા માંડી. મુખે બુકાની બાંધેલ એક પુરુષ એટલામાં દાખલ થયો! આશ્ચર્યથી ધરણ જોવા લાગ્યો. 'આ કોણ હશે'? પાપાત્મા રણધીર દેખાય છે.'

તત્કાળ ઉમાએ દ્વારા બંધ કરીને, રણધીરને ખુશ કરને, બન્ને ભોજન કરીને અતિ હર્ષથી રતીકેલી કરીને ઉંઘી ગયા આ કુકર્મ જોઈને ધરણ ઉકળી ઉઠયો. 'બન્ને દુષ્ટોને હણી નાખું? તેથી સ્ત્રી હત્યારો કહેવાઈશ' એમ વિચારીને, ફક્ત કોટવાલ પુત્ર રણધીરને હણીને, દ્વાર ખોલીને ફરી અંદર છુપાઇ ગયો. રણજીતનું રક્ત ઉમાના કંઠ પાસે આવ્યું ત્યારે જાગી. ચમકીને તે દૃશ્ય દેખીને, 'હા...હા આ શું થયું? કોણે ખુન કર્યું હશે.? દ્વારને ખુલ્લો દેખી કોઇ શત્રુએ હણ્યો હશે એમ નક્કી કરીને, વસ્ત્રમાં શબ, તલવાર, રક્તવાળા વસ્ત્ર વગેરે પોટલું બાંધી માથે લઇને ઉમા તરત જ બહાર પડી, નિર્ભતાથી કુવામાં

એકદમ ફેંકીને પાછો વળી ગુપ્તપણે ધરણે આ જોયું. બહાર ઉભા રહીને વિચાર્યું".

'અહો ઉમાની કુકર્મતા, ક્રૂરતા અને ધીઠાઇ' ઉમા ખાંખડી વગેરે લઇને દ્વારને બંધ કરીને એકદમ આગળ ધપી. કૌતુકથી ધરણે પીછો પકડયો. જળમાર્ગે નગર બહાર નીકળીને, નિર્ભયતાથી સ્મશાન ઓળંગીને ગુફામાં પેઠી! ત્યાં સુંદર આસન ઉપર ઉગ્રમુખી ખર્પરી સ્ત્રીઓના સમુહમાં બેઠેલી હતી. યોગીનીને અન્નદાનથી ઉમાએ ખુશ કરીને નમીને બેઠી. ખર્પરીએ પૂછયું, 'તેં મંત્ર સાધ્યો'? 'હા. આપના પ્રભાવથી' 'હે બુદ્ધિશાળી ફરી શું કહે છે'? 'હે મહેશ્વરી! મારા ઉપર પ્રસન્ન થઇને વૃક્ષને ઉડાવવાની વિદ્યાને આપો.'

યોગીનીએ કહ્યું કે, 'હે શુભે! મોટો બલી આપ.' ઉમાએ કહ્યું કે 'હે માતા! કાળી ચૌદશે મારા પતિનું બલિ આપીશ! સારૂં કહીને રજા આપી. ત્યારે ઉમાએ અંજલી જોડીને 'વશ કરવાનું ચુર્ણ' માગ્યું! 'પહેલા આપ્યું હતું તે કયાં ગયું'? 'તેથી વશ થયો હતો તે આજે મૃત્યુ પામ્યો છે.' બીજું ચુર્ણ આપ્યું. ઘેર નમીને આવી. સર્વ સ્ત્રી ચરિત્ર દેખી અને સાંભળીને ભય પામ્યો. ભય, આશ્ચર્ય અને રૌદ્રરસથી ધરણનું હૃદય વીર, શોક અને બીભત્સરસ યુક્ત થયું! પછી હાસ્ય, શ્રૃંગાર રસનો ત્યાગ કરીને શાંત રસમય થયું! માયાવી, કુટીલ અને દુષ્ટ આચરણ યુક્ત ઉમાને ધિક્કારતો ધરણ વિચારવા લાગ્યો. 'ચુર્ણથી મને વશ કરીને મારો બલિ ચડાવશે! 'જેમ દોરડાથી બંધાયેલી ગાય. બીજે જઇ શક્તિ નથી.' તેમ હું બીજે જઇ શકીશ નહી.

ધરણ મિત્રને ત્યાં ગયો. પૂછવાથી સર્વ બીના કહી. મિત્રે કહ્યું કે, હવે દુઃખ, નિંદા અને ભયથી શું' કેમકે 'કર્મની

ગતિ અતિ ગહન અને વિચિત્ર હોય છે, સ્ત્રી સ્વભાવ ચપળ હોય છે.' કહ્યું છે કે, 'રવિ શશી, ગ્રહો અને તારા વિગેરેનું ચરિત્ર બુદ્ધિમાન હજી જાણી શકે છે, પરંતુ સ્ત્રી ચરિત્ર જાણી શકતો નથી.' 'જળની અંદર માછલીના પગ અને આકાશમાં પક્ષીઓના પગ દેખાતા નથી, તેમ સ્ત્રીનું હૃદય જાણી શકાતું નથી'! 'હવે તું શું કરીશ'?

ધરણે ગદ્ગદ સ્વરે કહ્યું કે, ઉમાનું મુખ પણ દેખ્યા વિના દૂર દેશાંતર જઈને, એ હત્યાના પાપથી ભારે હવે હું આત્મહત્યા કરીશ.' 'એમ કરતો નહી. પરંતુ તારા ધનથી ઉમા ઉન્મત્ત થશે જેમ 'દૂધથી સર્પિણી'! માટે પ્રથમ ઘેર જઈને સર્વ ધનને સ્વાધીનકર. પછી સદ્ગુરુ પાસેથી એ હત્યાનું પ્રાયશ્ચિત લેવું. આત્મહત્યા ન કરવી કારણ એથી દુઃખ મળશે.' એમ જ થયું. પ્રભાતે ઉમાએ ઉઠીને આડંબરથી કૃત્રિમ સ્નેહ દર્શાવ્યો! પરંતુ અપ્રિય થઈ. જેમ 'બળેલી ખીચડીથી કોઈ તૃપ્તિ થાય છે' નથી થતી.

લોકો શબને કુવામાંથી કાઢીને ઓળખીને હા... હા... કાર કરવા લાગ્યા. તેથી ઉમા ધરણ પાસે હા... હાકાર કરવા લાગી!



# પ્રકરણ ચોથું : ધરણનો ગૃહત્યાગ

ધરણ સર્વ ધન લઈને, મિત્રને ત્યાં ભોજન કરીને, નગરનો ત્યાગ કરીને યોગીનો વેષ પહેરીને ભ્રમણ કરવા લાગ્યો. કોઈ ગામની પાણીની પરબ ઉપર સિદ્ધ પુરુષ બેઠેલા જોઈને, નમીને પાસે બેઠો. વિનય આદિ ગુણોથેત જોઈને પૂછયું કે, 'હેભદ્ર! તું કોણ છે? ધરણે સર્વ હકીકત કઈ. ધરણે પૂછયું કે 'બેહત્યા મારાથી થઈ છે, તે પાપથી કેવી રીતે મુક્ત થઈ શકું'?

સિદ્ધે વિચાર્યું કે, આ મુગ્ધ દેખાય છે, ગુપ્ત પાપ કહે છે'? સિદ્ધે કહ્યું કે, હું પણ ચિંતાવાળો છું, જેમનુ મન સ્વચ્છ હોય છે તેને સારી બુદ્ધિ હોય છે.' આપશ્રીને શી ચિંતા હોય? 'મારા ગુરુએ તુષ્ટમાન થઈને એક વિદ્યા આપી હતી, તે સુવર્ણથી સિદ્ધ થઈ શકે, તેમને શલ્યની જેમ પીડા પમાડે છે.' 'કેટલું સુવર્ણ જોઈએ'? સિદ્ધે હસીને પૂછયું, કેટલું સુવર્ણ આપીશ' ધરણે કહ્યું, 'મારા પાસે ઘણા રત્નો છે, તો પૂજ્યોની યુક્તિથી સુવર્ણ પુરુષને બનાવીએ.' ઔદાર્ય આદિ ગુણોથી ખુશ થઈ વિચાર્યું, 'ભદ્ર મને ઓળખતો પણ નથી છતાં વિશ્વાસ મૂકે છે'!

'હે મુગ્ધ! રત્નોનું કાંઇપણ પ્રયોજન નથી, મેં પરીક્ષા કરી! રત્નો તારી પાસે ભલે પડયા પરંતુ એક સારો પુરુષ જોઇએ છે' કહ્યું છે કે, 'બાલ પતિએ પત્નીને ચુંબનન કર્યું હોય તો તેનું, તણખલા જેટલી પણ હિંસા કરી હોય તે બ્રાહ્મણનો જેયક્ષીનું મુખ લાકડામાં ખુપી ગયું હોય તેનું અને ખારી ભૂમિ હોય તો તે ભૂમિનો, એ ચારેનો વિશ્વાસ કરવો નહી', અર્થાત 'કોઇનો પણ વિશ્વાસ કરવો નહી.' મને ગુરુએ આપેલી 'કર્ણપિસાંચિકા' વિદ્યા છે તે આપવી છે. હું વૃદ્ધ થવાથી તે ત્રિકાળ વિદ્યા (ભૂત, વર્તમાન અને ભવિષ્ય) હું તને આપુ છું. તેથી ત્રિકાળ સત્ય વસ્તુ જાણી શકાય! પૂર્વ પુણ્યથી તું મલ્યો'

સિદ્ધ પાસેથી ધરણે હર્ષથી ગ્રહણ કરીને, વિધિપૂર્વક વિદ્યાને સિદ્ધ કરી! સેવા કરી સિદ્ધની આજ્ઞાથી પૃથ્વી ઉપર ભ્રમણ કરતાં સુંદર આમ્રવૃક્ષની છાયામાં મુનિશ્રીને જોઇને, અતિહર્ષથી ચરણકમળને નમીને, પોતાને ધન્ય માનતો બેઠો. મુનિશ્રીએ ધર્મલાભ આપીને અર્હત્ ધર્મની દેશના ફરમાવી કે 'દુર્ગતિમાં ધસતા જીવને ધારણ કરીને શુભસ્થળે પહોંચાડે તે ધર્મ.' 'શ્રી નમસ્કાર મંત્ર જેવો મંત્ર! શ્રી શંત્રુજય જેવો ગિરિરાજ! અને પ્રાણી રક્ષા જેવો ધર્મ.' એ ત્રણેની ત્રણ ભુવનમાં કોઇ જોડી નથી!

"શ્રી નમસ્કાર મંત્રના સ્મરણ માત્રથી પ્રાણીઓ ભવેભવની વિપત્તિઓ ઓળંગી જાય છે અને સંપત્તિઓનેપ્રાપ્ત થાય છે'! 'જ્યાં અનંતા શ્રી જિનેશ્વરોથી સ્પર્શના કરાઇ છે, અનંતામહર્ષિઓએ સિદ્ધિપદની (મોક્ષ) પ્રાપ્ત કર્યું છે માટે તે ગિરિરાજ શ્રી સિદ્ધક્ષેત્ર કહેવાય છે! હજારો પાપોને કરીને અનેક સેંકડો જીવોને હણીને તે તિર્યંચો પણ શ્રી શંત્રુજય તીર્થને પામીને દેવલોકમાં ગયા છે! મારા પ્રાણ મને પ્રિય છે, તેમ જીવ માત્રને

પણ પોતાના પ્રાણપ્રિય હોય છે; માટે પ્રત્યેક પ્રાણીની રક્ષા કરવી'! (હણવા નહી.)

ધર્મ દેશનાથી ધરણ ધર્મની ભાવનાવાળો થયો! અંજલી જોડી પોતાનું પાપ પ્રકાશીને, પોતાની નિંદા કરવા લાગ્યો, હે પૂજ્ય! હું મહાપાપી છું, હત્યારો અને ક્રૂરકર્મને કરનારો છું, બેહત્યાના પાપનું શું થશે'? મુનિશ્રીએ ફરમાવ્યું કે, 'હે પુણ્યાત્મા! આ તારી પાપ ભીરુતાથી તું નક્કી લઘુકર્મી દેખાય છે! તપ અને ક્રિયામાં ઉદ્યમ કરવા અર્થે, શ્રીશંત્રુજયતીર્થે જઇને, દુષ્કરને પતની આરાધના કર અને વિધિથી શ્રી નમસ્કાર મહામંત્રને સ્મરણકર તેથી બેહત્યાના પાપથી શીઘ્ર મુક્ત થઇશ'!

મુનિશ્રીનું વચન સ્વીકારીને, તેમની સ્તુતિ કરી કે, 'ખરેખર આપશ્રીજ પરોપકારી છો'! ફરીથી વંદન કરીને હર્ષથી તે ધરણ શ્રી શંત્રુજયતીર્થ તરફ પ્રાયશ્ચિત કરવા પ્રયાણ કરતા ક્રમથી કુસસ્થળે આવ્યો છે. અત્રેથી હું તીર્થે જઇશ.' 'તે સિદ્ધના પ્રસાદથી હું ભૂત-વર્તમાન ભાવિકાળનું કરી શકું છું.' તેથી ચમત્કાર પામ્યા! મસલત કરીને અગ્રેસર જયકુમારે ફળ પુષ્પ ભેટ આપીને પૂછ્યું, 'પિતાનું રાજ્ય કોને મળશે'?

વિધિથી જોઇને ધરણે મસ્તક ધૂણાવ્યું! અને કહ્યું કે, 'અનિષ્ટ શું પૂછો છો'? ચારમાથી કોઇને પણ દેખાતું નથી'! જો નૂતન પટ્ટરાણી સૂર્યવતીનો અદ્ભુત પુત્ર જીવશે તો, લક્ષ્મીના ક્રીડાગૃહ જેવી રાજલક્ષ્મી પ્રાપ્ત કરશે'! તે કટુવચનથી ક્રોધથી તેમણે કહ્યું કે, 'આ અનિષ્ટ શું કહે છે? તું કંઈ પણ જાણતો નથી. શૂરવીરમાં અગ્રેસર એવા જય અને અમને પણ મૂકીને, આ રાજ્યને કોણ ભોગવશે'? તે પ્રતિકૂળ વર્તન દેખીને, ધરણે

કહ્યું કે, મારું ચિત્ત હમણાં વ્યગ્ર છે, માટે પછી ફરી જોઈશ' એમ કહીને ફળ લઈ ધનને મૂકીને ક્રમથી શ્રી શત્રુંજયતીર્થે પહોંચીને, મુનિશ્રીના આદેશ મુજબ સર્વ વિધિ કરી.

ચારે ભાઈ વિચારરૂપી સમુદ્રમાં અટવાઈ પડયા. ચિંતામાં ગુંચવાયા. 'શું આ સત્ય હશે જાણેલું પણ બનતું નથી પહેલા પુત્રની કુળક્ષય જાણીને, બુદ્ધિનો પ્રપંચ કરીને મંત્રીએ પોતાનું રક્ષણ કર્યું હતું! તેવો કોઈ ઉપાય વિચારી શું. શું તે અસત્ય નહી કહેતો હશે તો પણ ઉપાય કરશું. જો સૂર્યવતી દેવીને પુત્ર જન્મશે તો કોઈ ન જાણે તેમ જન્મતાં જ હણશું ? જયે કહ્યું.

ધરણને ઉપર જતાં જોઈને, સૂર્યવતીની સખી સેન્દ્રી જે આમ્રફળ ખાવા આવી હતી કુદરતી તેણે દાદરા નીચે છુપાઈને બધી વાતો સાંભળીને ત્યાંથી એકદમ ભાગીને સૂર્યવતીને સર્વ વાતો કહી. તેથી સૂર્યવતી હર્ષ અને શોકયુક્ત થઈ! 'જેમ જંબુદ્વીપના સુમેરૂ પર્વતની એક તરફ દિવસ અને બીજી તરફ રાત્રી હોય છે તેમ'! સૂર્યવતીએ કહ્યું કે, 'હવે શું થશે? પ્રતાપસિંહને જણાવાએ! વિકલ્પોથી શું? જેવું ભાવી?

# પ્રકરણ પાંચમું: શુભ-સૂચક સ્વપ્નો

તપને તપતી સૂર્યવતીએ મધ્યરાત્રીના અર્ધનિદ્રામાં, સ્પષ્ટ ૪ શુભ સ્વપ્નના દર્શન કર્યાં! ૧. પુર્ણિમાનો ચંદ્ર મધ્ય આકાશમાં એકદમ ખરયો અને તે પોતાના સ્થાને પાછો આવી ગયો! ૨ સૂર્યવતીના હસ્તમાં કોઇએ વિકસિત કમળને આપ્યું તે પ્રથમ સંકોચાઇ ગયું અને દેવીના હસ્તથી પાછું વિકસિત થયું! ૩. અમૃત જેવું દેરાસરજીનું શિખર વરસાદથી શ્યામ થયું જેથી સૂર્યવતીએ વિચાર્યું 'આવું ફરી ન થાવ' રત્નોથી ફરી ઉજવળ કર્યું! ૪. સૂર્યવતીના મસ્તકે કોઇએ સંકોચાયેલું છત્ર ધર્યું અને છત્ર પોતે વિકસ્વર થઇ ગયું સૂર્યવતીએ હર્ષથી જાગૃત થઇને શ્રી નમસ્કાર મંત્રનું સ્મરણ કર્યું!

પ્રતાપસિંહ પાસે જઇને સૂર્યવતીએ શુભ સ્વપ્નો જણાવ્યાં, હર્ષથી અર્થોને વિચારીને કહ્યું કે, 'તેં શુભ જોયું છે, તેથી અતિ પુણ્યશાળી પુત્ર જન્મશે.' સૂર્યવતીએ કહ્યું કે 'એમ જ છે. આપણું ધર્મરૂપી કલ્પવૃક્ષ ફળીભૂત થયું છે'! પ્રભાતે રાજસભામાં સ્વપ્નપાઠકોને ફળ પુષ્પો આપીને, પ્રતાપસિંહે સ્વપ્નો કહીને પૂછ્યું. સ્વપ્નપાઠકોએ વિચારણા કરીને કહ્યું કે, '૧. પૂર્ણચંદ્ર સમાન કળાવાન પુત્રરત્ન જન્મશે.

૨. લક્ષ્મીગૃહ સમાન કમળના જેવો. ૩. અદ્‌ભુત ધર્મથી ભાવિત, ૪. એક છત્રી સકળ પૃથ્વીને ભોગવશે'! 'સ્વપ્નો અતિ શુભ છે, ભાવ મુશ્કેલીથી સમજી શકાય. ઉચિત સન્માન કરીને, સૂર્યવતી દેવીને સ્વપ્નોનાં ફળ કહ્યા રાણીની રત્નકુક્ષિમાં ગર્ભવૃદ્ધિ પામવા લાગ્યો. 'રોહણગિરિમાં રત્નો વૃદ્ધિયામે તેમ કેટલાંક દિવસે ચંદ્રપાનનો દોહદ થયો ! તે દોહદ પૂરો ન થવાથી ધીમે ધીમે ક્ષીણ થવા લાગી. પ્રતાપસિંહે કારણ પૂછ્યું. સૂર્યવતીએ દોહદની વાત કરી.

ચિંતાગ્રસ્ત રાજાએ અમાત્યોને કહ્યું કે, 'બુદ્ધિને કસો અને દોહદપૂર્ણ થાય તેમ કરો.' એમજ થયું. તાજી પ્રસવેલી ગાયના દૂધમાં સાકર અને પાણી ભેળવી ગરમ કરીને ચાંદીની થાળીના કાંઠા સુધુ પૂર્ણ ભરીને એક ઝુંપડીના બાકોરા નીચે જ્યારે પૂર્ણિમાંના ચંદ્રનું પ્રતિબિંબ દૂધમા પડયુ ત્યારે સૂર્યવતીદેવીને ચંદ્રનું પાન કરવા વિનંતી કરી. જેમ જેમ પાન કરવા લાગી તેમ ઉપર સેવક બાકોરાને ધીમે ધીમે ઢાંકતો ગયો. દૂધ પૂર્ણ થયું અને બાકોરો ઢાંકી દીધું ! દોહદ પૂર્ણ થવાથી દેવીને હર્ષ થયો.

ચંદ્રના દોહદથી પ્રતાપસિંહ, સૂર્યવતીએ આનંદથી વિચાર્યું, 'પુત્ર જન્મશે તેનું શુભ નામ શ્રી 'શ્રીચંદ્ર' કુમાર પાડશું'! એ નામની હીરા જડેલી સુંદર નાની વીંટી અને મુગટકુંડલ વગેરે તૈયાર કરાવ્યા. તેમના મનમાં ઉત્પન્ન થયેલો હર્ષ ત્રણે ભુવનમાં પણ શમાઇ શક્યો નહી !

કોઇ એક દિવસ રાજા વનમાં ક્રીડા કરતા હતા ત્યાં તો કેટલાક ચર બુંબારવ કરતા આવ્યા. પ્રતાપસિંહે પૂછ્યું 'શું કારણ છે'! 'સમુદ્રના નૈઋત્ય ખૂણામાં કણકોટપુર અને રત્નપુર

નગર છે તેના મલ્લ અને મહામલ્લ રાજાઓ મળીને આપણા ગામ, નગર વગેરેને ત્રાસ પમાડે છે.' કુશસ્થળમાં તરત જ પ્રયાણભેરી વગડાવી સેના સજ્જ થઇ અંતઃપુરમાં જઇને સૂર્યવતીને કહ્યું કે, 'હે પ્રિયે! એકાએક વિજયયાત્રા ઉપસ્થિત થઇ છે'! 'તારે સુખેથી અત્રે રહેવું; હું શત્રુઓને ભેદથી જીતીને આવીશ. સૂર્યવતીએ કહ્યું 'હું આપશ્રી સાથે જ આવીશ.'

'પ્રૌઢ ગર્ભના કારણે આવવું ઉચિત નથી.' સૂર્યવતીએ ગદ્‌ગદ કંઠેથી, જયની વિચારણા, જ્યોતિષીનું ભાવી કથન વગેરે કહીને 'સાથે જવાનો આગ્રહ સેવ્યો.' ક્ષણવાર વિચારીને પ્રતાપસિંહે કહ્યું કે, 'હે પ્રાણપ્રિયે! દુઃખી નથા, સર્વ શુભ થશે. જય વિગેરે ચારે કુમારોને હું સાથે લઈ જઈશ, સુખેથી નિર્ભયપણે અત્રે રહે.' જેમ 'ગિરિ ગુફામાં સિંહ નિર્ભયપણે રહે છે.' તેમ વિચારણા કરીને જયને મહેલમાં રાખીને ત્રણે ભાઇઓ પ્રથાપસિંહ પાસે આવ્યા તે ત્રણેને જોઇને રાજાએ પૂછ્યું, 'જય કયાં છે'? જયને ઠીક નથી.' જયને બોલવવા સૈનિકને મોકલ્યો. ફરી બોલાવવા છતાં પણ જય આવ્યો નહી.

ઉત્સાહ અને ઉતાવળથી પ્રયાણને કરતા એવા પ્રતાપસિંહને જય ન આવ્યાનો ખ્યાલ રહ્યો નહી! 'ગમે તેટલો ઉદ્યમ કરવા છતાં પણ, ભવિવ્યતા દુર્લંધ્ય હોયુ છે'! કહ્યું છે કે, 'કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉગે મેરૂ પર્વત કદાચ ચલાયમાન થાય, કદાચ પર્વતના અગ્ર ભાગે કમળ ઉગે, અગ્નિ કદાચ શિતળ થાય; તો પણ નિકાચીત કર્મ ચલાયમાન થાય નહી'! ઝડપી કૂચ કરતું લશ્કર શત્રુની સામે આવ્યું. ગુપ્તચરોએ બાતમી મેળવી રાજાને પહોંચાડીને, પ્રતાપસિંહે સજ્જ થઇને રણક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

વીરત્વપ્રેરક વાજિંત્રોનો નાદ સાથે યુદ્ધ શરૂ થયું. ભયંકર યુદ્ધમાં શત્રુના ધસારાથી સૈન્યને ભાંગેલું જોઈને, વિજય આદી ત્રણે કુમારો હસ્તી ઉપર આરૂઢ થઈને, મોખરે આવ્યા. ભયંકર બાણોની વર્ષા કરીને શત્રુને પરાંગમુખ કર્યા! કુમારોને બળવાન જાણીને અને કાગડાની માફક ભાગતા સૈન્યને અટકાવવા, તત્કાળ હોઠને રોષથી કરડી, મલ્લ અને મહામલે કુમારો સાથે દીર્ઘકાળ સુધી ભયંકર યુદ્ધ કર્યું. મલ્લે તલવારની ધારથી વિજયને મુર્ચ્છિત કર્યો. પુત્રો અને સૈન્યને ખીન્ન જોઈને, સૂર્યરૂપી પ્રતાપસિંહે, 'ક્યાં છે દુષ્ટ મલ્લ'? એમ કહેતાં તેજસ્વી તલવાર ખેંચીને, અતિ વેગથી મલ્લનું મસ્તક ક્ષણવારમાં કાપી નાખ્યું.

પ્રતાપસિંહ રાજાનો જયજયકાર થયો. મહામલ્લ જીવનું રક્ષણ કરવા રત્નપુરના કિલ્લામાં સૈન્ય સાથે ભરાઈ ગયો! મલ્લાના કર્ણોટ્પુર વગરે અને મહામલ્લના રત્નપુર સિવાયના સર્વ દેશને જીતીને, રત્નપુરને ઘેરો ઘાલીને પ્રતાપસિંહ સમુદ્ર કીનારે સુખપૂર્વક ક્રીડા કરવા લાગ્યા.

પેલી તરફ પ્રયાણથી ઉત્પન્ન થયેલ વિરહ દુઃખને દૂર કરીને સૂર્યવતી શ્રી જિનેશ્વરદેવ કથીત ધર્મની આરાધના કરતી હતી. એક દિવસે સજ્જ સૈનિકો આવેલા જોઈને, સૂર્યવતીએ સૈન્દ્રીને પૂછ્યું કે, 'એ કેમ આવ્યા છે'? સૈન્દ્રી પૂછીને કહ્યું કે, 'તેઓ ખોટું કહે છે કે પ્રતાપસિંહ રાજાએ ગર્ભના રક્ષણ અર્થે અમને મોકલ્યા છે. માટે અમારાથી ભય પામશો નહી; પરંતુ જયના લાગે છે. દુષ્ટ જયે ગોઠવ્યા છે, આવી દુઃખદ સ્થિતિ જોઈને સૂર્યવતીએ નિસાસો નાખીને કહ્યું કે, સૈન્દ્રી હવે શું કરશું'?

'હે સૂર્યવતીદેવી! જ્યોતિષીના ભાવી કથનને યાદ કરો. ફરી ફરી બોલાવવા છતાં દુષ્ટ જય રોકાણો છે. શું બનશે કાંઈ

ખબર પડતી નથી.' સર્વ ઉપાયો નિષ્ફળ ગયા. જેમ 'ભાવ વિનાનો ધર્મ અને જલ વિનાના અંકુરા'!

**પુત્ર જન્મ:**

શુભ દિવસે, ચંદ્ર ઉચ્ચ નક્ષત્રમાં હતો અને સર્વગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા ત્યારે મધ્ય રાત્રીના પૂર્ણ સમયે સૂર્યવતીએ પુણ્યશાળી મુર્તિમાન સૂર્ય જેવા તેજસ્વી પુત્ર રત્નનો જન્મ આપ્યો! ભાગ્યશાળીના તેજ આગળ દિપકો નિઃસ્તેજ થઇ ગયા! તે જોઇને હૃદયરૂપી સરોવર હર્ષરૂપી વારિથી ઉભરાઇને રોમાંચના બહાનાથી સૂર્યવતીના દેહમાંથી પ્રગટ થયો!

શ્રી 'શ્રીચંદ્ર' ચંદ્ર જેવા મુખવાળા, વિકસિત કમળના જેવા લોચનવાળા, અષ્ટમીના ચંદ્ર જેવા લલાટવાળા, શુભ લક્ષણોથી યુક્ત, સુરૂપ અને સૌભાગ્યશાળી હતા! સર્વ ગુણોથી યુક્ત હતા. જેમ 'રોહણગિરિ રત્નોથી યુક્ત હોય છે' તેમ.

જયના યમ જેવા સૈનિકોને વિચારી ગદ્‌ગદ્‌કંઠે સૂર્યવતીએ કહ્યું કે, 'સખીઓ વિચિત્ર કર્મને જુઓ! પ્રતાપસિંહ આજે કુશસ્થળમાં નથી. આવા સમયે કોને હર્ષ ન થાય? વાજિંત્ર, ગીત, નૃત્ય અને મહોત્સવ તો દૂર રહ્યો. પરંતુ થાળી પણ વગાડી શકાય તેમ નથી ધિઃકાર છે આવા મારા દુષ્ટ કર્મને, ભીતિથી હર્ષનો શોષણ કરે તેવો સમય છે! તે દુઃખથી સર્વ દુઃખી થયા. જેમ નદીના તટ ઉપરના અંકુરા, શું મેઘ જળથી વૃદ્ધિ નથી પામતાં'?

દીર્ઘ નિઃશ્વાસવાળી સ્વામીનીને જોઇને, સખીઓએ કહ્યું, 'હમણા પ્રસવ થયો છે, માટે દુઃખને હૃદયમાં ધારણ કરવું નહી' કહ્યું છે, ચિંતાથી વ્યાધિ વૃદ્ધિ પામે છે, શરીર ક્ષીણ

થાય છે, બુદ્ધિ ઘટે છે માટે બુદ્ધિશાળીએ ચિંતા ન કરવી; દુઃખ અને વિકલ્પોથી શું? હૃદયની ચિંતાથી શું? શ્રી 'શ્રીચંદ્ર'ના પુણ્યથી સર્વ શુભ થશે! આજે સ્વમનોરથ રૂપી કલ્પવૃક્ષ ફળીભૂત થયું છે'!

હવે શ્રી 'શ્રીચંદ્ર'ને નામની વીંટી અને આભૂષણોથી શણગારીએ.' એમ કહીને ફરી સ્નાન કરાવીને એમ કરીને, ઈન્દ્રના જેવા રૂપવાળા કુમારને જોઈને સેન્દ્રીએ કહ્યું કે, 'હે બ્હેનો! સુંદર શરીર અને શુભ ભાગ્ય વિધાતાએ રત્નો આદિ સાર વસ્તુઓમાંથી સારને ગ્રહણ કરીને, શ્રી 'શ્રીચંદ્ર'ને બનાવ્યા હોય એમ મને લાગે છે. સ્ત્રી જેમ 'ગોરસમાંથી માખણના પીંડને બનાવે છે'! તેમ આજે કલ્પવૃક્ષ જેવા જન્મ્યા છે, તો હવે સુયત્નથી રક્ષા કરવી જોઈએ. અત્યારે શું થઈ શકે? પ્રભાતે શું થશે? અત્યારે જ કાંઈક વિચારીએ અને શુભ કરીએ.

'વાદળાંઓથી ઘેરાએલો પણ ચંદ્ર શું અંધકારથી ઢંકાતો નથી? માટે હે સેન્દ્રી! બુદ્ધિને કસીને ઉપાય શોધી કાઢ જેમ દિપકથી સુંદર પ્રકાશ ભોંયરામાં પણ પથરાય છે તેમ. જે બળથી પણ શકય ન હોય તે કાર્ય, બુદ્ધિથી કરવું. બંધુથી, સહાયથી અને વિપુલ ધનથી પણ શકય ન હોય તે બુદ્ધિથી થઈ શકે, સૂર્યવતીએ કહ્યું કે 'પૂર્વભવમાં મેં પુણ્યાનુંબંધી પુણ્ય કર્યું હશે, જેથી અતિ સુંદર પુત્રરત્નનો જન્મ થયો છે. હે બુદ્ધિમાન સેન્દ્રી! તારી ચતુરાઈનો ઉપયોગ કરીને રક્ષણ માટે ઉપાય કરવા જોઈએ'!

વિચારીને કહ્યું કે, 'હું નિર્બુદ્ધિ હોવા છતાં પણ શ્રી 'શ્રીચંદ્ર'ને કોઈ સુરક્ષિત સ્થળે મહેલની બહાર મૂકીએ તો ઠીક થશે પરંતુ તે પણ અતિ દુષ્કર છે! બહાર જવાવાળાની સૈનિકો જડતી લેશે.' 'તો હવે મહાસંકટમાંથી ઉગરવા શું ઉપાય

કરીશું'? 'એક ઉપાય દેખાય છે. દરરોજ માલણ તાજા પુષ્પો સાંજે શય્યા અર્થે લાવે અને પ્રભાતે વાસી પુષ્પો લઇ જાય છે. તેમાં ગુપ્ત રીતે મૂકીને લઇ જાય.' એમ જ થયું. હંમેશ પ્રમાણે માલણ ગૃહ ઉદ્યાનમાં ગઇ.

ધીમેથી એ હસ્તથી પીડા ન થાય તેમ, રત્નકંબલમાં વીંટાએલા શ્રી 'શ્રીચંદ્ર' ને પુષ્પના પુંજમાં ગુપ્ત રીતે છુપાવી કહ્યું કે, 'હે કુમાર! તમે આનંદ પામો. સૈનિકોને શંકા ન થાવ.' એમ કહીને માલણ ગઇ. એટલામાં સૈનિકોએ અંદર અવલોકન કરતાં કાંઇક પ્રસવના ચિહ્નો જોઇને,સખીઓને પૂછયું કે, 'શું જન્મ્યું'? કાંઈ જવાબ મળ્યો નહી. જેથી તત્કાળ જયને ખબર પહોંચાડી તત્ક્ષણ જય આવ્યો. તરત જ પેટીઓ, ભોંયરા વગેરે દરેક ઠેકાણે તપાસ કરી, પરંતુ કાંઇપણ પત્તો ન લાગવાથી ખેદ પામ્યો સેન્દ્રીને પૂછયું કે, 'અહીં શું થયું'?

ગર્ભનું જર વગેરે બધુ ભેગું કરીને, તે બતાવીને કહ્યું કે, 'મનોરથો તો મનમાં જ રહ્યા. દેવીને પુત્ર તો નહી પરંતુ પુત્રી પણ ન જન્મી'! જય મનમાં આનંદ પામીને વિચાર્યું કે, ઔષધ વિના વ્યાધિ સમી ગઈ! બહારથી કહ્યું કે, 'હું તો આપનો જન્મ મહોત્સવ ઠાઠથી કરીશ એવી આશા કરી હતી.' કૃત્રિમ શોકને દર્શાવીને સૈનિકોને સાથે લેતો ગયો.'

સૂર્યવતીએ સેન્દ્રીને કહ્યું કે. 'જયે કેવું કર્યું'! 'પુત્રને જલ્દી લઇ આવીને મને આનંદ પમાડ. પુષ્પોના પુંજમાં જોયું પરંતુ ક્યાંય પણ શ્રી 'શ્રીચંદ્ર' દેખાણા નહી. સર્વ પુંજો ફેંદી નાખ્યા. સૂર્યવતી રૂદનને કરતાં મુર્છીત થઇને પડી. પવનથી જ્યારે મુર્ચ્છાવળી ત્યારે આમ તેમ અવલોકન કરતી અને વિલાપને કરતી આવી તે સાંભળીને સૂર્યવતીએ પૂછયું કે

'પુત્ર રત્ન કુશળ છે'? ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું, 'જો કુશળ હોત તો દુઃખોથી શું? પરંતુ ક્યાંય પણ દેખાતો નથી.'

'તો તે ક્યાં ગયો હશે'? જેમ 'અગ્નિથી રૂઉની' જેમ. કટુ વાક્યથી, વજ્રની જેમ હણાઇને સૂર્યવતી મૂર્છા પામી. કેળની ડાળીઓથી પવન નાંખીને સખીઓએ જાગૃત કરી. રૂદનને કરતી ગૃહ ઉદ્યાનમાં જઇને માલણને પૂછ્યું, 'પુત્ર રત્નને ક્યાં છુપાવ્યો હતો'? 'અહીં છુપાવ્યો હતો.' ચારે તરફ પુષ્કળ શોધ કરી પરંતુ પ્રાપ્ત ન થયો! 'શું કલ્પવૃક્ષ સુખેથી પ્રાપ્ત થયું છે? શું દરિદ્રીઓને ચિંતામણી રત્ન પ્રાપ્ત થાય છે? પ્રાપ્ત થાય તો તે ટકે છે'?

શ્રી 'શ્રીચંદ્ર'નું શું થયું હશે? 'કોણે ખસેડયો હશે? કોઇએ હરણ કર્યું હશે? હે સુખી! અભાગણી પાસે પુત્રરત્ન કેવી રીતે ટકી શકે? રહી શકે? હા! હા! હા! હું દુર્ભાગ્યથી હણાઇ'! મુક્ત કંઠે રૂદન કરતી અને સ્ખલના પામતી સૂર્યવતીને સેન્દ્રી હાથ પકડીને મહેલમાં લઇ ગઇ 'હે દૈવ! કાંઇ તારૂં લીધું છે? શું તારો વિનાશ કર્યો છે! રત્નને લઇ જઇ, ચક્ષુમાં ધૂળ ફેંકી છે. હે વિધાતા! જો એમ કરવાની ઇચ્છા હતી, તો પ્રથમ પુત્ર શા માટે આપ્યો? આ શું આરંભ્યુ છે'?

## સૂર્યવતીનો શોક:

'અહીં તારો શો દોષ? વિયોગ આદિ સર્વ દુઃખોનું કારણ મારા પૂર્વ કર્મો જ છે. શું મેં શીલ લોપ્યું! શું પોપટ આદિને વિખુટા પાડયા? કે દાવાનળ પ્રગટાવ્યો! કે કોઇ માતા પુત્રનો વિયોગ કરાવ્યો? આંગળાના ટચાકડા ફોડીને સપત્નીઓને શ્રાપ આપ્યા? કે પક્ષીઓના ઇંડા ફોડયા? કોઇને

દ્વેષથી અસત્ય કલંક આપ્યા? કે કોઈને ખોટો માલ આપ્યો? પૂર્વ ભવે કરેલી હિંસા આદિ કાંઈ બીજા પણ મહાપાપ થયા હોય તે દુષ્કર્મો ઉદયમાં આવવાથી આ પ્રમાણે થયું છે. હમણાં જે દુઃખ છે તે તો કેવળી ભગવાન જાણે'!

સૂર્યવતીના રૂદનથી સર્વ રૂદન કરવા લાગ્યા જેથી શોક સામ્રાજ્ય ફેલાઈ ગયું. સ્નેહથી શું નથી થતું! 'હે ચંદ્રના જેવા નિર્મળ જગતમા ચંદ્ર સમાન હે વત્સ! પ્રગટ થઈને મને દર્શન દે! એક ઉત્તર આપ! એક વખત બોલ! કયાં ગયો છે'! આ વિલાપથી રાજકુળમાં જબરો કોલાહલ થયો. સ્વજનોએ આવીને દુઃખનું કારણ જાણ્યું નિશ્વાસ મૂકીને બળથી સૂર્યવતીએ રૂદનને રોકયું!

'હે મહારાણી! શું થાય? ભવિતવ્યતા દુર્લંઘ્ય છે! વિધાતાને અતિ દુઃખથી નિવારી શકાય છે! શું કર્મના ફળને નિષ્ફળ કરી શકાય છે? તમે તો તત્ત્વના જાણકાર છો! શું અતિ વિલાપથી સર્યું! ગયેલાનો શોક ન કરવો. ભાવિ નજ વિચારવું અને બુદ્ધિમાનો તો વર્તમાન કાળને અનુસરે છે. શ્રી 'શ્રીચંદ્ર' કયાં પણ ગયા છે, ગમે ત્યારે પાછા આવશે! મનના ઇચ્છિતનેકહેવાથી પણ શુ? જે પ્રાપ્ત થઈ શકે તેવું હોય તે પ્રાપ્ત છે? અને ન પ્રાપ્ત થવા જેવું પણ કોઈ વખત પ્રાપ્ત થાય છે'! તે શ્રાવકોના વાકયથી હૃદયમાં ઉત્પન્ન થયેલા દુઃખને શાંત કર્યું. જેમ 'વરસાદના વારિથી દાવાગ્નિ શાંત થાય છે' તેમ. સ્વજનો સ્વસ્થાને ગયા.

શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરીને, એકાદ ક્ષણ સૂર્યવતીને નિદ્રા આવી ગઈ.

## કુળદેવીનું આગમાન :

એટલામાં તો એક શ્વેત વસ્ત્રવાળી દેવીએ પૂછ્યું કે, 'હે વત્સે! તું જાગે છે' સભ્રમથી કહ્યું કે, હે માતા! દુઃખાને નિદ્રા ક્યાંથી! આપશ્રીના દર્શન પુણ્યથી થયા. નેત્રને આનંદકારી આપશ્રી કોણ છો'? 'હે ભદ્રે! મને કુળદેવી જાણ. મોહ ન પામ, ફોગટ દુઃખને ધારણ ન કર. શ્રી 'શ્રીચંદ્ર' પુત્ર વિજયી છે! તે પુણ્યશાળી છે પણ તારી પાસે વિઘ્ન હતું, જેથી બીજે સુખ સ્થાન મૂકયો છે. તે રાજા થઈ ૧૨ વર્ષે તને ભેટશે'! એમ કહીને તત્કાળ દેવી અંતર્ધ્યાન થઈ ગયાં.

સૂર્યવતીએ તત્ક્ષણ વિસ્મય પામીને શોક સહિત થઈ, અતિ હર્ષથી વિચાર્યું', 'આ તો સાક્ષાત શુભ જોયું' સેન્દ્રી આદિ સખીને સર્વ કહ્યું. તેમણે કહ્યું, 'એમ થાઓ.' સર્વ શોક રહિત થઈ કાંઈક મંગલ કર્યું! શ્રી 'શ્રીચંદ્ર' ના ભેટવાના આશ્વાસનથી સૂર્યવતીએ હર્ષપૂર્વક ધર્મક્રિયામાં વિશેષ આદર કર્યો. શ્રી જિનેશ્વરદેવની પૂજા, શ્રી પંચ પરમેષ્ઠી મંત્ર સ્મરણ કરવાનું અને આવશ્યક ક્રિયા આદિ વિશેષ કરવા લાગી!

## મનોરથ ફળ્યા :

કુશસ્થળમાં વણિક શ્રેષ્ઠી લક્ષ્મીદત્તને લક્ષ્મીવતી પ્રિયા હતી. શ્રેષ્ઠીમાં શ્રેષ્ઠ એવા તે ધનવાન અને ધર્મવાસીત પરંતુ પુત્ર વિનાના હતા. તેણે મધ્યરાત્રીએ શ્વેતવસ્ત્રવાળી ગોત્રદેવીને જોઈ. પ્રિય વધામણી આપી. 'હે શ્રેષ્ઠી! ઉઠ પ્રભાતે કલ્પવૃક્ષ પધારશે! યથાશક્તિ મહોત્સવને ઉજવ'! દેવી અંતર્ધ્યાન થઈ. લક્ષ્મીવતીને શુભ વધામણી કહી. એમ જ થયું. મહોત્સવ માટે પુષ્પો જોઈએ એટલા પ્રાપ્ત ન થવાથી, જયકુમારને ભેટ ધરી પુષ્પોની માગણી કરી. જયે રાજના ઉદ્યાનમાંથી લઈ જવા આદેશ કર્યો.

પુષ્પોના પુંજની આસપાસ નાના સર્પો હોવા છતાં પણ ભય પામ્યા વિના પુષ્પો એકઠાં કર્યાં! ત્યાં તો દૈવયોગથી પ્રતાપસિંહના પુત્રે પગ હલાવ્યો. પુષ્પોને કંપતા જોઇને શ્રેષ્ઠીએ વિચાર્યું, 'શું હશે'? પુંજને ખસેડતાં તો અદ્ભુત શ્રી 'શ્રીચંદ્ર'ના દર્શન થયાં. હર્ષ પામીને વિચાર્યું 'ગોત્રદેવીએ કહ્યું હતું તે સત્ય થયું.' તત્ક્ષણ તાજાં પુષ્પોના કંરડીયામાં ગુપ્ત રીતે છુપાવીને, લઇ જઇને એકાંતમાં લક્ષ્મીવતીને સોંપીને સર્વ વિસ્તારથી કહ્યું!

લક્ષ્મીવતીએ અતિ આનંદ પામીને કહ્યું, 'ઘણું સારું કર્યું'! ઘણા સમયના મનોરથ પૂર્ણ કર્યાં! અહો! બુદ્ધિ! અહો ધૈર્ય! અહો સાહસ'! 'ખરેખર પૂર્વ પુણ્ય વાંચ્છિતને પૂરે છે, તે સુખનું કારણ હોવા છતાં પણ; તે પુણ્યને પ્રાણી કરતો નથી. દુઃખનું કારણ પાપ હોવા છતાં તે કરે છે, તે આશ્ચર્ય છે'! ભોજન વિધિના અંતે લક્ષ્મીદત્તે કહ્યું, 'મારી પત્ની ગુઢ ગુર્ભવાળી હતી, આજે પુત્ર જન્મ્યો છે'! તે નિમિત્તે ચારે તરફ કેશરને છાંટયું, પુષ્પોના સમુહને પાથર્યા, સુવર્ણ અને મૌતિકના સ્વસ્તિકને પૂર્યા!

દ્વારમાં તેજસ્વી તોરણો લટકાવ્યાં, હસ્તના થાપાના ચિહ્નથી દિવાલો શોભતી હતી અને ચોક નાના તરેહના ચંદરવાથી શોભતા હતા. ઉંચેથી સુહાગણો ધવલ મંગલ ગીતોથી ગાજતી હતી. સુવર્ણના, અખંડ અક્ષતોથી પૂર્ણ થાળો ગૃહમાં પ્રવેશવા લાગ્યા! વાજિંત્રના મધુર નાદથી સૂર પુરતા અને યાચકોના મિશ્રધ્વનિથી દિશાઓ પુરાઇ ગઇ! સાધર્મિકની ભક્તિ થતી હતી યાચકોને દાન દેવાતું હતું. તે મહોત્સવથી ચારેકોર આનંદ આનંદ ફેલાઇ ગયો!

વીંટી ઉપરના નામ પ્રમાણે શ્રી 'શ્રીચંદ્ર' નામ રાખ્યું. તેમના પુણ્ય પ્રભાવે શ્રેષ્ઠી લક્ષેશ્વર હતો તે વૃદ્ધિ પામીને કોટીશ્વર થઇ ગયો! ધન, ધાન્ય, મણિ, રત્નો, સુવર્ણ અને ચાંદી વગેરેથી ગૃહ પૂર્ણ થયું! રાજપુત્ર પાંચ ધાવમાતાથી પાલન કરાતો વૃદ્ધિ પામવા લાગ્યો. ષષ્ઠી જાગરણ ઉત્સવ હર્ષથી ઉજવ્યો. સર્વ કુલાચાર પણ વિસ્તારથી કર્યા! જુદી જુદી ક્રીડાને કરતો ક્રમથી પાપા પગલી ચાલવા લાગ્યો. એકના ખોળામાંથી બીજાના ખોળામાં જતો. 'હસ્તચક્રમાં કમલ સમાન સર્વને પ્રિય થયો'!

શ્રી 'શ્રીચંદ્રે' ક્યારેય પણ હઠ કરી ન હતી! કોઇ પણ વખત મુખ વાંકુ કર્યું ન હતું! ક્રમથી પાંચ વર્ષનો થયો. બાળ હોવા છતાં પણ પરાક્રમથી વિશાળ થયો! સંકેત અને સુપ્રતિભાની કાંતિની જેમ લક્ષ્મી ભજતી! પૂર્વે ભણેલાની જેમ એક વખત જ્ઞાન અને વિજ્ઞાન સાંભળે કે જુએ તે તરત જ આવડી જતાં હતાં! ક્રીડા માટે રથારૂઢ થઇને શ્રી 'શ્રીચંદ્ર' લક્ષ્મીદત્ત સાથે ઉદ્યાનમાં ગયા ત્યાં કંકોલી, નાગ, પુન્નાગ, ચંપા વગેરેના રસદાર વૃક્ષો અને વાવડીઓ પણ હતી.

એટલામાં તો મોટા હાથી ઉપર રાણીની જેમ બેઠેલી મેના, સાથે મંત્રીઓ શ્રેષ્ઠીઓ, અશ્વો, વાજંત્રો ગીત ગવાતા અને છત્ર ચામરથી શોભતી જોઇને સમસ્ત નગરજનો આશ્ચર્ય પામ્યા હતા! તેને જોઇને શ્રી 'શ્રીચંદ્ર' ને પણ આશ્ચર્ય થયું. પ્રથમ જિનેશ્વરજીના દેરાસરજીમાં જઇને મેનાએ દર્શન કર્યા! તેથી વિચાર્યું, શું માનુષી હશે? શું વિધાતા હશે? શું વિશેષ જાણકાર હશે'?! ત્યાં સ્ત્રી સુખાસનમાંથી ઉતરીને સેવકોને આદેશ કરવા લાગી.

પિતાને પૂછીને, શ્રી 'શ્રીચંદ્રે' તે સ્ત્રીને મધુરસ્વરે પૂછ્યું, 'હે સુંદરી તમે કોણ છો? મેના પંખી હોવા છતાં પણ અપંખી

જેવા ક્રિયા અને જિનેશ્વરદેવના ગભારામાં પ્રવેશનો શો ઉદ્દેશ હશે'? 'પ્રતાપસિંહ હાલ રત્નપુરમાં રોકાયા છે, તેમની સૂર્યવતી રાણી છે, તેની હું સખી સેન્દ્રી છું. હે કુલભુષણ! સ્વામીનીને મેના અતિ પ્રિય અને પ્રેમપાત્ર છે, તે કરકોટદ્વિપમાં જન્મી હતી. વણિકે રાજાને ભેટ આપી તે અપૂર્વ પ્રિય સુભાષિત અને વાર્તાઓથી રંજન કરતી હતી'!

## મેનાનું અનશન

'સૂર્યવતીને પુત્ર વિયોગનું જે દુઃખ પડયું હતું તે ભૂલાવવા મેના જે મોકલી. તે પહેલા વીતરાગદેવના જ્ઞાનીના ઉપદેશથી તીવ્ર તપને તપતી હતી અને નિર્મળ સમ્યક્ત્વને પાળતી. તેનું ભાવી જ્ઞાની મુનિએ ભાખતા કહ્યું, 'આવતા ભવમાં તું રાજપુત્રી થઈશ'! તેથી વિશેષ ઉત્સાહથી ધર્મને કરતી હતી. સૂર્યવતીએ અટકાવ્યા છતાં ભાવથી અટ્ઠાઈ તપ કર્યું આજે પારણું છે. માટે હર્ષથી સૂર્યવતીદેવીએ મહોત્સવથી ચૈત્ય પરીપાટી તપની અનુમોદના અર્થે કરાવી છે'!

'અતિહર્ષથી શ્રી જિનિપૂજાપૂર્વક ફળ ભેટ કરીને તપસ્વી મેના જન્મને સફળ કરે છે, અહોભાગ્ય! અહોશક્તિ! અહો-વૈરાગ્ય! શુભકર્મના ઉદયથી, શ્રદ્ધા, દયા વગેરે પુણ્યની સામગ્રી પામી છે' એમ પ્રશંસા કરીને શ્રી જીનેશ્વરને વંદન કરીને, મેનાનું નિરીક્ષણ કરતાં ઉભા રહ્યા, શ્રી 'શ્રીચંદ્ર' મેનાએ ભગવાનની પૂજા કરીને, ચાંચથી પુષ્પો વગેરેના ૮ મંગળ કરીને, સ્તુતિ કરીને પાછી ફરતી હતી. ત્યાં તો પુણ્યથી કુમારોના ચન્દ્ર ઉપર દૃષ્ટિ પડતાં પાછી ફરીને, મેનાએ જિનેશ્વરદેવને નમીને વિનંતી કરી કે, 'જન્માંતરમાં જો પતિ થવાનો હોય તો, આ અદ્ભુતકુમાર મારા પતિ થજો' 'શ્રી જિનેશ્વરદેવ મારા દેવ છે,

નિર્ગ્રંન્થગુરૂ અને જિનેશ્વરદેવે પ્રકાશેલ ધર્મ મને પ્રાપ્ત થાઓ.'! એમ કહીને, મેના અનશન સ્વીકારીને, હર્ષથી શ્રી જિનેશ્વરદેવના ચરણકમળમાં રહી!

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, 'હે પંડિતા! હા! હા! નિયાણું નકર, એ ઉચિત નથી. શ્રી જિનેશ્વરદેવે પુણ્ય નિયાણારહિત કરવું એમ ફરમાવ્યું છે. મેં તત્ત્વ કહ્યું છે, માટે મોહ ન પામ'! 'મને નિયાણું ન હો હે કુંમાર! કુસ્વામીથી લગારે ધર્મની સિદ્ધિ થતી નથી, એવા બુદ્ધિથી મેં કહ્યું છે અર્થાત્ તેથી ધર્મની સિદ્ધિ થાય.'! સૂર્યવતીને આવતી જોઇને પોપટીની દઢતાની અનુમોદના કરતા બહાર નીકળીને, અભિમાન લાવ્યા સિવાય સર્વ કહીને લક્ષ્મીદત્તને. ઘણા મિત્રોથી યુક્ત શ્રી 'શ્રીચંદ્ર' અમ્રતનો ભંડાર, પોતાના આત્મામાં આનંદ પામ્યા.

સેન્દ્રી પાસેથી જાણીને સૂર્યવતીએ કહ્યું કે, 'હે સખી! અનશન દુષ્કર છે, સાહસ ન કર, પહેલા તપને કરતી હતી તપને કરજે. મેનાએ મસ્તક ધુણાવ્યું! 'આયુષ્ય કેટલું છે? તે નહી જાણવા છતાં અનશન કેમ કર્યું''? 'પ્રભુજીના સાક્ષીએ જે કહેવાયું તે અન્યથા નહી થાય. જ્ઞાનીનું વચન પણ છે, જેથી અનશન સ્વીકાર્યું છે. સર્વ દુષ્કૃત્ય મિથ્યા થાઓ.' એમ કહી મૌન સ્વીકાર્યું. મહાન અનશનનો અનેક પ્રકારે મહોત્સવ ઉજવ્યો. ત્રણ દિવસે વીર મૃત્યુને પામી ચંદનની ચિતામાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. સૂર્યવતી તેને હંમેશાં યાદ કરતી.

## વિદ્યાભ્યાસ

કુશસ્થળમાં ધી ધન અમાત્ય હતો. તેમને મતિરાજ અને સુધીરરાજ બે પુત્રો હતા. મતિરાજ મંત્રી થયો. સુધીરરાજને

કમલા પ્રિયાથી ગુણચંદ્ર પુત્ર થયો, તે શ્રી 'શ્રીચંદ્ર'ના સમાન વયનો હોવાથી બન્નેની ક્ષીરનીર જેવી મૈત્રી થઈ! ગુણચંદ્રે વિવેકથી, વિનયથી ભક્તિ સેવાથી, શ્રી 'શ્રીચંદ્ર'નું મન જીતી લીધું! લક્ષ્મીદત્તે વિચાર્યું, બાલ્યવયમાં ભણાવવા જોઈએ એટલામાં યાત્રા કરતાં ગુણંધર ઉપાધ્યાય કુશસ્થળમાં પધાર્યા. તે સર્વ વિદ્યામાં પ્રવિણ, નીતિનિપુણ, પંડિત, દયાવાન, શાંત, બૃહસ્પતિ જેમ પાઠક હતા. તેમને નિમંત્રણ કરીને, વિનંતી કરી પૂછ્યું 'કુમાર કયાં છે'?

આદેશથી લાવણ્યરૂપી લક્ષ્મીના લતાગૃહ જેવા શ્રી 'શ્રીચંદ્ર' ગુરૂના ચરણને અને પિતાને નમીને, શાંતિથી વિનયપૂર્વક બેઠા. તેમને સર્વ લક્ષણોયુક્ત અને વિનય વગેરે ગુણોથી, સર્વ પ્રકારે યોગ્ય જાણીને, બીજે જવાની ઇચ્છાવાળા હોવા છતાં પણ, તેમના પુણ્યપ્રભાવે અને ભક્તિથી રંજીત, નિસ્પૃહ પાઠકે હા પાડી. શ્રેષ્ઠી બલાત્કારે ધન આપવા લાગ્યો. ગુણંધરે કહ્યું, 'જ્ઞાન ધનથી વેચતો નથી. ઉપકાર ૧. વિનયથી વિદ્યા જે આપે તે પુણ્યાત્મા! બાકી ધનથી આપે અને પોતે વિદ્યા પ્રાપ્ત કરે તેલોભી. 'તો શું જોવું જોઈએ'? યોગ્ય સ્થળની વ્યવસ્થા જોઈએ.'

'રાજાની કૃપાથી લક્ષ્મીપુર મારૂં છે, ત્યાં પધારો.' તે મહેલ પસંદ પડયો. શુભ દિવસે, શુભ ચંદ્રનો યોગ થતાં, શુભ મૂહુર્તે, અત્યંત વિનયી અને શુદ્ધ વસ્ત્રથી શોભતા એવા શ્રી શ્રીચંદ્ર'ને ૐ થી શુભ શરૂઆત કરી. શ્રેષ્ઠીએ સર્વની ઉચિત ભક્તિ કરી. ક્રમથી સૂત્ર અને અર્થ ભણાવ્યા. સમ્યગ્ વિનયથી શ્રી 'શ્રીચંદ્ર'માં ગુણોનો સમૂહ થયો. જેમ પણછથી ધનુષ્ય નમે પરંતુ લીલાવાંસથી કામ થતું નથી. તેમ વિનય વિના ગુણો આવતા

નથી. ત્યાં ઘણા ભણતા હતા, તેમાં પણ શ્રી 'શ્રીચંદ્ર' પ્રત્યે સર્વનું લક્ષ ખેંચાતું ! ચંદ્ર હોય ત્યારે તારાઓને કોણ જુએ?

વિદ્યા અર્થે ગુરૂની ભક્તિ કરી ન હતી પરંતુ તેમના ગુણના અનુરાગથી શ્રી 'શ્રીચંદ્રે' કરી હતી. તે લક્ષણશાસ્ત્ર, છંદ, અલંકાર, જ્યોતિષ, ગણિત, સાહિત્ય આગમ, સામુદ્રિક અશ્વપરિક્ષા, પ્રશ્નોત્તર, નાડી, ચેષ્ટા, હોરા, લગ્ન, કાલજ્ઞાન, સ્વરોદય, કલ્પવિદ્યા, રસજ્ઞાન, મળમૂત્ર પરિક્ષા, નાટક, પિંગળ, સુવર્ણ, રત્નો, હીરાની પરિક્ષા, હસ્તિશિક્ષા, લેખન, સકળશાસ્ત્ર વિદ્યા અને કલામાં પારંગતા થયા ! એમ ગુરૂએ શ્રેષ્ઠીને કહ્યું. 'ક્ષત્રિયને યોગ્ય એવી શસ્ત્રવિદ્યા પણ શીખવો.'

રાધાવેધ, ધનુષ્ય આદિશસ્ત્ર વિદ્યા શીખવી. શ્રી 'શ્રીચંદ્ર' સકળ વિદ્યામાં ગુરૂકૃપાથી પારંગત થયા ! તે બુદ્ધિશાળીને જ્ઞાન પ્રસર્યું ! જેમ જળમાં તેલ. ગુરૂ પણ જેમાં જ્ઞાતા ન હતા, તેમાં શ્રી 'શ્રીચંદ્ર'ની બુદ્ધિથી જાણકાર થયા ! ગુરૂથી પણ શિષ્ય અધિક થયો ! ઉપાધ્યાયે પોતાને ઘેર જવા તૈયારી કરી. ત્યારે શિષ્ય અશ્રુ સારવા લાગ્યા. એટલામાં અનુમતિ માટે પધાર્યા. તે જોઇને તત્કાળ બોલ્યા, 'અહો ભક્તિ ! અહો સ્નેહ ! અહો વિનય ! અહો નિરભિમાનપણું ! આદિ ગુણોની વારંવાર પ્રશંસા કરી.

શ્રેષ્ઠીએ કહ્યું, 'હે બુદ્ધિમાન ! શિષ્યના સંતોષ અર્થે હજી થોડા દિવસ રહો ! ગુરૂએ હા પાડી. તેથી શ્રી 'શ્રીચંદ્ર'નું હર્ષરૂપી જળ ક્યાંય પણ માયું નહી આઠ વર્ષે રત્નપુર નગર જીતીને આજ્ઞા પ્રવર્તાવીને પ્રતાપસિંહ કુશસ્થળે પધાર્યા. ત્યારે નગરીને શણગારીને, મંત્રીઓ અને પ્રજા સન્મુખ ગયા. તેમાં લક્ષ્મીદત્ત શ્રી 'શ્રીચંદ્ર'થી યુકત અપૂર્વ ભેટ કરીને નમ્યા. રૂર્વાંગ સુંદર

કુમાર જોઈને પૂછયું, 'આ કોણ છે'? મારો શ્રી 'શ્રીચંદ્ર' છે? દેખીને અંતરના સ્નેહ અને અતિ આનંદથી કણકોટપુર નગર શ્રી 'શ્રીચંદ્ર'ને ભેટ આપ્યું જે દૃષ્ટિથી નિરખ્યો તે શું પૂર્વ-સ્નેહને દેખાડતો નથી'? મહેલમાં સુખપૂર્વક રહેવા લાગ્યા.

## લગ્ન

ગુણંધર ઘાને તુરત રૂઝવનારી દિવ્ય ઓષધીના મૂળીઆં શ્રી 'શ્રીચંદ્ર' ને આપીને પોતાના નગરે વિદાય થયા. કુશસ્થળમાં કોટયાધિપતિ શ્રેષ્ઠીઓ હતા. તેમાં૧ ધનપ્રિય-કમલસેના, ૨. ધનદેવ-કમલાવતી, ૩. ધનદત્ત-કમલશ્રી, ૪. ધનસાર-કમલા, ૫. ધનેશ્વર--કનકાવતી, ૬. ધનગોપ-કુશમશ્રી ૭. ધનમિત્ર-કનકદેવી, ૮. ધનચંદ્ર-કોડીમદેવી પત્નીઓ હતા. તેમને અનુક્રમે ૧. ધનવતી ૨. ધનાઈ, ૩. ધારણી, ૪. ધારૂ, ૫. લક્ષ્મી, ૬. લીલાવતી, ૭. લછી અને ૮. લીલાઈ, લક્ષ્મીદેવીના ક્રીડાના પાત્રરૂપ, લાવણ્ય, ચાતુર્ય આદિ ગણોથી શોભતી સુંદર પુત્રીઓ હતી.

તેમણે ચંદ્રના જેવા સૌમ્ય અને સુંદર શ્રી 'શ્રીચંદ્ર'ને જોઈને, લક્ષ્મીદત્તને વિનંતી કરી કે, કુમારની સાથે ૮ કન્યાઓના પાણિગ્રહણ કરવાની કૃપા કરવી કન્યાઓને યોગ્ય જાણીને, શ્રેષ્ઠીઓએ મહોત્સવપૂર્વક હસ્તમેળાપ કરાવ્યો! શ્રી 'શ્રીચંદ્ર' પણ ૮ કન્યાઓથી દ્વિગુણા શોભવા લાગ્યા! 'ચંદ્ર જેમ ૧૬ કળાથી શોભે તેમ'! ચંદ્ર તો કલંક યુકત છે, પરંતુ શ્રી 'શ્રીચંદ્ર' તો નિષ્કલંક છે. ચંદ્ર જ્યારે અસ્ત પામે ત્યારે ચંદ્રવિકાસી કમળો મ્લાન થાય છે. પરંતુ શ્રી 'શ્રીચંદ્ર' નિત્ય ઉદયવાળા હોવાથી, લક્ષ્મી કમળનો ત્યાગ કરીને શ્રી 'શ્રીચંદ્ર'ના નામ અને તેજમાં, કરકમલમાં વસી! જેમ રોહણગિરિ રત્નોથી શોભે તેમ શ્રી 'શ્રીચંદ્ર' ગુણોથી શોભવા લાગ્યા! દેવોથી ઈંદ્ર તેમ વિદ્વાનોથી

શોભવા લાગ્યા! અપૂર્વ મેરુ ગિરિના મધ્યમાં ગુણરત્નમય શ્રી જિનેશ્વરના બિંબોથી, તેની ગૌરવની કોઇ અવધિ નથી!

પુણ્યના યોગથી ઇચ્છા પ્રમાણે શ્રી 'શ્રીચંદ્ર' લક્ષ્મી દાનાદિમાં વાપરતા હતા. તેમની સ્તુતિ કાવ્યોથી થતી હતી! મિત્ર ગુણચંદ્ર' ક્રીડા અર્થે ઉદ્યાનમાં ગયા હતા, ત્યાં સરોવરને તીરે સુંદર અશ્વો, જાણે સૂર્યના રથમાંથી છુટા ન પડયા હોય તેવા જોઇને, પૂછયું 'હે મિત્ર! શું મૂલ્ય પડશે'? 'હે કલ્યાણી! ઉત્તમ ૧૬ અશ્વો બાકી રહ્યા છે.' ગુણચંદ્રે પૂછયું, 'હે સ્વામિન! કયા અશ્વો ઉત્તમ છે'? પરિક્ષા કરીને કહ્યું, 'આ બન્ને અશ્વો પંચભદ્ર જાતિના છે તે અતિ ઉત્તમ અને ઝડપી જોડી છે, પુઠ, મુખ અને પડખામાં શુભ લક્ષણો છે'! એટલામાં જયકુમાર એક લાખથી અધિક આપવા છતાં પણ તે ઉત્તમ જોડી ખરીદી ન શકયો. મજબુત ૨૫-૫૦ હજારમાં ખરીદીને ગયો!

## અશ્વ પસંદગી

શ્રી 'શ્રીચંદ્રે' પરીક્ષા કરીને વાયુવેગ અને મહાવેગ પંચભદ્ર જાતિની અતિ ઝડપી જોડી પુણ્ય પ્રભાવે બે લાખમાં ખરીદી ગૃહે ગયા! સર્વ કોઇને મિત્ર અને શત્રુ હોય છે. કોઇએ કહ્યું, 'હે શ્રેષ્ઠીન! ચતુર પુત્રે બે દૂબળા અશ્વો બે લાખમાં લીધા. ત્યારે જયકુમારે તેથી અર્ધા મૂલ્યમાં હૃષ્ટપુષ્ટ ખરીદ્યા! કેટલું અંતર છે'? 'તારે કાંઇ ડહાપણ કરવાની જરૂર નથી. મારા પાસે શ્રી 'શ્રીચંદ્ર'ના આગમન પહેલા અને પછી કેટલી લક્ષ્મી થઇ છે. તેમના પુણ્યથી લાખથી કરોડની વૃદ્ધિ થઈ છે! તે કાંઇ ઘટવાની નથી. દર્ભ અને કુવાનું જળ ગમે તેટલું કાઢવા છતાં ખુટે છે?

એટલામાં શ્રી 'શ્રીચંદ્ર' આવ્યા. હકીકત સાંભળી કહ્યું, 'તેં શુભ કર્યું છે, આનંદ પામ એમને શોભે તેવો રથ તૈયાર કરાવ' ગારૂડી રત્ન જડાવીને, સુવેગ દિવ્ય રથ તૈયાર કરાવ્યો,

તે જગતના લોકોને મોહ કરનારો થયો! રાજસારથીના કુળમાં જન્મેલ ધંનજ્યને સારથી તરીકે નીમ્યો. તે કુશળ, સ્નેહી અને ગંભીર, ભક્તિવાન હતો. શુભ દિવસે શ્રી 'શ્રીચંદ્ર' અશ્વોને બુચકારીને સર્વ અંગે હસ્તથી પંપાળીને સૂક્ષ્મ બુદ્ધિવાળા પરીક્ષા અર્થે રથમાં મિત્રથી યુક્ત આરૂઢ થઇને, એક દિશા તરફ હાંકવા આજ્ઞા કરી.

પંચભદ્ર અશ્વોએ એટલા બધા વેગથી પંથને કાપ્યો કે, વૃક્ષો, પર્વતો વગરે સર્વ ભમતા હોય તેવા દેખાયા! સર્વ ક્ષણવારમાં પાછળ રહી જતા હતા! ૦ાા પહોરમાં (૧ાા કલાક) ૧૫ યોજન (૧૨૦ માઇલ) પહોંચ્યા. ક્ષણવાર રોકાઇ પાછા ગૃહે આવ્યા. એવી રીતે ઇચ્છા પ્રમાણે જુદી જુદી દિશામાં જતા. કોઇ એક દિવસે ત્રિકુટ પર્વત ઉપર પદ્માસને ભૈરવ યોગીને જોઇને, નમ્યા. કહ્યું, 'હે વત્સ! નાનો હોવા છતાં આવી મહા અટવીમાં કેમ આવ્યો છે'? 'ક્રીડા માટે કૌતકને જોતો જોતો અહિં આવ્યો છું; આપ જેવાની કૃપાથી ભય કયાંથી'? સાહસિક જાણીને પૂછ્યું 'જો મારો ઉત્તર સાધક થાય તો, મંત્રને સાધું''? હા પાડી. રાત્રે આહુતી આપવા લાગ્યો, ત્યાં નિર્ભયતાથી દ્રઢ શ્રી 'શ્રીચંદ્ર' ઉભા રહ્યા! ત્ય સિદ્ધ પ્રિય બોલ્યો, કયારે પણ યોગીઓનો વિશ્વાસ ન કરવો. તારી પરિક્ષા કરી! તારા વીરત્વથી પ્રસન્ન થયો છું. સર્વ ક્ષુદ્ર જંતુઓને અંધ કરનાર મૂળીઆંને વીકાર'! શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'કૃપા' ગ્રહણ કરી ઘેર ગયા.

એ પ્રમાણે હંમેશાં જુદા જુદા સ્થળે ઇચ્છા પ્રમાણે શ્રી 'શ્રીચંદ્રે' મિત્ર ગુણચંદ્રથી યુક્ત રથ આરૂઢ થઇને કયારેક વિદ્યાને કયારેક યોગને, વિષહરમણિને અને અનેક સાર વસ્તુઓને પ્રાપ્ત કરી!

## ખંડ પહેલો સમાપ્ત

૨ ખંડ

# પ્રકરણ પહેલું: રાધાવેધ

અદ્ભુત ઝરુખામાં હિંચકા ઉપર શ્રી 'શ્રીચંદ્ર' મિત્રથી યુક્ત હિંચતા હતા. ત્યાં તો વાજીંત્રોના નાદથી દિશાઓ પૂરાઇ! રથ, અશ્વો, હાથીઓ સૈનિકો અને મંત્રીઓથી યુક્ત જય આદિને જતા જોઇને, પૂછયું, 'આ કયાં ઉપડયા' ખબર કાઢીને કહ્યું, 'પશ્ચિમ દિશાના મુખને શોભાવનાર તિલકપુરમાં તિલક-રતી રાજરાણીની પુત્રી તિલકમંજરી ૬૪ કળામાં પ્રવિણ છે, તેણીએ 'રાધાવેધ કરનારને પરણીશ' એવું પણ કરવાથી ત્યાં જાય છે. તેને હજુ ૧૭ દિવસ છે. તે ૮૦ યોજના દૂર છે.

૧૬મા દિવસની સંધ્યાએ પિતા આદિને પૂછયા સિવાય, અચળમનથી શ્રી 'શ્રાચંદ્ર' મિત્રની સાથે રથારૂઢ થઇને સારથીને તિલકપુર તરફ રથ હંકારવા આજ્ઞા કરી. ઝપાટાબંધ વૃક્ષો, સરોવર, પર્વતો અને પુર વગરે ઓળંગીને રથ, જેમ ઉદયાચલ પર પ્રભાતે લાલ સૂર્ય પ્રગટે' તેમ લાલ થયેલ ને તિલકપુરના ઉદ્યાનમાં મૂકીને, સૂયવતીના શ્રેષ્ઠ પુત્રે સ્વયંવર મંડપમાં પ્રવેશ કર્યો. શાસ્ત્ર યુક્તિથી થંભ ઉપર ૮ ચક્રો ઉલટા સુલટા ફરી રહ્યા હતાં તે ઉપર મીણની રાધાની પુતળી હતી. થંભ પાસે

ભૂમિ ઉપર તેલની કઢાઇ હતી, તેમાં રાધાનું પ્રતિબિંબ પડતું હતું. ત્યાં ધનુષ્યબાણ મૂકેલા હતાં નીચે દૃષ્ટિ કરીને, ઉંચી મુષ્ઠીથી બાણને ૮ ચક્રોમાંથી ડાબી આંખને વિંધે તો રાધાવેધ કહેવાય એમ કહીને યોગ્ય સ્થળે બેઠા.

અનેક વાજીંત્રો વાગતા રાજપરિવારથી યુક્ત તિલકમંજરી જેના હસ્તમાં વરમાળા શોભતી હતી, તેવી તે થંભના ડાબા પડખે નેત્રને આનંદકારી ઉભી રહી. ક્રમથી રાજાઓ રાજકુમારો વગેરેએ થંભ પાસેના ધનુષ્યબાણનું નિરીક્ષણ કર્યું પરંતુ રાધાવેધ ન સાધી શકવાથી હાસ્યપાત્ર થયા. ફક્ત નરવર્માએ એક ચક્ર વિંધ્યું. પણ પોતાનું બાણ ભાંગવાથી વિલખો થયો. કેટલાક દુષ્કર જાણીને સ્થાનેથી ઉઠયા જ નહી! તે જોઇ દુઃખી થયા ફરી ભાટે પૂછ્યું, કોઇ ધનુર્ધારી છે'? ત્યારે ગુણચંદ્રે વિનંતી કરી, 'હે દેવ! આ શુભ સમય છે, આપશ્રી રાધાવેધને જાણો છો, તો કૃપા કરો'! મિત્રની પ્રેરણાથી, કલાનિધિ અને તેજસ્વી એવા શ્રી 'શ્રીચંદ્ર' થાંભલા પાસે આવીને દેવ, ગુરૂ, ભૂમિ અને ધનુષ્યને નમસ્કાર કરીને, ત્રણવાર ટંકાર કરાવીને બાણ મૂકીને તત્ક્ષણ રાધાવેધ કર્યો! જય જય શબ્દોનો ગુંજારવ થયો.

અતિ હર્ષથી તિલકમંજરીએ શ્રી 'શ્રીચંદ્ર'ના કંઠમાં વરમાળા પહેરાવી! લોકો કહેવા લાગ્યા, 'અહોભાગ્ય! અહો રૂપ! અહોવિદ્યા! અહોબળ અને મંત્રવિધિ! અહોપુણ્ય! સર્વ કાંઈ અનુત્તર છે! રાજાઓએ પૂછ્યું', 'આ કોણ અને કોનો પુત્ર છે'? મહાન કોલાહલ પ્રસર્યો. શ્રી 'શ્રીચંદ્ર' મિત્રનો હસ્ત-ગ્રહીને રથ નજીક પહોંચ્યા! ગુણચંદ્રે કહ્યું, 'હે કુલરત્ન! ઉભા રહો, એઓના મનોરથપૂરીને અને કન્યાનો હસ્તગ્રહીને માતા-પિતાને આનંદ પમાડો? 'આપણે પિતાને પૂછ્યા વિના આવ્યા

છીએ તે શું જાણતો નથી? વિલંબ કેવી રીતે કરી શકાય? એમ કહીને, રથ આરૂઢ થઈને, સારથીને કુશસ્થળે જવાની આજ્ઞા કરી.

શ્રેષ્ઠી પુત્રને ઓળખીને ભાટે સર્વચરિત્ર વર્ણવ્યું. રાજાની આજ્ઞાથી પાછા વાળવા ગયા પરંતુ ખાલી હાથે પાછા ફર્યા! હૃદયમાં ચમત્કાર પામીને રાજાએ કહ્યું, 'સર્વમાં અતિદુષ્કર કાર્યને કરીને ઘણા દુઃખથી પણ જે ત્યાગી ન શકાય તે શ્રી 'શ્રીચંદ્ર' ક્ષણમાં ત્યાગી ગયા'! તિલકમંજરી મુર્છિત થઈને પડી. શિત ઉપચારથી જાગૃત થઈ વિલાપ કરવા લાગી. પિતાએ અને જય આદિએ રોકી. જયે કહ્યું, શ્રી 'શ્રીચંદ્ર'ની યોગ્યતાથી અને હર્ષથી મારા પિતાએ કણકોદ્દપુર આપ્યા છે. તે કુશસ્થળે છે, તો કન્યાને મારી સાથે તુરત મોકલો! રાજાએ તૈયારી કરી.

મંત્રીએ કહ્યું, 'જયના ઉતારે આપણા સેવક ગયા હતા, ત્યારે મંત્રણા કરતા હતા, 'આપણા સેવકથી આપણે લજ્જા પામ્યા છીએ, પરંતુ તે પરણ્યો નથી, તેથી ભાગ્ય સ્ફુરાયમાન દેખાય છે, કારણ કન્યા કુશસ્થળે આવશે ત્યારે આપણી આગળ તે કેવી રીતે તે પરણશે'? જેથી કન્યાને જય સાથે ન મોકલતા ધીર મંત્રીને આમંત્રણ આપીને શ્રી 'શ્રીચંદ્ર'ને લઈ આવવા મોકલ્યા! તિલકરાજાએ સર્વ રાજાઓ અને રાજકુમારોના હાથીઓ, અશ્વો, અભુષણો આદિ ભેટથી સત્કાર કર્યો અને તેઓ હર્ષથી પોતાના નગર તરફ વિદાય થયા

લક્ષ્મીદત્ત પુત્રના વિયોગથી બહાર જોવા આવ્યો હતો, ત્યાં, તો શ્રી 'શ્રીચદ્ર'ને બીજના ચંદ્ર જેવા જોયા તત્ક્ષણ ઉતરીને નમ્યા. ખેસના છેડાથી અંગ ઉપરથી ધૂળને ઉડાડીને પૂછ્યું, 'મોડું કેવી રીતે થયું'? આમ તેમ ક્રીડા કરતાં.

સાંભળી શ્રેષ્ઠી ચુપ થયા. એમ મિત્રે ટાપસી પુરી, કારણ સ્વામીના ચિત્તને અનુસરવાવાળો મિત્ર હોય છે. કેટલાક દિવસ પછી જયે આવીને પ્રતાપસિંહ પાસે રાધાવેધનું સવિસ્તર વર્ણન કર્યું.

ચમત્કાર અનુભવીને પ્રતાપસિંહે કહ્યું, 'મારા નગરનો શ્રેષ્ઠીપુત્રે પણ રૂપ, કાન્તિ, ગુણ અને કળામાં શ્રેષ્ઠ થયો, સ્વપુણ્યના પ્રભાવે જયશ્રી પ્રાપ્ત કરી જે શ્રેષ્ઠ યશને વર્યો તે જાણે મારા પુત્રે કર્યો ન હોય! સર્વ દેશોમાં સ્વયશની સાથે, મારી કીર્તિ અને નામના પણ કરી. આવા નાના પણ શ્રી 'શ્રીચંદ્રે' કયા ગુરૂ પાસે અને ક્યારે અભ્યાસ કર્યો હશે'? મતિરાજ અમાત્યે પૂછ્યું, હે દેવ! ક્યારે શ્રી 'શ્રીચંદ્ર' તિલકપુર ગયો અને આવ્યો? કારણ હું એને દરરોજ જોઉં છું.'

હૃદયમાં મહાન આશ્ચર્યને અનુભવીને, આમંત્રણ આપીને શ્રી 'શ્રીચંદ્ર' અને શ્રેષ્ઠીને તુરત લાવવા મંત્રીને પ્રતાપસિંહે આદેશ કર્યો. લોકો દ્વારા રાધાવેધનું જાણીને શ્રેષ્ઠીએ પૂછ્યું, 'હે વત્સ! ૧૨ પહોરમાં અર્થાત્ ૩૬ કલાકમાં તિલકપુર કેવી રીતે ગયો? અને પાછો આવ્યો? એ આશ્ચર્યને કહે'! તે સાંભળવા હર્ષથી ભીના લોચનવાળી લક્ષ્મીવતી સામે આવી બેસી ગઈ. સત્ય સુધા જેવી અતિ મધુર વાણી શ્રી 'શ્રીચંદ્રે' પ્રકાશી, 'હે તાત! પૂર્વપુણ્ય અને આપશ્રીની કૃપાથી, સુવેગ રથ પંચભદ્ર અશ્વોથી યુક્ત અદ્ભુત છે! તેથી અપૂર્વ વેગથી ૪ પહોર અર્થાત ૧૨ કલાકમાં ૧૦૦ યોજન અર્થાત ૮૦૦ માઇલ જવાય છે'! હર્ષ ચિત્તવાળા માતાપિતા બોલ્યા, 'હે પંડિતશિરોમણી! અદ્ભુત રાધાવેધ ક્યાંથી આવડ્યો? અમારી વહુને કેમ પ્રાપ્ત ન કરી'?

ગુણચંદ્રે સર્વ વૃતાંત કહ્યો. કામવિહ્વળ થવા છતાં શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું આપ પૂજ્યોનો આદેશ લીધો ન હતો તેથી

'અહો ગંભીરતા! અહો ભકિત અહો અદ્ભુત નિસ્પૃહતા! તેવા મિત્રનો પણ યોગ'! શ્રેષ્ઠીએ શ્રેષ્ઠ ઉત્સવનો હર્ષથી પ્રારંભ કર્યો. ચારે તરફથી અક્ષત, વસ્ત્રો વાસણ આદિથી જ્ઞાતિજનોએ ગૃહને ભરી નાખ્યું! મહાદાન દઇને, ગીત ગાન ગવાતા, નંદાવર્તના સ્વસ્તિકોથી, કેળના મનોહર તોરણોથી, વાજીંત્રોના નાદથી, ઘણું જીવો, જયને પામો એવા ઘોષથી, નાગરવેલના પાનબીડાં આપવા આદિથી ગૃહ શોભવા લાગ્યું!

તે સર્વ લીલાથી જોતાં જોતાં, શ્રેષ્ઠ મોતીની માળા અને ચંદ્રની કાંતી જેવા શ્રી 'શ્રીચંદ્ર' પોતાના નવા મહેલમાં શ્રીપુરમાં ક્ષણવાર રહ્યા. મિત્રથી યુકત યુવરાજ રથારૂઢ થઇને, રાત્રીના શરૂઆતે પશ્ચિમ દિશામાં ક્રીડા અર્થે ગયા. પ્રભાતે મંત્રી હસ્તિઓ આદિથી યુકત આમંત્રણ આપવા આવ્યા હર્ષથી શ્રેષ્ઠીએ સ્વાગત કર્યું. શ્રેષ્ટીએ સેવકને બોલાવવા માટે મોકલ્યા. સેવકે કહ્યું 'શ્રી 'શ્રીચંદ્ર' ક્રીડા અર્થે પધાર્યા છે.' શ્રેષ્ઠી ભેટણાથી યુકત મંત્રી સાથે ગયા.

પ્રતાપાસહે શ્રી 'શ્રીચંદ્ર'નો વૃત્તાંત પૂછયો. શ્રેષ્ઠીએ સર્વ વિસ્તારથી વર્ણન કર્યું. 'જ્યારે આવે ત્યારે મારા પાસે લઇ આવવો. શ્રી 'શ્રીચંદ્ર' અતિ પુણ્યશાળી અને લોકોત્તર ચારિત્ર યુક્ત છે. તેને મારા પુત્રોથી પણ અધિક મોટો કરીશ! એમાં કાંઇ પણ શંકા નથી.' ભેટણું સ્વીકારીને, શ્રી 'શ્રીચંદ્ર' અર્થે રત્નો, વસ્ત્રો આદિ રાજાએ ભેટ આપ્યા. શ્રેષ્ઠી નમીને, દાન આપતો ગૃહે આવ્યો. સૂર્યવતીનો પુત્ર ભ્રમણ કરતો મહાવનના વૃક્ષ નીચે સારથીયુક્ત રથને મધ્યરાત્રીએ મૂકીને, મિત્રે પાથરેલ વસ્ત્ર ઉપર સુખે નિદ્રાધીન થયો. પાસે ગુણચંદ્ર જાગતો રહ્યો. એ વૃક્ષ ઉપર મેના પોપટનું યુગલ હતું.

શ્રી 'શ્રીચંદ્ર'ના લલાટને તેજથી પ્રકાશીત જોઇને, મેનાએ કહ્યું, 'હે નાથ! આ રાજપુત્ર પુણ્યશાળી દેખાય છે માટે બે અદ્‌ભુત બીજોરાથી આતિથ્ય કરશું તો આપણને ફળ પ્રાપ્ત થશે. જે મોટો બીજોરો ખાશે તે રાજા થશે અને નાનો ખાશે તે મંત્રી થશે' એમ કહીને યુગલ ઉડીને ક્યાંકથી લઇ આવી ક્ષણવાર વૃક્ષની ડાળ ઉપર વિશ્રાંતી લઇને, શ્રી 'શ્રીચંદ્ર' અને ગુણચંદ્ર નજીક બે બીજોરા મુકીને ઉડી ગયાં! બુદ્ધિમાન ગુણચંદ્રે બન્ને ફળોને ગ્રહણ કર્યાં. પ્રભાતે તે શ્રી 'શ્રીચંદ્ર' આગળ મુકીને મેના પોપટની સર્વ વાતચીત કહી. તે મિત્રના હસ્તમાં આપીને, રાજપુત્રે રથારૂઢ થઇને પ્રયાણ કર્યું.

શ્રી નમસ્કાર મહામંત્ર ગણવાથી અચિંત્ય ફળની પ્રાપ્તિ થાય છે! જો મૃત્યુ સમયે ભણે તો સદ્ગતિ પામે છે! જો આપત્તિ સમયે ગણે તો સેંકડો આપત્તિઓ નાશ પામે છે! જો શ્રીમંત ગણે તો, લક્ષ્મી તેની વિસ્તારવાળી થાય છે! સર્પદંશવાળાને જેવી રીતે ગારૂડી મંત્રથી વિષનો નાશ થાય છે, તેવી રીતે સર્વ પાપ વિષનો આ નમસ્કાર મહામંત્ર નાશ કરે છે. ખરેખર ... કુંભ અને ચિંતામણિ રત્ન કરતાં પણ શ્રી નવકાર મહામંત્ર ચઢીયાતો છે! શું કલ્પતરૂ છે? ના ના એનાથી પણ અધિક છે! એક જ જન્મના કારણભૂત કામઘટ, દેવમણિ અને કલ્પતરૂ છે, પરંતુ નવકાર મહામંત્ર તો શ્રેષ્ઠ એવા સ્વર્ગ અને અપવર્ગ–મોક્ષને પણ આપનાર છે'!

'૭૦ સાગર કોડાકોડી સ્થિતિવાળું મોહનીય કર્મ છે! તેની જ્યારે એક કોડાકોડી સ્થિતિ શેષ રહે ત્યારે તે જીવને શ્રી નવકારમંત્ર જે પરમપદ–મોક્ષનો મંત્ર છે, તે પ્રાપ્ત થાય છે! જે કોઇ પણ પરમતત્ત્વ કે જે પરમપદનું કારણ છે તો તેમાં નવકારમંત્ર પ્રથમ છે! પરમયોગીઓ પણ શ્રી નવકારમંત્રનું ધ્યાન ધરે છે. ૐ હ્રીં અર્હં એ બીજમંત્રપૂર્વકનો નવકાર સપ્રભાવશાળી છે! તે સર્વ મંત્રોનુ પણ મૂળ નવકારમંત્ર છે! જે કોઈ બિધિપૂર્વક ૧૫ લાખ શ્રી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરે અને વિધિથી પૂજે, તે તીર્થંકર નામકર્મને બાંધે છે, ૮, ૮૦૦ અને આઠ ક્રોડ નવકાર જે ભક્તિથી ગણે, તે ત્રીજે ભવે સિદ્ધિપદને વરે છે'!

'હસ્તના આવર્ત પંચમંગળને ૧૨ની સંખ્યામાં જે ગણે, તેને પિચાશ આદિ છળતા નથી! ડાકીણી, વેતાલ, રાક્ષસ અને મારીનો ભય રહેતો નથી! શ્રી નવકારના પ્રભાવે સર્વ દૂરીતનો પણ નાશ થાય છે! ચિંતવેલો પંચનમસ્કાર મંત્ર

જલ અને અગ્નિને થંભાવે છે! શત્રુ, રાજા. ચોર અને મારી આદિના ઘોર ઉપસર્ગો નાશ પામે છે! અટવીમાં ગિરિગુફામાં અને સમુદ્રમાં પણ આ ચિંતવેલો નવકાર ભયનો નાશ કરે છે! ભવ્ય જીવે સ્મરણ કરેલો નવકાર સેંકડો ભવી જીવોનું રક્ષણ કરે છે! જેમ પુત્રનું માતા રક્ષણ કરે તેમ.'

'સર્પ, જ્વર, વ્યાધિ, ચોર, સિંહ, હસ્તિ અને સંગ્રામ આદિના ભયો નાશ પામે છે! જે પુરૂષના હૃદયરૂપી ગુફામાં નવકારરૂપી કેશરિસિંહ હંમેશા રહેલો હોય છે, તે પુરૂષ ૮ કર્મરૂપી દુર્ભેદ ગાંઠનો પણ નાશ કરે છે. નવકારમંત્રનું એક પદ ગણવાથી ૭ સાગરોપમનું પાપ નાશ પામે છે. જે મોક્ષે ગયા છે, વર્તમાનમાં મોક્ષે જાય છે અને ભવિષ્યમાં કર્મોથી મુક્ત થઇને જે કોઇ મોક્ષે જશે, તે સર્વ શ્રી જિનેશ્વર પ્રભુના નવકારમંત્રના પ્રભાવે જાણવું. શ્રી જિનશાસનનો સાર, ૧૪ પૂર્વનો ઉદ્ધાર એવો શ્રી નવકારમંત્ર જેના ચિત્તમાં હોય તેને સંસાર શું કરી શકે? શ્રી નવકારમંત્ર ૬૮ અક્ષરોનો છે. આ મહામંત્ર અચિંત્ય ફળને આપે છે.'

શ્રી 'શ્રીચંદ્રે' મિત્ર ગુણચંદ્રથી યુક્ત સદ્ભાવથી વિધિપૂર્વક સમ્યકત્વમૂળ શ્રાવકધર્મને અતિહર્ષપૂર્વક સ્વીકાર્યો. શ્રી જિનભાષિત દયામૂળ હિતકારી જૈનધર્મની પ્રાપ્તિ કરીને શ્રી 'શ્રીચંદ્રે' અમૃતના સ્વાદથી પણ અધિક તૃપ્તિને પામી, ગુરૂદેવની સ્તુતિ કરતાં કહ્યું, 'હે ધર્મરૂપી નેત્રને પ્રકાશનારા! સર્વ તીર્થોના ઉપદેશ દેનારા ખરેખર આપ જ જંગમતીર્થ છો! હિતકારી ધર્મ તત્ત્વને ગુરૂ વિના બુદ્ધિમાન પણ સિદ્ધ કરી શકતો નથી! માતાપિતા આદિ સર્વ ભવે ભવે સંભવે છે, પરંતુ ધર્મને પ્રાપ્ત કરાવનારા સદ્ગુરૂની પ્રાપ્તિ પુણ્યથી કવચિત જ થાય છે! ધન્યવાનોમાં પણ હું ધન્ય છું, પુણ્યવાનોમાં પણ

આજે પુણ્યવાન થયો છું, જેથી આપ ગુરૂશ્રીના આજે દર્શન થયાં! મારાથી આપશ્રીને નમસ્કાર થયો!

ગુરૂ મહારાજની સ્તુતિ કરી અને આત્માની અનુમોદના કરી, ગુરૂ મહારાજના ગંભીર ઉપદેશને વિચારવા લાગ્યા, શ્રી પરમેષ્ઠિ મહામંત્રને ગણવાનો નિશ્ચય કરીને: શ્રી 'શ્રીચંદ્રે' પૂર્વ પ્રમાણે વેગથી જતાં કૌતુકોને જોતાં જોતાં એક મહા અટવીમાં પ્રવેશ કર્યો. ખરા મધ્યાહ્ન સમયે ગરમીથી અત્યંત તૃષા લાગી, તેમના દુઃખથી દુઃખી મિત્રે સર્વ દિશામાં જળની તપાસ કરવા છતાં ક્યાંય પણ જળનાં ચિહ્ન દે-ખાયાં નહિ. 'હવે શું? ભાવીશું હશે'! એમ બન્ને ચિંતામાં પડયા. સુકાયેલાં પાંદડાં જેવા મુખને કરમાયેલું જોઇને ગુણચંદ્રે કહ્યું 'હે મિત્ર! આ ઊંચા વૃક્ષના શિખરે ચડીને ચારે બાજુ ક્યાંક જળ દેખાય છે? તે જુઓ.' સારથીએ ઉપર ચઢી જોતાં દક્ષિણ દિશામાં બગલા, સારસ, ચક્રવાક આદિ પક્ષીઓને તેમજ તેમના અવાજ સાંભળી ત્યાં જળનું અનુમાન કરી, ઉતરીને નિવેદન કર્યું તત્ક્ષણ રથારૂઢ થઇને તે તરફ જતાં ક્ષણવારમાં એક સરોવર દેખાયું.

## પદ્મિનીની પારખ

તેના તીરે આમ્રવન હતું. મિત્રે જળલાવી શ્રી 'શ્રીચંદ્ર'ને પાન કરાવ્યું. પગે ચાલતા સરોવરે ગયા. મિત્રના મનોરથ જેવી ઉંચી, દુર્જન જેવી કઠોર, વધૂની જેવી શ્રેષ્ઠ પત્રોની શ્રેણી, સીતા વૃક્ષ જેવી, કર્કરવાળી સરોવરની પાળે રાજપુત્ર મિત્રથી યુક્ત બેઠા અને સ્ફટીક સમાન સરોવરને જોઇને ચમત્કાર પામ્યા! પાળે આગળ વધતાં એક ધોબીને ભવ્ય વસ્ત્રો ધોઇને તડકે સુકવતો જોયો તેમાં એક નાની સાડીને જોઇને બુદ્ધિશાળી શ્રી શ્રીચંદ્રે' કહ્યું, હે ગુણચંદ્ર! તેં કાંઇ કૌતક જોયું '? 'અહિં વળી શું અદ્ભુત છે'?

'હે મિત્ર ! આ શ્રેષ્ઠ સાડી કોઇ પદ્મિનીની જણાય છે. કારણ એની ગંધથી ભમરાની શ્રેણી ભ્રમણ કરે છે. પદ્મિનીના શરીરનો પ્રસ્વેદ પુષ્પોની સુગંધ કરતાં પણ વધારે સુંગધી હોય છે ! પદ્મિની પદ્મના ગંધ, હસ્તિની મદના ગંધ, ચિત્રિણી વિચિત્ર ગંધ અને શંખીણી મત્સ્યના ગંધવાળી હોય છે.' આશ્ચર્યથી ગુણચંદ્રે ધોબીને પૂછ્યું, 'હે મિત્ર ! આ સ્થળ કયું છે ? આ ભવ્ય વસ્ત્રો કોના છે' ? 'હે સદ્‌બુદ્ધિ ! તમે પરદેશી દેખાવ છો તો સાંભળો આ દીપશિખા નગરી છે, દીપચંદ્ર તેનો રાજા છે, તેમનો હું નળ નામનો ધોબી છું. આ પદ્મસરોવર છે, આ વસ્ત્રો પ્રદીપવતી રાણીનાં છે, રાજાના ભાઇની પુત્રી અને તેની પુત્રીની આ જુદી જુદી સાડીઓ છે.'

'રાજાના ભાઇની પુત્રી કોણ છે' ? ભાઇની પુત્રી ચંદ્રવતી છે તે શુભગાંગરાજાની પ્રિયા છે. તેમને વામાંગ પુત્ર અને બે પુત્રી છે, મોટી શશીકળા અને નાની ચંદ્ર કળા એ પદ્મિની છે. શશીકળાને સિંહપુરના રાજા મહાબલની સાથે પરણાવી છે, ચંદ્રકળા પદ્મિની અતિ રૂપ લાવણ્યથી શોભીત છે, તેને તેના મામા આદરપૂર્વક અત્રે વિવાહ અર્થે લઈ આવ્યા છે. એના જન્મ સમયે 'આ પદ્મિની રાજાની રાણી થશે.' એવી હર્ષને કરનારી મુનિની વાણી થઇ અને નૈમિત્તકે પણ કહ્યું છે, કે સૂર્યવતીના પુત્રની પટ્ટરાણી થશે' !

'પરંતુ એ પ્રમાણે હજી ગયું નથી. પ્રતાપસિંહ રાજાની પટ્ટરાણી સૂર્યવતી તે આ નગરના રાજાની પુત્રી છે. તે હજી પુત્રની ઇચ્છાવાળી છે. શુભગાંગ રાજાની કુળદેવીએ કહ્યું છે, પદ્મિનીનો પાણિગ્રહણ સત્વર તેના મામાના ગૃહે થશે' તેથી પદ્મિની, તેના માતા, ભાઇ આદિ પરિવાર ૫૦૦-૫૦૦ પાંચ વર્ણના અશ્વોથી યુક્ત દીપશીખામાં આવ્યા છે. બીજી પુષ્કળ

સામગ્રી પણ માતપિતાએ પદ્મિનીના વિવાહ અર્થે તૈયાર કરાવી છે.' એ સાંભળી શ્રી 'શ્રીચંદ્ર' મિત્રથી યુક્ત દીપશીખા નગરીનું નિરીક્ષણ કરવાની ઇચ્છાથી, અશ્વોથી યુક્ત રથને ત્યાં મૂકીને આગળ ચાલ્યો.

એક તંબુ દેખીને પૂછ્યું, 'હે મિત્ર! સૈન્યનો પડાવ અત્રે કેમ છે,? 'હે મિત્ર! તિલકરાજાના આદેશથી ધીરમંત્રી કુશસ્થળ તરફ પ્રયાણને કરતાં અત્રે રોકાયા છે અને ગાયકોના અગ્રેસર વીણારવથી યુકત રાજસભામાં જઈ રહ્યા છે. આગળ જતાં સુંદર ઉદ્યાન દેખીને નિરીક્ષણ અર્થે પ્રવેશ કર્યો. એટલામાં તો ઉદ્યાનપાલકે રાજપુત્રો જાણી શુકનમાં બે આમ્રફળ ભેટ ધર્યાં તે સ્વીકારીને ઉદ્યાનપાલકનો સત્કાર કરીને આગળ ચાલ્યા. ત્યાં પ્રંયાલ, અર્જુન, નાગ, પુન્નાગ, લવીંગ, અગરૂ, ચદન, આમ્રફળ, જાંબુ, બીજોરાં, કોઠાં આદિનાવૃક્ષો અને કંકોલ, અશોક, ચંપક, કલ્પવૃક્ષ, વડ, પીચ, હરડે, શ્વેત અર્જુન, ક્ષિરવૃક્ષ આદિ જોયાં. પુષ્પ અને ફળથી જાણે સત્કારવા વૃક્ષો પવનથી કંપતા પાંદડાઓના બહાને હસ્તથી જાણે બોલાવતા ન હોય?

## ચંદ્રકળા:

શ્રી 'શ્રીચંદ્ર' ચંપક આદિનું નિરીક્ષણ કરતા હતા, ત્યાં તો મનોહર રૂપવતી કન્યાના કોમળ હસ્તને કમળની ભ્રાંતિથી, ગંડસ્થળને મહુડાના પુષ્પની ભ્રાંતીથી, નેત્રમાં નીલકમળની ભ્રાંતીથી, અધર અને હોઠમાં બપોરીઆ પુષ્પની શંકાથી, કેશ અને વેણીમાં પોતાના જેવા શ્યામ વર્ણના સ્પૃહાથી ભમરાઓ જે કન્યા ઉપર ભમતા હતા તે સુંદર કન્યાને જોઈ! પ્રેમ અને લજ્જાથી નમ્ર મુખવાળા એવા શ્રી 'શ્રીચંદ્ર' મિત્રથી યુક્ત તત્ક્ષણ ઉદ્યાન બહાર આવ્યા.

પદ્મિનીએ શ્રી 'શ્રીચંદ્ર'ના રૂપથી મોહીત થઇને વિચાર્યું, મારાપૂર્વ ભવના પતિ આજ લાગે છે, કારણ સ્ત્રીને સ્વપતિને દેખતાં જે જે ચેષ્ઠા થવી જોઇએ તે સર્વ મારા અંગમાં થાય છે. જેમકે સ્વામીને દેખી હર્ષ થાય છે. સ્ત્રી નાભી દેખાડે છે, બગાસા ખાય છે, વારંવાર કટાક્ષ કરે, બગલ દેખાડે, હસ્તને ઉંચા કરે, સ્તન ઉપર વસ્ત્ર ખસેડે, નીવી ઢીલી કરે, ઓષ્ટને દંશે, અંગને મરડે, રોમાંચને પ્રસ્વેદનો અનુભવકરે, કુસુમનો પીંડરચે અને ઉત્કંઠાપૂર્વક બોલે! વગેરે ચતુર પદ્મિનીએ સખીને કહ્યું, 'મારા ચિત્તને હરણ કરનાર આ કોણ છે? જે સર્વ લક્ષણે રૂપ લાવણ્યનો અવધિ છે! શું નામ હશે? કયું કુળ હશે? પિત કોણ હશે? ક્યાં રહેતા હશે? જલ્દી જઈ એમના મિત્રને પૂછી આવ.'

તત્ક્ષણ જઇને નમસ્કાર કરીને પૂછ્યું, 'હે કૃપાનાથ! મારી સ્વામીની ચંદ્રકળા રાજકન્યા રૂપલક્ષ્મીથી સુશોભન છે! તેની હું પ્રેમપાત્ર ચતુરા સખી છું. મારી નમ્ર વિનંતી સ્વીકારો, મારી સ્વામીનીએ આપશ્રીનું નામ આદિ પૂછાવ્યું છે તે સર્વે કૃપા કરીને આપશ્રી કહો! હર્ષથી ગુણચંદ્ર કહેવા જાય છે ત્યાં સૂર્યવતીના પુત્ર ગુણચંદ્રને, કહેતાં અટકાવે છે! અને કહ્યું કે, 'નામ, કુળ આદિ જણાવવાનું શું પ્રયોજન છે? એમ કહીને શ્રી 'શ્રીચંદ્રે' મિત્ર સાથે તળાવ, શેરીઓ, દુકાનો આદિને જોતાં જોતાં નગર પ્રવેશ કર્યો. ચંદ્રકળાને ચતુરાએ જે ત્યાં થયું તે કહ્યું.

ચંદ્રકળાએ કહ્યું કે, 'હે સખી! આ મારા પતિ થાય' બીજો કોઇપણ નહિ. હવે તારે તે અર્થે પ્રયત્ન કરવો. કયા રાજા, અમાત્ય કે શ્રેષ્ઠીના પુત્ર હશે? ભલે ગમે તે હોય, વિકલ્પથી શું? હું જેમને મનથી વરી છું, તેજ મારા પતિ. પરંતુ નામ કુળ આદિ મે જાણ્યું નહિ. તો હવે મારૂં શું થશે?

તેઓ નગરમાં ક્યાં ગયા હશે' ? આ સર્વ માતાને કહેવા કોવિદાને તત્ક્ષણ મોકલી. આ ચિંતાથી દુઃખી પદ્મિની પતિ પાછળ રાજ્યના વાહનમાં નગરમાં ગઈ.

શ્રી 'શ્રીચંદ્ર' નગરના મધ્યમાં શ્રી જિનેશ્વર દેવાધિદેવના દેરાસરજીમાં પ્રવેશ કરીને વિધિપૂર્વક પ્રત્યેક પ્રભુજીને વંદન કરીને ગર્ભગૃહમાંથી બહારના રંગમંડપમાં સિંહ, પોપટ, કોકીલા, હરિન, કમલ, ઘણા વૃક્ષો, પુતળીઓ આદિના સુંદર ચિત્રોના નિરીક્ષણ કરતાં અને ગુણચંદ્રને દેખાડતા દ્વાર પાસે આવ્યા ત્યારે ગુણચંદ્રે વિનતી કરી, 'હે સ્વામીન અત્રે ક્ષણવાર વિશ્રામ કરો.' મિત્રની પ્રેરણાથી બેઠા.

એટલામાં તો પદ્મિનીને પ્રવેશ કરતાં જોઈને શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું 'પદ્મિનીનું મુખ કેવું છે? નયન કેવાં છે? લલાટ અને ગાલ કેવા છે? જાણે પોપટ જેવું નાક ન હોય? કાનરૂપી શ્રેણી જાણે હિંડોળા ન હોય? હોઠનું યુગલ, શરીર અને પ્રકૃતિ આદિ સર્વ અતિ સુંદર છે.' પદ્મિનીનું અદ્‌ભુત રૂપ જોઈને ફરી ચિંતવ્યું, 'મેં કન્યાઓ તો ઘણીએ જોઈ પરંતુ આ પદ્મિનીમાં મારૂં મન છે.' પદ્મિનીને સ્નેહયુક્ત દૃષ્ટિએ શ્રી 'શ્રીચંદ્ર'ને જોતી જોઈને, મિત્ર ગુણચંદ્રને અતિ હર્ષ થયો. તેણે વિચાર્યું', 'આ બન્નેનું કાર્ય સિદ્ધ થાઓ'!

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે મિત્ર! સંસારમાં ફક્ત મનજ દુર્જય છે! દૃષ્ટિને પ્રાપ્ત થયેલ શ્રી જિનેશ્વર દેવને પણ મૂકી મૂઢ એવા મેં પદ્મિનીના કટાક્ષ, છાતી, નાભી, કટી આદિ વિલાસની પટ્ટરાણી એવી પદ્મિનીનું ધ્યાન ધર્યું'. કહ્યું છે, 'સુંદર સ્ત્રીના કમળ જેવા નેત્ર કટાક્ષના પ્રહાર જ્યાં સુધી નથી થતાં, ત્યાં સુધી જ પુરૂષ ઈન્દ્રિઓનો પરાભવ કરી શકે છે. લજ્જા ધૈર્ય, વિનય

આદિ ત્યાં સુધી જ રહી શકે છે. અને સારા માર્ગમાં ત્યાં સુધી જ રહી શકે છે. અહીં સ્ત્રીઓ આવે છે, જેથી અત્રે બેસવું યોગ્ય નથી.'

એમ કહીને શ્રી જિનેશ્વરદેવ પાસે જઇને શ્રી 'શ્રીચંદ્ર' પણ સ્તુતિ કરવા લાગ્યા ત્યાં પાસે રહેલી પદ્મિનીએ શ્રી અરિહંત ભગવાનની સ્તુતિ કરતાં, શ્રી 'શ્રીચંદ્ર'ના રૂપનું એકી નજરે પાન કર્યું. સુંદર શીલયુક્ત ગુણચંદ્રે પણ સિંહાવલોકન દૃષ્ટિએ પદ્મિનીને હર્ષથી જોઇ ચંદ્રકળાએ ભ્રકુટની સંજ્ઞાથી સ્વામીનું નામ, નગર આદિ પૂછ્યું બુદ્ધિમાન ગુણચંદ્રે હસ્તસંજ્ઞાથી પોતાના સ્વામીનું નામ, ઠામ આદિ જણાવ્યું. પદ્મિનીએ પણ હસ્તસંજ્ઞાથી પોતાના ભાવ જણાવીને, કિંચિત વિલંબ કરવા જણાવ્યું.

પદ્મિનીએ 'શ્રેષ્ઠીપુત્ર કુશસ્થળથી શ્રી 'શ્રીચંદ્ર' આવ્યા છે' એમ માતાને જણાવ્યું. તત્ક્ષણ દર્શન કરીને શ્રી 'શ્રીચંદ્ર' બહાર આવ્યા. વિલંબ કરવા અર્થે ગુણચંદ્રે કહ્યું, અદ્ભુત રાજાનો મહેલ જોઇએ'! પરંતુ ઇરાદાપૂર્વક ભાવ છુપાવાને, 'મોડું થાય છે માટે જલ્દી ચાલ' એમ કહીને, શ્રી 'શ્રીચંદ્ર' ક્યાંય પણ ન રોકાતાં રથ તરફ ચાલ્યા. ગુણચંદ્રે ચારે કોર દૃષ્ટિ ફેરવી પરંતુ ક્યાંય પણ પદ્મિની કે તેની સખી આદિ કોઇપણ દેખાણું નહિ. તેમને વિલંબ કેમ થયો તેનું કારણ પણ કાંઇ સમજાણું નહિ.

એટલામાં તો વાજીંત્રોના મધુર સ્વરને સાંભળીને, હર્ષથી ગુણચંદ્રે કહ્યું, 'હે પ્રભુ! આ મધુર સંગીત શ્રવણ કરવું જોઇએ. તો થોડુંક રોકાઇએ.' આગ્રહથી જેટલામાં તે તરફ ચાલ્યા ત્યાં તો શ્રી 'શ્રીચંદ્ર'ના નામનું શ્રી રાગ અને ધ્રુપદમાં સંગીત, નૃત્ય, કીર્તન આદિ થતું જોઇને વિચાર્યું, 'શ્રી 'શ્રીચંદ્ર' તો ઘણા હોય, તો તેમાંથી કયા સમજવા.' એટલામાં તો ગાય

કે કહ્યું, લક્ષ્મીદત્ત શ્રેષ્ઠીના શ્રી 'શ્રીચંદ્ર' જય પામો. તે સાંભળીને કહ્યું, 'હે મિત્ર! આ ગૃહ કોનું છે? અહિં કયા સજ્જન રહે છે? તે જાણવું જોઈએ.' ગૃહમાં વરદત્ત શ્રેષ્ઠીને જોઈને શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે વરદત્તને વેપાર અર્થે લક્ષ્મીદત્તના મિત્ર હોવાથી ત્યાં આવતા જોયા છે, મને તે જોશે તો રોકશે' એમ કહી મિત્રનો હસ્ત પકડીને આગળ ચાલ્યા.

દ્વારપાળે સાંભળીને તે સર્વ વરદત્તને કહ્યું. વરદત્તે વિચાર્યું, 'શ્રેષ્ઠીપુત્ર કોણ હશે? લક્ષ્મીદત્તનો પુત્ર એકાકી કયાંથી હોય? તો કોણ હશે? એ જાણવા તત્ક્ષણ વરદત્ત પાછળ પડયા. એકદમ શ્રી 'શ્રીચંદ્ર'ને વંદન કરીને કહ્યું, 'આજે તો વાદળાં વગર વૃષ્ટી થઈ! મારો જન્મ આજે સફળ થયો! આજે આ ભૂમિ ભાગ્યવતી થઈ! કારણ આપશ્રીના દર્શન થયાં! ધન્ય ભાગ્ય! ધન ઘડી! મારા પર કૃપા કરી સેવકના ગૃહે પધારી કૃતાર્થ કરો! જે કાંઈ ભવ્ય વસ્તુઓ છે તે આપશ્રીના પ્રસાદથી છે! એ સર્વ આપશ્રીની માની ઇચ્છા અનુસાર ભોગવવા કૃપા કરો.'

આજે બાળકને લેખશાળામાં મૂકવા અર્થે સેવકના ઘેર ઉત્સવ છે, માટે પધારવાની કૃપા કરો.' વરદત્તના દાક્ષિણ્યના કારણે શ્રી 'શ્રીચંદ્ર'ને ગયા સિવાય છુટકો ન હતો તેથી હર્ષથી ગુણચંદ્રે કહ્યું, 'નગરના બહાર સરોવર તીરે અશ્વોથી યુક્ત રથ છે તે મંગાવવાનો છે.' વરદત્તે તે મંગાવી લીધો. શ્રેષ્ઠીના મહોત્સવમાં શ્રી શ્રીચંદ્ર' જેમ સૂર્ય શોભે અને તારામાં ચંદ્ર શોભે તેમ શોભતા હતા! શેઠાણીએ અખંડ અક્ષતથી વધાવ્યા! વિવેકીએ સર્વને નમન કરીને તે સર્વની આગળ આવી બેઠા. સર્વને લાગ્યું કે સભાના નાથ આવ્યા. શ્રી 'શ્રીચંદ્ર'ના ગુણોના ગીતોથી ખૂબ સ્તવના કરાયા.

# પ્રકરણ ત્રીજું: પદ્મિની પાણિગ્રહણ

રાજસભામાં દીપચંદ્ર રાજા, મંત્રીઓ, સામંતો, શ્રેષ્ઠીઓ અને લોકો ખીચોખીચ ગોઠવાયા હતા. ગંધર્વ ગાયક વીણારવે, વીણા, વાંસળી આદિને ધારણ કરનારા ૧૬ સંગીતકારોથી યુક્ત, પોતે રચેલા શ્રી 'શ્રીચંદ્ર' પ્રબંધમાં સર્વચરિત્ર મનોહર સુધાની જેમ ૯ રસથી યુક્ત, મધુર ભાષાથી શોભીત અને વિવિધ રાગરાગિણિથી શ્રવણ ઈંદ્રિયને આનંદદાયક, હર્ષથી અને ઉત્સાહથી ગાવાનો પ્રારંભ કર્યો, તેમાં સર્વલીન થઈ ગયા.

રાજાની પાછળ પડદાની અંદર ચંદ્રવતી રાણી અને પ્રદીપવતી રાણી આદિ મુખ્ય છે, તે અંતઃપુરની સર્વ સ્ત્રીઓ સાંભળી રહી હતી. એટલામાં કોબિદા સખીએ આવીને કહ્યું, 'હે સ્વામિની! રાજ્ય ઉદ્યાનમાં પદ્મિની ચંદ્રકળા ગઈ હતી, ઈત્યાદિ જે બન્યું તે સર્વ જણાવ્યું. શ્રી 'શ્રીચંદ્ર' અતિ સુંદર છે, પરંતુ હજી કુળ જાણ્યું નથી, તેઓ ત્યાં છે' ચંદ્રવતીએ કહ્યું કે, 'તેજસ્વી અને રૂપવાન શ્રી 'શ્રીચંદ્ર' પદ્મિનીને ઈષ્ટ છે, પરંતુ કુળની ખબર હજુ નથી પડી, તો તેને કન્યા કેવી રીતે આપી શકાય? તો પણ ચાલો દીપચંદ્ર રાજાને જણાવીએ.'

એમ જ થયું. દીપચંદ્રે હસીને કહ્યું, 'હે બુદ્ધિશાળી આ કોઇ બાળકનું ધૂળનું ઘર નથી. પદ્મિની વણીકને કેવી રીતે પરણાવી શકાય? આપણી શોભા શી? શુભગાંગ રાજા પાસે કેવી રીતે સારું દેખાશે? ચંદ્રકળા દક્ષ છે, જેને તેને કેવા રીતે વરે? પદ્મિની પહેલા સૂર્યવતીના પુત્ર સાથે વિવાહ અર્થે ઉત્સાહવાળી હતી, પરંતુ તે મનોરથો તો સર્વહૃદયમાં રહ્યાં છતાં પણ આવી ઇચ્છા હોય તો પણ આપણા વશનું શું'? સ્વયંવરથી વરે.

ચંદ્રકળાએ સખીને કહ્યું, 'હે સખી! શીઘ્ર આર્યપુત્ર કયાં છે? તેની તપાસ કરી આવ. પાછી આવી કહ્યું, 'હે સ્વામિના! સર્વત્ર તપાસ કરવા છતાં કયાંય પણ શ્રી 'શ્રીચંદ્ર' દેખાતા નથી.' દુઃખી ચંદ્રકળાએ ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું, 'હજુ સુધી માતા આદિ પણ આવ્યા નહિ, હવે હું નિર્ભાગી શું કરીશ? હવે મારૂં શું થશે? પુણ્યથી આવા, સુંદર પતિને પ્રાપ્ત કર્યા છતાં મારાથી શરમના કારણે કાંઇ કહી શકાણું નહિ જેથી તેઓ જાય છે'! હૃદયના મધ્યમાં દુઃખથી સળગતી ચંદ્રકળાએ કહ્યું, 'હે ગોત્રદેવી! મારૂં મંગળ અને ઉચિત કેમ કરતી નથી? હે ચિત્રના મોર! મારા પ્રિયતમને કેમ રોકયો નહિ?

'પતિના વિરહવાળી કન્યા સ્વપ્રાણને કેવી રીતે ધારણ કરશે? અહો મેના–પોપટ! મારા પતિને તમે કેમ ન કહ્યું, 'પતિથી મૂકાયેલી સ્ત્રી કેવી રીતે રહી શકશે'? 'હે દિવ્ય પુતળીઓ! મારા પતિને તમે કેમ જવા દીધો? તમે કેમ જણાવ્યું નહિ કે, 'કન્યા વિલાપ કરશે અને પૂછશે, મારા પતિ કયાં ગયા? તે ગયા તે મારૂં દૂષણ છે.' એટલામાં ચતુરાએ ત્યાં જે સાંભળ્યું હતું તે સર્વ ચંદ્રકળાને જણાવ્યું. તેથી દુઃખથી ચંદ્રકળા મૂર્છિત થઇ ગઇ! શીત ઉપચારથી પદ્મિની ફરી જાગૃત થઈ.

પ્રિયવંદા દ્વારા ચંદ્રકળાના સ્વરૂપને જાણીને માતા તત્ક્ષણ આવી. પદ્મિનીની સ્થિતિ જોઇને, ખોળામાં લીધી.

અને કહ્યું, 'હે વત્સે! એટલું બધું શું દુઃખ છે? તું ચિત્તની સ્થિરતાને ધારણકર, સર્વ કાંઈ શુભ થશે. અમારૂં જે કાઇ છે તે સર્વ તારૂં જ છે! તું તત્ત્વને જાણે છે અને ધીર છે, માટે દુઃખને ધારણ ન કર. સ્વયંવરથી તું વરજે.' 'હે માતા! હું તમારી કુક્ષીમાં ઉત્પન્ન થઇ છું, મારા મનથી જે વરને વરેલી છું, તેમને મૂકીને બીજા કોઇને હું નહિ વરૂં, સ્વયંવરથી હવે સર્યું' શ્રી 'શ્રીચંદ્ર' જ મારા પતિ છે. બીજા કોઇ નહિ. નહિતો મને અગ્નિનું શરણ હો'! નિશ્ચય જાણીને ચંદ્રાવતીએ કહ્યું, 'હે સૈનિકો! દીપચંદ્ર રાજાને કહો કે શ્રી 'શ્રીચંદ્ર'ની તપાસ કરાવે.'

ચંદ્રકળાની સર્વ હકીકત ચંદ્રાવતીએ દીપચંદ્રને કહી રાજાએ સભાને તત્ક્ષણ વિસર્જન કરીને, વીણારવ ગાયક અને અમાત્યથી યુક્ત પ્રથમ શ્રી જિનેશ્વરજીના દેરાશરજીમાં જઇ વંદન કર્યું. રાણી પ્રદીપવતી સખીઓથી યુક્ત આવી. તે સર્વથી પૂછાયેલી પદ્મિનીએ સર્વ પૂર્વ પ્રમાણે કહ્યું. તે સાંભળીને તેઓ શ્રી 'શ્રીચંદ્ર'ને દેખવા અર્થે રાજમાર્ગ તરફ ગયા. સખીઓ પ્રશસ્ત ઉપાય કરી પદ્મિનીને હર્ષ પમાડતી હતી ત્યાં તો ચંદ્રકળાની ડાબી આંખ ફરકીને શુભ શુકન થયા!

લોકો દ્વારા શ્રી 'શ્રીચંદ્ર'ના સમાચાર મળતાં દીપચંદ્ર રાજા વરદત્તના ગૃહે પધાર્યા! શ્રી 'શ્રીચંદ્ર'નું દેદીપ્યામાન રૂપ લાવણ્ય અને કાંતિ આદિ જોઇને રાજા ચમત્કારને પામ્યા! સ્થાપન કરાવેલ સિંહાસન ઉપર દીપચંદ્ર બીરાજમાન થયા. વંદન કરતા એવા શ્રી 'શ્રીચંદ્ર'ને તરત જ રાજાએ પોતાના ખોળામાં બેસાડીને, સ્વદૌહિત્રના સંગથી હર્ષિત થયા. વરદત્ત શ્રી 'શ્રીચંદ્ર'નું

સર્વ વૃત્તાંત રાજાને કહેવા જતા હતા, ત્યાં, તો વીણારવે શ્રી દીપચંદ્રને કહ્યું, 'હે રાજન! શ્રી 'શ્રીચંદ્ર'ના પ્રબંધમાં વર્ણવ્યા હતા તે આ ગુણના સમુદ્ર છે, એમના ગુણોનું બૃહસ્પતિ પણ વર્ણન કરી શકે તેમ નથી.

પ્રદીપવતી આદિ સર્વ આવ્યા, શ્રી 'શ્રીચંદ્ર'ને દેખીને સર્વને જે આનંદ થયો તે તો કેવલિ ભગવાન જાણી શકે. ખરેખર આવા સુંદર શ્રી 'શ્રીચંદ્ર'ને જોઇને, પદ્મિનીને હર્ષ કેમ ન થાય? વરદત્તે સૂર્યવતીના પુત્રને કહ્યું, 'હે ગુણના સાગર! પદ્મિની સાથે પાણિગ્રહણ કરવું તે યોગ્ય જ છે. જેમ 'દૂધ અને સાકર'! 'કલ્પવૃક્ષ અને કલ્પવલ્લી' તેમ તમારો ને પદ્મિનીનો યોગ અદ્‌ભુત થશે! જેથી હે ગુણવાન! સર્વની આશાને તમે પૂર્ણ કરો.' 'હે શ્રેષ્ઠી! તમારૂં કહેવું યથાર્થ છે, ખુલ્લી રીતે થઇ ન શકે, કારણ ક્રીડા અર્થે આદેશ લઇને હું આવ્યો છું, માતાપિતાની આજ્ઞા વગર જો હું પાણિગ્રહણ કરૂં, તો તે મારૂં દૂષણ ગણાય! હું તેમને શું કહું, તેમને આધીન એવા મને લજ્જા વિશેષ હોય.'

ચંદ્રવતીએ કહ્યું, 'તમારૂં કહેવું કુળને સર્વથા ઉચિત છે, પિતામાતાની ભક્તિ પણ સુંદર છે, પહેલાં પણ અનેક લોકોએ સ્વભાગ્યની પરીક્ષા અર્થે પગલે પગલે ભ્રમણ કર્યું હતું, તેમણે શું આદેશ વગર પણ રાજ્ય અને પાણિગ્રહણ આદિ શું નથી કર્યું? પ્રાંતમાં ભાગ્યયોગ સંપદા હોય છે, વડીલોએ સ્થિતિમાં રહે છે અને પુત્ર રાજ્ય ભોગવે છે! પૂર્વના પુણ્ય અને પાપકર્મ સર્વના જુદા જુદા દેખાય છે. તમે શાસ્ત્રના જાણકાર છો, માટે પાણિગ્રહણનો નિષેધ ન કરો.'

શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'માતા તુલ્ય રાણીને શું ઉત્તર આપું'? ત્યાં તો સાહસથી વામાંગે કહ્યું, 'તમને શું દુષ્કર છે,

મને તો કોઇ કહેતું નથી, નહિ તો હું તો તરત સ્વીકારી લઉં. ધન, રાજ્ય, પાણિગ્રહણ આદિ પ્રાપ્ત થાય, તો કોણ ન ઇચ્છે? બૃહસ્પતિએ કહ્યું, 'આ કારણથી વિશ્વવિચિત્ર કહેવાય છે! જે હલુકર્મી હોય તેને સર્વત્ર ધૃતિ હોય છે! અતિ આગ્રહથી જ શ્રી 'શ્રીચંદ્ર' પાણિગ્રહણ સ્વીકારશે! વિવેક એ જીવનું જીવત્વ છે, માન એ મોટું ધન છે! અહો! વિવેકરૂપી રત્નહૃદયમાં છે, પરંતુ નિઃસ્પૃહ છે, દીપચંદ્ર રાજાના વચનને તમે હૃદયમાં વિચારો.'

શ્રી 'શ્રીચંદ્ર'ના ગુણોથી વિંધાએલી પદ્મિની પડદા પાછળ અશ્રુ સારવા લાગી, તે ચતુરાએ ચંદ્રવતીને જણાવ્યું. ચંદ્રવતીએ પદ્મિનીને ખોળામાં લીધી. પ્રદીપવતીએ કહ્યું, 'હે શ્રી 'શ્રીચંદ્ર' તમે કળા આદિમાં પ્રવીણ છો, અપૂર્વ તેજ, લાવણ્ય અને કાંતિથી દેદીપ્યમાન છો, અંગમાં ક્ષત્રિયોનું તેજ સ્ફુરાયમાન દેખાય છે, ગુણો આદિથી સર્વથા યોગ્ય છો એ હું જાણું છું તો પદ્મિની પુણ્યશાળી હોવાથી તેનો પ્રથમ વિવાહ તમારી સાથે થશે! નૈમિત્તિકે કહ્યું હતું, 'પદ્મિનીના હસ્તસ્પર્શથી તમે ઘણી કન્યાને વરશો અને રાજ્યને પણ પામશો, એમાં સંશય નથી'! કુળભૂષણ ગુણચંદ્રે તત્ક્ષણ શુકનની ગાંઠ વસ્ત્રના છેડે બાંધી લીધી.

'તમારૂં નામ, કુળ, નગર આદિ ન જાણતી પદ્મિની ફક્ત દેખતાં જ બુદ્ધિ પવિત્ર થવાથી તમને વરી, તેમાં પૂર્વ ભવનો સ્નેહ જ નિમિત્તભૂત છે એમ તમે માનો! અશ્રુ સારતી મૂકવા યોગ્ય નથી પદ્મિની શ્રી જિનેશ્વરદેવની પૂજા આદિ ધર્મને કરતી અને સિદ્ધાંતમાં કહેલા તત્ત્વોની જ્ઞાતા એવી, જેનું હૃદય સમ્યક્ત્વથી પવિત્ર છે! જે રાત્રિ અને દિવસ શ્રી પરમેષ્ઠી મહામંત્રનું ધ્યાન ધરે છે એવી સુશીલા સતી ખરેખર જેને મનથી વરી છે, તેને ઇંદ્ર પણ અન્યથા કરવા સમર્થ નથી! માટે ૐ ભણીને સર્વને સુખી કરો.'

અતિ દાક્ષિણ્યથી અને પદ્મિનીના અતિસ્નેહથી મહારાણીને શ્રી 'શ્રીચંદ્ર' ઉત્તર આપવા શક્તિમાન ન હોવાથી ના ન પાડી શક્યા પ્રદીપવતીએ તેમની સંમતિ માનીને, અતિ હર્ષથી ચંદ્રકળાને બોલાવીને કહ્યું, 'હે પદ્મિની! ઇષ્ટવર શ્રી 'શ્રીચંદ્ર'ના કંઠમાં વરમાળા પહેરાવ. અંખડ આનંદ યુક્ત શ્રી 'શ્રીચંદ્ર'ના મુખરૂપી ચંદ્રને નિરખતી એવી તત્ક્ષણ વરમાળા પહેરાવીને, સ્વદૃષ્ટિને શ્રી 'શ્રીચંદ્ર' ઉપર સ્થાપીને, લજ્જાથી માતા પાછળ ઉભી રહી! સર્વત્ર અતિ ઉત્સાહથી મહોત્સવ પ્રવર્ત્યો!

કંઇક વિચારીને, બહાનું કાઢીને શ્રી 'શ્રીચંદ્ર' નીચે ગયા! ગુણચંદ્રે કહ્યું, 'વખતે શ્રી 'શ્રીચંદ્ર' કુશસ્થળે જાય.' તરત જ વામાંગ, ચતુરા આદિ તેમને રથ પાસેથી પાછા લઇ આવ્યા ચંદ્રાવતીએ કહ્યું, 'કંઇક પ્રશ્નોતર કરો, જેથી વિદ્યાભ્યાસ આદિ જણાય.' ચંદ્રકળાએ ચતુરા દ્વારા પૂછાવ્યું 'પાનનું બીડું કેવું છે'? શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'સત્ય વચનરૂપી બીડું છે, સમ્યક્ત્વરૂપી સોપારી છે, સ્વાધ્યાયરૂપી કપૂર છે, શુભ તત્ત્વરૂપી મશાલો છે અને તે શિવ સુખના કારણભૂત છે.' સ્નાનના ગુણો પૂછ્યા. 'સ્નાન મનને પ્રસન્ન કરનાર, દુઃસ્વપ્નનો નાશ કરનાર, સૌભાગ્યનું ગૃહ, મળને દૂર કરનાર, મસ્તકને સુખકારી, કામ અગ્નિને જાગૃત કરનાર, સ્ત્રીઓના કામના અસ્ત્રરૂપ, શ્રમને હરનાર છે!

શ્રી 'શ્રીચંદ્રે' પૂછ્યું, 'હે ચતુરા! પાનના ગુણો કહો અને આ બીડું ગ્રહણકરો.' વિકસ્વર રોમરાજીવાળી ચંદ્રકળાએ ગ્રહણ કરીને મધુર સ્વરે કહ્યું, 'પાન કડવું, તીખું, ગરમ, મધુર, ખારૂં અને કષાય રસથી યુક્ત, વાયુને હરનાર, કૃમિને હણનાર, મુખનો અલંકાર, મુખ વિશુદ્ધિ કરનાર અને કામ અગ્નિને જગાવનાર છે એવા પાન બીડાની પ્રસાદી આપશ્રીએ આપી છે'!

'અંતર ગુણો કહો.' 'પરસ્પર પ્રિય વચન રૂપી પાન છે, પ્રેમરૂપી સોપારી છે, સદ્‌વિવેકરૂપ મસાલો છે, સંતોષરૂપ કપૂર છે.'

પદ્મિનીએ ખીચડીનાં અંતરંગ ગુણો પૂછ્યા, ગુણરૂપી અક્ષત છે, સદ્‌મૈત્રીરૂપી દાળ છે અને સમ્યકત્વરૂપી સંપૂર્ણ ઘૃતથી યુક્ત ખીચડી આરોગવી.'! શ્રી 'શ્રીચંદ્રે' પૂછ્યું, 'લાપસીનું વર્ણન કરો.' 'સુક્ષ્મ ઘઉંનો ભરડો, ઘૃત, ગોળ, શ્રીફળના કટકા, દ્રાક્ષ, ખજુર, સુંઠ, તજ, મરીથી યુક્ત, દેવ પુષ્પે કરીને, સુંદર ત્રાંબાની કઢાઇમાં, મંદ અગ્નિ પર શેકાયલી, પ્રચુર ઘૃતથી યુક્ત, ધન્ય પુરૂપ હેમંત ઋતુમાં આરોગે છે.' ચંદ્રકળાએ ભૃકુટીની સંજ્ઞાથી, કોવીદાએ અંતરંગ લાપસીનું પૂછ્યું, ચિત્તની ભક્તિથી શોભતી એવી ત્રણ પ્રકારની ભકિતરૂપી લાપસી, હંમેશા શોભાની વૃદ્ધિ પામે છે'!

પદ્મિનીએ વડાનું પૂછ્યું, હિંગ, મરી, મરચું, મીઠું અને સુંઠથી પૂર્ણ મધ્યભાગવાળું તે સ્નિગ્ધ એવું તે સારા સ્વાદ અને ગંધ છે, જેથી પરિમલ વિશેષથી યુક્ત, જે દાંતના વચ્ચેના મેલું જે તરતજ ભૂઃભૂક શબ્દનો વ્યકત અવાજ કરતું એવું, પ્રેમાળ પત્નીથી પ્રેમપૂર્વક અપાયેલું સુંદર વડું ધન્ય પુરૂષના મુખમાં પ્રવેશે છે.' વામાંગ અને ચતુરાએ ચંદ્રકળાને વિનંતી કરી. 'અર્થાંતરથી શ્રી 'શ્રીચંદ્ર'ના નામનું વર્ણન કરો.' વારંવાર પૂછ્યું.

'લક્ષ્મીને ક્રીડા કરવાનું સરોવર, અટ્ટહાસ્યનું સમૂહ, દિશારૂપી સ્ત્રીને મુખ જોવાનું દર્પણ, રાત્રીરૂપી શ્યામલતાનું પુષ્પ, આકાશરૂપી સમુદ્રમાં ફીણનું ઉત્પન્ન થવું, તારારૂપી કામધેનુનો સમૂહ, રતિનું ગૃહ, કામદેવનું છત્ર, જ્યોત્સ્નારૂપી સુધાની વાવડી જે લક્ષ્મીથી યુક્ત ચંદ્ર એવા શ્રી 'શ્રીચંદ્ર' હંમેશા વિજયને પ્રાપ્ત કરો.'

સર્વના અતિઆગ્રહથી શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'કામરૂપી બ્રાહ્મણનો ઓંકાર, આકાશરૂપી ભૂંડના દાઢનો અંકુર, તારારૂપી મોતીઓની છીપ, અંધકારરૂપી હસ્તિઓનું અંકુશ, શૃંગારરૂપી તાળાની ચાવી, વિરહિણીના માનને કાપવા અર્થે કાતર, સંધ્યારૂપી વેશ્યાના નખના પ્રહાર સમાન અને ચંદની કળા સમાન, એવી આ ચંદ્રકળા શોભે છે.' શ્રી 'શ્રીચંદ્ર'ના તત્ત્વજ્ઞાન કળા અને વિદ્વતાથી ચમત્કાર પામેલા સર્વે હસતા હસતા કહેવા લાગ્યા, 'ચંદ્ર અને ચંદ્રિકાનો ખરેખર સરખો યોગ થયો છે'! એમ સ્તવતા, પ્રાતઃકાળે સર્વ શ્રી 'શ્રીચંદ્ર'ને રાજમહેલમાં લઈ જવા તૈયાર થયા, ત્યારે વરદત્તે કહ્યું, 'આમ નહિ આવે, કારણ તેઓ હંમેશા સ્વગૃહે શ્રી જિનેશ્વર દેવાધિદેવની પૂજા આદિને કરે છે.' ચંદ્રકળાથી યુક્ત સર્વ ગયા.

દીપચંદ્ર રાજાના આદેશથી જ્યોતિષીએ કહ્યું 'અવાતી કાલે વૈશાખ શુદ ૫નું લગ્ન અતિ શ્રેષ્ઠ છે, તે શુભ ગ્રહોથી શોભિત અતિ શુભમુહૂર્ત છે, ઘણી રેખાઓથી શોભતું સાધી લેવું તે યોગ્ય જ છે.' 'કોશલ દેશથી શુભગાંગ રાજા આવી ન શકે પરંતુ અતિ શુભ છે' તો, તત્કાળ વિવાહની સર્વ સામગ્રી તૈયાર કરવા આદેશ કર્યો. પ્રદીપવતીએ વિચાર્યું, મારી પુત્રી સૂર્યવતીના નગરના શ્રી 'શ્રીચંદ્ર' છે તેથી તે પુત્રાનો પુત્ર ગણાય! તેથી તેનો વિવાહ મહોત્સવ મારે કરવો જોઈએ.' ૭ માળાના મહેલમાં સર્વ સામગ્રી તૈયાર કરાવી, પ્રદીપવતીએ સ્વમુકુટ, કુંડળ, હાર આદિથી અંલકૃત કર્યા.

પરંતુ શ્રી 'શ્રીચંદ્ર' દેદીપ્યમાન શરીરવાળા હોવાથી સ્વ આભૂષણોથ' જ શોભતા હતા, નહિ કે પ્રદીપવતીના આભૂષણોથી! અતિ સુંદર લગ્ને, જ્યોતિષીએ કરેલા વિધિથી, કુળસ્ત્રીઓથી ગૂંજતા ધવલ મંગલ ગીતગાનથી અને વાજીંત્રોના મધુર

સરોદોથી સર્વ દિશાઓનું મુખ એકાંત નાદમય બન્યું ત્યારે, ચારે તરફ ચતુરંગી સૈનિકોથી યુક્ત, શ્રી 'શ્રીચંદ' હસ્તિ ઉપર આરૂઢ થઈને, લગ્નમંડપમાં પધાર્યા ત્યારે પોંખણાથી પોંખાયલા, માંયરામાં બીરાજ્યા! ઉત્તમ લગ્નાંશના ઉદયે પદ્મિની ચંદ્રકળા સાથે હસ્તમેળાપ કરાવ્યો! ઉત્કૃષ્ટ સર્વવિધિ, તારા મૈત્રક આદિ સર્વ જ્યોતિષીએ કરાવ્યું.

દીપચંદ્રરાજાએ અને નગરના લોકોએ શુભ સુંદર યોગ પ્રાપ્ત થવાથી અતિ હર્ષથી, શ્રી 'શ્રીચંદ્ર'નો વિવાહ ઉત્સવ ઉત્કૃષ્ટ વિધિથી ઉજવ્યો! દીપચંદ્રે અશ્વો, રત્નો, ચતુરંગીસેના, આદિ સર્વ હસ્તમેળાપ સમયે હર્ષથી આપ્યું. ચંદ્રાવતી રાણીએ 'દૈવી હાર ધરણેન્દ્રે આપેલ' શ્રી 'શ્રીચંદ્ર'ને આનંદથી આપ્યો! ચંદ્રકળાના ભાઈ વામાંગે સિંહપુરથી લાવેલ પાંચ વર્ણના ૫૦૦ ૫૦૦ અશ્વો, રથો, હસ્તિનું યુગલ, વીંટીઓ, વસ્ત્રો, સુવર્ણ, પલંગ, કચોળા, સિંહાસન, થાળા, મોટું આસન, ઓશીકા, ચદ્રવાઓ, વાગોળતી એવી ગાયો ઊંટો, કુંભ, વાહન, પટ, પટકોરા, નાની ઉંમરની દાસીઓ જે અંગને દાબનારી અને ભક્તિ કરનારી એવી, ભદ્રાસન, ધ્વજાઓ, શસ્ત્રની પેટીઓ, ખડગ. ભાલા, તલવાર, બંદુક, ચક્ર. ઢાલ. બખતર આદિની ભરેલી પેટીઓ, પ્રત્યેક ૫૦૦-૫૦૦ આભુષણો, ૧૬ નવબદ્ધ નાટકો, ચતુરા, કોવિદા, નંદા, પ્રિયવંદા, આદિ આભૂષણોથી યુક્ત ૭૨ સખીઓ, છત્ર, ચામર, હસ્તિઓ, રાજ્યના સર્વ ચિહ્નો આદિ સર્વ જમાઈરાજને આપીને કહ્યું, 'શુભગાંગ રાજા પછી વિસ્તારથી સર્વ આપશ્રીને આપશે.'

બીજે દિવસે પ્રભાતે મુગટ આદિ સર્વ પહેરીને શ્રી 'શ્રીચંદ્ર' હસ્તિ ઉપર આરૂઢ થઈને, પદ્મિની ચંદ્રકળાને આગળ કરીને, દીપશિખામાં સ્થાને સ્થાને જ્યાં ગીત, નૃત્ય આદિ થઈ રહ્યા

છે, એવા માર્ગ ઉપર કનકદત્ત શ્રેષ્ઠીની નાની પુત્રીએ શ્રી 'શ્રીચંદ્ર'ના ઉપર અનુરક્ત થઇને, પિતાને કહ્યું, 'આ મારા પતિ થાઓ. હું બીજા કોઇને ન વરૂં.' 'તું મૂઢ છે, પદ્મિનીના હસ્તગ્રહણ અર્થે રાજાએ છ પહોર સમજાવ્યા ત્યારે સજ્જ થયા તો તે તને કેવી રીતે વરશે'! પુત્રીએ ભુજપત્ર ઉપર શ્લોક લખીને ઉપર પુષ્પની માળા વીંટીને ગવાક્ષમા ઉભી રહી, જ્યારે હસ્તિ નીચે આવ્યો, ત્યારે શ્રી 'શ્રીચંદ્ર' ઉપર નાખ્યું તે જોઇને ઉંચે જોતા અનુરાગિણી કન્યા જોઇ!

ભુજપત્રમાં વાંચ્યું, 'જે કમલિનીએ ચંદ્રને જોયો નથી, તેનો જન્મ એળે જાય છે અને જે ચંદ્ર સ્વકિરણોથી કમલિનીને ખીલવતો નથી, તે ચંદ્રની ઉત્પત્તિ પણ નિરર્થક ગણાય.' તે ચંદ્રકળાને અર્પણ કર્યું. અહિંતહિં સ્થાને સ્થાને દાનને દેતા શ્રી 'શ્રીચંદ્ર' અને ચંદ્રકળા સ્વ મહેલમાં આવ્યા. રાજાએ યથ ઉચિતવિધિ કરીને, ભક્તિથી નગરના સર્વ જનોને ભોજન કરાવીને, સન્માન કરીને વિદાય કર્યા. કનકદત્તની કન્યાએ દાસી દ્વારા ચંદ્રકળા પાસે ઉત્તર માંગ્યો, પદ્મિનીએ કહેવરાવ્યું, 'અવસરે વાત.'

તિલકમંજરીના હસ્તગ્રહણ અર્થે તિલકપુર પધારવા ધીરમંત્રીએ શ્રી 'શ્રીચંદ્ર'ને અતિ આગ્રહથી વિનંતી કરી. કમલ જેવા મુખવાળાએ કહ્યું, 'એમાં હું કાંઇ ન જાણું. પરંતુ તેમાં લક્ષ્મીદત્ત જાણે.' વીણારવે કહ્યું, 'આપશ્રીના અદ્દભુત ગુણોની સ્તુતિ કરવાની ઇચ્છા છે.' 'હમણા અત્રે નહિ.' શુભગાંગરાજા આવે ત્યાં સુધી સર્વ રોકવા માંગતા હતા પરંતુ ન રોકાતાં સવની અનુમતિ મેળવીને, બીજે જ દિવસે સર્વ વસ્તુઓથી યુક્ત કુશસ્થળ તરફ ઘપ્યા. જરા આગળ ગયા પછી શ્રી 'શ્રીચંદ્રે' દીપચંદ્ર અને સર્વને રોકીને, પૃથક્ પૃથક્ નમસ્કાર કરીને વિદાય

આપી તેમની ભક્તિથી સર્વ ખુશી થયા. પ્રદીપવતી અને માતા ચંદ્રવતીએ, કુળાંગના યોગ્યહિત શિક્ષા આપી.

'ગુરૂ અને પતિના આગમન સમયે ઉભા થઈ નમ્રતાથી વાર્તાલાપ કરવો, તેમના ચરણકમળ ઉપર દૃષ્ટિ રાખવી, જાતે આસન આપવું અને સેવા કરવી, તેઓ નિદ્રાધીન થાય તે પછી નિદ્રા લેવી અને તેઓ જાગૃત થાય તે પહેલાં જાગૃત થઇ જવું! એમ કુળવધૂને ધર્મ કહ્યો'! સર્વ હિતશિક્ષા આપીને અશ્રુભીના લોચનવાળાને પાછા વળતી વખતે, વસ્ત્ર, સુવર્ણ અને દ્રવ્ય આદિ શ્રી 'શ્રીચંદ્રે' આપ્યાં થોડીવાર રહીને વાદત્તને પણ પાછા વાળ્યા.

કુશસ્થળે જવા ઉત્સુક એવા શ્રી 'શ્રીચંદ્રે' પદ્મિનીને પરિવારથી યુક્ત સમજાવીને, ગુણચંદ્રને સર્વ ભળાવીને, રથ ઉપર આરૂઢ થઇને વેગથી તેજ રાત્રીના શ્રીપુરમાં રથ મૂકીને, કુશસ્થળે પિતાના ચરણને નમન કર્યું. લક્ષ્મીદત્તે અને લક્ષ્મીવતીએ હર્ષના આંસુ ખેરવતા શ્રી 'શ્રીચંદ્ર'ને સ્પર્શ કરી કહ્યું, 'પાંચ દિવસો વિયોગના એવા ગયા છે કે શત્રુને પણ એવા દિવસો ન આવો, આટલા દિવસો સુખનો ભોકતા ક્યાં થયો? ઇચ્છાથી કે બળાત્કારે રોક્યો હતો.'

'આપશ્રીની કૃપાથી સર્વત્ર જય, સૌખ્ય અને સન્માન પ્રાપ્ત થાય છે! કોઇક સ્થળે સુખપૂર્વક ક્રીડાને કરતો હતો, ત્યાં તો વરદત્ત શ્રેષ્ઠી બળાત્કારે સ્વગૃહે લઇ ગયા અને ત્યાં વિશાળ મહોત્સવ થયો! આજે પ્રભાતે તેમની રજા લઇને આવ્યો છું.' 'પ્રતાપસિંહે તારૂં અદ્‌ભુત જાણીને, તને રત્નપુર નગર ભેટ આપ્યું છે, તો શુભ દિવસે યુક્તિથી રાજાને ભેટજે.' 'પૂજ્યોનો આદેશ પ્રમાણભૂત થાવ.' લક્ષ્મીવતી શરીર અને વસ્ત્ર ઉપરથી રજને ખંખેરતી હતી ત્યાં તો હસ્ત ઉપર મીંઢળ જોઇને

હર્ષિત થઇને પતિને કહ્યું, 'હસ્ત ઉપરે વિવાહ સૂચક કંઇક દેખાય છે? 'હે વત્સી અમે હર્ષિત થઇએ તેવી વધામણી કહે.' શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'અલભ્ય લાભ પ્રાપ્ત કરાવનાર પ્રભાવશાળી કંઇક જ્યોતિષીએ બાંધ્યું છે'!

કેટલાક દિવસે મહેલની ઉપર ઝરૂખામાં શ્રી 'શ્રીચંદ્ર' ઉભા હતાં એટલામાં તો વાજીંત્રોના મધુર સ્વરોથી દિશાએ પૂરાઈ ગઈ! પદ્મિની, ગુણચંદ્ર આદિ, સર્વને આશ્ચર્યમાં ગરકાવ કરાવતા આવી રહ્યા હતાં, ત્યારે લોકો પૂછી રહ્યા હતાં, 'આ રસાલો ક્યાં જઈ રહ્યો છે'! લક્ષ્મીદત્તના આંગણે આવતા કોલાહલથી, વીટી આદિને છુપાવતા સંભ્રાત થઇ શ્રેષ્ઠીએ પૂછ્યું, 'આ શું છે'? બહાર આવી સૈન્યને જોઇને આકુળવ્યાકુળ થયા! એટલામાં તો ગુણચંદ્રે વંદન કરી કહ્યું, 'હે પૂજ્ય આ પદ્મિની ચંદ્રકળા આપશ્રી વહુ છે. વિવાહ આદિની સર્વ હકીકત કહીને, ચંદ્રકળાને કહ્યું. 'હે પદ્મિની! આપના પતિ અહિં છે. આ આપના સસરાને પગે લાગો.' શ્રેષ્ઠીએ આશ્ચર્યથી પદ્મિની સખીઓથી પરિવરેલી નિરખીને, અતિ ઉત્કંઠાથી સર્વ હકીકત પત્નીને કહી!

ગુણચંદ્રે પૂછ્યું, 'હે શ્રેષ્ઠી! આ સર્વને ક્યાં રાખવા છે'? 'ભાગ્યશાળી શ્રી 'શ્રીચંદ્ર'ને પૂછો.' ઉપર ઝરૂખામાં બિરાજમાન શ્રી 'શ્રીચંદ્ર'ને મિત્રોએ વિનંતી કરી. સૈનિકો આદિને આદરપૂર્વક બોલાવીને યથાસ્થાને જવાની આજ્ઞા કરી રથો અને અશ્વો આદિને શ્રીપુરમાં રાખ્યા. શ્રેષ્ઠીએ કહ્યું, 'હે વત્સ! આ સર્વ ઉત્કૃષ્ટ કર્યું પરંતુ અમારી રજા પણ લીધી નહી? આવું ધૈર્ય, અહંકાર રહિતપણું આદિ સર્વ કાંઇ આશ્ચર્યકારી છે! અમને પ્રવેશ મહોત્સવનો પણ આનંદ પ્રાપ્ત ન થયો.' ૭મા માળે વાસગૃહમાં પદ્મિની સખીઓથી યુક્ત પતિ સાથે વાર્તા વિનોતી આદિને કરતી સુખપૂર્વક રહી.

શ્રેષ્ઠીના મહેલમાં મંત્રીઓ, શ્રેષ્ઠીઓ આનંદથી આવ્યા સ્ત્રીઓથી યુક્ત. હર્ષપૂર્વક ગીતો આદિથી ગુંજી ઉઠયું ! મહાન મહોત્સવમાં ગીત, નૃત્ય, દાન આદિથી અતિ ઉત્કૃષ્ટ શોભાથી અને દાયજો આદિ દેખીને સર્વને આનંદ થયો. કેટલાક શ્રી 'શ્રીચંદ્ર'ના પુણ્યને, ભાગ્યને, ગુણોને, રૂપને, રથ અને અશ્વો અને કેટલાક પદ્મિનીના મુખકમળ, રૂપ આદિની પ્રશંસા કરવા લાગ્યા !

# પ્રકરણ ચોથું: જયકુમારની કપટલીલા

ધીરમંત્રીને વીણારવથી યુક્ત જયકુમારે જાણીને, ગાયકને તેડાવીને કહ્યું, 'શ્રી 'શ્રીચંદ્ર'નો પ્રબંધ તે મને સંભળાવે અને તારા ઉપર સંતુષ્ટ થઈને, જે જોઈએ તે માંગવાનું કહે, ત્યારે તેમના રથના જે બે અશ્વો છે, તેમાંથી એક માંગી લેવો. જો એમ તું કરીશ તો, તને અધિક મૂલ્ય આપીશ. આ નિશ્ચયથી અવશ્ય કરવું.' તેમના ભય અને દાક્ષિણ્યથી કબુલ્યું. આ કપટબાજી શ્રી 'શ્રીચંદ્ર'ના રથની અપૂર્વ ગતિને સ્ખલિત કરવા અર્થે જયકુમારે રચી.

'જેવી ભવિતવ્યતા હોય તેવી બુદ્ધિ થાય છે.' શ્રેષ્ઠી પાસે યુક્તિથી વીણારવે અનુમતિ મેળવીને, ગાવા માટે તૈયારી કરી, ત્યારે મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, સ્વજનો, નરનારીઓ આદિ સર્વ હર્ષથી આવ્યા. વધૂઓથી યુક્ત ઉત્કંઠાપૂર્વક લક્ષ્મીવતી બેઠી હતી. ધીરમંત્રી પરિવારથી યુક્ત અને નગરના અનેક લોકો બેઠા હતા. વીણારવનું સંગીત કર્ણને સુખ ઉત્પન્ન કરનારૂં હતું! પ્રબંધ અને રાત્રિના અંતે શ્રી 'શ્રીચંદ્ર'ના ગુણોના અનેક શ્લોક બોલ્યો.

'હે શ્રી 'શ્રીચંદ્ર'! ચંદ્ર મનોહર કિરણોની કળાથી, પર પ્રિયાઓને સ્પર્શ કરે છે! જે પૃથ્વીને હંમેશા નિર્મળ કરે છે. તે પૃથ્વી ઉપર હંમેશા નિર્મળ હોય છે'! 'હે શ્રી 'શ્રીચંદ્ર'! ચિત્તમાં વિશુદ્ધ બુદ્ધિ છે! મુખમાં સુંદર વાણી છે! લલાટમાં ભાગ્યોદય છે! ગૃહમાં લક્ષ્મી છે! બાહુમાં વીરતા વસી છે! વાણીમાં સત્ય છે! હસ્તમાં દાન છે! ત્વચામાં કાન્તિ પ્રકાશે છે! મનમાં શ્રી અરિહંત પરમાત્મા બીરાજમાન છે! ક્રિયામાં દયા વસેલી છે! જેથી તમારી કીર્તિને રહેવા અર્થે તમારામાં સ્થાન ન હોવાથી, કીર્તિ દશે દિશાઓમાં ફેલાઇ ગઇ છે'!

'હે શ્રી 'શ્રીચંદ્ર'! મુખમાં કમળની બુદ્ધિથી! હૃદયમાં ગંભીર સમુદ્રની શંકાથી! નાભિમાં પ્રહ્રદહની શંકાથી! બન્ને નયનોમાં ખીલેલાં કમળની શંકાથી! શરીરમાં રૂની શંકાથી! લક્ષ્મી વસેલી છે'! 'સમુદ્ર ખારો છે, ચંદ્ર કલંકથી દૂષિત છે! સૂર્ય ઉષ્ણ કાન્તિવાળો છે! કલ્પતરૂ લાકડું છે! ચિંતામણી પથ્થર છે! કામધેનુ પશુ છે! વાદળાં ચપળ છે! મેરૂ ધનના ઢગલાથી અદ્રશ્ય છે! અમૃત શેષનાગથી ઘેરાયલું છે! આ કારણથી એ સર્વની આપની સાથે સરખામણી કરી શકાય નહિ.'

સંતુષ્ટ થઇને શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે વીણારવ! ઇચ્છા અનુસાર રથ, અશ્વ, ધન, વસ્ત્ર, ગામ આદિ માંગી લે'! મૂઢ અને મંદ બુદ્ધિવાળા વીણારવે, વાયુવેગ અશ્વને માંગ્યો. અલ્પ પુણ્યવાળાને વિવેક ક્યાંથી હોય? કારણ કર્મને અનુસરનારી બુદ્ધિ હોય છે! 'તેં આ શું માંગ્યું? ઠીક'! કહીને ગુણચંદ્રને કહ્યું, 'શ્રીપુરથી રથને લાવીને, વાયુવેગ વીણારવને આપ રથ આપ્યો ત્યારે શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે વીણારવ! વાયુવેગથી તારૂં કાર્ય સિદ્ધ નહિ થાય, તો રત્નોથી જડેલા આ સુવેગરથ અને મહાબળવાન વાયુવેગ અને મહાવેગ અશ્વો લે.' ઉપરાંત

બીજું ધન આપીને સન્માન કર્યું. 'ચિરંજીવ'! એમ જય જયકાર ગાજી ઉઠ્યો!

બીજા કવિએ કહ્યું, 'હે વીર! શ્રી 'શ્રીચંદ્ર' તમે જયને પામો! તમે કોણ છો? હું કવિ છું. આ શું છે? કાગળ છે. એમા શું છે? કાવ્ય છે. તેમાં કયો ગુણ કહેવા યોગ્ય છે? અદ્ભુત રસ. 'હે શ્રી 'શ્રીચંદ્ર'! આપશ્રીના ઉજ્વળ યશથી, જગત શ્વેત થયું છે, ચંદ્રમા અને કાજળમાં જે શ્યામપણું દેખાય છે. તે આપના શત્રુઓની આંને દુઃખથી દેખાય છે.' 'હે શ્રી 'શ્રીચંદ્ર'! આપનો યશ ત્રણે જગતને શોભાવે છે. શ્વેતવિશાળ કમળથી યુક્ત, બ્રહ્મરસ્થાને હંસનું બાળ છે, આકાશમાં કમળની જેમ, ભમરાઓની શ્રેણી ચુંબન કરે છે! તેમ તમારો યશ ત્રણે જગતને ચુંબન કરે છે,' સોમ કવિએ કહ્યું, 'ચંદ્ર અસ્ત પામે છે ત્યારે ચંદ્રનું કલંક કયાં જાય છે? સતપુરૂષો હિતને કહે છે.' 'આ ત્રણે પદવી તમને છે'! કવિઓને ધન, આભૂષણ આદિ આપ્યું અને માંગણોને પણ યથાયોગ્ય આપ્યું. મહાજનો અને સર્વનું સન્માને કરીને, શ્રી 'શ્રીચંદ્રે' ગૌરવથી ભોજન કરાવીને, વસ્ત્રો અને સુવર્ણથી સર્વ કોઇને સંતોષ્યા!

તે અતિ ઉત્કૃષ્ટ ઉદારતા જોઇને, સર્વ ચમત્કાર પામીને બોલ્યા, 'અહોભાગ્ય! અહો સદ્ગુણો! રાજાઓ અને રાજકુમારો પણ આટલું આપવા શકિતમાન નથી. આ શ્રેષ્ઠી પુત્ર હોવા છતાં અમુ યાચના કરતાં ૬ ગણું અધિક આપે છે'! સર્વ સ્વ સ્થાને વિદાય થયા. અતિશય હર્ષથી અશ્વોથી યુકત રથ લઇને વીણારવ ગયો. બીજી તરફ લક્ષ્મીદત્તે સેવકો સાથે વિચારણા કરી, 'આવા પંચભદ્ર અશ્વો ફરી પુષ્કળ દ્રવ્ય આપવા છતાં પણ પ્રાપ્ત થશે નહિ. અતિ ઉદારતાથી આપી દીધા! ગમે તે મૂલ્ય ચૂકવીને પણ અશ્વો પાછા લેવા જોઇએ.'

શ્રી 'શ્રીચંદ્ર'ને કહ્યું, 'દાન આપ્યું તે તો સારું કર્યું', પરંતુ રાજાના દાનથી પણ અધિક છે! દ્વેષથી જયકુમાર છિદ્રો જુએ છે એમ ધીરમંત્રીએ કહ્યું હતું, તે શું ખબર નથી? જે અશ્વો અને રથના લીધે આટલી બધી ભૂમિ તેં જોઈ, તે જ્યાં અને ત્યાં જરાતરામાં કેમ આપી શકાય? રાજાને ખબર પડશે તો તે પણ ગુસ્સે થશે, કારણ એવા રાજા પાસે પણ નથી. માટે એનું મૂલ્ય આપીને પાછા ગ્રહણ કરવા જોઈએ.' કંઈક વિચારીને વિનયપૂર્વક કહ્યું, 'હે પિતાજી! આ એક અપરાધની ક્ષમા કરો. દીધેલું દાન પાછું ન જ લેવાય! આપેલું પાછું લઉં તો હું હલકામાં પણ હલકો કહેવાઉં! તે રથ અને અશ્વો કયાં? તે સર્વ પુણ્યથી અને ભાગ્યથી મળ્યા હતા અને મળશે.' એમ કહી સ્વસ્થાને ગગા.

ત્યાં ચિત્તમાં વિચાર્યું, 'પરતંત્રતાને ધિક્કાર છે! શું આપ્યું છે? આવી રીતે કેમ આપી શકાય? અત્રે રહેવું તે હવે ખાટલામાં માંકડ રહે તેવું છે, તો અત્રે રહેવું તે યોગ્ય ન કહેવાય. સાહસથી કઈ સિદ્ધિ થતી નથી? સુવિદ્યાવાળાને વિદેશ શું છે? સમર્થને શું ભારે છે! પ્રિયવાદીને પર કોણ છે? ભ્રમણથી વિવિધ ચારિત્રને જાણી શકાય. સ્વઈચ્છા અનુસાર હવે જુદા જુદા દેશ દેખવા પ્રયાણ કરું.'

'પિતાને પણ જણાવ્યા વિના અને ગુણચંદ્ર જાણશે તો બળાત્કારે રોકશે અથવા મારી સાથે આવશે તો તેને મારા કારણે તેના પિતાનો વિયોગ થશે. પદ્મિનીને જણાવવું જોઈએ, નહિતર મારા વિયોગથી અતિ દુઃખી થશે. તે કેવી રીતે રહેશે? હરિણીની પ્રમાણે તેને અહિંથી અને તહિંથી ભ્રષ્ટ કેમ કરી શકાય. તો સુંદર વાર્તાલાપથી હૃદય દેખાડીને, સર્વ જાણકરીને વિદાય થાઉં! આવીને ગુણચંદ્રે વિનંતી કરી,

'હે મિત્ર! લક્ષ્મીદત્તના તે વિચાર જાણીને બુદ્ધિશાળી વીણારવે મારા દ્વારા વિનંતી કરી છે કે, 'જયના કહેવાથી મેં અશ્વોની માગણી કરી હતી! પરંતુ મારી ઇચ્છાથી નહિ. તો હવે હું રાજપુત્ર પાસે જઇશ નહિ. માટે મને ઉચિત સુવર્ણ આપીને અશ્વોથી યુક્ત રથ લઇ લો.'

'આપશ્રીનું દાન ચક્રવર્તીપણું હું જાણું છું! અશ્વોથી યુક્ત દાનનું ફળ વિશાળ છે! મણિ, મુક્તાફળ, ધન, વસ્ત્ર આદિના દાનથી હે વીર! અમને ખરીદી લીધા છે એ ગુણોથી અમે બંધાઇ ગયા છીએ આપે જે આપ્યું છે, તે બીજો કોણ આપી શકશે? તો કૃપા કરી આ અશ્વોથી યુક્ત રથને ગ્રહણ કરીને, મારા જમણાહસ્તને મુક્ત કરો'! 'હે મિત્ર! વીણારવને કહેવું, 'આ હસ્તથી આપેલા દાનનું હવે મને કાંઇપણ પ્રયોજન નથી.' કહ્યું છે, 'સજ્જનના મુખમાં એક જીભ હોય છે, બ્રહ્માને ચાર, અગ્નિને ૭, કાર્તિકસ્વામીને ૬, રાવણને ૧૦, શેષનાગને હજાર અને દુર્જનને લાખો અને ક્રોડોથી પણ અધિક જીભ હોય છે! હજી કાંઇપણ ઇચ્છા હોય તો તે પણ લઇ જા.'

જતા એવા મિત્રને આગામી વિરહની સ્મૃતિથી, આદ્રનયનથી યુક્ત શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, આ પ્રમાણે કરવું ન હતું, તો હવે પિતાને શું કહેશું? હવે શું કરશું? આ દુઃખથી દુઃખી હું, હે મિત્ર! દર્પણના પ્રતિબિંબના પ્રમાણે હું કરીશ તો તને દુઃખ થશે! લો તે દુઃખથી સર્યું"! મારી જે કીર્તિ છે અને સંપત્તિ આદિ છે, તે સર્વ તારા કારણે છે, તો તેનાથી તારી ઇચ્છા અનુસાર કરવું"! વેગથી ધનંજયે આવીને કહ્યું, 'હે સ્વામિન! ઉત્તમ અશ્વો શ્રીપુરથી આગળ જતા નથી, વીણારવની પ્રેરણા નિષ્ફળ થઇ છે'!

## 'શ્રીચંદ્ર'ની મહાનતા:

તત્ક્ષણ મિત્ર, સૈનિકો આદિથી યુક્ત શ્રીપુરમાં આવ્યા. સ્વ સ્વામીને દેખીને ઉંચેથી હણહણીને હર્ષ વ્યક્ત કર્યો. તે દેખીને શ્રી 'શ્રીચંદ્ર'ના નયનોમાં અશ્રુ આવ્યા, સ્નેહથી અશ્વોને થાબડે છે ત્યાં તો અશ્વોએ પણ અશ્રુ ખેરવ્યાં! તેમનું સન્માન કરીને, તેમના ગુણોની પ્રશંસા કરીને કહ્યું, 'હે ભદ્રો! તમે બન્ને મારા હસ્ત સમાન છો! મારા ચિત્ત, નેત્ર અને હસ્તથી જરા પણ ઉતરતા નથી, તો પણ મને એવો સમય આવ્યો છે! વરદાનથી હું દેવાદાર છું, માટે તમે ગામક સાથે જાવ.' તેઓ શ્રી 'શ્રીચંદ્ર'ના કહેવાથી ધપ્યા! તે અશ્વોના ગુણોની શ્રેણીથી હૃદય ભરાયું!

ગુણચંદ્રને સર્વાધિકારી તરીકેની યુક્ત કર્યો. ધનંજયને સેનાપતિ તરીકે નિયુક્ત કર્યો. બીજાઓને પણ યોગ્ય સ્થળના અધિકારી નીમીને, કીલ્લા અને મહેલમાં કાર્ય કરનાર સેવકોને સુવર્ણ અને ધન આદિ આપીને, યથા યોગ્ય હિતશિક્ષા આપીને, જુદી જુદી રીતે કહીને, શ્રીપુરને સ્વર્ગ સમાન બનાવીને, શ્રી 'શ્રીચંદ્ર' રાજાની જેમ, ૧૫ હજાર અંગરક્ષકો, ૫૦૦ બંદીજનો, ભાટ, વાજીંત્રોથી યુકત, વેગથી કુશસ્થળમાં સ્વમહેલમાં પધાર્યા.

ધીરમંત્રીએ શ્રી 'શ્રીચંદ્ર'ને નમીને, ગુણચંદ્રથી યુક્ત લક્ષ્મીદત્ત શ્રેષ્ઠી પાસે આવીને વિનંતી કરી, શ્રેષ્ઠીએ કહ્યું, 'હે ધીરમંત્રી! બે દિવસ રાહ જુઓ શ્રી 'શ્રીચંદ્ર' પ્રતાપસિંહ રાજાને ભેટવા જશે ત્યારે તમે પણ જજો, ત્યાં રાજાને વિનંતી કરવી, આદેશ અનુસાર થશે. સૂર્યવતીની ભાણી પદ્મિની પણ તેમને ભેટવા જશે.' ભોજનશાળામાં શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે માતા! લાડવા આપ.' ઘણા લાડવા આપ્યા. ભાવથી કટકા કરીને, પત્નીઓ અને સખીઓને સર્વને વહેંચી આપ્યા.

બુદ્ધિશાળીએ સંધ્યાભોજન શ્રેષ્ઠી સાથે કર્યું સ્વ મહેલમાં કણકોટથી આવેલ મંત્રીઓ સાથે હિસાબ કરવા ગુણચંદ્રને અને બીજાઓને જુદા જુદા કાર્યમાં યોજીને, રાત્રીના પ્રારંભે પદ્મિનીના મહેલમાં પધાર્યા. પ્રફુલ્લિત હૃદયથી ચંદ્રકળાએ અતિ હર્ષથી, મન, વચન અને તનથી, સ્વઇચ્છાથી પતિની અદ્ભુત સેવા કરી! પિતા સાથે થયેલી સર્વ વાત કહીને, 'જો પિતા આમ કહે તો, તે કોને કહી શકાય? આવું અલ્પદાન પણ યોગ્ય ન લાગ્યું! તો સ્વઇચ્છા અનુસાર ખરેખર દાન કેવી રીતે આપી શકાય.

## ગંભીર વિચારણા :

મેં કોઇ દિવસ પિતાની આજ્ઞા ઉથાપી નથી, આજે પ્રથમ જ આજ્ઞા પાળી શકાઇ નથી. મૂલ્ય આપીને દાન પાછું લેવાની રજમાત્ર પણ ઇચ્છા નથી. અમૃતરસથી પણ અધિક એવી માતા, પિતા અને ગુરૂની આજ્ઞા જે માનતો નથી, તે દુષ્ટ બુદ્ધિવાળો સર્વથા મૃત્યુ પામેલો છે. હૃદયમાં તે હું જાણતો હતો, છતાં પણ તે પાળી નથી, તેથી હું પુણ્યહીન અને કદાગ્રહી છું'! વિચાર્યું, 'અહો આશ્ચર્ય છે! શું સ્વામીની નમ્રતા છે! ગુરૂભક્તિ, ધનની શક્તિ અને ચિત્તની ગંભીરતા'! કહ્યું, 'હે નાથ! આપશ્રીનું મન અનુત્તર છે. આ બુદ્ધિ દાન, પુણ્યને અનુસરનારી છે! કુટુંબમાં કોઇ કેવા પ્રકારના હોય છે! આપણે સુખેથી રાજને ભોગવશું'! શુકનની ગાંઠ તત્ક્ષણ બાંધી.

કહ્યું, 'હે પ્રિયે! તે તો તેઓ જાણે! સ્વ સ્વાધીન કાંઇપણ નથી! તો હવે હું મોઢું કેવી રીતે દેખાડું? માટે હું દેશાટન અર્થે અલ્પ સમય માટે દેશાંતર જાઉં? મારે સર્વ સુખ છે પરંતુ કોણ જાણે છે કે, કોના ભાગ્યનું છે? જો મારૂં પુણ્ય હશે તો હું કૌતક જોવાની ઇચ્છાથી ભ્રમણ કરી, સ્વલ્પ સમયમાં

પાછો આવીશ'! જાણેવજ્રથી હણાઇ, હૃદયના દુઃખથી દુઃખી પદ્મિની રુદન કરતી એવી બોલી 'હે દેવ! આ પ્રમાણે શું કહો છો? પતિ, સાસુ, સસરા આદિને દુઃખ ઉદ્વેગના કારણભૂત હમણાંજ શું હું વિષકન્યા થઇ? હે નાથ! આપશ્રીને શું ઓછું છે? હસ્તિઓ અશ્વો, રથો, સૈનિકો, સુવર્ણ, રત્નો આદિ વિશાળ સામગ્રી છે! શું આપશ્રીનું પુણ્ય જોયું નથી? ભવિષ્યમાં જોશું? તેમાં કાંઇપણ શંકા નથી. આપશ્રી અત્રે રહો.

શ્રીચંદ્રે કહ્યું, 'હે ચિત્તને જાણનારી! ધીર થા, હે કલ્યાણી! રુદનથી શું? તે તો અમંગળ છે, માટે તેથી સર્યું. હે અબળા! શું ભવદુઃખને જાણતી નથી? તો અબળા ન બન પરંતુ સબળા બન! સાસુ સસરાએ જે આપ્યું છે, તે મને કાંઇ રુચતું નથી પરંતુ હું જે સ્વભુજાથી પ્રાપ્ત કરું તેમાં શોભા ગણાય. મને બધાથી તું વધારે પ્રિય હોવાથી ફક્ત તને જ પૂછ્યું છે, માતા, પિતા કે મિત્રને પણ પૂછ્યું નથી. તો હે ભદ્રે! જો જવા રજા આપે તો આજે ઇચ્છિત સાધું.'

ચંદ્રકળાએ કહ્યું, 'હે સ્વામિન! આ બુદ્ધિ પુરુષપણાની અને વચનથી પણ અગોચર છે! 'વિશાળ માનહસ્તિએ અભિમાનરૂપી વૃક્ષને, દીનતારૂપી વનમાં ભાંગ્યું! તેથી ગુણરૂપી પક્ષીઓ ઉડી ગયા સુખરૂપી ફળો ખરી પડ્યાં. ચારેતરફના ફેલાયેલા યશરૂપી ઝુમખાં અને પ્રમોદરૂપી હરણીઓઓનો વિનાશ થયો' 'હે નાથ! મને લઇ ચાલો, શું પત્ની પતિ સાથે જતી નથી? હું બીજા બધાના વિયોગ સહવા સમર્થ છું પરંતુ આપશ્રીનો વિયોગ ક્ષણવાર પણ સહન કરવા સમર્થ નથી. મને ક્ષણવાર પણ વિયોગ ન થાવ! ઘણી સખીઓમાં પણ આપશ્રી વિના એકલી જ છું. મારા પ્રાણ આપશ્રીને આધીન છે. આપશ્રી જો સુખી તો હું પણ સુખી. પૂર્વના પુણ્યથી સ્થ ને સ્થાને આપશ્રીને સુખ પ્રાપ્ત થશે'

'હંમેશાં મને દુઃખ અહિં થશે. હે સ્વામિન! લઇ જવાથી માર્ગમાં કાંઇપણ હરકત નહિ આવે. આપશ્રીના શરીરની છાયા પ્રમાણે હું રહીશ, મને કૃપા કરી આજ્ઞા આપો.' શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે બુદ્ધિશાળી પદ્મિની! તું તારા કુળને ઉચિત કહી રહી છે, પરંતુ પ્રવાસમાં કયાં ગ્રીષ્મઋતુની કર્કશતા અને કયાં તારી સુકોમળતા? કયાં ક્ષુધાતૃષાની હાડમારી અને કયાં તું રાજપુત્રી કયાં સૂર્યના ઉગ્ર કિરણોથી તપેલી ભૂમિ અને કયાં તારા સુકોમળ ચરણો? કયારેક ગરમી, કયારેક ઠંડી, કયાંક વસ્તી અને કયાંક ઉજ્જડ! કયાંક સરળ અને કયાંક અતિ વિકટ માર્ગ! તો પગલે પગલે અતિ કષ્ટ પડશે, માટે હે સ્નેહવાળી! તારા સાથે મને પણ દુઃખ પડશે. માટે સ્વયં વિચારીને મારા આદેશથી, પતિવ્રતા અહિં કે તારા માતાપિતાને ગૃહે રહીને હર્ષથી દેવાધિદેવની પૂજા આદિ ધર્મને કર, તે ધર્મ અને તારા શીલના પ્રભાવે માર્ગમાં હું સુખી થઇશ.' સ્વવસ્ત્રથી ચંદ્રકળાના અશ્રુને લૂછયાં.

મણિ, આભૂષણ આદિ આપીને હિતશિક્ષા આપી અતિ પ્રવીણ એવી પદ્મિનીએ, જવાના નિશ્ચયવાળા પતિને જાણીને, પતિના હિતને ઇચ્છતી એવી ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું, 'જો હું જાવ એમ કહું તો મારામાં સ્નેહ નથી. જો ન જાવ એમ કહું તો અપમંગળ કહેવાય! રહો એમ કહું તો ઉદાસીનતા કહેવાય. સાથે જ આવીશ તો કદાગ્રહીપણું કહેવાય. જો સાથે નહિ આવું એમ કહું તો, મારી તુચ્છતા કહેવાય. પ્રયાણ વેળા શું કહેવું તે હું જાણતી નથી.'

## મંત્રધિરાજ મહિમા :

પદ્મિનીએ કહ્યું, 'હે પ્રાણનાથ! તો પણ શ્રી ગુરૂ મહારાજશ્રીએ શ્રી નવકારમહામંત્રનો ઘણો મહિમા કહ્યો છે.

તે આત્મરક્ષા નવકાર મંત્ર મસ્તકનું અને મુખનું રક્ષણ કરે છે, કાયાનું બખ્તર થાય છે, પગનું રક્ષણ કરે છે, તો પાંચ પદોથી હંમેશા આત્મરક્ષા કરવી. ચૂલિકાથી ભૂમિ વજ્રમય શિલા થાય છે અને ચારે તરફ ખેરના અંગારાથી રચેલી ખાઈ થાય છે. ૪થી ચૂલિકાથી કિલ્લા ઉપર વજ્રમય મંડપ રચાય છે, તેથી શરીરની બાહ્ય રક્ષા કરવી. સર્વ કોઇ સુંદર અવસરે, યુદ્ધની વેળાએ, માર્ગમાં અને બીજા પ્રસંગે આ મંત્રથી રક્ષા કરવી.'

'શ્રી મંત્રાધિરાજના પ્રભાવે શત્રુ, ચોર. વાઘ વૈતાલ આદિના સર્વ ભયો દૂર થાય છે. મંત્ર ગણવાથી અને સ્મરણ કરવાથી, પગલે પગલે સંપદાઓ ઉત્પન્ન થાય છે! એ મહામંત્રના ધ્યાનથી આપશ્રીનું કલ્યાણ થાઓ! હે નરરત્ન! આપશ્રીનું તુરત શુભ આગમન થાઓ! આપશ્રીને સર્વત્ર વાંછિત પ્રાપ્ત થાવ'! એ શુભ વચનને ગ્રહણ કરીને, સ્નેહ વાર્તાલાપ કરીને, શુકન અર્થે ફળ સ્વીકારીને, દ્રવ્યથી યુક્ત, નિત્યના વેષમાં નગર બહાર આવીને, જે દિશામાં શુભ પક્ષીઓએ શુભ શુકન કર્યા તે દિશામાં, જેમની સાથે પૂર્વ કર્મ હતાં એવા વિશુદ્ધ પ્રતાપસિંહના પુત્રે પ્રયાણ કર્યું. પ્રભાતે અવધૂતને જોયા.

## દેશાટન :

મૂલ્ય આપી તેનો વેષ લઇને, સ્વવેષને ગોપવી તે અવધૂતના વેષે ઉત્તર દિશામાં આગળ ધપ્યા. ગ્રામ, નગર, ઉદ્યાન, નદી, સરોવર, કૂવા, ગિરિ અને મઠ આદિને જોતા, કોઇ વખત ક્વચિત્ સ્થળે શ્રી 'શ્રીચંદ્ર'નો પ્રબંધ સાંભળતા ક્યાંક રાધાવેધનો રાસ સાંભળતા, ક્યારેક વાર્તા, કાવ્ય, ગીત અને સુવેગરથ, પંચભદ્રો અશ્વો, પદ્મિનીના વર્ણન સાંભળતા, ક્યારેક ખેડૂત સ્ત્રીઓ કેદાર રાગમાં ગાતી, ક્યાંક ખેડૂતો અને સ્ત્રીઓ હીંડોળે

ઝુલતા, ઉદ્યાનમાં રમતા એવા નરનારીઓ સુંદર મધુર સ્વરે શ્રી 'શ્રીચંદ્ર'નાં કીર્તિનને કરે છે. સ્વગુણોને ઠેક ઠેકાણે સાંભળતા, આગળને આગળ જઈ રહ્યા હતાં.

પ્રભાતે રાજસભામાં ધીરમંત્રી યુક્તિથી શ્રી 'શ્રીચંદ્ર'ના વિવાહની પ્રતાપસિંહને વિનંતી કરે છે, ત્યાં તો દીપચંદ્રના સેનાપતિ જે પદ્મિનીને મૂકવા આવ્યો હતો, તેણે ચંદ્રકળાની સર્વ હકીકત કહી. તે સર્વ પ્રતાપસિંહે સૂર્યવતીને કહી. હર્ષથી સૂર્યવતીએ કહ્યું, 'મારી બ્હેનની પુત્રી પદ્મિની છે.' રાજાની આજ્ઞા લઈને, મહોત્સવપૂર્વક શ્રી 'શ્રીચંદ્ર'ના મહેલમાં આવી. ચંદ્રકળાને સૂર્યવતીએ હર્ષપૂર્વક હૃદયથી ભેટીને આલિંગન કર્યું અને પૂછ્યું, દીપશિખામાં સર્વ કુશળ છે'? દાયજો જોયો. તે સર્વ વસ્તુઓથી યુક્ત ચંદ્રકળાને લઈને પ્રતાપસિંહ પાસે આવી. રાજા પદ્મિની અને દાયજો જોઈને આશ્ચર્ય પામ્યો. પ્રતાપસિંહે પૂછ્યું, શ્રી 'શ્રીચંદ્ર' ક્યાં છે'? મૌન રહી.

સૂર્યવતીએ પૂછ્યું, 'હે ચંદ્રકળા તું કેવી રીતે પરણી'? સર્વ સવિસ્તર વર્ણવ્યું. ત્યાર પછી સર્વ વસ્તુઓથી યુક્ત સ્વગૃહે ગઈ. લક્ષ્મીદત્ત, ગુણચંદ્ર અને સૈનિકોએ શ્રી 'શ્રીચંદ્ર'ની ઘણી શોધ કરી, કોઈ પત્તો લાગ્યો નહિ. તેથી સર્વ દુઃખી થયા. ગુણીચંદ્રને જેમ અલ્પ જળમાં માછલી તરફડે તેમ ક્યાંય પણ ચેન ન પડવાથી, શ્રેષ્ઠીએ કહ્યું, 'હું નિર્ભાગી છું. મેં દાન આપેલું મૂલ્ય આપી પાછું લેવા કદાગ્રહ કર્યો, જેથી દુઃખ પામીને ક્યાંક પણ ચાલ્યા ગયા. લક્ષ્મીવતીએ કહ્યું, 'ક્યારે પણ માંગ્યું ન હતું, પરંતુ ગઈ કાલે પોતે લાડવા માંગીને, સ્વહસ્તથી કટકા કરીને સર્વને વ્હેંચી આપ્યા. પરંતુ મેં જાણ્યું નહિ કે આવતી કાલે જવાના છે'

શ્રી 'શ્રીચંદ્ર' ચાલ્યા ગયા તે, વાત જેમ 'જળમાં તેલ' અને 'ખલને આપેલું દાન' ગુપ્ત ન રહે તેમ, સર્વત્ર તત્ક્ષણ ફેલાઇ ગઇ! અતિશય દુ:ખી એવા રુદન કરતા ગુણચંદ્રે' ચંદ્રકળાને પૂછ્યું, 'હે સ્વામિની! મારા મિત્ર ક્યાં ગયા છે.' સતીશિરોમણી પદ્મિનીએ કહ્યું, 'તમારા મિત્રનું ગુઢ મન અને ગમન એ બન્ને કોઇપણ જાણી શકયા નથી.' સર્વત્ર પ્રતાપસિંહે તપાસ કરાવી, પરંતુ ક્યાંય પણ પત્તો લાગ્યો નહિ. ૩ દિવસ કોઇએ પણ વિલાસ, વેપાર અને કોઇપણ કાર્ય કર્યું નહિ. શ્રેષ્ઠીને ત્યાં ગીત અને ભોજન પણ નહિ. વાર્તાલાપ પણ કોઇ કરતું નથી. વિશેષથી દુ:ખ થયું.

૪થે દિવસે જ્ઞાની ગુરૂ મહારાજશ્રી કુશસ્થળે પધાર્યા. પ્રતાપસિંહ સૂર્યવતી, લક્ષ્મીદત્ત, ગુણચંદ્ર, પદ્મિની આદિ તેમજ નગરના સર્વ નરનારી વંદન કરીને, સર્વ યથાસ્થાને બેઠા. મહાતપસ્વીજીએ ધર્મલાભના આશિર્વાદપૂર્વક ધર્મનો ઉપદેશ કર્યો. અંતે સૂર્યવતીએ પ્રશ્ન કર્યો, 'હે ભગવન્! પહેલા જયના ભયથી ઉદ્યાનમાં પુષ્પોના ઢગલામાં શ્રી 'શ્રીચંદ્ર'ને છુપાવ્યો હતો, તેનું શું થયું'? જ્ઞાનથી જાણીને, સભાને જાણવા યોગ્ય હોવાથી ગુરુ મહારાજશ્રીએ કહ્યું, 'હે ભદ્રે! પુણ્યથી અધિક, તેજસ્વીઓમાં પણ શ્રેષ્ટ! એવા શ્રી શ્રીચંદ્ર'ને સુરક્ષાત અર્થે ગોત્રદેવીએ હિત જાણીને, સ્વપ્નમાં લક્ષ્મીદત્તને સૂચવ્યો.'

'લક્ષ્મીદત્ત લક્ષાધિપતિ હતો તે શ્રી 'શ્રીચંદ્ર'ના પુણ્યથી કોટયાધિપતિ થયો. લક્ષ્મીવતીએ પણ અતિ હર્ષથી ઉછેર્યો. વીંટી ઉપરના નામ ઉપરથી એજ નામ પાડયું. તમે પણ એક વખત શું સ્નેહથી શ્રી 'શ્રીચંદ્ર' જોયો ન હતો? હે રાજન! તમે જ્યારે તેને ખોળામાં બેસાડયો હતો, ત્યારે શું દૃષ્ટિના મોહથી પુત્ર પ્રેમ ઉત્પન્ન થયો ન હતો? શ્રેષ્ઠીએ જ્યારે બીજી

ખ્યાતિ કહી ત્યારે શું તમને આનંદ થયો ન હતો? દાનેશ્વરીમાં પણ મુખ્ય, તે દેશાંતર ગયા છે, એક વર્ષમાં રાજા થઇને તમને ભેટશે.'

પ્રતાપસિંહ અને સૂર્યવતી લક્ષ્મીદત્ત અને લક્ષ્મીવતીની પ્રશંસા કરી. તેમનો સ્નેહ દ્વિગુણિત વૃદ્ધિ પામ્યો. જ્ઞાનીના વચનથી નિમિત્તિઆના સર્વ વચન સત્ય ઠર્યાં સૂર્યવતીનો પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' છે, એવી હર્ષથી પ્રકર્ષને કરતી વાણી પ્રગટ થઇ! વિશેષથી ચંદ્રકળા અને ગુણચંદ્ર આદિને અતિશય હર્ષ થયો! કવિઓએ કહ્યું, 'નરસિંહ રાજાના કુળમાં સૂર્ય સમાન પ્રતાપસિંહ રાજાનો પુત્ર અને સૂર્યવતીનો પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' જગતમાં જય પામો'! સર્વ ગુરુદેવને વંદન કરીને હર્ષપૂર્વક સ્વગૃહે ગયા.

સ્વપુત્ર શ્રી 'શ્રીચંદ્ર' છે, તે નિમિત્તે પ્રતાપસિંહે સર્વત્ર મહોત્સવ પ્રવર્તાવ્યો. જે ગંધહસ્તિને સ્વપુત્ર અર્થે સૂર્યવતીએ ચુંટીને રાખ્યો હતો, તેને શ્રી 'શ્રીચંદ્ર'ના પટ્ટહસ્તિ તરીકે કુશસ્થળમાં સ્થાપન કરાવ્યો. પદ્મિની ચંદ્રકળા કોઇ વખતે સૂર્યવતીના મહેલમાં, કોઇ વખત શ્રેષ્ઠીના ગૃહે અને કોઇ વખત શ્રીપુરમાં રહીને ધર્મને કરતી હતી.

'ધર્મ જેને પ્રિય છે તેને ધર્મ આપે છે, જેને ધન પ્રિય છે તેને ધન આપે છે, સૌભાગ્યના અર્થીને સૌભાગ્ય આપે છે, કામના અર્થીને કામ આપે છે, વળી બીજું પણ ઘણું ઘણું આપે છે, પુત્રાર્થીને પુત્ર આપે છે, રાજના અર્થીને રાજ આપે છે! કહ્યું છે, ધર્મ શું નથી આપતો? ધર્મ સ્વર્ગ અને મોક્ષ પણ આપે છે.' (૨ ખંડ પૂર્ણ.)

卐

અંક ૩ જો

# પ્રકરણ પહેલું : પુણ્ય પ્રભાવે

ચંદ્રની જેમ પ્રતાપસિંહનો પુત્ર વિહરતો અને કમલને આનંદ પમાડતો, કયારેક અશ્વ ઉપર, કયારેક ગાડા ઉપર, કયારેક પગે. કોઈ વખત દિવસે, કોઇ સમયે રાત્રીએ, શ્રી પરમેષ્ઠી મહામંત્રના પદના ધ્યાનથી અને પૂર્વ પુણ્યના પ્રભાવે અને ગુરુએ આપેલ ઔષધીના કારણે સર્વત્ર નિર્ભય થયા. કોઇ વણિકને ૧ સોના-મહોર આપી તેને ત્યાં જમીને, વધેલા પૈસા લીધા સિવાય ચાલ્યા ગયા. હંમેશા ૫–૭ જણા સાથે જમે છે પરંતુ એકલા જમતા નથી. વિકટ માર્ગમાં ભૂલા પડેલા મુસાફરોને કંઇક ધનની મદદ કરે છે.

કોઇ એક સમયે એક વૃક્ષ ઉપર બેઠા હતા, ત્યાં તો ચંદ્રના પ્રકાશમાં એક મનુષ્યની છાયા જતી દેખાય છે, પરંતુ મનુષ્ય દેખાતો નથી. શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'કોઈ અંજન કે ગોળીથી સિદ્ધ થયેલા લાગે છે, તે કાંઇક ભારને ઉપાડી જતો લાગે છે, તે કોણ હશે'? તેને જોવાની ઇચ્છાથી બુદ્ધિશાળી નીચે ઉતરીને, તે છાયાની પાછળ પડયા. આગળ ઘણા વૃક્ષોની છાયામાં તે છાયા અદ્રશ્ય થઇ ગઇ! ત્યાં રોકાયા.

ક્ષણવારમાં અરુણોદય થતાં સ્વબુદ્ધિથી છાયાના પગલાંને, તેના અનુસારે આગળ ધપ્યા! એક વિશાળ પર્વતમાં એક ઉંચી શિલાને જોઇ. તેના મધ્યમાં થઇને પ્રવેશતા અને નિકળતા એવા પગલા જોયા. ત્યાં નજીકની વાવડી પાસે, ફળ અને જળથી તૃપ્ત થઇને, એક વૃક્ષની બખોલમાં શ્રી 'શ્રીચંદ્ર' ગુફા તરફ નિરીક્ષણ કરતા રહ્યા! ત્રીજા પહોરે ગુફાના મધ્ય ભાગમાંથી શિલાને ઉંચી કરીને, વાદળી રંગના વસ્ત્ર ધારણ કરેલ અને શસ્ત્રથી સજ્જ એક પુરુષ પાન ચાવતો હતો તે વાવડી પાસે જઇને, જળ પીને અને જળ લઇને ગુફામાં પેસીને ત્યાં જળ મૂકીને, પૂર્વની પ્રમાણે બહાર નીચળીને, ગુફાના મુખમાં શિલા મૂકીને, વાવડીના જળથી કોગળા કરીને, મુખમાં અદ્‌ભુત ગોળીને મૂકતાં જ તે યુવાન અદ્રશ્ય થઈ ગયો! અને મનુષ્યની છાયા તડકામાં જતી દેખાઇ.

તે દૂર ગઇ એમ જોઇને, ગુફાના મુખમાંથી શ્રી 'શ્રીચંદ્ર' બળવાન શિલાને ખસેડી નીચે ઉતર્યા. અંદર સુવર્ણ અને રત્નોથી ભરપૂર મહેલની મધ્યમાં પ્રૌઢ વયની તરુણીને જોતાં જ નમસ્કાર કરીને કહ્યું, "બ્હેન! તમે એકલા કોણ છો"? નયનોમાં અશ્રુ ખેરવતા કહ્યું, 'હે ઉત્તમ પુરુષ! નાયક નગરમાં રવિદત્ત મંત્રી બ્રાહ્મણ છે, તેની પત્ની હું શિવમતી છું. ત્યાં હંમેશાં ચોરીઓ થતી હતી. લોકોએ રાજાને વિનંતી કરી, 'જો આપ રક્ષણ ન કરી શકતા હો તો, અમે પ્રતાપસિંહ રાજાને વિનંતી કરીએ.' ભયભ્રાંત થઇને, લોકોનું સન્માન કરી, કોટવાલને રોષથી ઠપકો આપ્યો. 'કોઈ સિદ્ધ ચોર છે, હું તેને જોઇશ'! તે જાણીને કોટવાલને ત્યાં જ ચોરી કરી! જે કોઇ તેને પકડવાની પ્રતિજ્ઞા કરે છે, તેના ગૃહે જ ચોરી કરે છે. રવિદત્તે સ્વગૃહને ખાલી કરીને, રાત્રીએ સર્વત્ર જુએ છે પરંતુ ક્યાંય પણ મળ્યો નહિ.'

'ચોરને મંત્રીના ગૃહે કાંઈપણ ન મળવાથી શોચયમાન થઈને, મારા વસ્ત્રથી જ મારૂં મુખ અને હસ્તને બાંધી ખભે નાખીને અત્રે લઈ આવ્યો અને કહ્યું, 'હે ભદ્રે! મને રત્નપુર જાણ' 'હે બન્ધુ! હું કાંઈપણ જાણતી નથી.' કોઈક સમયે અદ્રશ્ય અને કોઈ સમયે દ્રશ્ય થઈને રોજ જાય છે અને શેષ રાત્રિ રહે છે ત્યારે તે પાછો આવે છે. મારે બાળપુત્રોનો ૩ દિવસથી વિયોગ છે, જેથી હું અતિ દુઃખી છું. શું મારા ભાગ્યના આમંત્રણથી તું આવ્યો છે? તું કોણ છે'? 'હું અવધુત છું.' 'હે ભદ્ર! જો તું મને આ પાપીના પંજામાંથી મુક્ત કરાવીશ, તો મારી મુક્તિનું અને માતા પુત્રનો મેળાપ કરાવવાનું ફળ પ્રાપ્ત થશે.'

શ્રી 'શ્રીચંદ્ર' શિવમતીથી યુકત ગુફા બહાર નીકળીને મંત્રીના ગૃહે પહોંચ્યા. રવિદત્તે અતિ પ્રશંસા કરી. શિવમતી સેવા કરીને ઉચિત ભેટ આપતી હતી પરંતુ શ્રી 'શ્રીચંદ્ર' વસ્ત્ર અને ધન આદિ લેતા નથી. યાદગિરી અર્થે સ્વવીંટી બળાત્કારે ભેટ આપી. તત્ત્વદૃષ્ટિવાળા શ્રી 'શ્રીચંદ્ર' તે ચોરના પગલે તે ગુફા નજીક વૃક્ષ ઉપર રહ્યા. એટલામાં તો પાછળથી માણસો અને દ્રશ્ય ચોરને આવતા જોયા. પરસ્પર નામને પૂછ્યું. શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'મારું નામ લક્ષ્મીચંદ છે.' ચોરે કહ્યું, મારું નામ રત્નાકર છે.'

શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'જો ચોર કહે તો હું ગુફાનું દ્વાર ઉઘાડું.' 'હે મિત્ર. ચિંતાતુર કેમ દેખાવ છો'? ચોર વિચારીને કહેવા જતો હતો, ત્યાં તો બીજા પાંચ મુસાફરો આવીને તેજ વૃક્ષની છાયામાં બેઠા અને પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા. તે પાંચની સાક્ષીએ, રમતમાં ચોર અને સ્વ મસ્તકના ફેંટામાં ભેગા કરીને શિલા નીચે મૂકીને શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું 'જે કોઈ આ શિલા નીચેથી ફેંટાને કાઢશે, તેને તે ફેંટા અને તેમાં કાંઈ હશે તે સર્વ મળશે' બુદ્ધિશાળીએ ચોરના ફેંટામાં ગોળી બાંધેલી

જાણીને શરત લગાવી. શ્રી 'શ્રીચંદ્ર'ના ફેંટામાં સુવર્ણ જાણીને, બળ અને લોભથી ઉદ્ધત થયેલો ચોર તે શરત કબુલીને ફેંટાને કાઢવા માટે સ્વ સર્વ બળ અજમાવે છે પરંતુ શિલા જરા પણ ડગતી નથી.

લીલાથી શ્રી 'શ્રીચંદ્રે' ફેંટાને કાઢીને, પાકેલા આમ્રફળ વેચાતાં લઇને સર્વને ભાગ કરીને વહેંચી દીધા. ચોરે વિચાર્યું. 'આ લક્ષ્મીચંદ ગુફા ઉઘાડવા સમાર્થ છે.' એટલામાં તો નાયકપુર તરફથી વાજીંત્રોનો નાદ ગાજી ઉઠયો. 'સૈન્ય આ તરફ આવતું લાગે છે.' એમ ચોર સહુથા પહેલો ભાગ્યો. બીજા પણ પલાયન થઇ ગયા! ચોરના ફેંટામાંથી શ્રી 'શ્રીચંદ્રે' ગોળી કાઢી સ્વ મુખમાં મૂકીને તત્ક્ષણ અદ્રસ્ય થઇને, વૃક્ષ ઉપર રહ્યા એટલામાં પગલાં પારખુ આવીને પગલાનું નિરીક્ષણ કરવા લાગ્યા. પગલાં છે પરંતુ કોઇ દેખાતો નથી. તેમણે મંત્રીને કહ્યું, 'હે પ્રભુ! અહિં શું સંભવિત છે? બળવાન કોણ આંવ્યો હશે? તપાસ કરાવો! ચારે તરફ સૈન્ય તપાસ કરી રાત્રિના એમ જ ખાલી હાથે પાછું આવ્યું. સ્વઇચ્છિત સ્થળે શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ પણ પ્રયાણ કર્યું.

## પુણ્ય પ્રભાવ :

પૂર્વ પુણ્યના પ્રભાવે ચારે તરફથી સંપત્તિ પ્રાપ્ત થઇ! સુવર્ણનો આવાસ પ્રાપ્ત થયો અને અદ્રસ્ય કરનાર ગોળીથી અતિ પ્રભાવશાળી થયા! માર્ગમાં ઝુંપડીમાં ઘણા મુસાફરોની વાર્તા સાંભળી, 'કુશસ્થળમાં પ્રતાપસિંહ અને સૂર્યવતીનો પુત્ર કુળમાં ચંદ્ર જેવો શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો.' કોઈ કે કહ્યું, 'તે શ્રેષ્ઠી પુત્ર છે, તું રાજપુત્ર કેમ કહે છે' 'જ્ઞાની ગુરૂ મહારાજશ્રીના મુખથી તેમ સાંભળ્યું હતું.' 'અને ૧ વર્ષમાં રાજા થઇ તે મને ભેટશે ઇત્યાદિ. સર્વ કવિઓ એ પ્રમાણે ગાય

છે.' એ સાંભળી શ્રી 'શ્રીચંદ્ર'ના હૃદયમાં જે ઉલ્લાસ ઉત્પન્ન થયો, તે તો ફક્ત જ્ઞાની જ જાણી શકે તે શુભ કહેનારને તુષ્ટિ દાન અને બીજાઓને ગોળ, ઘી આપીને, આગળ પ્રયાણ કર્યું.

કોઈ ઠેકાણે દ્રશ્ય અને કોઇ ઠેકાણે અદ્રશ્ય થઇને ચાલતા ઘોર અટવીના વિશાળ વૃક્ષની નીચે રાત્રી ગાળવા રોકાયા. બુદ્ધિશાળીએ ચારે તરફ ચણ નાખ્યું. ચારે તરફથી પક્ષીઓ આવ્યા. તેઓમાં કોણ કયાં ગયું હતું એમ કોઇએ પૂછ્યું. તેઓમાં એક વૃદ્ધ પોપટ ત્રણ દિવસે આવ્યો હતો તેણે કહ્યું, 'હે વત્સ! પૂર્વ દિશામાં મહેન્દ્રપુર નગરમાં ત્રિલોચન રાજાને ગુણસુંદરી રાણી છે, તેમને સુલોચના નામની અદ્ભુત જાતિ અંધ પુત્રી છે, ચોસઠ કલાથી યુકત યૌવન વય પ્રાપ્ત થયેલી, હૃદયરૂપી દૃષ્ટિથી નામ શ્લોક આદિ લખે છે. મંત્રીઓની સલાહથી દાંડી પીટાતાં આજ પાંચ મહિના થયા છે. 'જે કોઇ સુલોચનાને દેખતી કરશે તેને અર્ધ રાજ્યથી યુકત કન્યાને પરણાવવામાં આવશે.' હવે મહિનામાં કોઇ સુલોચનાના ભાગ્યથી આવશે કે નહિ તે નિશ્ચિત નથી.'

બાળ પોપટોએ પૂછ્યું, 'હે તાત! જાતી અંધ તે દેખતી થાય એવી ઔષધી કયાં હશે'? 'કોઇ મહાવનમાં હોઇ શકે.' 'આ વનમાં છે'? હોઇ શકે, પરંતુ તે ગુપ્ત છે માટે રાત્રીના કહેવાય નહિ' બાળપોપટોની હઠથી કહ્યું, 'આ વૃક્ષના મૂળમાં પ્રભાવશાળી બે વેલો છે! વિશાળ પાનની વેલ અમૃત-સંજીવિની અંધને દેખતી કરે છે. બીજી ગોળ પાનની તે ઘાને ઝટ રૂઝવે છે'! તે સાંભળીને પરોપકારમાં સમર્થ શ્રી 'શ્રીચંદ્ર' બન્ને વેલો લઇને, પૂર્વ દિશામાં આગળ ચાલ્યા. ૩ દિવસના અંતે કોઇ શૂન્ય દેશમાં એક શૂન્ય નગરમાં હતું, તેમાં ઉદ્યાનો, સરોવર, વાવડીઓ અને વૃક્ષો આદિ હતા. કિલ્લો, મહેલ,

શેરીઓ આદિથી શોભતું પરંતુ અંદરબહારથી શૂન્ય જોઇને આશ્ચર્ય થયું.

જેટલામાં પ્રવેશ કરે છે, ત્યાં તો એક મેનાએ ભ્રાંતિપૂર્વક કહ્યું. 'હે ભાગ્યશાળી! અંદર જનારને વિઘ્ન છે'! શ્રી 'શ્રીચંદ્રે' પૂછ્યું, 'નગર અને રાજાનું શું નામ છે? શૂન્ય કેમ છે? અને કોનો ભય છે'? 'આ કુંડલાચલ દેશમાં વિખ્યાત કુંડલપુર નગર છે, અર્જુન રાજા હતો, તેને પાંચ રાણીઓમાં મુખ્ય સુર સુંદરી હતી, ૬-૭ દિવસે ચોરીઓ થતી ચોરને ખોળવા કોટવાલ ઘણી મહેનત કરતો પરંતુ તે મળતો નહિ! એક રાત્રિના રાજા શોધવા નીકળ્યો. ત્યાં કોઇને છુપાયેલા જોઇને ગુપ્ત રીતે પીછો પકડ્યો. ચોર નગર બહાર નીકળીને, રાજાની નજર ચૂકવીને, મઠમાં ઘૂસીને, ચોરેલા રત્નોનો ડાબડો કોઇ સુતેલા પરિવ્રાજક પાસે મૂકીને, પરિવ્રાજકનો વેશ પહેરી છટકી ગયો.

રાત્રિ શેષ રહી ત્યારે અર્જુને સૈનિકો દ્વારા તે પરિવ્રાજકને ચોર માની, ચોરીનો માલ લઇને હણાવી નાખ્યો. તે મૃત્યુ પામીને રાક્ષસ થયો! રોષથી અર્જુનને હણી નાખ્યો. તેના ભયથી નગરના લોકો, સૈન્ય, હસ્તિઓ, અશ્વો આદિ સર્વ જુદી જુદી દિશામાં ભાગ્યા! પાંચે રાણીઓનું અંતઃપુરમાં રાક્ષસે રક્ષણ કર્યું. તેમાં ગુણવતી સગર્ભા હતી. તેને પુત્રી જન્મી. ચંદ્રમુખી નામ છે. શું થાવી હશે તે હું જાણતી નથી. જે કોઇ નગરમાં જાય છે તેને રાક્ષસ હણી નાખે છે.' તો પણ પ્રવેશ કરીને, રાણીઓને જોઇને, રાજસભાના ખંડમાં આવ્યા.

ત્યાં કોમળ વસ્ત્રથી ઢંકાયેલા ભ્રમણ કરતા એવા પલંગને જોઇને, તે રાક્ષસનો હશે એમ ધારી શ્રી 'શ્રીચંદ્ર' સ્વ શરીરની શ્રી આત્મરક્ષા નવકારમંત્રથી રક્ષા કરીને, તેમાં નિર્ભયતાથી

શ્રમ દૂર કરવા ઊંઘી ગયા. નગરમાં પગલાંની શ્રેણીને જોઇને, રાક્ષસકો પાયમાન થઇને, તત્ક્ષણ મહેલમાં આવીને પલંગમાં સુતેલા જોતાં વિચાર્યું', 'આ અદ્ભુત વીરરસથી યુક્ત અને તેજસ્વી કોણ હશે? ધૈર્યથી મારા પલંગમાં કોણ ઊંઘે છે? આ અહિં શી રીતે આવ્યો હશે? શું ઉંચકીને સમુદ્રમાં ફેંકી દઉં? કે તલવારથી હણી નાખું? કે દંડથી ચૂરી નાખું? કેશરીસિંહના સ્થળે શિયાળ શી રીતે રહી શકે? હે દુષ્ટાત્મા! જલ્દી ઊભો થઇ જા, મારાથી ભયને કેમ પામતો નથી?

રાક્ષસની ધમકીથી જાગૃત થઇને શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'તારે વળી શું કામ છે? નકલી આડંબરવાળો તું વળી કોણ છે? તારા પુરૂષાર્થનો તને શું ગર્વ છે? તારા વિશાળ પેટને, ભયંકર નેત્રો કોને દેખાડે છે? તારા ક્રૂરકર્મથી હજી તું તુપ્ત થયો નથી? હું મારી શક્તિ અને સત્વથી રહ્યો છું! જેમ તેમ બોલતા એવા તારામા સાધુપણું દેખાતું નથી. સદ્ આચરણ-વાળી રાણીઓને તેં કારાગ્રહમાં નાખી છે, તો તારે સારી રીતે રહેવું હોય તો રહે નહિતર હાલતો થા. તું શસ્ત્રથી યુક્ત છે, હું શસ્ત્ર વગરનો છું. તું મનુષ્ય નથી જેથી હું તને હણતો નથી'! સ્વ પ્રભાવને શ્રી 'શ્રીચંદ્ર'ના અચિંત્ય પ્રભાવથી, હણાઇ ગયેલો જોઇને, રાક્ષસે ઉપશાંત થઇને, કહ્યું, 'તારા સાહસથી હું તારા ઉપર સંતુષ્ટ થયો છું, તો કંઇ પણ માંગ.'

લીલાથી શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'નેત્રોના સુખ અર્થે પગના તળીઆને માલીશ કર' સર્વ લક્ષણોથી યુકત જાણીને, રાક્ષસ પણ ચરણમાં ઝુકયે પરસ્પર ક્ષમાપના કરી બન્ને પ્રશાંત થયા 'જો તું ખરેખર સંતુષ્ટ થયો હોય તો, પ્રાણીવધના પાપથી મુકત થા અને ધર્મબુદ્ધિથી રાણીઓને મુકત કર. રાક્ષસે અતિ હર્ષથી સ્વ કારીને, ધર્મ પ્રાપ્ત કરાવનાર પરમ ઉપકારી જાણીને,

સવિશેષ સંતુષ્ટ થઇને, કહ્યું, 'આ રાજનો તું ઉદ્ધાર કર.' 'હે રાણીઓ! આપણા ભાગ્યથી આ પુણ્યવાન પધાર્યા છે. હવે તમે મારી બ્હેનો છો. મારા અપરાધની ક્ષમા કરો. મહાત્મા જાણી આ રાજ્યને અર્પણ કર્યું છે.'

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે માતાઓ! તમારા કુળમાંથી આ રાજ્યને કોણ સંભાળી શકે તેમ છે'? 'હે વત્સ! રાક્ષસે કહ્યું તે અમને કબુલ છે' ગુણવતી રાણીએ કહ્યું, ચંદ્રમુખીને તું વર.' 'તમે અજ્ઞાતકુળ શીલવાળાને કન્યા કેમ આપો છો.' રાક્ષસે સ્વ શક્તિથી હસ્તિઓ, અશ્વો, સૈન્ય, પ્રજા આદિ લાવીને, ચંદ્રમુખી કન્યાને આપી 'હે રાક્ષસરાજ શું કામ આપો છો'? 'તને યોગ્ય જાણીને આપી છે. સ્વ વીંટી બતાવી, નામ જાણી સર્વને આનંદ થયો. રાક્ષસે શ્રી 'શ્રીચંદ્ર'નો નગરમાં રાજ્યાભિષેક કરીને, તેમની આજ્ઞા વિસ્તારીને કહ્યું, 'જે પાપીએ મને મરાવ્યો હતો, તે વજ્રખુર ચોરને મેં હણ્યો હતો. હે રાજન! કુંડલગિરિની મુખ્ય શિખરના મધ્યમાં રત્નો અને સુવર્ણથી પૂર્ણ મહેલ છે, તે તમે કબજે કરો' એમ જ થયું.

તે સ્થળે દેવલોક જેવું અદ્ભુત ચંદ્રપુર નવું નગર વસાવ્યું. તેમાં મધ્યમાં ચોરના દેહ ઉપર રાક્ષસની મૂર્તિ સ્થાપીને તેનું નરવાહન નામ પાડયું. પછી કુંડલપુર જઇને, કુંડલેશ્વર થોડા દિવસ રોકાઇને, સાસુ, પત્ની, મંત્રી, સેનાપતિ, સૈનિકો આદિને હિતશિક્ષા આપી સ્વ પાદુકા સિંહાસન ઉપર સ્થાપીને, જે વેષે આવ્યા હતા તે પહેરી રાત્રિના પ્રારંભે પ્રયાણ કર્યું. અનુક્રમે મહેન્દ્રપુર નજીક, એકલા રાત્રિના નિદ્રાધીન થયા. અવસ્વાપિની વિદ્યાથી લોકોને નિદ્રાધીન કરી, ચોરી કરીને લોહખુર ચોર ભારથી આક્રાંત થઇ ત્યાં એટલામાં આવીને કહ્યું, 'હે અવધૂત ભારને, ઉપાડ તને મજુરી હું આપીશ.' સત્ત્વવાનોના સિંહ વહન કરી ચાલ્યા.

લોહખુર ગુફામાં પેઠો. ત્યાં ભૂમિમાં દીપકોથી, દેદીપ્યામાન રત્નોથી, એક સ્ત્રીને કહ્યું, 'આની વિશાળ ભક્તિ કર.' 'હે સ્વામિન! ભોજન કરીને, મારી સાથે રમો.' આશ્ચર્યથી શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ કપટ જાણીને, સ્ત્રીને બહાર ખેંચી રોષથી પૂછ્યું, 'એ કોણે છે? તું કોણ છે? ભયભીત થઇને કહ્યું, 'એ લોહખુર ચોર છે, એના સંકેતથી હું પુત્રી છું.' લોહખુરને શિક્ષા કરી, ખુશ થઇને સ્ત્રીને છોડાવી અને ચોરને છોડી મૂકયો. બીજા સ્થળે રાત્રિ ગાળી.

## સુલોચના:

શ્રી અરિહંત ભગવાનનું પ્રભાતે સ્મરણ કરીને, મહેન્દ્રપુરમાં એક પેઢીમાં વસે છે, ત્યાં તો ઢંઢેરા પીટાયો, આજે છ મહિનામાં છ દિવસ ઓછા છે જે કોઇ રાજકન્યાને દેખતી કરશે, તેને તે કન્યા અને અર્ધરાજ્ય અપાશે. શ્રી 'શ્રીચંચંદ્રે' તત્ક્ષણ પટહને સ્પર્શ કર્યો. તેણે રાજાને નિવેદન કરી. રાજાએ હર્ષથી છત્ર, ચામર, હસ્તિ આદિના યોગથી લઈ આવવા આદેશ આપ્યો. તેમને ત્રિલોચન રાજાએ પૂછ્યું, 'હે ભદ્ર! તમે કયાં રહો છો'? શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે મહારાજ! કુશસ્થળે રહું છું.'

'આપના દર્શનથી કલ્યાણ થયું છે, ઢંઢેરા મુજબ કરીને ગ્રહણ કરો.' 'એતો ઠીક. ગુરૂના પ્રસાદથી વિદ્યા, મંત્ર અને ઔષધિ છે, પરંતુ કન્યાને દેખાડો તો યોગ્ય કરી શકાય,

કન્યાને જોઇને કહ્યું, 'હા... હા... સભાને ચારે તરફથી પવિત્ર કરો' પડદા પાછળ બેસાડીને, વિજ્ઞાન, ચિકિત્સા આદિ કરીને, પૂજા પાઠા યથાયોગ્ય કરીને, નેત્રો પાસે પાળ કરીને, નેત્રમાં અમૃતસંજીવિની વેલનો રસ નાખીને, સ્નાન, પૂજા, શ્રી નમસ્કારમહામંત્ર સ્મરણ કરીને સ્વ અસલવેષને ધારણ કરી રહ્યા છે.

રસસુકાય ત્યાં સુધી બુદ્ધિશાળીએ વિધિ કરી. તેના પ્રભાવે નેત્રો કમળ જેવાં થયાં. ઇંદ્રની જેમ દિવ્ય આભૂષણોથી ભૂષિત, સૂર્યના જેવું તેજસ્વી લલાટ જોઇને, કન્યા શ્રી અરિહંતભગવાનને અતિ હર્ષથી નમસ્કાર કરીને, આનંદ પામી.

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે ભદ્રે! સારી રીતે દેખાય છે? વીંટીમાં શું નામ છે તે વાંચ.' વાંચીને અતિ હર્ષથી સુલોચનાએ સ્તવના કરતા કહ્યું, 'હે પ્રાણજીવન! પિતાજીએ પહેલેથી તમને આપી હતી, હું આપશ્રીને વરૂં છું.' વીંટીથી નામ જાણ્યું છે, આચારથી કુળ આદિ જાણ્યું છે.' પછી ભવ્ય વેષને ગોપવીને ભસ્મ આદિ ચોળીને, જુનો વેષ પહેરીને બહાર રાજાની પાસે ગયા. રાજાએ પૂછ્યું, નેત્રો સારાં થયાં'? હા, સુંદર થયાં છે, ખરેખર સુલોચના થઇ છે.'

ત્રિલોચને સુલોચનાને ખોળામાં બેસાડી, સર્વને આનંદ થયો. પુત્ર જન્મ જેવો મહાન મહોત્સવ કર્યો. અંતઃપુરમાં સુલોચનાને જોઇ સર્વને આનંદ થયો. અવધૂત ઉતારાના મહેલમાં આવ્યો. વિસ્તારથી ભોજન આદિ તૈયાર કરવા ઘણા રસોઇઆ-ઓને રાજાએ મોકલ્યા. પછી રાજાએ મંત્રી સાથે મંત્રણા કરી, 'અવધૂતના કુળ આદિ જાણતા નથી તો કન્યા કેમ અપાય.' રાજાની આજ્ઞાથી મંત્રીએ જઇને શ્રી 'શ્રીચંદ્ર'ને પૂછ્યું, 'હે ભદ્ર! આપનું નામ, કુળ આદિ કહો.' હસીને કહ્યું, 'પૂછ્યું તે સારૂં છે, પરંતુ 'પાણી પીને ઘર પૂછવાની' કહેવત સત્ય કરી! તો પણ સાંભળો, 'કુશસ્થળમાં લક્ષ્મીદત્ત વણિકનો પુત્ર વ્યસની અને હઠી હોવાથી અને ગુપ્ત રીતે ઘણી લક્ષ્મી ગ્રહણ કરીને, લોકોને જેમ તેમ આપી દેતો, તેથી ઘણો સમજાવ્યો, ઘણો વાર્યો છતાં પણ અટક્યો નહિ. તેથી ઘરમાંથી કાઢી મૂક્યો.'

'શું જુગાર આદિ વ્યસનોથી દુઃખી થતા નથી? ભ્રમણ કરતાં સિદ્ધ મળ્યા, સેવાથી સંતુષ્ટ થઇને મંત્ર આદિને આપ્યા. તેમને મૂકીને હું અત્રે આવ્યો છું. ધન વિના જુગાર રમાય નહિ, તેથી પટહને સ્પર્શ કર્યો છે'! એ હકીકત મંત્રીએ રાજાને કહી. રાજા અને મંત્રી ચિંતાતુર થયા. 'આવા જુગારીને કન્યા કેમ આપવી, આપણા યશ અને વડાઇનું શું? જો ન આપીએ તો વચન જાય છે અને જો વચન જતું હોય તો, ધન, રાજ્ય અને પ્રાણની પણ શું કિંમત.' પછી ગીત, ગાન અને નૃત્ય આદિ ઉત્સવ થઇ રહ્યો છે ત્યાં રાજા અંતઃપુરમાં આવ્યો.

સુલોચનાએ કહ્યું, 'હે પિતાજી! હર્ષના બદલે ચિંતા કેમ દેખાય છે'? રાજાએ સર્વ રાણીને કહ્યું. સુલોચનાએ હસીને કહ્યું, 'એ એવા નથી, પરંતુ મશકરી કરી છે.' પડદા પાછળ જે રૂપ જોયું હતું તે અને શ્રી 'શ્રીચંદ્ર'નું નામ, નગર આદિ તેમજ તમે મને જેમને આપી હતી તેજ આ શ્રી 'શ્રીચંદ્ર' છે એમ કહ્યું રાજાએ હર્ષ પામીને મુહૂર્ત જોવડાવ્યું. જેટલામાં મંત્રીને બોલાવી લાવવા શ્રી 'શ્રીચંદ્ર' પાસે મોકલ્યા. તે તો ત્યાંથી ચાલ્યા ગયા હતા! આવીને કહ્યું, 'કયાંય પણ દેખાતા નથી.' પછી સર્વત્ર તપાસ કરાવી પરંતુ ક્યાંય પણ મળ્યા નહિ.

સુલોચના મૂર્છિત થઇ ગઇ. શીત ઉપચારથી ચેતના પામી રૂદન કરવા લાગી. રાજાએ કુશસ્થળથી આવેલાને પૂછ્યું, તેણે શ્રી 'શ્રીચંદ્ર'ની સર્વ હકીકત કહી. તે સાંભળી સુલોચનાએ જાણ્યું. તેજ આ શ્રી 'શ્રીચંદ્ર' છે. ત્રિલોચને કહ્યું, તેજ તારા પતિ છે અને તેમને લઇ આવવા મંત્રીને પ્રતાપસિંહ રાજા પાસે મોકલ્યા છે. પછી સુલોચનાએ ભોજન કર્યું. શંકાના બહાનાથી બહાર પડી સફળ બુદ્ધિથી અવધૂતનો વેષ કોઇને આપીને, બટુકનો વેષ પરિધાન કરીને ક્રમે કરીને એક વિશાળ વનમાં આવ્યા.

**પ્રયાણ :**

ત્યાં કમળોથી યુક્ત નિર્મળ નીરવાળું એક વિશાળ સરોવર દેખીને, સૂર્યવતીના પુત્રે નીરમાં રમીને, પાળ ઉપરથી આગળ જાય છે ત્યાં એક વિશાળ ઉદ્યાન દેખાયું. તેમાં એક તરફ આશ્રમ, બીજી તરફ અશ્વો, હસ્તિઓ અને કેટલાંક સ્ત્રી-પુરૂષોને આશ્ચર્યકારી વેષવાળા જોઇને, આ કોણ હશે? વિકલ્પ કરવાથી શું! જઇને ત્યાં જોઉં.' આમ્રવનના મધ્યમાં અદ્‌ભુત કાન્તિવાળા, ચિત્રવિચત્ર છાલનાં વસ્ત્રોથી શોભતા એવા તાપસકુમારોને જોયા. ચારેકોર ચંદ્રની પ્રમાણે! દેદીપ્યમાન એવી મોરપીંછાની પાદુકાઓ પડી હતી.

વૃક્ષના હિંડોળે ક્રીડા કરતી એક કન્યાને પુરૂષવેષે જોઇ! અને સુવર્ણ આભૂષણોથી વિભૂષિત એક કોમલ મુખવાળી તાપસ કન્યાને તેની આસપાસ ધુમતી દેખી. શ્રી 'શ્રીચંદ્ર'ને આવેલા જોઇને, તે તાપસકુમારે કહ્યું, 'હે સખી! તારા રૂપથી ખેંચાઇને અતિથિ પધાર્યા છે તેમને ફળ આપ.' 'હે બટુક: આ રાયણ વૃક્ષની છાયામાં બીરાજો.' ફળ લાવી આપ્યા. બટુકે ઊંચેથી ફળ લીધાં અને પૂછ્યું, 'તું કોણ છે? આ કોણ છે'? એટલામાં સુંદર કન્યા ગુણગુણતી હતી કે, 'સર્વકળાના સ્થાનભુત ચંદ્રકળાએ પરખીને વરી તેવા શ્રી 'શ્રીચંદ્ર' વર જયને પામો' એમ ગાતી આવી! તે સાંભળી બટુકે વિચાર્યું, 'આ શું બોલે છે'? ત્યાં શ્વેત વસ્ત્રધારી વૃદ્ધ વિધવા આવીને, પુરુષવેષ ધારી કન્યાને સ્ત્રી વેષ અપર્ણ કર્યો.

વૃદ્ધ સ્ત્રીએ પૂછ્યું, 'હે ભદ્ર! તું ક્યાંથી આવ્યો? 'હું કુશસ્થળથી આવ્યો છું' તે સાંભળી સર્વને આનંદ થયો. તેમણે તે સમાચાર બીજાને પહોંચાડયા. તેથી બીજા સર્વ આવીને

ચારેકોર બેસી ગયા. ભ્રાન્તિથી કન્યાએ પૂછ્યું, 'ચંદ્રકળાનો પતિ કોણ થયો'? શ્રી શ્રીચંદ્રે કહ્યું, ' બાળા ગાતી ગાતી આવી તે સત્ય છે, લક્ષ્મીદત્તનો પુત્ર પરણ્યો છે.' વૃદ્ધાને મુખ્ય જાણીને, કુશળબુદ્ધિવાળાએ પૂછ્યું, 'હે માતા! તમે અહિં ક્યાંથી? તે સાંભળવા યોગ્ય સર્વ કહો.'

## ચંદ્રમુખી :

'હે વત્સ! વસંતપુરમાં વીરસેના રાજાને વીરમતી અને વીરપ્રભા બે રાણીઓમાં હું વીરમતી રાજાની પુત્રી છું. તેમને એક જયશ્રી તે પ્રતાપસિંહની રાણી છે. બીજી નાની હું છું. મારૂં બીજું નામ વીજયવતી છે. વીરસેનને સદામતિ મંત્રી છે, તે મારો કાકો થાય. વીરપ્રભાને નરવર્મા પુત્ર થયો, તે શસ્ત્ર અને શાસ્ત્રમાં વિશારદ થયો. તે અતિ બળવાન થયો. કેટલાક કાળે મને ચંદ્રના રૂપને ઓળંગે એવી આ ચંદ્રલેખા પુત્રી થઇ, તેની આ સખીઓ છે. પછી મને વીરવર્મા પુત્ર થયો તે પાંચ વર્ષનો અહિં છે. પછી રાજાને અતિ કાળજવર થયો. વીરસેને સદામતિના ખોળામાં વીરવર્માને બેસાડીને કહ્યું, આ રાજ્ય આને આપવું.' પછી રાજા મૃત્યુ પામ્યા.

બળથી નરવર્મા ઉદ્ધત થઇ, પોતે રાજ્યને લઇ લીધું. અમને ત્યાંથી કાઢી મૂક્યા. પિતાના નગરે જતાં વચમાં બહાર ઉદ્યાનમાં ઉતર્યા હતા. આવતા જ્યોતિષીને જાણી સદામતી મારી પાસે લઇ આવ્યો. તેના ખોળામાં ચંદ્રલેખાને બેસાડી, સર્વ હકીકત કહીને પૂછ્યું. 'આનો વર કોણ થશે.' અને 'ક્યારે આવશે'? ક્ષણવાર વિચારીને કહ્યું, 'પ્રતાપસિંહનો, પુત્ર જે ચંદ્રકળાને પરણ્યો છે, તે ચંદ્રલેખાનો મહાન પતિ થશે. શ્લોક લખી, તે આપીને કહ્યું, 'તમે ખાદિરવનમાં

જાઓ, ત્યાં રાયણવૃક્ષ જેના ઉપર દૂધને ઝરાવે તે આનો પતિ જાણવો.' તેનો સત્કાર કરી, શ્લોકપત્ર લઈ અહિં આવ્યા છીએ.'

'ચંદ્રમુખી ક્યારેક સ્વવેષે કયારેક પુરુષવેષે સખીઓથી યુક્ત નાના પ્રકારની ક્રીડાને કરતી અને પુષ્પના દડાને ધારણ કરતી રહે છે શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'અહિં રહેવા જેવું નથી.' એમ ધારી ઉભા થયા ત્યાં તો રાયણવૃક્ષે દૂધ ઝરાવ્યું! સર્વે અતિ આનંદ પામીને કહ્યું, 'ચંદ્રમુખીને પતિ પ્રાપ્ત થયો.' લજ્જાથી ચંદ્રમુખીએ, માતાના આદેશથી પુષ્પની વરમાળા પહેરાવી. નાના પ્રકારના ફળોથી ભક્તિ કરી શ્રી 'શ્રીચંદ્રે' સ્વાનામની વીંટી દેખાડી અને આગ્રહથી તેણી રમી. ચંદ્રલેખાના હસ્તમેળાપ મૂકતી વખતે વિષહર મણિ પ્રાપ્ત થયો.'

વીરમતીએ પુત્રને શ્રી 'શ્રીચંદ્ર'ના ખોળામાં બેસાડીને કહ્યું, 'આને ઉદાર અને વીર શિરોમણી તારા જેવો કરવો.' તે વચન ગ્રહણકરી કહ્યું, 'હે માતા! તે પ્રકારનો થશે, ભાવી સર્વ કાંઈ સારૂં થશે, ધીરજ ધરવી. મંત્રી અને તમે સર્વ કુંડલપુરમાં સુખેથી જઈને રહો.' એમ કહી મંત્રી ઉપર લેખ લખાવી સદામતિને આપીને કહ્યું, 'આગળ જવાની મારે ચિંતા છે, તો હું હવે જાઉં છું.' સર્વ ચંદ્રપુર જતાં ક્રમે મહેન્દ્રપુરમાં આવ્યા. તે જાણીને રાજાએ બોલાવીને પરસ્પર ચરિત્ર જાણ્યું. સુલોચના અને ચંદ્રલેખા બહેનો જેવી થઈ. સર્વને આનંદ થયો. એક ભાટ કુંડલપુર થઈને આવ્યો હતો, તે શ્રી 'શ્રીચંદ્ર'ના ગુણ ગાવા લાગ્યો. સર્વને આનંદ થયો. રાજાએ સુલોચના દ્વારા વીરમતીને રહેવાનું આગ્રહથી કહેવડાવ્યું, પરંતુ રહ્યા નહિ. કુંડલપુર જઈને રહ્યા.

આગળ પ્રયાણ કરતાં શ્રી 'શ્રીચંદ્ર' તંબુઓ, અશ્વો, રથો અને સુંદર વસ્ત્ર પરિધાન કરેલા સૈનિકો આદિ જોઈ પૂછ્યું, 'આ શું છે'? 'હે બટુક! કંપિલપુર નગર છે, જિતશત્રુ રાજા અને પ્રીતિમતી પટ્ટરાણી તે રતી રાણીની બ્હેન થાય. તેમનો પુત્ર કનકરથ રાધાવેધનું અનુકરણ કરી રહ્યો છે. એક વખત વીણારવે શ્રી 'શ્રીચંદ્ર'નું ચરિત્ર સંભળાવ્યું ત્યારે ખુશ થઈ જીતશત્રુ દાન આપતા હતા, ત્યારે વીણારવે કહ્યું, 'મારા હરત શ્રી 'શ્રીચંદ્ર' રાજાના દાનથી બંધાઈ ગયા છે, જેથી હું દાન લઈ શકતો નથી.' પિંગળ ભાટે કહ્યું, લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વ બે પ્રકારનું દેવગત અને ગુરુગત છે, એ ચાર પ્રકારના મિથ્યાત્વ જેમણે સુવ્રતમુનિના વચનથી તજ્યાં છે, તે સમ્યક્ દૃષ્ટિ એવા શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો.'

રાધાવેધનું નાટક જોઈને કનકવતી હર્ષિત થઈને શ્રી 'શ્રીચંદ્ર' ઉપર અનુરાગવાળી થઈને ધાવમાતાને કહ્યું, 'પ્રતિકૃતિ ચિત્તને હરનારી છે, તો તે સાક્ષાત કેવા મહાત્મ્યવાળા હશે? શ્રી 'શ્રીચંદ્ર' જ મારા પતિ થાવ, બીજાં કોઈ નહિ.' 'ત્રણે સખીઓ મંત્રી પુત્રી પ્રેમવતી, સાર્થવાની ધનવતી અને શ્રેષ્ઠીની હેમવતી પણ સમવર્તિની થઈને શ્રી 'શ્રીચંદ્ર'ને જ વરી! ધાત્રીએ રાજાને નિવેદન કર્યું. કુશસ્થળે રાજાએ કાર્ય અર્થે મોકલ્યો છે'! પૃથ્વીના ઈંદ્રે વિચાર્યું, નિરીક્ષણ કરીને, આગળ પ્રયાણ કરતાં, ઘણી ભૂમિને ઓળંગી ગયા.

## કુશળ કોણ?

યક્ષના મંદિરમાં એક પુરુષને લમણે હાથ દઈને, ચિંતાતુર બેઠેલો જોઈને, શ્રી 'શ્રીચંદ્રે' પૂછ્યું, આ કઈ નગરી છે? તને શી ચિંતા છે'? નિસાસો નાંખીને તે બોલ્યો, 'હે પ્રવાસી!

કાન્તિ નગરી છે, નરસિંહ રાજાને ૬૪ કળાથી યુક્ત સુંદર પ્રિયંગુમંજરી પુત્રી છે, તેને મેળવવાની મને ચિંતા છે. નૈઋત્ય ખૂણામાં હેમપુરમાં મકરધ્વજ રાજાને મદનપાલ પુત્ર યૌવનવયવાળો ગવાક્ષમાં બેઠો હતો ત્યારે રસ્તામાં એક યોગિનીને જતી જોઈને બોલાવીને પૂછ્યું, 'તમે કુશળ છો? કયાંથી આવ્યા અને શું અપૂર્વ છે? તે કહો.'

જરાનું આગમન થતાં યૌવન ઓગળી જાય છે, કાન્તિ હંમેશાં ઓગળે છે, માટે હે ભદ્રિક! કુશળ ન પૂછ! જરા આવે એટલે યોવન આગળી જાય છે, પ્રતિક્ષણ વિશેષ હાનિ થઈ રહી છે! જ્યાં સુધી કાળનું આગમન નથી થતુ ત્યાં સુધી જ યૌવન શોભે છે! કોઈ એક ઘરી અને કોઈ બેપહોર કુશળ કહે છે, તે મૂર્ખ છે! જીવ જ્યાં સુધી યમરાજને ભૂલે છે અને જ્યાં સુધી તેના ઉપર દૃષ્ટિ કરતો નથી, ત્યાં સુધી જ કુશળ છે! સર્વને અનિષ્ટ જરા આવીને વળગે છે. જે કુશળ છે તે જન્મતા જ નથી, જે જન્મ્યા તે તો મૃત્યુ પામવાના જ છે. આપણે મૃત્યુના મુખમાં બેઠેલા જ છીએ! જ્યાં સુધી તે મુખને બંધ નથી કરતા ત્યાં સુધી જ આપણે છીએ. જો મૃત્યુ આવવાનું અટલ જ હોય, તો પછી કુશળ ક્યાંથી હોય? ચોરાશી લાખ યોનિમાં આપણે ભ્રમણ કરી છીએ.' 'જે જ્યાંથી જન્મે છે, તે યોનીમાંથી મનને ટાળે અને જો પ્રયત્ન કરે તો તે મોક્ષ પામે છે જે આત્માના અંદરના ગુણોને વિચારે. તે અપૂર્વ વસ્તુઓને જુએ છે! બાળ, યૌવન અને જરા આવે છે એટલે શરીરના અવયવો અને કેશ નાશ પામે છે! એમ બાહ્ય અને અંતરંગની વાર્તા કરીને કહ્યું, શ્રી જિનેશ્વરદેવના ધ્યાનથી મારે કુશળ છે.'

'હું કાન્તિપુર નગરથી આવં છું અને કુશસ્થળે જાઉં છુ વસ્ત્ર ઉપર ચિત્રપટ પાથરીને આ અપૂર્વ તમે જુઓ.'

એમ યોગિનીએ કહ્યું. તેમાં અપૂર્વ સુંદરીને નિરખીને મેં પૂછ્યું, અદ્‌ભુત કઇ સ્ત્રીનું ચિત્ર ચિતર્યું છે'? 'કાન્તિપુરીના નરસિંહ રાજાની પુત્રી પ્રિયંગુમંજરી કન્યાનું રૂપ ચિતર્યું છે'! તે શ્રી 'શ્રીચંદ્ર'માં અનુરક્ત થઇ છે, ગુણંધર પાઠકના પાસેથી તેમનું રૂપ જાણીને આ આપવા અર્થે જાઉં છું.' મદનપાલે તે લેવા ઘણી મહેનત કરી, પરંતુ તે આપ્યા સિવાય છટકી ગઇ. મદનપાલ કામજ્વરથી જ્વરિત થયો! ક્ષણે ક્ષણે ક્ષીણ થવા લાગ્યો. મિત્રે તે વાત રાજાને નિવેદન કરી. રાજાએ પ્રિયંગુમંજરીને મદનપાલ સાથે પાણિગ્રહણ કરવા માગણી કરી. પરંતુ નરસિંહ રાજાએ સ્વીકાર નહિ. પિતાએ કહ્યું, 'તું આધીન થા, એનાથી રૂપવાન કન્યા સાથે પરણાવશું.' તે હું મદનપાલ ગુપ્ત રીતે આવ્યો છું.'

'મારૂં મન તેના રૂપથી ખેંચાયું છે.' જેમ કેતકીના સુગંધથી ભ્રમર ખેંચાય તેમ.' મનની શાંતી અર્થે આવ્યો છું. પહેલા રાજ ઉદ્યાનમાં રહ્યો હતો, ત્યારે માલણને કહ્યું, હતું, 'હે ભદ્રે' રાજકન્યાને કહે જે હેમપુરના રાજાનો પુત્ર તારું ચિત્ર દેખીને, તારા ઉપર મોહિત થયેલ અત્રે આવ્યો છે, તેની કળા જોઇને તારું ઇષ્ટ કરવું.' મારું રૂપ, કળા આદિ સર્વ નિવેદન કરી, તે સુખ આપનારી મારી અનુરાગિણી થાય તેમ કરવું.' એમ સમજાવી ઘણું ધન આપીને રવાના કરી. તેને કહ્યું, પ્રિયંગુમંજરી બોલી, 'એની દક્ષતા કેવીક છે, તે જોઇએ.' વિચાર કરીને પછી કણેરના કમલામાંથી લાલ રંગના પુષ્પને લઇને કર્ણમાં ધારણ કરીને, દેખતાં ફેંક્યું પછી કમળને લઇને કુંકુમથી રંગીને દષ્ટિથી જોઇને હૃદય ઉપર ધારણ કરીને કહ્યું, 'હે મુગ્ધે તેનો ઉત્તર લાવ.'

તે સર્વ માલણે કહ્યું, પરંતુ હું ઉત્તર આપી શક્યો નથ, તો હું શું કરૂં તેની ચિંતામાં છું. તે આ કામદેવના મંદિરમાં

હંમેશા આવે છે, અહિં રહેવાથી વખતે મળે, પરંતુ પ્રતિહારીઓ મારીને બહાર હાંકી કાઢે છે! તે દુઃખ હે સુંદર! મને છે.' તે સાંભળી વિચાર્યું, ગુણંધર પહેલા અત્રે આવ્યા હતા. અહો! કન્યાની પંડિતાઇ! પુષ્પથી ભાવ જણાવ્યા છે, 'લાલ પુષ્પથી તું સ્વયં રક્ત છે એમ કાનથી સાંભળ્યું છે, પણ જોઈ શક્તિ નથી. તો તું છોડી દે' એમ જણાવ્યું. શ્વેત કમળથી 'તે વિરક્તને મેં ધારણ મારા કાનથી સાંભળીને કર્યા છે અને તે મારા હૃદયમાં હંમેશા રહેલા છે.' એમ જણાવ્યું છે પરંતુ આ આટલું પણ જાણી શકતો નથી.

'હવે તું શું કરીશ'? 'મેં તેને જોઇ છે, પરંતુ તેણીએ મને જોયો નથી. હે મિત્ર! તમે પરોપકારી દેખાવ છો. તો હું શું કરૂં? અને કાર્ય સિદ્ધિ કેવી રીતે થશે? તેવી બુદ્ધિ મને આપો.' ત્યાં તો શંખધ્વનિ સાંભળીને કહ્યું, 'પ્રિયંગુમંજરી આવી રહી છે તો ચાલો.' બન્ને ઉદ્યાનમાંથી તેણીની ઉપર દૃષ્ટિ રાખીને રહ્યા.' સખીથી યુક્ત કામદેવના મંદિરમાં પ્રવેશ કરીને, મૃદંગ, વેણું, નૃત્ય, ગીત આદિમાં તત્પર થઇને તે રહી! ત્યાં તો રજથી ખરડાયેલા વસ્ત્રવાળી સ્ત્રી મંદિરમાં પેઠી અને તત્ક્ષણ તે સર્વ બંધ પડીને, ક્ષણવારમાં રુદન આરંભાયું રુદન કરતી સખીઓ બહાર પડી.

મદનપાલે પૂછ્યું, 'ભદ્રે! સંગીતના સ્થાને રુદન કેમ તે કહે.' 'મને સમય નથી, 'કોઇનું તન બળે અને કોઈ દીપક કરે.' એટલામાં બીજીએ આવીને કહ્યું, 'હે ભગિની જલ્દી કેળના પાન લાવ, સ્વામિની મૂર્છિત થઈ છે.' સખીએ બુદ્ધિશાળીને કહ્યું, પહેલા સ્વામિનીએ સ્વ સખીને યોગિનીના વેષે કુશસ્થળે મોકલી હતી પરંતુ તે ત્યાં નથી, એમ સમાચાર કહેતાં જ કાર્ય સિદ્ધિ ન થવાથી, તે દુઃખથી સ્વામિની મૂર્છાને પામી છે, હવે શું થશે?

તે કાંઈ ખબર નથી' એમ કહીને તે અંદર ગઈ. પછી તે સર્વ નગરમાં ગયા.

સૂર્યવતીના પુત્રે કહ્યું, 'હે મદનપાલ! રાજ્યને મૂકીને મફતનો રખડી રહ્યો છે! જો એના વિના સરતું ન હોય તો મારી બુદ્ધિને સમજ કાર્યસિદ્ધિ કદાચ ધનથી થાય! તે વિના સર્વ નિષ્ફળ છે. સખીએ કહ્યું છે. તે કુશસ્થળમાં નથી. તે પ્રંપચથી તું તે શ્રી 'શ્રીચંદ્ર' અને અને હું તારો સેવક થઈ નગરમાં કોઈ પાસેથી ધન લઈને ઘર લઈને અર્થીને ગુપ્તદાન દેવાથી તું પ્રખ્યાત થઈશ! પછી હું યથાયોગ્ય કરીશ, પછી તો કર્મ બળવાન છે.' તેથી મદનપાલ હર્ષયુક્ત ચિત્તવાળો થયો. એમ જ થયું. તે સમાચારથી રાજાને આનંદ થયો. શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હવે તું મુનિની જેમ મૌન રહેજે.

બુદ્ધિશાળીએ ચાતુર્યથી રાજા, કન્યા અને મંત્રીઓને ખુશ કરી, બીજા દિવસે ગોધુલિક સમયનું લગ્ન, બહુ કષ્ટથી રાજાએ તેને મનાવ્યો. બન્ને સ્થળે સામગ્રી તૈયાર કરવી. શ્રી 'શ્રીચંદ્ર'ની જાણ થતાં લોકોએ ઉત્કૃષ્ટ હર્ષથી નગરીને શણગારી. ત્યારે મદનપાલ ગોખમાં બેઠો હતો, ત્યાં માર્ગમાં જતી પનિહારીઓનો વાર્તાલાપ સાંભળ્યો, 'હે ભદ્રે! ઉતાવળી શું કામ'? 'શું તું જાણતી નથી? પ્રિયંગુમંજરી અને શ્રી 'શ્રીચંદ્ર' ગુણંધર પાસે ભણ્યા છે, કુમારી પદ્મિનીના લક્ષણોની ગોષ્ઠી કરીને, પછી લગ્ન કરશે, ત્યારે કૌતક થશે.'

તેથી મદપાલને ચિંતા થઈ. પૂછ્યું, 'હે મિત્ર! હવે શું કરીશ? 'પદ્મિની આદિસ્ત્રીના ૪ ભેદને હું જાણું છું. તો તું લખીને ભણ' તો તારું કાર્ય થશે! જો નહિ ભણે તો નિષ્ફળ થશે.' ભણવાનો સમય જ કયાં છે' 'આગ લાગે ત્યારે કુવો

ખોદવા જવું' તે પ્રમાણે મારા અર્થે ઘણી મહેનત કરી છે, પરંતુ હું અભાગિયો છું, તો પણ મારી બુદ્ધિ છે, 'મારાથી તું નાનો છે, પરંતુ રૂપમાં સરખો છે અને વિભૂષા રૂપને વૃદ્ધિ પમાડશે, તો મારો વેષ લઈને, કન્યા પરણીને મને સોંપજે! જે તું ભવિષ્યમાં કરવાનો હતો તે હમણાંજ કર.' પરોપકારી યાચનાનો ભંગ કરે નહિ.

'એમ જ થાવ.' વેષનું પરિવર્તન કરીને, શ્રી 'શ્રીચંદ્ર' સ્વવેષથી શોભવા વાગ્યા, પરંતુ બીજાના વેષથી નહિ. સર્વ સામગ્રીથી યુક્ત રાજ્યસ્ત્રીઓએ સર્વ માંગલિક વિધિ કરી શ્રી 'શ્રીચંદ્ર' સુવર્ણ અને રત્નોનો મુગટ, કુંડળ અને નામની વીંટીથી યુક્ત, દેદીપ્યમાન એવા હસ્તિ ઉપર આરૂઢ થઈને, ઉપર છત્ર અને બાજુમાં ચામર વિંઝાતા અને વાજીંત્રોના સરોદ ગુંજતા અનેક સૈનિકો, સામંત આદિ નગરના લોકોથી યુક્ત મહોત્સવવાળા વરઘોડાથી રાજસભામાં પધાર્યા. ભાટે તેમની સ્તુતિ ઓળખાને કરી. તારક ભાટને રાજાએ બહુ દાન આપી પરિતોષ્યો.

નરસિંહ રાજાએ શ્રી 'શ્રીચંદ્ર'ને ખોળામાં બેસાડી સ્વચરણ પાસે પુત્રીને બેસાડી. રૂપ, કુંડળ અને નામની વીંટી આદિને જોતાં પરસ્પર ગોષ્ઠી કરાવી. પ્રિયંગુમંજરીએ કહ્યું, 'હે રાજાઓના ઇંદ્ર! સ્ત્રીના ભેદ લક્ષણ આદિને કહો.' 'હે ભદ્રે! ૪ ભેદ છે. ૧ પદ્મિની, ૨. હસ્તિની, ૩. ચિત્રિણી, ૪. શંખિણી. એ દરેકને ૪ પેટા ભેદ છે, એ પ્રમાણે ૧૬ ભેદો થાય

## સ્ત્રીના પ્રકાર :

૧. પદ્મિની, કમળના સુગંધવાળી, મુખમાં શોભાવાળી હંસના જેવી ચાલવાળી, કોમળ સુંદર દાંતવાળી, વિશાળ નેત્રવાળી વિશાળ સ્તનવાળી, અલ્પનિદ્રાવાળી, અલ્પકામ વાસનાવાળી,

અલ્પ પ્રસ્વેદવાળી, અલ્પ ક્રોધવાળી, અલ્પ આહારવાળી, કમળના જેવા હસ્તવાળી, જેને પુષ્પોનો સમુહ પ્રિય હોય છે.

૨. હસ્તિની, મદના જેવા ગંધવાળી, ગજગામિ ગતિની શોભાવાળી, જાડા દાંતવાળી, જાડા કેશવાળી, ઝીણા નેત્રવાળી, નાના સ્તનવાળી, ભારે નિદ્રાવાળી, ગાઢ કામ વાસનવાળી, ઘણા પ્રસ્વેદવાળી, વધારે આહારવાળી, શંખના જેવા હસ્તવાળી અને જેને મોતી પ્રિય હોય છે.

૩. ચિત્રિણી, ચિત્રવિચિત્ર ગંધવાળી, હરણના જેવી ચાલવાળી, સુંદર સાથળવાળી, સૂક્ષ્મ દાંતવાળી, સૂક્ષ્મ કેશવાળી, તીક્ષ્ણ ઊંચા સ્તનવાળી, અલ્પનિદ્રાવાળી, ચિત્રવિચિત્ર કામવાસનાવાળી, મધ્યમ પ્રસ્વેદવાળી, વિચિત્ર ક્રોધી, અલ્પ આહારવાળી, અણીદાર નેત્રવાળી, મગરના જેવા હસ્તવાળી અને જેને આભૂષણ પ્રિય હોય છે.

૪. શંખિણી, મત્સ્યના ગંધવાળી, લાંબા સ્તનવાળી, ગધેડીના જેવી ચાલવાળી, બરછટ કેશવાળી, પીળા નેત્રવાળી, લાંબા સ્તાનવાળી ગાઢ નિદ્રાવાળી, અતિશય કામવાસનાવાળી, અતિશય પ્રસ્વેદવાળી, દીર્ઘ ક્રોધવાળી, અતિશય આહારવાળી, કલહ પ્રિય હોય છે, મત્સ્યના જેવા હસ્તવાળી હોય છે.

સ્ત્રીના શુભ અને અશુભ બે લક્ષણો હોય છે. 'પૂર્ણ ચંદ્રમા જેવા મુખવાળી, બાળસૂર્યના જેવી કાંતિવાળી, વિશાળ મુખવાળી અને રાતા હોઠવાળી તે શુભ કન્યા કહેવાય.' 'અંકુશ, કુંડળ અને ચક્ર જેના હસ્તમાં હોય છે, તે પુત્રને જન્મ આપે છે અને તેનો પતિ રાજા થાય છે.' 'જેના હસ્તના તળીએ તોરણ હોય છે. તે હલકા કુળમાં જન્મી હોય તો પણ રાજાની પત્ની થાય છે'! જેના હસ્તમાં મંદિર, કમળ, ચક્ર, તોરણ,

છત્ર અને પૂર્ણ કુંભ હોય છે, તે રાજપત્નીપણું પામે અને ઘણા પુત્રો થાય.' જે કોમળ અંગવાળી, મૃગના જેવા નેત્રોવાળી, પાતળી ડોક અને પેટવાળી, ચાલ હંસના જેવી હોય તે રાજપત્ની થશે.' 'જેને ટુંકા કેશ, જે ગોળ મુખવાળી અને દક્ષિણ આવર્તવાળી હોય તો તે પ્રીતિનું ભાજન થાય છે.' જેની દીર્ઘ આંગળીઓ અને દીર્ઘ કેશ હોય તે દીર્ઘ આયુષ્યવાળી હોય અને ધન, ધાન્યથી વૃદ્ધિ પામે છે.' 'જે કૃષ્ણના જેવી શ્યામ, ચંપકના જેવી પ્રભાવાળી ગૌરી અને સ્નિગ્ધ અંગવાળી હોય તે સુખ પામે છે.' 'નીલકમળના દળ જેવી પીળી કાન્તિવાળી હોય તો તે સર્વ અંગે સુવર્ણના અલંકાર ધારણ કરશે.'

'જે સ્ત્રીના કપાળે સ્વસ્તિક હોય, તે ૧૦૦૦ વાહનોના અધિપતિને ધારણ કરશે.' 'જેના ડાબા પડખે, ગળામાં અને અને સ્તન ઉપર લાંછન, તલ કે મસો જો હોય તો, તે પહેલાં પુત્રને જન્મ આપે છે.' 'જેના પ્રસ્વેદ, રોમ, નિદ્રા અને ભોજન જો અલ્પ હોય તો તે ઉત્તમ લક્ષણોવાળી હોય છે.'

'જેની જંઘા રોમવાળી હોય, સ્તન અને હસ્ત ઉપર જો રોમ હોય તો, તે તત્કાળ વિધવા થાય.' 'જે જાડા સાથળવાળી અને પગ ચપટા હોય તો તે વિધવાપણું અને દારિદ્રયના દુઃખને પામે છે.' 'જેના પુંઠે આવર્ત હોય તો તે પતિને હણે છે.' 'જો હૃદયમાં આવર્ત હોય તો તે પતિવ્રતા હોય છે.' 'જો કમરની ઉપર આવર્ત હોય તો તે સ્વચ્છંદી હોય છે.' 'જેનાં લલાટ, પેટ; યોનિ લાંબી હોય છે, તે સસરા, દીઅર, પતિને હણે છે.' જેની જીભ કાળી હોય, લાંબા હોઠવાળી, અતિશ્યામ, એ ૭ પ્રકારની સ્ત્રી ત્યાગ કરવો.'

'સ્ત્રીના ગાલે ખાડા પડતા હોય તો, તે પતિને ત્યાં રહે નહિ અને સ્વચ્છંદાચારવાળી થાય છે.' 'જો ચરણના

અંગુઠાની બાજુની પહેલી આંગળી અંગુઠાને ઓળંગતી હોય તો, તે સારી હોતી નથી, જો બીજીવચલી આંગળી અંગુઠાને ઓળંગે તો. તે દુર્ભગા થાય અને પતિને મૂકી દે છે. જો પગની ત્રણે આંગળી ઉંચી ન હોય અને જમીનને સ્પર્શ ન કરતી હોય તો કુમાર અવસ્થામાં જાર સાથે રમે છે.' 'જેની કનિષ્ઠ આંગળી જમીનને ન સ્પર્શે તો, તે યૌવન વયમાં જાર સાથે રમે, એમાં સંશય નથી.'

'જેવું મૂખ, તેવો ગુપ્ત ભાગ, જેવા ચક્ષુ હોય, તેવી કમર જેવા હસ્ત હોય તેવા પગ હોય, જેવા બાહુ તેવી જંઘા હોય કાગડા જેવી જંઘા અને પાછળ રોમવાળી હોય અને મોટા દાંતવાળી હોય તો તે ૧૦ મહિનામાં પતિને હણે છે.' 'જો આંગળીઓમાં છિદ્ર પડતાં હોય અને આંગળીઓ વિષમ હોય તો, તે રોગને કરનારી છે, એમ સામુદ્રિક કહે છે, એમાં શંકા નથી.' અતિદીર્ઘ, અતિનાની અતિજાડી, અતિકાળી, અતિપાતળી, ચોનીવાળી હોય તો તે દુર્ભગા કહેવાય છે.' 'વિવાદ કરનારી, અસ્થિર આસને બેસતી, શરાતનવાળી તે પરને અનુકુળ અને પરના પાકથી પાકેલી, અતિ આક્રોશને કરનારી, શૂન્ય ઘરમાં બેસનારી, જેને ૧૦ પુત્ર પુત્રી હોય તો પણ એવી ભાર્યાને તજી દે.'

'પીળા નેત્રવાળી, ગાલમાં ખાડા પડતા હોય, ગધેડાના જેવા અવાજવાળી, જાડી જંઘાવાળી, ઉભા કેશવાળી, લાંબા હોઠવાળી, મોટા મુખવાળી, છુટા છુટા દાંતવાળી, કાળ દાંત, હોઠ અને જીભવાળી, સુકાયેલા અંગવાળી, વિષમ ભ્રકુટિ અને સ્તનવાળી, નાક, મુખ ચપટું હોય, તેવી સ્ત્રી વર્જવા યોગ્ય છે. એવા સુખથી રહિત અને ભ્રષ્ટશીલવાળી હોય છે.' 'કાચબા જેવા પૃષ્ઠવાળી, હસ્તિના જેવા સ્કંધવાળી, કમળના પત્ર જેવી પુષ્ઠ સાથળવાળી, પુષ્ઠ ગાલવાળી, નાના અને સરખા દાંતવાળી,

સારી રીતે ગુપ્ત, અતિ ઉષ્ણ અને શ્રેષ્ઠ ગોળાકારવાળી આ ૬ યોનિઓ સારી છે.' 'દક્ષિણાવર્ત નાભિ, સ્નિગ્ધ અંગવાળી, સુંદર ભ્રૂકુટી, છુટી કટિવાળી અને છુટા જઘન, સારા સુંદર કેશવાળી, કાચબા જેવી પુંઠવાળી, ઠંડી, જેના દાંત સરખા છે, જેના ખભાના ભાગ છુટા છે, સુંદર ગોળ કમળ એવા નેત્રવાળી સુવ્રતા, સારા ગુણોથી યુક્ત, એવી સ્ત્રી વિવાહ અર્થે યોગ્ય છે'

એ પ્રમાણે લાંબા સમય સુધી ગોષ્ઠી કર્યા પછી શ્રી 'શ્રીચંદ્ર'ને પ્રિયંગુમંજરીએ કંઠમાં વરમાળા પહેરાવી. મંડપના દ્વારમાં પોંખણા આદિ સર્વ વિધિ પછી માંયરામાં પધાર્યા ત્યાં ક્રિયા થયા પછી કન્યાથી યુક્ત લીલા વાંસની મોટી ચોરીના મધ્યમાં, અગ્નિના ચારે તરફ ફેરાને ફરતા, ૪થા મંગળ ફેરે જમાઇને ચતુરંગ સેના આદિ આપીને નરસિંહ રાજાએ સર્વ, ઉચિત કરીને કહ્યું 'આ સર્વ તમારી સાથે મોકલીશ.' પ્રતાપસિંહનો પુત્ર પ્રિયંગુમંજરીથી યુક્ત ગયા.

તેમણે સ્થાને સ્થાને સાંભાળ્યું, 'રૂપ, વિદ્યા, કુળ, પ્રજ્ઞાબુદ્ધિ અનુત્તર કાન્તિ, અદ્દભુત ગુણો, જેમ ઇંદ્ર અને ઈંદ્રાણીનો યોગ, ચંદ્ર અને રોહિણીનો યોગ, સૂર્ય અને રત્નાદેવીનો અને રતિ અને કામદેવનો યોગ, એવો વિધિએ યોગ કર્યો છે. શ્રી 'શ્રીચંદ્ર' મંગલપૂર્વક મહેલમાં પ્રવેશ કરી સર્વ વસ્તુઓ યથાસ્થાને મૂકાવીને, યથાયોગ્ય દાન દઇને, વાસગૃહમાં આવ્યા. હર્ષિત મુખવાળી પ્રિયંગુમંજરી સખીઓથી યુક્ત, પલંગ ઉપર બેઠેલા પતિ સાથે કાવ્ય ગોષ્ઠી આદિ વાર્તા કરવા લાગી.

એટલામાં તો મદનપાલે ભ્રુસંજ્ઞાથી કહ્યું, 'તારા વચનને યાદ કર.' શંકાના બહાને શ્રી 'શ્રીચંદ્ર' બહાર પડયા, ત્યારે પ્રિયાજળ લઇને તેમના પાછળ ગઇ. ત્યારે કહ્યું, 'તમે અહિં

રહો, ત્યાં પુષ્કળ જળ છે.' એમ કહી નીચે આવીને, સસરાએ આપેલ વીંટી અને સ્વનામની વીંટી, કુંડળ આદિ લઈને, બાકીની સર્વ વસ્તુઓ મદનપાળને અર્પણ કરીને, સ્વવેષ ગ્રહણ કરીને કહ્યું, 'હે મદનપાળ તને સંતોષ થયો? હવે હું જાઉં છું'! 'તેં સુંદર કર્યું છે, હવે તારી રુચિ અનુસાર કર.' હર્ષથી ચક્ષુમાં અંજન આંજીને શ્રી 'શ્રીચંદ્ર'નો વેષ પરિધાન કરીને કાન્તિ વગરનો અને ગંદા હાથપગવાળો, વાસગૃહમાં જઈને નીચે બેઠો.

તેને તેવા પ્રકારનો દેખીને, પ્રિયંગુમંજરી તત્ક્ષણ બહાર પડીને સખીને કહ્યું, 'પતિનો વેષ પહેરીને કોઈ બીજો જ આવ્યો છે'! 'અહિં વળી એવો કોણ છે, જે તેમનો વેષ ધારણ કરે! તું વ્યામૂઢ થઈ છે'! 'હે સખી! જો તું ન માનતી હોય તો તું જઈને તેને પૂછ, પ્રથમના પ્રેમ-વાક્યો અને કથા-ગોષ્ઠી આદિ તે કેવી રીતે કહે છે, તે તું જો.' એ પ્રમાણે પૂછ્યું. તો તે પ્રથમ કરતાં બીજું ઉલટું બોલ્યો. તેથી આવીને કહ્યું. 'એ શ્રી 'શ્રીચંદ્ર' નથી, પરંતુ તેમનો વેષ ધારણ કરીને કોઈક બીજો જ આવ્યો છે.' 'તું દ્વારપાળને પૂછ.'

સખીએ જઈને પૂછ્યું, 'મેં બીજા કોઈને પણ આવતો જોયો નથી.' તે સર્વ જાણીને, સખીઓને ત્યાં મૂકીને પ્રિયંગુ-મંજરી માતા પાસે ગઈ. તેને દેખીને પૂછ્યું, 'હે પુત્રી! તું પોતે કેમ આવી છે? તને કુશળ છે' દુઃખી કન્યાએ ત્યાં જે બન્યું હતું તે કહ્યું, તે રાણીએ રાજાને જણાવ્યું. રાજા વ્યાકુળ થયો અને વિચાર્યું 'આ શું હશે'? પ્રભાતે મદનપાળને તેડાવ્યો. સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરીને અને બીજાઓના કહેવાથી નક્કી કર્યું, 'આ શ્રી 'શ્રીચંદ્ર' નથી.' પૂછ્યું, 'હે વત્સ! તે વીંટી, કુંડળ આદિ ક્યાં છે'? બીજાં જ દેખાડ્યાં. રાજાએ વિચાર્યું 'આમાં શું ઘટી શકે? રાજાએ પુનઃપદ્મિની આદિ સ્ત્રીના ભેદ

આદિ પૂછ્યા. તેની કાંઈ ખબર ન હોવાથી મૌન રહ્યો. પૂછ્યું, 'તું કોણ છે.' તે કાંઇ સત્ય કહેતો નથી. એટલે રાજાએ કહ્યું, આભીના, ચાબુકના ફટકાની શિક્ષાને યોગ્ય છે.'

ત્યારે ગભરાઇને તે બોલ્યો, 'હું મદનપાળ છું, આ બુદ્ધિ બટુકની છે' સર્વ યથાસ્થિત કહીને કહ્યું, 'મારા કહેવાથી તે આ કન્યાને પરણ્યો છે, તો દ્વેષ કરવા જેવું નથી. તે ઉપકારીનો બદલો વાળી શકાય તેમ નથી! તે મને સર્વ સોંપીને ગયો છે. તે કયાં છે? તેની કાંઇપણ ખબર નથી. તે શ્રી 'શ્રીચંદ્ર' હતા તે પણ હું કાંઇ જાણતો નથી.' ત્યારે રાજાએ અને બીજાઓએ કહ્યું, 'તે બટુક જ શ્રી 'શ્રીચંદ્ર' છે તારક ભાટે કહ્યું, 'તે શ્રી 'શ્રીચંદ્ર' જ હતા તેમાં સંશય નથી.' એમની તપાસ કરાવી, પરંતુ ક્યાંય પણ પત્તો લાગ્યો નહિ.

પ્રિયંગુમંજરીને રાજાએ કહ્યું, 'તું રુદન ન કર, તારો પતિ તને મળશે, પરંતુ ઓળખી શકીશ? 'મારા ડાબા અંગના ફરકવાથી તે શુભ શુકનથી સ્વયં હું જાણીશ. ત્યાં સુધી તેમણે આપેલી નાની આંગળીની વીંટીને હું પૂજીશ.' રાજાની આજ્ઞાથી મંત્રીએ મદનપાળ પાસેથી સર્વ લઇ લીધું. અને પૂછ્યું, 'રાણીએ આપેલી વીંટી ક્યાં છે'? 'તે બટુક લઇ ગયો છે.' 'અહો! પરોપકારીપણું! ધૈર્ય, મતિ અને બુદ્ધિ! અહિં પ્રિયંગુમંજરીનું ભાગ્ય વર્તાય છે, તે કારણે આમ થયું.'

રાજાએ ચારે તરફ શ્રી 'શ્રીચંદ્ર'ની તપાશ કરાવી, પરંતુ પ્રાપ્ત થયા નહિ. વિચાર્યું, 'શુભ દિવસે મંત્રીઓને લઇ આવવા મોકલીશ.' મદનપાલને કાંઇક ધન આપી મુક્ત કર્યો. ચંદ્રના જેવા ગોળ મુખવાળા શ્રી 'શ્રીચંદ્ર' ક્ષત્રિયનાં વેષમાં પ્રયાણને કરતા એક મહાઅટવીમાં આવ્યા, અતિતૃષાથી ઉંચા સ્થળે

ચડીને જળને શોધે છે તેટલામાં દૂર એક દિશામાં, જાણે સૂર્યની કાન્તિનો તિરસ્કાર કરતું હોય, તેવું અપૂર્વ કાન્તિનું મંડળ દેખ્યું. ત્યાં પહોંચીને, આ ચંદ્રહાસ તરવાર છે એમ જાણીને વિચાર્યું', 'આ કોની હશે? મનુષ્યની કે આકાશમાં વિહરતા કોઇ વિદ્યાધરની છે? પરંતુ અત્રે કોઇ સ્વામી દેખાતો નથી તો કોઇ ભૂલી ગયું હશે.'? એમ વિચારીને, બુદ્ધિશાળીએ કલ્યાણના અર્થે ચંદ્રહાસ તરવારને ગ્રહણ કરી.'

તે ચંદ્રહાસની ધારની પરીક્ષા અર્થે વાંસની ઝાડી ઉપર ઘા કરતાં ક્ષણવારમાં છેદાઇ ગઇને બે કટકા થઇ ગયા. ઝાડીના મધ્યમાં રહેલા પુરુષના પણ બે કટકા થઇ ગયા. તે જોઇને બોલ્યા, હા...હા... મહા મૂઢપણાથી મે મોટું પાપ કર્યું છે તો મારી નરકમાં પણ સ્થિતિ નહિ થાય! હવે મારૂં શું થશે.' સ્વનિંદાને કરતા, કંઇક જીવતા તેના હસ્તમાં રુદન કરતા કરતા તરવાર આપીને કહ્યું, 'હું અપરાધી છું, મને હણી નાખ.' બોલવાને પણ અશક્ત તેણે રાજાને તરવાર આપીને 'અહિં જલ છે તે મને પા.' એમ હસ્તથી સંકેત કર્યો. જલ પાઇને, વારંવાર ક્ષમાવવા લાગ્યા, તે મૃત્યુ પામ્યો.

ક્ષણવાર રોકાઇ તેના દુઃખથી જલ લીધા વિના જ ચંદ્રહાસથી યુક્ત પ્રયાણ કર્યું. રાત્રીના વનમાં એક વૃક્ષની ડાળ ઉપર દર્ભનું બિછાનું દેખીને, વિચાર્યું 'પહેલા કોઇ મુસાફર આના ઉપર સુતો હશે' તો પણ તેને ઉપાડીને ચારે તરફ જોયું ત્યાં તો એક બખોલને લાકડાથી બંધ કરેલ જોઇને, તેને ખસેડીને સાહસિકે તેમાં પ્રવેશ કર્યો! ત્યાં ગુફાના મુખ પાસે ક્ષણવાર વિસામો લઇને ત્યાં એક મોટી શિલાને ઉચકતાં નીચે પગથીઆં ક્રમે કરી નીચે ઉતરતા એક પાતાળ મહેલને દેખ્યો! રત્નોના દીપકોથી તેજસ્વી એવા બે માળના મહેલના ભોંયતળીએ જોઇ ઉપરના માળે ગયા.

ત્યાં મણિઓથી જડેલા સિંહાસન ઉપર બેસીને પ્રતાપસિંહના પુત્રે સાર્થક કર્યું. પછી બીજા એક ઓરડાનું દ્વાર લીલાથી ઉઘાડયું. તેમાં મધ્યમાં રત્નોના પલંગ ઉપર એક વાંદરી મનુષ્ય જેવી જોઇને આશ્ચર્ય પામ્યા. વાંદરીએ શ્રી 'શ્રીચંદ્ર'ને પગે લાગી વસ્ત્રના છેડાને ખેંચીને પલંગ ઉપર બેસાડયા ! 'ચેષ્ટાથી માનસી જણાય છે, પરંતુ વાંદરી શાથી દેખાય છે'? રુદન કરતી વાંદરીએ ગોખલો દેખાડી વારંવાર સ્વ નેત્રો દેખાડયાં. તે સંજ્ઞાથી ઉઠીને શોધીને અંજનની બેડબીઓને ગ્રહણ કરી શ્યામ અંજન વાંદરીના નેત્રમાં આંજ્યું. તેના પ્રભાવે વાંદરી દિવ્ય વેષધારી સુંદર કન્યામાં પરિવર્તન પામી !

તે અદ્ભુત દેખીને કૌતકીએ કહ્યું, 'હે ભદ્રે ! તું કોણ છે? તને વાંદરી કોણે બનાવી ? અને આ સ્થાન કયું છે ? હર્ષ લજ્જાથી કહ્યું, 'હે નાથ ! હેમપુરના મકરધ્વજ રાજાને મદનાવલી રાણી છે. તેમની હું મદનસુંદરી પુત્રી અને મદનપાલની નાની બ્હેન છું. હું પુરુષના ૩૨ લક્ષણોને જાણું છું. મારી પ્રતિજ્ઞા છે ૩૨ લક્ષણાને હું પરણીશ. રાજસભામાં એક યાચકે પ્રતાપસિંહના પુત્રનું કીર્તન કર્યું હતું. તેના સાથે રાજાએ વિવાહ અર્થે મંત્રણા કરી. હું સખીઓથી યુક્ત ઉદ્યાનમાં ક્રીડા અર્થે ગઇ. ત્યાં પુષ્પોના ગૃહમાંથી મને વિદ્યાધરે ઉઠાવીને, સ્વસ્ત્રીના ભયથી આમાં રાખે પાંચમો દિવસ છે. રુદન કરતી મને બોલ્યો, 'કેમ રડે છે? મને વૈતાઢયા પરનો રત્નચૂડ વિદ્યાધર જાણ. એક રાજાએ મારૂં મણિભૂષણ નગર ગ્રહણ કરવાથી, હું બહાર પરિવાર યુક્ત રહ્યો છું.

'એક દિવસ ભ્રમણ કરતાં હું કુશસ્થળે ઉદ્યાનમાં ગયો. ત્યાં સુવર્ણના પલંગ ઉપર પુષ્પોથી ક્રીડાને કરતી પદ્મિનીને દેખી મને અતિશય પ્રેમ ઉત્પન્ન થયો. હરણ કરવા અર્થ એક

દિવસ અદૃશ્ય રહ્યો. મારા એ રૂપ કરવા પ્રયત્ન કર્યો, પરંતુ પદ્મિની સ્વશીલની રક્ષાવાળી હતી, તેથી એ રૂપ ન થયાં। તેના સમાન રૂપવાળી કન્યાને ગોતતો હતો તેવી તું મળી, હું પરણીશ.' એમ કહી ફળ આદિ મૂકી મને શ્વેત અંજન આંજીને વાંદરી બનાવી ગયો. ત્રીજા દિવસે આવી શ્યામ અંજન આંજીને સુંદરી કરીને કહ્યું, 'હે સુંદરી! લાડવા ગ્રહણ કર, હું લગ્ન જોઈને આવ્યો છું. ગુરુવારના મધ્યાહ્ન સમયે શુભલગ્ન છે. સર્વ સામગ્રીને ગ્રહણ કર, વિદ્યા સાધવા જાઉં છું. ગુરુવારના પ્રભાતે આવીશ.'

'હે વિદ્યાધર તું મૂર્ખ છે? કે જડ છે? તું તો મારા પિતા તુલ્ય છે! તો તું કેવી રીતે પરણીશ'? તેણે હસીને મને વાંદરી બનાવી ગયો આજે બુધવારની રાત્રી છે, હે સાહસિક શિરોમણિ! તમે કોણ છો? કેવી રીતે આવ્યા? એ દુષ્ટના પંજામાંથી મારો ઉદ્ધાર કરો'!

ચંદ્રકળાના પતિએ વિચાર્યું, 'ગઈ કાલે મારાથી જે હણાયો તે રત્નચૂડ હશે.' નિર્ગવીએ કહ્યું, 'હું દરિદ્રી હોવાથી કુશસ્થળથી ધન અર્થે ફરતો ફરતો અટવીમાં વૃક્ષ ઉપર સુવા ગયો ત્યાં કોટરનું મુખ દેખી તેમાંથી અહિં આવ્યો. હે કૃશપેટવાળી! તું દુઃખને શા માટે સહન કરે છે? વિદ્યાધરની *સાથે વિવાહથી તું વિદ્યાધરી થઈશ, તેમાં શું અશુભ તને* દેખાય છે.' 'હે નાથ! મારા ભાગ્યથી પધાર્યા છો, મારી પ્રતિજ્ઞાપૂર્ણ થઈ છે! લક્ષણોથી તમે મહાન છો.'

## પુરૂષના ૩૨ લક્ષણ:

કહ્યું છે '૫ લાંબા. ૪ ટુંકા, ૫ ઝીણા, ૭ લાલ, ૩ ઉંચા પહોળા અને ઊંડા અને ૨ શ્યામ તે પુરુષના ૩૨ લક્ષણો છે. ૨ હસ્ત, ૨ નેત્રો, આંગળા, જીભ અને નાક એ ૫ લાંબા

સારા છે. વાંસો, કંઠ, પુરુષચિહ્ન અને જંઘા એ ૪ ટૂંકા સારા છે. દાંત, નાક. કેશ અને ચામડીએ ૪ સૂક્ષ્મ સારાં છે મસ્તક, ખભો, પગ અને પેટ એ ૪માં ઉન્નતપણું શુભ છે. હાથ અને પગના તળીઆં, તાળવું, નેત્રના છેડા, જીભ, નખ અને ઓષ્ટ એ ૭ લાલ સારાં છે. લલાટ, છાતી અને મુખ એ ૩ પહોળાં સારાં છે. નાભી, સ્વર અને સત્વ એ ૩ ઉંડા સારાં છે. આંખની કીકી અને કેશ એ શ્યામ સારાં છે. એવા ૩૨ લક્ષણોથી આપશ્રી યુક્ત છો એ નિશ્ચિત છે.'

## મદનસુંદરી સાથે લગ્ન:

'મુખને અર્ધું શરીર કહેવાય છે અથવા આખું કહેવાય છે, મુખમાં નાક શ્રેષ્ઠ છે, તેથી પણ ચક્ષુ શ્રેષ્ઠ છે, તેથી પણ કાન્તિ શ્રેષ્ઠ છે. તેથી પણ સ્નેહ છે, તેથી પણ સ્વર શ્રેષ્ઠ છે, એમાં પણ સત્ત્વ શ્રેષ્ઠ છે, સત્ત્વમાં સર્વ કાંઇ છે.' 'ચંદ્રહાસ જેના તેના હસ્તમાં ન હોય! તમે મારા પ્રાણ છો! હું તમને વરી છું. મારું જીવન તમે છો! તમે એકલા છો, તે આવશે, તો હે સ્વામિન! આજે મધ્યાહ્ન સમયે આ લગ્ન સામગ્રીથી હે પ્રભુ! ગાંધર્વ વિવાહથી મને તમે પરણો.' 'હે ભીરુ ડરીશ નહિ. તે આવે એટલે જોઇશ, તે કેવોક છે? પરંતુ સમયની ખબર શી રીતે પડશે.'

'હે દેવ! ગુફા નીચે વિશાળ વડનું વૃક્ષ છે, તેના નજીકના ગોખલના નાના દ્વારમાંથી દિવસનો મધ્ય ભાગ જણાય છે. પ્રભાતે પારણું કર્યું. મધ્યાન્હ સમયે શુભ લગ્ને બંનેએ લગ્ન કર્યું. 'હે સ્વામિન! તે કેમ આવ્યો નહિ'? ત્યારે શ્રી 'શ્રીચંદ્રે' યથાસ્થિત સર્વ વર્ણન કર્યું. 'ખરાબ મંત્રીથી રાજા પચે છે, કાળે કરી ફળ પચે છે અને પાપથી પાપી પચે છે,! બીજે દિવસે સાર

ભૂત રત્નો અને અંજનના બે કુપા લઇ પત્નીથી યુક્ત આવ્યા હતા તે માર્ગે બહાર પડી, શિલાથી ગુફાને બંધ કરી કેટલુંક ધન દાટીને, જેમના હસ્તમાં ચંદ્રહાસ ઉલ્લસીત છે એવા શ્રી 'શ્રીચંદ્ર' સિંહની જેમ અટવી ઓળંગીને એક ગામની નજીક આવી, સરોવરની પાળે રોકાયા.

કહ્યું, 'હે પ્રિયા ! આ ઉપવનમાં રસવતી તૈયાર કરીએ.' 'તમે સામગ્રી મેળવો હું રસવતી કરીશ.' સર્વ સામગ્રી માળી પાસેથી મેળવીને, મદનસુંદરીએ પ્રચુર ઘૃતવાળા ઘેબર, પૂરી, ભાત આદિ તૈયાર કર્યાં. પ્રતાપસિંહના પુત્રે સ્નાન કરીને, આભૂષણોથી ભૂષિત થઇને ઉત્તમતીર્થ સન્મુખ દેવવંદન કર્યું. ત્યારે વીંટી ઉપરનું નામ વાંચી પતિનું નામ જાણ્યું. ભાટ પાસેથી શ્રી 'શ્રીચંદ્ર'નું વર્ણન સાંભળ્યું હતું તેજ આ છે જાણી અતિ હર્ષિત થઇને કહ્યું, 'હે વિભો ! રસવતી તૈયાર છે પધારો.

## સુપાત્ર યોગ :

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હે ભદ્રે ! પ્રિયાના હસ્તનું પહેલું ભોજન તૈયાર થયું છે, તો મુનિશ્રીને વહોરાવીને પછી આપણે ભોજન કરીએ.' સરોવરની પાળે ચારે બાજુ નિરીક્ષણ કરતાં તેમના પુણ્યથી ખેંચાઇને બે મુનિશ્રીને આવતા જોઇને, સન્મુખ જઇ આ મંત્રીને, ભક્તિ અને અતિ હર્ષથી બન્ને જણાએ ઘેબર આદિ વહોરાવ્યા. પછી ઘણા લોકોની સાથે ભોજન કરીને, ક્ષણવાર પછી વચ્છ અને કુચ્છ મુનિશ્રીને નમસ્કાર કરી બેઠા.

વચ્છમુનિશ્રીએ ધર્મલાભપૂર્વક કહ્યું, 'ચિત્ત વિત્ત અને સુપાત્રનો જોગ હે ભદ્ર ! અતિ દુર્લભ છે.' કહ્યું છે, 'સમયે સુપાત્રદાન, સમ્યકત્વથી વિશુદ્ધ બોધિનો લાભ અને અંતે

સમાધિ મરણ એ અભવ્યો પામતા નથી. ઉત્તમ પાત્ર સાધુસાધ્વી, મધ્યમ પાત્ર શ્રાવક–શ્રાવિકા અને જઘન્યપાત્ર અવિરતિ સમ્યગ-દૃષ્ટિ જીવ જાણવા' એ સાંભળીને શ્રી 'શ્રીચંદ્રે' વિનંતી કરી, 'હે મુનિ શ્રેષ્ઠ! પાપી એવા મારાથી અજ્ઞાનથી ઉત્તમ વિદ્યાધર મરાયો છે, તો તેનું પ્રાયશ્ચિત મને આપો. તે પાપ મને શલ્યની જેમ હંમેશા દુઃખ આપે છે.'

'હે પુણ્યાત્મા! પાપભીરુતા ભવ્ય છે, પશ્ચાત્તાપ અને દાનથી તારી શુદ્ધિ થઇ છે, તો પણ આ વિધિથી શ્રી અરિહંત ભગવાન આદિને નમસ્કાર કરીને શ્રી નમસ્કાર મહામંત્રને તું ગણ અને સંયોગ પ્રાપ્ત થયે શ્રી અરિહંત ભગવાનનું મંદિર બનાવજે સિદ્ધાંતમાં કહ્યું છે, 'મહાઆરંભ, મહાપરિગ્રહ, માંસનો આહાર કરવાથી અને પંચેન્દ્રિયનો વધ કરવાથી જીવો નરકના આયુષ્યને બાંધે છે. શ્રી ગૌતમગણધરે પૂછ્યું, 'હે વીર! જીવ કેવી રીતે શુભ એવું દીર્ઘ આયુષ્ય કર્મ બાંધે છે'? શ્રી વર્ધમાન-સ્વામીએ કહ્યું, 'હે ગૌતમ! જીવની હિંસા ન કરે, મૃષાવદ ન સેવે, તે પ્રકારના સાધુને વંદન નમસ્કાર કરીને સેવા કરે અર્થાત મનનું પ્રિય કરે, આહાર, ખાદિમ, સ્વાદિમ અને પાણીને વહોરાવે, એ પ્રમાણે ખરેખર જીવ શુભ દીર્ઘ આયુષ્ય કર્મને બાંધે છે. તે સિવાય તો કર્મો અવશ્ય ભોગવવાં પડે છે.'

'તમારી છત્રાકારની રેખાથી, લલાટ અને લક્ષણોથી ભવિષ્યમાં મહાન રાજા થશો એમ લાગે છે. તો સ્થિર રીતે સમ્યક્ત્વને તમારે આરાધવું જોઇએ. જેવી રીતે, 'ગિરિવરમાં મેરુ, દેવોમાં ઇંદ્ર, ગ્રહોમાં ચંદ્ર. દેવમાં શ્રી જિનેશ્વરદેવ, તેમ ધર્મમાં મુખ્ય સમ્યકત્વ છે. પ્રાયે જીવે અનંત મંદિરો અને જિનપ્રતિમાઓ ભરાવી છે પરંતુ એ ભાવ વિના કરાવેલી હોવાથી દર્શન શુદ્ધિ (શુદ્ધ શ્રદ્ધા) વિના એક અંશ પણ પ્રાપ્તી થઇ નથી.'

'જેને અંતર્મુહૂર્ત પણ એક વખત સમ્યકત્વ જો સ્પર્શે, તો તેને વધારેમાં વધારે સંસાર હોય તો પણ અર્ધ પુદ્ગલ પરાવર્તથી કંઇક ન્યુન હોય. જે દર્શનથી ભ્રષ્ટ હોય તેને મોક્ષ નથી થતો. ચારિત્રથી (દ્રવ્ય ચારિત્રથી) રહિત, તે સિદ્ધ થાય, પરંતુ શુદ્ધ દર્શન વિના સિદ્ધ થતો નથી.'

## સમ્યકત્વ મહિમા:

'સમ્યકત્વ પરમદેવ છે, પરમગુરુ છે. પરમમિત્ર છે, પરમપદ છે, પરમધ્યાન છે, શ્રેષ્ઠ સારથિ છે, શ્રેષ્ઠ બંધુ છે, સારું ભૂષણ છે, પરમદાન છે, પરમશીલ છે અને શ્રેષ્ઠ ભાવના છે, ચિંતામણિ, કલ્પતરુ, નિધિ, કામધેનુ, નરેન્દ્ર કે ઇંદ્રપણુંએ સર્વ ભૌતિક ફળ આપનારી વસ્તુઓ કોઇપણ ઉપાયથી પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ સમ્યકત્વ પામવું દુષ્કર છે, તે પામીને જે હારી જાય છે, તે અનંતકાળ સુધી સંસારમાં રખડે છે! તેથી સમ્યકત્વ દર્શન રત્નનું સર્વ પ્રયત્નોથી રક્ષણ કરવું જોઇએ.'

'જો શીલવ્રતને સુંદર ૯ વાડનું રક્ષણ હોય તો, તે સારી રીતે પાળી શકાય છે, જો તેમાં ખામી હોય તો શીલ પાળી ન શકાય! સમુદ્રમાં જો નાવને જો જરાક પણ કાણું પડે તો તે તરી ન શકે. તેવી જ રીતે ક્રિયારૂપી જીવ સમ્યકત્વ વિના ભવસમુદ્ર તરી શકતો નથી. જેમ મહાવડના વૃક્ષનું મૂળ હણાય તો, તે આખું વૃક્ષ વડવાઇથી યુક્ત નાશ પામે છે, તેમ સમ્યકત્વરૂપી મૂળ જો નાશ પામે તો શેષ આદિ નાશને પામે છે. જેમ સ્વામી હણાયેથી સેના ભાગી જાય છે, તેમ સમ્યકત્વ નાશ પામવાથી દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મ નાશ પામે છે.'

'જેમ કાર્તિક માસ ગયેથી કમળ ધીમે ધીમે કાન્તિ રહિત થઇ વિનાશને પામે છે, તેમ સમ્યકત્વ નાશ પામે તો

ક્રિયા ફળ વિનાની થઈ ધીમે ધીમે નાશ પામે છે, જેમ વિશાળ મહેલનો પાયો નાશ પામે છે તો તે મહેલ નાશ પામે છે તેમ દર્શન ગયે છ તે સકળ તત્ત્વો નાશ પામે છે. જેમ સારથી વિનાનો રથ, રણમેદાનમાં શસ્ત્ર વિનાનો, ઈંધન વિનાનો અગ્નિ, જેમ નાશ પામે છે, તેમ સમ્યકત્વ વિનાના જીવની ક્રિયા, છાર ઉપર લીંપણ જેવી છે, અનાજ માટે ફોતરા ખાંડવા જેવું છે. સમ્યકત્વ વિના ક્રિયા કરનાર, અંધારામાં નાચવા જેવું કરે છે. જેમ મરેલા દેહને પોષણ આપવું તે નકામું છે, તેમ સમ્યકત્વ વિનાના સર્વ અનુષ્ઠાનો નકામાં છે.'

'સમ્યકત્વ પામે છતે આત્માને નરક અને તિર્યંચ ગતિનાં દ્વારો બંધ થાય છે, દેવ અને મનુષ્યનાં ઉત્તમ સુખો અને મોક્ષનું અખંડ અનંતુ સુખ સ્વાધીન થાય છે. જો પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તો સમ્યકત્વ પ્રાપ્ત કરેલ જીવ, વૈમાનિક દેવ સિવાય બીજી ગતિનું આયુષ્ય ન બાંધે! શ્રી જિનેશ્વર ભગવાનના સર્વ વચનો અન્યથા થતાં જ નથી એવી જેની બુદ્ધિ છે તેનું સમ્યકત્વ નિશ્ચલ છે.' એ પ્રમાણે ગુરુમહારાજનાં વચન સાંભળીને શ્રી 'શ્રીચંદ્રે' નમસ્કાર કરીને અને પાયશ્ચિતને ગ્રહણ કરીને પ્રિયાથી યુક્ત પ્રયાણ કરીને ક્રમે કલ્યાણપુરમાં શ્રી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરીને નગર બહાર આવ્યા. ત્યાં ગુણવિભ્રમ રાજા છે. ઉદ્યાનમાં પૂર્વ પ્રમાણે પ્રિયાએ તૈયાર કરેલી રસવતી જમીને સરોવરની પાળે બેઠા છે અને પત્ની જમે છે.

## સુવર્ણપુરુષ :

એટલામાં ૩૨ લક્ષણોથી યુક્ત 'શ્રીચંદ્ર'ને દેખાને યોગીએ કહ્યું, 'કોઈ વીરલા સ્વના ગુણો અને દોષોને જાણે છે અને પારકાના દુઃખે દુઃખી થાય છે અને પારકાના કાર્ય કરનારા

હોય છે.' 'તું કોણ છે? આમ શા માટે બોલે છે'? 'હું ત્રિપુર તે ખર્પરનો નાનોભાઈ છું. ગુરુએ આપેલી વિદ્યાથી પરોપકાર અર્થે, સુવર્ણસિદ્ધિ અર્થે ભ્રમણ કરતો, મારો ઉત્તર સાધક થાય તેવા કોઈને દેખ્યો નથી પરંતુ આકૃતિ અને શરીરની કાન્તિથી તું પરોપકારી દેખાય છે. 'ચંદનના વૃક્ષને વિધાતાએ ફળ અને પાંદડાથી રહિત બનાવ્યું છે, તો પણ તે લોકોને પરોપકાર કરે છે! તું ઉત્તમ સાધક થાય.' 'શું તત્ત્વ છે? શું કાર્ય છે? સુવર્ણ સિદ્ધિ કેમ થાય'? 'રાત્રિના સ્મશાનમાં સત્ત્વશાળીના સાંનિધ્યથી સુવર્ણસિદ્ધિ થાય, બીજી સામગ્રી સુલભ છે.'

'હે યોગી! તું સામગ્રી તૈયાર કર, હું ત્યાં આવીશ.' તે ગયો. મદનસુંદરીએ પૂછ્યું, 'હે રાજાના ઈન્દ્ર! યોગી શું કહેતો હતો.' સર્વ કહ્યું. 'હે નાથ! આ શું કહો છો?' યોગીઓ કુટ આચરણવાળા અને નિર્દય હોય છે! તમને જવા નહિ દઉં. એમ વિવાદને કરતાં રાત્રિ પડી. વસ્ત્રના છેડાને મૂકતી નથી! 'હે પ્રિયે! ઉજ્જવળ આત્માનું ભાવી ઉજ્જવળ હોય છે. જેના મન, વચન અને કાયા શુદ્ધ છે. તેને પગલે પગલે સંપદા હોય છે. જેનું અંતર મલીન હોય તેને સ્વપ્નમાં પણ સુખ દુર્લભ છે. તો દુઃખને ધારણ ન કર. શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવે સર્વ કાંઈ શુભ થશે! તું વાંદરી થઈને વૃક્ષ ઉપર નિર્ભય થજે. એમ જ થયું.

## યોગીની સાથે :

બુદ્ધિશાળીમાં અગ્રેસર ચંદ્રહાસ તલવાર લઈને શ્મશાનમાં કુંડમાંના અગ્નિથી સર્વ કાંઈ જોતાં કુંડની પાસે ઉભા રહ્યા. 'હે વીર! મારી રક્ષા કરનાર થા.' 'તું નિર્ભયતાથી તારી સાધના

કર.' વિધિ કરીને કહ્યું, 'હે વીર! આ દિશામાં મહાવડ ઉપર એક ચોરનું શબ છે, તે લઇ આવ, તે કાર્ય ન થાય ત્યાં સુધી એકવાર પણ બોલીશ નહિ.' વડ ઉપર ચડી શબના બંધનને કાપી ભોંય ઉપર પાડી, જેટલામાં નીચે આવ્યા ત્યાં તો શબ ફરી વડ ઉપર લટકતું જોયું ફરી કોઇ વખત ખભા ઉપર, કોઇ વખત હસ્તમાં લઇ રસ્તા પાસે આવ્યા, તેટલામાં શબ અટ્ટહાસ્ય પૂર્વક બોલ્યું, 'હે પ્રવીણ તું રાજાનો પુત્ર અને રાજા પણ છે, તો સાંભળ ચૂપ રહેવાથી બોલ્યું', 'તું હુંકારો તો પુરાવ.'

'ક્ષિતિપ્રતિષ્ઠિતનો રાજપુત્ર ગુણસુંદર અને સુબદ્ધિ મંત્રીપુત્ર બન્ને અશ્વોના યોગથી મહાઅટવીમાં વિશાળ સરોવરની પાળે સુબદ્ધિ જળ પીને અશ્વોનો રક્ષક થયો. ગુણસુંદર સરોવરમાં ક્રીડાને કરતો સામા કિનારે પહોંચ્યો. ત્યાં કોઇ કન્યા ઉદ્યાનમાંથી કમળ હસ્તમાં લઇને, પગને, દાંતને, અનુક્રમે સ્પર્શ કરીને, વેગથી સ્વસ્થાને ગઇ! પરંતુ ગુણસુંદરને કાંઈ સમજ પડી નહિ. 'આ શું હશે'? મિત્રને પૂછ્યું. 'પદ્માવતી કન્યા, દંતનગર અને કર્ણદેવરાજાની પુત્રી અનુરાગિણી થઇ છે.'' બન્ને નગરમાં ગયાં. માળીના ઘરે રહી તપાસ કરીને. માલણ દ્વારા ગુણસુંદરે કહેવરાવ્યુ, 'સરોવર તીરે જોયેલા આવ્યા છે.

ગુસ્સામાં પદ્માવતીએ ચંદનના ભીના હસ્તથી માલણના મસ્તકે મારીને કાઢી મૂકી! તે સર્વ કહ્યું. ગુણસુંદર વિલક્ષણ થઇ મિત્રને કહ્યું. 'શુદ પાંચમના આવવાનુ સુચવ્યું છે.' 'તેં કેવી રાતે તે જાણ્યું.' 'શ્વેત પાંચ આંગળાથી.' બન્ને ત્યાં રહ્યા. તે દિવસે માલણને ઘણું ધન આપીને પૂછાવ્યું, 'તે કયા માર્ગે આવે'? પદ્માવતીએ કુંકમવાળા હસ્તથી ગળચીએવા પકડી કહ્યું. 'શું તું આવું બોલે છે.' સખીઓથી અપમાન કરાવીને, પાછળના દ્વારથી બીજે માળેથી દોરડા દ્વારા ઉતારી. 'હું જીવતી

આવી એટલું ભાગ્ય.' તે સર્વ સાંભળી મિત્રે કહ્યું, 'તે રજસ્વલા છે, તો ૯ ના રાત્રિએ એ પ્રમાણે પાછળના દ્વારે આવવું એમ કહેવરાવ્યું છે.

ગુણસુંદર એ પ્રમાણે ગયો તે દેખી હર્ષથી રમીને પૂછ્યું, 'હે પ્રભુ! ભાવ કેવી રીતે જાણ્યો.' મુગ્ધભાવે કહ્યું, 'મિત્ર પાસેથી જાણ્યું.' સારી રીતે ભોજન કરાવી એક વિષમિશ્રીત લાડવો દેવરના અર્થે આપ્યો! તે જોઇને સુબુદ્ધિએ કહ્યું, 'મારા પાસેથી જાણ્યું એમ શું કામ કહ્યું.' પ્રભાતે લાડવાને રાખ્યા. શંકાને ટાળે છે, ત્યાં તો તે ઉપર માંખીઓ મરેલી દેખીને, ભૂમિમાં દાટી દીધો! શિખવ્યું, 'સારી રીતે રમીને તે ઊંઘી જાય ત્યારે જાંપ ઉપર ૩ રેખાઓ કરીને ૧ ઝાંઝરને લઇ આવવું એમ થયું. બન્ને યોગી બન્યા, એક સોનીને ઝાંઝર ઉપર દ્રવ્ય માગ્યું. સોનીએ તે રાજાને આપ્યું. સ્વનામ દેખી પૂછ્યું, ક્યાંથી લાવ્યો.'

'મારા ગુરુ જાણે.' બોલાવીને ગુરુને પૂછ્યું, 'આ ક્યાંથી આવ્યું.' 'શમશાનમાં હતો ત્યારે, ઉત્કૃષ્ટ શક્તિ આવી, તેના પગને પકડી ૩ રેખા જંઘા ઉપર કરીને, ઝાંઝર કાઢી લીધું, તે પલાયન થઇ ગઇ.' 'તું વિદ્યાને જાણે છે.' 'હા હું જાણું છું.' 'જો જાણતો હોય તો એને શક્તિના દોષને વર્જિત કર.' 'હે રાજા! મારા મંત્રેલા વસ્ત્રથી રાત્રે કન્યાના મુખ અને નેત્રો બાંધી, પૂર્વ દિશામાં દેશના છેવાડે હસ્ત બાંધીને મૂકવી. જે મૂકવા ગયા હોય તેમણે પાછળ જોવું નહિ. ૮ પહોર ગયે દોષ વિનાની થશે.' બન્ને સ્વસ્થાને ગયા. રાજાએ કહ્યા પ્રમાણે કન્યાને મૂકી. તે બન્ને ત્યાં પહોંચ્યા.

બંધન છોડી સ્વદેશમાં લઇ ગયા. કન્યાએ કહ્યું, 'હે દેવર! આ શી ચેષ્ટા કરી.' 'વિષમિશ્રિત લાડવાનું કાર્ય છે! મારું

નથી.' સમય થયે રાજા ત્યાં ગયો પણ કન્યા ન મળી જેથી રાજાનું હૃદય બંધ પડયું. 'તે પાપ કોનો લાગે.' થોડીવાર રહીને શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'એ પાપ રાજાને લાગે, આટલી મોટી ઉંમર સુધી પરણાવી નહિ રાજા કારણ છે, બીજી રીતે ચારેને લાગે.' તે સાંભળી શબ પાછું વડ ઉપર ચોટી ગયું. એમ ત્રણવાર થયું. ચોથીવાર શબ લઈને ચાલ્યા. શબે કહ્યું, 'હે રાજાધિરાજ! યોગી અતિ ધૂર્ત છે, તારા સાથથી સાધના સિદ્ધ કરીને તને હણી નાખશે.' તે સાંભળી વિચારે છે.

એટલામાં મધ્યમવયની સ્ત્રી આવી. તેને પૂછ્યું, 'તું કોણ છે.' 'નંદગામમાં રહેતી એવીનો તે પતિ છે. તે કોઈ વખત ચોરી કરતો તેથી રાજાએ તેને હણીને વડ ઉપર લટકાવ્યો છે. તેને જોવા હું આવી છું. તે જેટલામાં શબને ચંદનથી લીંપે એટલામાં તો શબે તે સ્ત્રીનું નાક કરડી લીધું! તે ગામમાં ગઈ. શબને યોગી પાસે લઈ આવ્યા. સ્નાન કરાવીને પુષ્પોથી પૂજી, માંડલામાં કુંડની પાસે યોગીએ મૂકયું શબના હસ્તમાં તરવારને આપી. તેના પગ પાસે બીજી તરફ જોતાં શ્રી 'શ્રીચંદ્ર'ને ઉભા રાખીને કહ્યું, પાછળ વળીને જોવું નહિ. મારું કાર્ય સિદ્ધ થાઓ એમ ચિંતવવું.

શ્રી નમસ્કાર મહામંત્રથી શરીરની રક્ષા કરીને વાંકી દૃષ્ટિથી શબ ઉપર ધ્યાન રાખતાં શ્રી 'શ્રીચંદ્ર' ઊભા રહ્યા. અડદના દાણા મંત્રીને શબ ઉપર નાંખીને યોગીએ હુંકાર કર્યો. શબ જરા ઉંચું થઈ ચારેતરફ નિરીક્ષણ કરી શાંત પડી રહ્યું યોગીએ પૂછ્યું, 'શું વિચારે છે.' 'જેવું મન, વચન અને વર્તન હોય તેવું કાર્ય સિદ્ધ થાઓ.' 'યોગીનું સિદ્ધ થાઓ. એમ ચિંતવ.' ફરી મંત્રીને શબ ઉપર દાણા નાખીને યોગીએ હુંકાર કર્યો. ત્યારે લાલ ચોળ આંખ કરીને શબે ઉભા થઈને કહ્યું, 'અરે

દુષ્ટ? શલ્યવાળા શબમાં મને ઉતારે છે? તને તેના ફળ ચખાડું છું.' એમ કહીને યોગીને ઉઠાવીને અગ્નિકુંડમાં હોમી દીધો. ત્યારે શ્રી 'શ્રીચંદ્ર' તેને એમ કરતા રોકતા રહ્યા.

ત્યાં તો યોગી સુવર્ણપુરૂષ થઇ ગયો! તે સુવર્ણપુરૂષને કયાંક ભૂમિમાં દાટીને, વાંદરી પાસે પ્રભાતે થઇને અદ્‌ભુત અંજન આંખમાં આંજીને, મદનસુંદરી થઇ ત્યારે સર્વ જે બન્યું તે કહ્યું તે સાંભળી વિસ્મયથી પૂછયું, 'હે નાથ! સુવર્ણ પુરુષનો શો પ્રભાવ છે'? 'સુવર્ણ પુરુષને વિધિથી પૂજીને, તેના બે હસ્ત અને બે પગ કાપીને ગ્રહણ કરીને, તેને ફરી વસ્ત્રથી ઢાંકી દેવાથી, તેને ફરી પ્રભાતે સુવર્ણના નવા હસ્ત અને પગ થઇ જાય. એ પ્રમાણે હંમેશા કરતાં, (દરરોજ ૧૬ ક્રોડ રૂપીઆ મળે!) તે તેના પ્રસાદથી, દાતા, ભોકતા અને લક્ષ્મીવાન થાય છે.'

'પરંતુ તેમાં મારૂં મન નથી, કારણ અન્યાયથી અને હિંસાથી બન્યું હોવાથી, તેમજ મૂળથી જ ચિત્તને ક્રૂર કરનાર હોવાથી અને પ્રથમ વ્રતના ખંડનથી એનો ભોગ કરવો, તે દયાળુને યોગ્ય નથી.' એમ વાતો કરતા પ્રયાણ કર્યું. તેમને ત્યાં ક્રીડા અર્થે આવેલા ગુણવિભ્રમ રાજાએ જોયા. ત્યાં તો કોઇ પરદેશથી આવેલ બારોટ શ્રી 'શ્રીચંદ્ર'ની સ્તુતિના ઘણા શ્લોકો બોલ્યો. તેમની કીર્તિને સાંભળી, વિસ્મિત થઇને ગુણવિભ્રમે પૂછયું, 'હે બારોટ તું કયાંથી આવ્યો છે.' 'હું કુંડલપુરથી આવ્યો છું. આ તે શ્રી 'શ્રીચંદ્ર' રાજા છે.' રાજાએ ઉચિત દાન દીધું.

તેનાં વચન સાંભળી મદનસુંદરીએ અતિ હર્ષિત થઇને કહ્યું, 'હે નાથ! આજે તમારૂં ચરિત્ર સાંભળ્યું, તે પહેલાં જ મારૂં ચિત્ત તમારા ઉપર અનુરાગવાળું હતું.' 'એ નામવાળા તો

અનેક મનુષ્યો હોય છે.' 'હે નાથ! શું તમે હજી પણ તમારા આત્માને ખુલ્લો નહિ કરો.' તેમણે મુખને મલકાવ્યું. ત્યારપછી રાજા નગરમાં ગયા. પછી પ્રિયાએ અર્થીને સુવર્ણમુદ્રિકા આપી. વીણાપુર જતાં માર્ગમાં કોટવાલ ભટકાણો. તેમને જોઈ વિસ્મય પામીને પૂછ્યું, 'તું કોણ છે? આ તરવાર મને આપી દે.' 'જોએની ઇચ્છા હોય તો તારી તરવારને તૈયાર કર, તો તરવાર દેખાડી શકાય-' તે તેજસ્વી વચનોનો સાર પામી તે અધમ નગરમાં ગયો. રાજાની આજ્ઞાથી સેનાપતિ સાથે જલ્દી પાછો આવ્યો. સૈન્યને આવતું જોઈને ચકિત થઈને કહ્યું, 'હે પ્રભુ! શું વિશાળ સૈન્ય આવે છે. યુદ્ધમાં સમર્થ શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'તું ગભરાઈશ નહિ મારી આગળ તું થા, તેને આગળ કરી તરવારને દ્રઢ પકડી તે વીર ઊભા રહ્યા.

'તું હમણા મરી જશે, મારો મારો' એમ બોલતું સૈન્ય ત્યાં આવ્યું. એટલામાં તો શ્રી 'શ્રીચંદ્રે' સિંહનાદ કરી, સિંહના પ્રમાણે સંગ્રામ કરવા લાગ્યા. સિંહનાદથી ત્રાસ પામીને હસ્તિઓ રથો, અશ્વો એકના ઉપર એક પડવા લાગ્યા. કેટલાક મૃત્યુ પામ્યા, કેટલાક અધમુઆ થઈ ગયા, તેઓએ પલાયન થતાં થતાં કહ્યું, 'ફોગટના અમે મરી ગયા, આ વિદ્યાધર છે, દૃષ્ટિથી પણ દેખાતો નથી.'

# પ્રકરણ બીજું : મદનસુંદરીનું અપહરણ

જેમની બે ભુજાઓ પ્રિયાથી પૂજાયેલી છે એવા શ્રી 'શ્રીચંદ્ર' કોઈ વખત જલ્દી અને કોઈ વખત ધીમે સિદ્ધપુરમાં આવ્યા, ત્યાં જૈન ચૈત્ય છે, તેનો મોટો મહિમા છે, ત્યાં અનેક લોકો દેશોદેશથી આવી અક્ષત, ફળ, નૈવેદ્ય, વસ્ત્ર આદિથી અનેક પ્રકારે પૂજાને કરે છે! તે સંઘના ગયા બાદ ત્યાંના વણિક આદિ લોકો દેવનું દ્રવ્ય ભાગ પાડીને હંમેશા લઈ લેતા. તે દેવદ્રવ્યના ભક્ષણથી તેઓ સર્વ નિર્ધન થઈ ગયા, પ્રાયઃકુળક્ષય થયો. જેથી સિદ્ધપુર છાયા વગરનું થયું.

તે સ્વરૂપ જાણીને શ્રી 'શ્રીચંદ્રે' શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કરીને પ્રિયાને કહ્યું, 'આ લોકોના ઘરે દેવદ્રવ્યનું ભક્ષણ કરાતું હોવાથી અત્રે કોઈના ઘેર અન્નપાણી લેવું તે યોગ્ય નથી.' પછી વૃદ્ધોને પૂછ્યું. 'આ શ્રી જિનમંદિર જીર્ણ કેમ દેખાય છે? આ બહુ ખરાબ કહેવાય, અર્થાત આ અશુભની નિશાની છે. પ્રત્યેક કરજ અશુભ છે, તેમાં પણ દેવદ્રવ્યનું કરજ વિશેષપ્રકારે અશુભ છે, દેવદ્રવ્યથી સ્વધનની વૃદ્ધિ કરવી અને તે દ્રવ્યથી જે પ્રાપ્ત કરેલું ધન કુળના નાશના અર્થે થાય છે! અને તે મૃત્યુ પછી નરકે જાય છે.

'આગમમાં કહ્યું' છે, 'જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન અને દર્શનના ગુણોનો પ્રભાવક અને શ્રી જિનધર્મનો રક્ષક

તે તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે.' 'જિન પ્રવચનની વૃદ્ધિ કરનારો. જ્ઞાન-દર્શનો પ્રભાવક અને દેવદ્રવ્યનું રક્ષણ કરતો, તે તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.' 'દેવદ્રવ્યના ભક્ષણથી અને પરસ્ત્રીના ગમનથી ૭ મી નરકે ૭ વાર જાય છે.' જે શ્રાવક દેવદ્રવ્યનું ભક્ષણ કરે છે અને ઉપેક્ષા કરે તો તે શ્રાવક પ્રજ્ઞાહીન થાય છે અને કર્મથી લેપાય છે.' તો તમે એવો કોઇ ઉપાય કરો, જેથી પાપથી મુક્ત થવાય.' એમ કહીને બીજે ગામ જઇને અન્નપાણી લીધું.

આગળ પ્રયાણને કરતા, બીજે દિવસ વનમાંથી આગળ જતાં થોડો દિવસ શેષ રહેતાં મદનસુંદરી થાકી ગઇ. તેથી કહ્યું, 'હે પ્રિયે! ગામ હજી દૂર છે, તું થાકી છે તો આપણે વડવૃક્ષ નીચે અહીં રહીએ, ઝુંપડીનું કોઇ પ્રયોજન નથી! તેમજ થયું. સંથારો કરી બન્ને ઉપયોગવાળા થઇને રહ્યા છે. પ્રથમ બેપહોર મદનસુંદરી ઊંઘી ગઇ. શ્રી 'શ્રીચંદ્ર' જાગે છે અને ચારેકોર નિરીક્ષણ કરે છે. ત્યાં તો દક્ષિણ દિશામાં રત્નના તેજને જોઇને, કૌતકથી શીઘ્ર જાય છે, તે તેજ દોડતું કયારેક દૂર કયારેક નજીક દેખાય છે, એમ આગળ જતાં અકસ્માત તે તેજ દેખાતું બંધ થઇ જાય છે! એ ઇંદ્રજાળ માનીને, જે પગલે ગયા હતા તે પગલે પાછા ફર્યા.

સંથારામાં બેસીને પ્રિયાને કહ્યું, 'હે પ્રિયતમે! કમળની શ્રેણીની સુગંધ આવવા લાગી છે, કુકડા કુકરે કુક કરવા લાગ્યા છે, ઠંડકના કારણે માર્ગ સુગમ છે, રાત્રી વીતવા આવી છે, તો ઊઠો. ઉત્તર મળ્યો નહિ ક્ષણવાર રોકાઇ કહ્યું. 'હરણીઓ ઘાસ અર્થે જઇ રહ્યા છે, સૂર્ય ઉદયાચળના શિખરે આવવાની તૈયારીમાં છે, હે પ્રિયા ઊઠો.' ઉત્તર ન મળવાથી મદનસુંદરીના સંથારા ઉપર હસ્ત ફેરવતા ત્યાં ન હતી! વિયોગના દુઃખથી

દુઃખી થઈને ચારે દિશામાં નિરીક્ષણ કરે છે, પરંતુ પ્રભાતે ક્યાંય પણ મદનસુંદરીના પગલાં દેખાતા નથી. શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું', મને ઉદ્યોતના બહાને ભ્રમિત કરીને, કોઈએ પ્રિયાનું હરણ કર્યું છે, પરંતુ તે કેવી રીતે ત્યાં રહી શકશે.'

'જ્યાં કવિની કલ્પના પણ પહોંચી શક્તિ નથી અને કોઈ પણ મનુષ્ય મનથી પણ વિચારી શકતો નથી, તે કાર્ય પૂર્વકૃત કર્મ રૂપી વિધિ કરે છે. અઘટિતને ઘટિત કરે છે. અને સુંદર થયેલાને બગાડી નાખે છે. એ પ્રમાણે વિધાતા કરે છે. જે વિધિએ લખ્યું હોય, તેજ સ્ફુરાયમાન સકળલોકને થાય છે! તો ધીર દુઃખમાં કાયર થતા નથી.' એ પ્રમાણે ઉત્સુક ચિત્તવાળા ઉપાયને ચિંતવે છે. 'કોના મનોરથોની સ્ખલના થતી નથી? સર્વ મનોરથો કોના ફળ્યા છે? કોને લોકોમાં સુખ છે? કોણ ભાગ્યથી ખંડિત થયો નથી? ધૂર્તો પણ સ્ખલનાને પામે છે.'

**રાજ્યયોગ :**

તત્ત્વને જાણનાર એમ વિચારીને આગળ પ્રયાણ કરે છે. કનકપુર નગરના સરોવરની પાળે, વડવૃક્ષની છાયામાં ક્ષણવાર ઉંઘ્યા હતા. તે નગરીનો રાજા કનકધ્વજ દૈવયોગથી અપુત્રીઓ મૃત્યુ પામ્યો હતો. મંત્રીઓએ રાજ્યની અધિષ્ઠાયિકા દેવીની આરાધના કરતાં, દેવીએ કહ્યું, 'પંચદિવ્યને અધિવાસિત કરો! જેના મસ્તક ઉપર હસ્તિની અભિષેક કરે, તેને તમે રાજા તરીકે સ્થાપજો.' તે પંચદિવ્ય ત્રણ દિવસ નગરમાં ભ્રમણ કરીને, નગર બહાર આવ્યા! શ્રી 'શ્રીચંદ્ર' જ્યાં ઉંઘ્યા હતા ત્યાં આવીને હસ્તિનીએ તેમના ઉપર કળશનો અભિષેક કર્યો સ્વયં અશ્વે હેષારવ કર્યો, છત્ર મસ્તક ઉપર પોતે ગોઠવાઈ ગયું! અને ચામર પોતાની મેળેવી વીંઝાવા લાગ્યા! જાગીને તેમણે વિચાર્યું 'આ શું હશે.'

મંત્રીએ કહ્યું, 'હે નાથ! આ નવલખા દેશનું રાજ્ય સ્વીકારો! આ નગરના રાજા કનકધ્વજ મૃત્યુ પામ્યા છે, તેમના નવલખાદેશના અમારા ભાગ્યથી આપશ્રી અમારા રાજા થયા છો, રાજાની કનકાવલી કન્યા સાથે પાણિગ્રહણ કરવા કૃપા કરો.' લક્ષ્મણ આદિ મંત્રીઓ હર્ષ પામ્યા. ચંદ્રહાસ તરવારથી દેદીપ્યમાન અંગવાળા, કુંડળ આદિથી વિભૂષિત અને નામની વીંટી જોઈને હર્ષથી વિધિપૂર્વક રાજ્ય ઉપર સ્થાપ્યા! કનકાવલીને ડાબા પડખે ઉત્સવપૂર્વક અભિષેક કરીને સ્થાપી. કરમોચન, બંદીખાનેથી બંદીઓની મુક્તિ, દેવપૂજા, ગીત. નૃત્ય આદિથી વિશાળ મહોત્સવ થયો.

લક્ષ્મણ મંત્રીએ વિનંતી કરી, 'હે દેવ! સદાચારથી આપશ્રીની ઉત્તમતા જણાઈ છે, કહ્યું છે, 'આચાર કુળને જણાવે છે સંભ્રમ સ્નેહને અને રૂપ ભોજનને જણાવે છે.' તો પણ લોકો આદરથી ગાતા, આપશ્રીનો વંશ અને માતાપિતાના નામને જાણવા ઈચ્છે છે.' જ્યારે હરિબળ માછીમાર વિશાળા નગરીમાં ગયો ત્યારે શું લોકોએ માતાપિતા અને કુળ જાણ્યું હતું? માટે હે લોકો કુળ આદિ જાણવાનું શું કામ છે? ગુણો જ જોઈએ, બીજાથી શું પ્રયોજન છે'? એ સાંભળી લોકો મૌન રહ્યા.

તે નગરમાં કોઈ દિવસે ગાયક આવ્યો અને રાજમાર્ગમાં શ્રી શ્રીચંદ્રનો પ્રબંધ ગાવાનો પ્રારંભ કર્યો! તેના અંતે ઈચ્છિત દાન દઈને પૂછ્યું, 'તે' શ્રી 'શ્રીચંદ્ર'ને દેખ્યા છે.' 'મારા પિતાએ જોયા હતા અને દાન લીધું છે.' પ્રભાતે રાજાએ મંત્રીઓને પૂછ્યું, 'રાત્રીએ કેમ ન આવ્યા'? તેમણે જે સાંભળ્યું હતું તે યથાસ્થિત કહ્યું, કિંચિત હસીને રાજા અવનત મુખે મૌન રહ્યા. લક્ષ્મણમંત્રીએ વિચાર્યું', તે આજ હોવા જોઈએ.' તેમને વિચાર જોઈને, ચતુરંગી સૈન્યથી યુક્ત વનમાં જઈને ઘણા અશ્વોને

બેસાવી, વિશ્રાંતિ માટે આમ્રવૃક્ષના નીચે બેસીને, જાતિવાર જુદાજુદા અશ્વો કાઢે છે, તેટલામાં તો પશ્ચિમ દિશામાંથી જેના સ્કંધ ઉપર લાકડી અને હસ્તમાં જળપાત્ર છે એવા દેદીપ્યમાન ગોળ મુખવાળા અને ઉંચા લલાટવાળા, એક મુસાફરને દૂર દેશથી આવેલો જાણીને, સૈનિકોએ તેને બોલાવ્યો.

## ગુણચંદ્રનું મિલન:

શ્રી 'શ્રીચંદ્ર'ને જોઇને, હર્ષના અશ્રુથી યુક્ત કહ્યું, 'અહો! આજે વાદળાં વગરની વૃષ્ટિ! પુષ્પ વિનાનું ફળ! અહો! મારું પૂર્વ પુણ્ય! મેં મારા પ્રભુને આજે જોયા.' શ્રેષ્ઠ ગુણચંદ્ર જાણીને, ઊઠીને તત્કાળ તેને ભેટયા. શ્રી 'શ્રીચંદ્ર'ના ચરણકમળમાં મસ્તકને ભ્રમરની જેમ લાંબા સમય સુધી નમાવીને, નમસ્કાર કરીને ઉચિત આસને બેઠો. રાજાના મિત્રને મંત્રીઓ અને લોકોએ આદરપૂર્વક નમસ્કાર કર્યાં.

'હે મંત્રીપુત્ર! તું એકલો કયાંથી? કયા કયા માર્ગે તું આવ્યો? તેં કુશસ્થળને ક્યારે મૂકયું? માતા પિતા કુશળ છે? તારી ભાભી કયાં છે? મારા પ્રયાણ પછી શું થયું? તે કહે.' 'આપશ્રાના આદેશથી મેં મંત્રીઓનો હિસાબ કર્યો, પરંતુ શરીરમાં આળસ આવવાથી, પ્રભાતે આપના ગૃહે આવ્યો, ત્યાં આપને ન જોવાથી પૂછ્યું, 'હે સ્વામિની! સ્વામી કયાં છે? તમે જાણતા હશો? મેં ઘણું પૂછયું ત્યારે ગદ્‌ગદ્ કંઠે કહ્યું, 'હકીકત કહીને કહ્યું તમને પિતાનો વિયોગ ન થાય તે માટે તમારા સિવાય દેશાટન ગયા છે. જેવા તેવા પણ તમે પતિના મિત્ર હોવાથી તમારા સિવાય કોઇને પણ કહેવાની ના પાડી છે.' આપના વિયોગથી સર્વ અતિ દુઃખી થયા.

ચેન ન પડવાથી પદ્મિની વડિલોના કહેવાથી રાજમહેલમાં ગઈ! મહેન્દ્રપુરનો મંત્રી સુંદર, કુંડલપુરના મંત્રી વિશારદ આવ્યો અને ત્યાં સુધીની હકીકત જાણી તમારી બુદ્ધિથી સૂર્યવતી હર્ષને પામી, જ્યાં સુધી તમારો મેળાપ ન થાય ત્યાં સુધી ઘેબર, લાડુ, ધૃત આદિના ત્યાગનો અભિગ્રહ કર્યો છે, તે સગર્ભા હોવાથ સર્વ ત્રાસ પામી રહ્યા છે. સર્વ કુશળ છે, પરંતુ તમારા વિયોગનું દુઃખ છે. પ્રભુની દિશા જાણી પ્રતાપસિંહે ઘણા સૈનિકોને તપાસ કરવા મોકલ્યા. હું સ્નેહથી આ દિશામાં ઘણા સૈનિકોથી યુક્ત સર્વ ધનંજયને સોંપીને, નીકળ્યો હતો' કુંડલપુરમાં ચંદ્રલેખા અને ચંદ્રમુખી પાસેથી તમારી હકીકત જાણી. મહેંદ્રપુરમાં સુલોચનાને નમસ્કાર કરીને, હેમપુરની હકીકત જાણી, કાન્તિપુરીમાં આવ્યો. પ્રિયંગુમજરી હર્ષ પામી, પછી આ દિશામાં આવ્યો માર્ગમાં બીજા માર્ગે સૈનિકોને મોકલ્યા. હું બીજા માર્ગે સર્વત્ર તપાસ કરતો અહિં આપછો જાણી જલ્દીથી હું અત્રે આવ્યો. આપશ્રીને દેખી કૃતકૃત્ય થયો છું.

મંત્રી, સામતો આદિ ગુણચંદ્ર પાસેથી રાજાનું સર્વ જાણી હર્ષથી સ્વસ્થાને ગયા. મિત્રને મહાન અમાત્યપદે સ્થાપ્યો! આ પ્રમાણે પૂર્વે કરેલા તપના પ્રભાવથી શ્રી 'શ્રીચંદ્ર' વિશાળ રાજ્ય પાળે છે. કહ્યું છે, 'ધર્મના આધારે જગત છે, તે ધર્મ સતપુરુષોના ઉપયોગમાં સ્થિર સ્વરૂપવાળો છે, તે સતપુરુષો સત્યનિષ્ઠ હોય છે અને તે સત્ય, સુખરૂપ સંતોષને વશવર્તી છે, અર્થાત્ સુખરૂપ સંતોષજન્ય છે અને તે સંતોષ, ઉન્મત વિષયોના વિજયથી ઉપાર્જિત જયવાળો છે અને તે જય, તપથી સાધ્ય અર્થાત્ આ સર્વ તપના વૈભવરૂપે પ્રગટે છે. ઉપરોક્ત સદ્ગુણો ઉત્તરોત્તર સંકલિત છે.'

[ તૃતીય ખંડ પૂર્ણ ]

ચતુર્થ ખંડ :

## પ્રકરણ પહેલું : પારસમણી

શ્રી 'શ્રીચંદ્ર' રાજાને મદનસુંદરી યાદ આવતાં, લક્ષ્મણમંત્રીને બળાવીને, મિત્રથી યુક્ત બે અશ્વો ઉપર સવાર થઈને, ક્ષણવારમાં ભયંકર અટવીમાં આવ્યા. ત્યાં વૃક્ષના આશ્રયે યોગીને અતિસારથી દુઃખી જોઈને, અનેક પ્રકારે સેવા કરવા લાગ્યા અને દૂરના ગામમાંથી પથ્ય ઔષધ આદિ પ્રાપ્ત કરીને અનેક પ્રકારે તેલ આદિ ચોળીને, સ્નાન કરાવીને યોગીને સ્વસ્થ કર્યા. તેથી કહ્યું 'હે પુણ્યાત્મન! હજી મારું ભાગ્ય વર્તે છે. આવી અવસ્થામાં પણ તું બુદ્ધિશાળી ભેટયો.'

'તો અતિ દુર્લભ આ પારસમણીને તું લે, તેના સ્પર્શથી સર્વ ધાતુઓ સુવર્ણની થાય છે! તું ભાગ્યશાળી હોવાથી હું તને સમર્પણ કરું છું. પૃથ્વીને તું અનૃણી કરજે, જિનાલયો બંધાવજે; મારા મૃત્યુ બાદ આ સ્થાને એક મઠ બંધાવજે.' એમ કહીને બળાત્કારે પારસમણીને આપતા હતા, પરંતુ શ્રી 'શ્રીચંદ્ર' ના પાડતા હતા! અતિ આગ્રહથી યોગીનું વચન અંગીકાર કરીને લીધો. તેના મૃત્યુ બાદ ત્યાં મઠ બંધાવ્યો.

## અપૂર્વ નરમાદા મોતી!

પ્રયાણને કરતા વનના મધ્ય ભાગમાં આવ્યા. ત્યાં વાંસની જાળીમાં ૧૦૮ પર્વવાળા પાકેલા સીધા વાંસને શાસ્ત્ર લક્ષણોથી યુક્ત જાણીને, તેને કાપીને મધ્યમાંથી મોતીના જોડલાને કાઢીને, મિત્રને કહ્યું, 'આમાં વૃદ્ધ છે તે નર છે અને નાનું છે તે નારી છે! બુદ્ધિશાળીએ યત્નથી નારીનું રક્ષણ કરવું. નારી જ્યાં હોય ત્યાં નર રાત્રિએ સ્વયં આવે છે! પરંતુ છેતરવાનું હોવાથી તે ધન દુષ્ટ કહેવાય.'

વનને છેડે શ્રીગિરિને સુંદર જોઈ મોહિત થયા! તેમાં ગુફાઓને જોતા, તૃષાથી આક્રાંત થયા એટલામાં સ્ત્રીનું રુદન સાંભળીને, દુ:ખ દૂર કરવા ભયંકર આશ્રમમાં જઈને પૂછયું, 'શા માટે રુએ છે? પાણી કયાં છે'? એ મહાપુરુષોને જોઈને, ગુફાના મધ્યમાંથી જળથી પૂર્ણ કુંભ લાવીને અર્પણ કર્યો. જળ તેમણે પીધું નહિ. તેથી જળનું સ્થાન બતાવ્યું. તે બન્ને સ્નાન કરીને સ્વસ્થ થયા.

ભીલડીએ કહ્યું 'આ મહાન શ્રીગિરિ છે, નજીકના નગરના સ્વામીનો સુવર્ણ કુંભ ચોરો ચોરી ગયા હતા, તેનું પગેરું અહિં સુધી દેખાયું. પગલા પ્રમાણે ચોર કોઈ બીજો છે, પરંતુ મારા પતિને પકડી ગયા છે. તેમના પાસે તે સુવર્ણ કુંભને માંગે છે, તે દુઃખથી હું રુદન કરતી હતી.' 'હે ભદ્રે! લોખંડના કુંભને ખાલી કરીને લઈ આવ.' એમ જ થયું. પારસમણીના પ્રભાવે, તે કુંભને અગ્નિના યોગથી સુવર્ણનો કરીને, પારકાના દુઃખને દૂર કરનાર શ્રી 'શ્રીચંદ્રે' તેને આપ્યો! તે લઈને જલ્દી તે નગરમાં ગઈ.

## પૂર્વભવની મેના :

પછી સૂર્યવતીનો પુત્ર વીણાપુરમાં કિલ્લો આદિ દેખીને, જેટલામાં એટલા ઉપર વિશ્રાંતી લે છે એટલામાં તો પૂર્વભવમાં જે તપસ્વી મેનાએ અનશન કર્યું હતું તે આ ભવમાં પદ્મનાભ રાજાની પુત્રી પદ્મશ્રી થઇ હતી! તે મંત્રી પુત્રી કમલશ્રીથી યુક્ત ક્રીડા કરીને બહારથી પાછી સ્વ મહેલમાં જતી હતી, ત્યાં તો શ્રી 'શ્રીચંદ્ર'ને દેખીને અતિ મોહિત થઇ! બુદ્ધિની પરીક્ષા અર્થે ચંદનથી પૂર્ણ કટોરો ભરીને સખી દ્વારા ભેટ મોકલ્યો! તે જોઇને પૂછ્યું, 'આ શું છે'? 'રાણી પદ્માવતીની પુત્રી પદ્મશ્રીએ ભેટ મોકલ્યો છે.'

શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'આ ભોગ અર્થે મોકલ્યો નથી પરંતુ મારી પરીક્ષા અને સ્વગર્વને પોષવા અર્થે મોકલ્યો છે'! તેના મધ્યે સ્વની નાની વીંટી મૂકીને, કચોળાથી યુક્ત વિસર્જન કરી. પદ્મશ્રીએ ફરી છુટાં પુષ્પોને મોકલ્યા પુષ્પની માળા બનાવીને પાછી મોકલી. ગુણચંદ્રે પૂછ્યું, 'આ શું કર્યું'? પદ્મશ્રીએ અદ્‌ભુત બુદ્ધિથી પરીક્ષા કરી છે. 'મુદ્રારત્નની પ્રમાણે મારૂં સ્થાન તેણીના હૃદયના મધ્યમાં થશે.'! 'પુષ્પોના પ્રમાણે તે એક ગુણવાળા હોવાથી, માળા પ્રમાણે સુગુણવાળા થઇને ઇષ્ટ વસ્તુથી યુક્ત થઇશું.

હૃદયના ભાવને જાણનારા, રૂપમાં સૂર્યસમાન પૂર્વભવના ઇષ્ટ એવા શ્રી 'શ્રીચંદ્ર' રાજાને અતિ હર્ષથી પદ્મશ્રી વરી! મંત્રી પુત્રી કમલશ્રી પણ અમાત્ય ગુણચંદ્રને વરી બન્ને વરને પ્રેમથી દેખીને સ્વમાતા પિતાને જણાવવા સ્વસ્થાને ગઈ. એટલામાં સુવર્ણકુંભ આપીને ભીલને મુક્ત કરાયો. તેણે વૃત્તાંત જાણીને ત્યાં આવીને રાજાને નમસ્કાર કરીને, વિનંતી કરીને સ્વસ્થાને લઈ ગયો.

## સદા ફળ ઉદ્યાન!

પ્રભાતે પાકેલાં આમ્રફળ ભેટ આપ્યાં! બન્ને આરોગીને પૂછ્યું, 'હેમંત ઋતુમાં આ ક્યાંથી.' શ્રીગિરિને ૫ શિખરો છે, તેમાં ઇશાન દિશાના ઉચ્ચ શિખરે અધિષ્ઠાયિકા વિજયા દેવીનું મંદિર છે, તેના આગળ સદા ફળ આપનાર આંબાનું દેવીવૃક્ષ છે. તેમાંથી હું દરરોજ આમ્રફળો લઇ આવું છું. એ વિશાળ અને અતિ ઊંચો છે.'

'ઉપર જવા માટે એકજ માર્ગ છે, મારા સિવાય કોઇ ઉપર જવા સમર્થ નથી. વૃદ્ધોના કહેવાથી હું ગાઉ આદિ જાણું છું પધારો ઉપર જઇને શ્રીગિરિનું નિરીક્ષણ કરીએ.' એમજ થયું. ગુફા, વન, શિખર આદિ હર્ષથી દેખવા લાગ્યા. નાના તળાવના નિર્મળ જળમાં સ્નાન કરી શ્રમ દૂર કર્યો. ત્યાં કમળ ખીલ્યા હતા. ભીલ ઉદ્યાનમાંથી અમૃત જેવી દ્રાક્ષો, આંબા, રાયણ, શ્રીફળ, કેળાં, ખજૂર, જાંબુ, જંબીર, અમૃત જેવા બીજોરાં નારંગી, દાડમ, આમળાં, પીલું, ફણુસ, ગુંદા, બોર, ચીભડાં, પાકેલી આમલી, કેટલાક પ્રકારના પાણી, શ્રીફળના પાણી, નાગરવેલના પાન ઇલાયચી, લવિંગ, લવલીના ફળ આદિ આરોગવા લઇ આવ્યો.

કમળના સમૂહ, ખીલેલ ચંપક, કેતકી, માલતી, મલ્લિકા, કુંદફૂલ આદિ સર્વ ઉપભોગને અર્થે લાવ્યો. તે સર્વને રાજાએ સફળ કર્યાં. શ્રીગિરિને અતિ સુંદર દેખીને વિચાર્યું, 'દેવીનો આદેશ લઇ સમયે સુંદર નગરને સ્થાપન કરાશે, તેના મધ્ય શિખરે વિધિપૂર્વક શ્રી જિનેશ્વરદેવનું દેરાસર કરાશે'! કેટલોક સમય ત્યાં રહીને, ભીલને સૂચન કરીને અશ્વો ઉપર સ્વાર થઇને ગયા.

# પ્રકરણ બીજું: સ્વયંવર મંડપ

તાપના કારણે શ્રી 'શ્રીચંદ્રે' સરોવરની પાળે વિશ્રાંતી લીધી. ત્યાં હસ્તમાં પોપટ મેનાનું પાંજરૂં લઇને પ્રવાસી આવ્યો. શાસ્ત્ર યુક્તિથી યુગલને બોલાવ્યું અને હર્ષને પામ્યા. પૂછયું 'ક્યાંથી પ્રાપ્ત કર્યાં છે? વેચવા છે'? 'નંદીપુરના હરિષેણ રાજાની પુત્રી તારાલોચનાના આ છે. મારા દ્વારા વીણાપુરમાં પદ્મશ્રી સખીને મોકલ્યાં છે, કહેવડાવ્યું છે, "તારા સ્વયંવર ઉપર હું અવશ્ય આવીશ એ નક્કી છે.' તે જોવા રાજા મિત્રથી યુક્ત વીણાપુર ગયા ત્યાં રાજાઓ, મંત્રીઓ, સામંતો આદિ અનેક આવ્યા હતા. તેમને વિસ્મય પમાડતા ત્યાં આવ્યા.

તેમને દેખીને હરી ભાટે કહ્યું, 'પાત્રમાં દીધેલું દાન પુણ્ય બંધાવે છે, દીનને દીધેલું દાન દયાને જણાવે છે, મિત્રને દીધેલું દાન પ્રીતિની વૃદ્ધિ કરે છે. શત્રુને દીધેલું દાન વૈરનો વિનાશ કરે છે, ભાટને દીધેલું દાન યશની પ્રાપ્તી કરાવે છે, રાજાને આપેલી ભેટ સન્માન અપાવે છે અને સેવકને દીધેલું દાન ભક્તિ પ્રગટાવે છે, તો હે શ્રી 'શ્રીચંદ્ર' રાજા તમારું આપેલું દાન કોઇપણ સ્થળે નિષ્ફળ થતું નથી.' 'પરનારી સહોદર, બીજાના દુઃખ દેખવામાં કાયર, પરોપકારમાં તત્પર

અને અર્થીના અર્થે કલ્પતરુ જેવા શ્રી 'શ્રીચંદ્ર' છે,' ઇત્યાદિ, 'તારી ઇચ્છા ફળો.' એમ કહીને ઉચિત દાન આપ્યું. 'અહિં આપણે ઓળખાઇ ગયા.' એમ કહીને, રાત્રિમાં પણ ઉત્તરી દિશામાં ગયા.

## અદ્ભુત સ્વપ્ન!

કોઈ યક્ષના મંદિરમાં ઉંઘી ગયા. સ્વપ્નમાં 'મેરુ ગિરિ ઉપર કલ્પવૃક્ષની છાયામાં અદ્ભુત દેવીએ (લક્ષ્મી, કુળદેવી કે બ્રાહ્મી) ખોળામાં મને લીધો' એમ મેં સ્વપ્નમાં દેખ્યું છે. મને મહાન લાભ થવો જોઇએ એમ મિત્રને કહ્યુ. એટલામાં તો અટવીમાંથી કોઇ ચકિતલોચનવાળી, દેદીપ્યમાન આભૂષણોથી યુક્ત લાલ ફાટેલા વસ્ત્રવાળી સગર્ભા સધવા સ્ત્રી અતિ વેગેથી આવતી હતી! અમૃતના અંજનવાળી દષ્ટિવાળી માતાને દેખી.

શ્રી 'શ્રીચંદ્ર' એકદમ ઊભા થઇને સન્મુખ ગયા અને ચરણોમાં નમસ્કાર કરીને કહ્યું, 'હે માતા! દુઃખ અને મનના ખેદથી હવે સર્યું. ભયથી પણ હવે સર્યું. તમે કયાં હતા? મારા પુણ્યથી અહિં કયાંથી મળ્યા'? તે સાંભળીને હર્ષથી જેટલામાં મંદિરમાં પ્રવેશે છે, તેટલામાં શ્રી 'શ્રીચંદ્ર'ના નામની વીંટી દેખીને, અતિ હર્ષના પ્રકર્ષથી સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું! તેજસ્વી લલાટને જોઇને પૂછયું, 'શું લક્ષ્મીદત્તના પ્રસિદ્ધિ પામેલા શ્રી 'શ્રીચંદ્ર' છો, 'ૐ' કહીને હા જાણી. હર્ષના અશ્રુ ખેરવતી પુત્રને ખોળામાં લઇ સૂર્યવતીએ ગાઢ સ્વરે કહ્યું, 'હે વત્સ! હું તારી માતા સૂર્યવતી છું, તું મારો પુત્ર છે, તું મને ૧૨ વર્ષે મળ્યો છે'। (હસ્ત લિખિત રાસમાં ૨૪ વર્ષે લખ્યું છે) એમ કહીને દઢ આલિંગન કર્યું.

## સૂર્યવતીને ભારંડે ઉઠાવી :

શ્રી 'શ્રીચંદ્ર'ને અતિ હર્ષ થયો. કહ્યું, 'હે માતા! લાલ વસ્ત્રવાળી શા અર્થે? તે કહે.' સર્વ સ્વચરિત્ર, જ્ઞાનીનું વચન કહીને, હું ગર્ભવતી હોવાથી, રક્તની નદીમાં ક્રીડા કરૂં એમ વિષમ દોહલો થયો.. રાજાએ મંત્રીના બુદ્ધિથી લાખના રસની બનાવેલી વાવડીમાં રમતી હતી. ત્યારે ચારેકોર સૈનિકોનો પહેરો હતો, લાંબા સમય સુધી રમીને કાંઠે આવી, લાલભીના વસ્ત્ર હોવાથી માંસની ભ્રાંતિથી મને ભારંડે ઊઠાવી આકાશમાં લઇ ગયો. ભ્રમણ કરતો તે પક્ષી આખરે 'નમો અરિહંતાણ' ઉંચેથી બોલતી એવી મને શીલા ઉપર મૂકીને એકદમ જતો રહ્યો. રાત્રી ગાળી પ્રભાતે આ દિશામાં ચાલી. દુષ્ટ પક્ષીઓથી ભય પામતી. દૈવયોગથી અહિં આવી તને દેખીને હે પુત્ર! હર્ષને પામી અને આજે મારા સર્વ અભિગ્રહો પૂર્ણ થયા છે! મારા તારા વિયોગથી તારા પિતાને ઘણું દુ:ખ છે.'

'હે માતા! આજે પુણ્યવૃક્ષ ફળ્યું જેથી તું મળી! હું ધન્ય અને કૃતપુણ્ય અને કૃતકૃત થયો છું. આજે વાદળા વગરની વૃષ્ટિ થઇ છે. કેવી માતા જેણીએ ગર્ભને વહન કર્યો, જન્મવેળાએ અતિ ઉગ્ર શૂળને સહન કર્યું, પથ્ય આહાર, સ્નાન, સ્તનપાન વિષ્ટા, મૂત્ર આદિ મલીન કાર્ય કષ્ટથી કરીને, પુત્રનું રક્ષણ કર્યું! તેવી માતાની હું સ્તુતિ કેવી રીતે કરું?

શ્રી 'શ્રીચંદ્ર'નું સર્વ ચરિત્ર ગુણચંદ્રે કહ્યું. તે સાંભળી સૂર્યવતી અતિ હર્ષને પામી. પગલાં અનુસાર ત્યાં આવીને બેઠેલા જોઇને કહ્યું, 'હે મંત્રીશ્વર! અહિંતે છે.' બુદ્ધિસાગર મંત્રીએ નમસ્કાર કરીને શ્રી 'શ્રીચંદ્ર'ને વિનંતી કરી, 'હે દેવ! પહેલા તમે

જોએલી પદ્મશ્રી આપશ્રીની અને મારી પુત્રી અમાત્ય ગુણચંદ્રની અનુરાગિણી છે. તેથી રાજાએ મને આપશ્રીની શોધ અર્થે મોકલ્યો છે. તો કૃપા કરી પધારો.'

## પૂર્વભવનું સ્મરણ!

પદ્મનાભ રાજાના ખોળામાં પદ્મશ્રી હતી ત્યાં મેનાપોપટનું યુગલ આવ્યું તેમને જોઇને પદ્મશ્રી મૂર્છા પામી. પવન નાખવાથી ચેતન પામી! પૂછવાથી કહ્યું, 'હેતાત! મને પૂર્વ જન્મનું સ્મરણ થયું છે! કર્કોટ દ્વીપમાં હું મેના તરીકે જન્મી હતી ત્યાંથી હું કુશસ્થળે સૂર્યવતી રાણી પાસે આવી. ત્યાં પ્રથમ જિનેશ્વરજીના દેરાસરમાં જે વરને જોઇને અનશન કર્યું હતું તેઓ અત્રે આવ્યા છે, તેમને હું વરીશ.' એમ કહી ભોજન આદિ લેવાનું બંધ કર્યું.

એટલામાં હરી ભાટે આવીને કહ્યું, 'શ્રી 'શ્રીચંદ્ર'ને મિત્રથી યુક્ત સ્વયંવરમાં દેખ્યા હતા.' તેણે સૂર્યવતી રાણીને ઓળખી. ત્યાં તો રાજા રાણી અને પદ્મશ્રી ત્યાં આવ્યા, ભેટથી સવને અતિ આનંદ થયો. પછી નગરમાં પ્રવેશ કર્યો. ભાટ સ્તુતિના ઘણા શ્લોકો બોલ્યો. સૂર્યવતી આદિએ ઘણું દાન આપ્યું. તેમના આગ્રહથી પદ્મશ્રી અને તારાલોચના શ્રી 'શ્રીચંદ્ર' અને કમલશ્રી ગુણચંદ્રને ઠાઠથી પરણાવી.

## શ્રીદેવી આ ભવમાં કમલશ્રી:

શ્રેણીક રાજાએ ભગવાન વર્ધમાનસ્વામીને પૂછ્યું, 'હે જગબંધુ! જેમ પૂર્વભવના સ્નેહથી પદ્મશ્રી શ્રી 'શ્રીચંદ્ર'ને વરી તેવા રીતે કમલશ્રીનો પૂર્વભવમાં ગુણચંદ્ર સાથે શું સ્નેહ હતો? 'પૂર્વભવે જે ધરણ હતો, તે શ્રીશત્રુંજયગિરિ ઉપર છઠ્ઠ-અઠ્ઠમ ઉપવાસના તપથી અને શ્રી પરમેષ્ઠી મહામંત્રના ધ્યાનથી, સ્રીહત્યાના પાપથી ક્ષણવારમાં મુક્ત થયો! અને જે શ્રીદેવી હતી

તે બીજા ભવમાં આનંદપુરમાં સુંદર શ્રેષ્ઠીની જિનદત્તા પુત્રી થઈ હતી તે શ્રી જિનેશ્વર ભગવાનની ધર્મક્રિયામાં રક્ત હતી. જ્યારે યૌવનવયની થઈ ત્યારે હૃદયમાં પતિની ઈચ્છા જાગૃત થઈ છે એવી પિતાની સાથે સંઘ લઈને શ્રી સિદ્ધક્ષેત્રે ગઈ ત્યાં ધરણને તે તીર્થની સેવના કરતો દેખીને જાતિસ્મરણ જ્ઞાનથી, પૂર્વભવનું જ્ઞાન થવાથી તેનું તે ચારિત્ર અને પૂર્વભવનો યોગ જાણીને, ધરણે તેની સાથે ક્ષમાપના કરીને અનશન કર્યું.'

'તે બાલબ્રહ્મચારિણીએ સંલેખના તપ કર્યો. તે જિનદત્તા ત્યાંથી અહિં કમલશ્રી થઈ અને ધરણ અહિં ગુણચંદ્ર થયો.' અહિં પછી વિસ્તારથી વિવાહ મહોત્સવ થયો. ત્યાં દાનશાળા આદિને કરનારા શ્રી 'શ્રીચંદ્ર' રાજા થયા. બુદ્ધિસાગર મંત્રીને ઘણી ઊંટડીઓથી યુક્ત કુશસ્થળે પ્રતાપસિંહ રાજા પાસે જતાં માર્ગમાં લક્ષ્મણમંત્રીને સમાચાર કહીને, પિતાજીને વિસ્તારથી કહેવું.' એમ કહીને મોકલ્યા.

## ચિંતામણીરત્ન! સુવર્ણખાણ!

શ્રીગિરિમાં તે ભીલ્લે શ્રી 'શ્રીચંદ્ર'ને સુવર્ણની ખાણને દેખાડી. ત્યાં શ્રી ચંદ્રપુર નવું નગર વસાવ્યું. મધ્ય શિખરે ચારદ્વારનું શ્રીચંદ્રપ્રભુજીનું વિશાળ દેરાસરજી કરાવ્યું! પૂર્વપુણ્યના પ્રભાવે ચિંતામણી રત્નથી અને સુવર્ણની ખાણના યોગથી શ્રી 'શ્રીચંદ્રે' પુણ્ય મહોત્સવો, જૈનમંદિરો, દાનશાળાઓ, પાણીની પરબો, ધર્મશાળાઓ, આશ્રમો, આરામગૃહો આદિથી પૃથ્વીને મંડિત કરી! એક દિવસે દાનશાળામાં એક મુસાફરને રાજાએ પૂછ્યું, ક્યાંથી આવ્યો.' 'હું કલ્યાણપુરથી કનકપુર થઈને આવ્યો છું. તે દેશનો રાજા ક્યાંક ચાલ્યો ગયો છે, તેમના લક્ષ્મણમંત્રી ઉપર તે રાજ્ય લેવા અર્થે છ રાજાઓ ચડી આવ્યા છે તે ગુણીમંત્રી ચતુરંગ સેનાથી યુક્ત સામે ગયો છે.'

તત્કાળ રાજાએ મંત્રણા કરીને, શત્રુ ઉપર ગુણચંદ્ર આદિ સૈન્યથી યુક્ત પદ્મનાભ રાજાને મોકલ્યા. પ્રયાણ થાય તેટલામાં તો સ્વયં રાજાએ જયને દેદીપ્યમાન ચંદ્રહાસ તરવારને આપીને તેમની સાથે થોડે સુધી જઈને, રાજાએ પાછાવળી પ્રયાણ કરી શ્રીગિરિનું ચારેકોરથી નિરીક્ષણ કરીને, કોઈ નગરમાં અલ્પ સૈન્યથી યુક્ત રહ્યા. કાર્ય પતાવી માર્ગમાં કોઈ શાંત ઝુંપડીમાં આવ્યા.

## વૃક્ષ ઉડે છે!

ત્યાં એક મુસાફરે કહ્યું, 'હું ગઈ કાલે કુંતલપુરમાં સુધન શ્રેષ્ઠીના ગૃહે રાત્રીએ બળાત્કારે સુતો હતો. તે કૃપણ છે, તેને ચાર પુત્રો છે. તેમની ચાર વહુઓ મધ્યરાત્રીએ સ્નાન, શૃંગાર આદિ કરીને વડના વૃક્ષ ઉપર બેસીને ઉડી ગઈ! ભય પામતો હતો ત્યારે રાત્રીના અંતે ભ્રમણ કરીને તે પાછી આવી ત્યાંથી હું ચાલીને પાંચ યોજન આવ્યો છું.' એ સાંભળીને ત્યાં સૈન્યને મૂકીને, એકલા આગળ ચાલી અદૃશ્ય ગોળીના પ્રભાવે સંધ્યા સમયે સુધનના ગૃહે રહ્યા.

મધ્યરાત્રીએ તે વહુઓ શૃંગાર જીને, ગૃહ ઉદ્યાનમાં ગઈ. તેમની પુંઠે રાજા પડયા શમીવૃક્ષ ઉપર ચઢીને પરસ્પર પૂછ્યું, 'કયાં જઈશું.' એક બોલી, મે કર્કોટ દ્વીપમાં અદ્‌ભુત સાંભળ્યું છે, તો ત્યાં જઈએ.' શ્રી 'શ્રીચંદ્ર' વૃક્ષના મૂળમાં દ્રઢપણે રહ્યા હતા. વહુઓ બોલી, 'યોગિનીમાં મુખ્ય ખર્પરા જે, વિદ્યા આપનારી તેને અમારો નમસ્કાર હો' મંત્રના યોગથી વૃક્ષ આકાશમાં ઉડીને. ક્ષણવારમાં કર્કોટદ્વીપે પહોંચ્યું નગર નજીક વૃક્ષને મૂકીને, કૌતુકથી નગરના મધ્યમાં ગયા. પછી ક્રીડા કરતા રાજાએ તેમની પાછળ પ્રવેશ કર્યો

વિશાળ મંડપમાં દીપકોની શ્રેણી હતી, વિવિધ ચંદરવા-ઓથી યુક્ત એક સિંહાસન ત્યાં સ્થાપેલું હતું, આગળ પાદપીઠમાં મણી અને મોતીઓથી સજ્જ અદ્દભત દેખીને, કંઇક વિચારીને, શ્રી 'શ્રીચંદ્ર' લીલાથી તેમાં આરૂઢ થયા. મુખમાંથી ગોળીને કાઢી લીધી છે એવા, હસ્તમાં તલવાર શોભી રહી છે તેવાને નિભર્ય થઇને, નજીકના થાળમાંથી તાંબૂલ લઇને મુખમાં મુકીને, ત્યાં દર્પણમાં મુખને દેખે છે, તેટલામાં પડદા પાછળ રહેલા સેવકોએ તત્કાળ પ્રગટ થઇને કહ્યું, 'અહો આજે ભાગ્ય ફળ્યું છે.'

## ૯ કન્યા સાથે પાણિગ્રહણ !

ત્યાં તો રવિપ્રભ રાજા ત્યાં આવ્યા. તેમને નમસ્કાર કરીને પૂછ્યું, 'અહિં શું છે.' રાજા સિંહાસનમાં બેસીને શ્રી 'શ્રીચંદ્ર'ને ખોળામાં બેસાડીને કહ્યું, તમે અમારા પુણ્યથી આવ્યા છો, આ કર્કોટદ્વીપના આભાસ નગરમાં હું રવિપ્રભ છું મારે ૯ પુત્રીઓ છે, યૌવન પ્રાપ્ત થતાં ચિંતાતુર થઇને, નિમિત્તિઆને મેં પૂછ્યું, 'આ કન્યાઓનો એક ભર્તાર કે જુદા જુદા થશે'? કંઇક વિચારીને કહ્યું, 'આ નવનો એકજ મહાન ભર્તાર થશે, તે પર દ્વીપમાં હોવાથી ત્યાં જ્ઞાન પહોંચી શકતું નથી, જેથી નામ, કુળ, સ્થળ આદિ જાણી શકતો નથી, પરંતુ આજથી ૧૦ માં દિવસે મધ્યરાત્રીએ તે સ્વયં આવશે!' 'ત્યારથી સર્વ સામગ્રી તૈયાર કરાવી છે, તે શુભ દિવસ આજે છે, સર્વ કાંઈ સત્ય પડયું છે, તો તમે કન્યા સાથે પાણિગ્રહણ કરો.'

તેમના આગ્રહથી શ્રી 'શ્રીચંદ્રે' કનકસેના, કનકસુંદરી, કનકમંજરી, કનકઆભા, કનકમાલા, કનકરમા, કનકચુલા, મનોરમા સાથે મહોત્સવથી પાણિગ્રહણ કર્યું. ત્યારે ૪ વહુઓ દેખવા આવીને કહ્યું, 'આ યોગ અદ્દભુત થયો છે.' તેમને જોઇને

શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'આ જશે. તો હું અહિં રહીને શું કરીશ? તો હું એમની સંગાથે જાઉં' એમ વિચારીને બુદ્ધિશાળીએ વિવાહ પછી મહેલની ઉપર આવીને, લગ્નના વસ્ત્ર ઉપર 'પ્રતાપસિંહનો પુત્ર 'શ્રીચંદ્ર' કુશસ્થળે છું.' એ પ્રમાણે લખીને, અલ્પ રાત્રિશેષ રહી ત્યારે કનકસેનાને સ્વવીંટી આપીને અને તેની લઇને, શરીર ચિંતાના બહાને નીકળ્યા.

જેટલામાં રાજા સમીવૃક્ષ નજીક આવે છે, ત્યાં ૭ સ્ત્રીઓને દેખે છે, તેમાં ખર્પરાએ કહ્યું, 'હે ઉમા ! આ વહુઓ દુઃખી હતી, તેમના ગૃહે હું ભિક્ષા અર્થે ગઇ હતી, તેમણે સારી ભિક્ષા આપી, તેથી સંતુષ્ટ થઇને મેં તેમને વિદ્યા આપી.' 'અહિં આપણે આશ્ચર્ય જોવા ભેગા થયા હતા. હવે કૌતક જોવા કુશસ્થળે જઇએ.' પૂછ્યું, 'શું કૌતક છે'? 'પ્રતાપસિંહને સૂર્યવતી રાણી છે, તે રક્ત જેવા પાણીમાં ક્રીડા કરીને, વાવડીના કાંઠે બેઠી હતી ત્યાં ભારંડ ઉંચકી ગયો, તે વિયોગથી દુઃખી રાજા કાષ્ઠ ભક્ષણ કરશે.' તે દેખવા જઇએ.' શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું, 'પુણ્યથી આ વૃક્ષ મળ્યું છે, કોઇ ઉપાય કરીને પિતાજીને સૂર્યવતીની હકીકત જણાવીશ.'

એ પ્રમાણે વિચારીને અદૃશ્યપણે વૃક્ષના મૂળમાં રહ્યા. ક્ષણવારમાં કુશસ્થળે પહોંચ્યા, ક્ષણવારમાં વૃક્ષથી અલગ થઇ ગયા. ત્યાં અવધૂતનો વેષ લઇને, કહ્યું, 'ઉભા રહો.' રાજાએ પૂછ્યું, 'તમે શું જાણો છો.' બુદ્ધિશાળીએ ટીપણું જોઇને કહ્યું, 'દુઃખને પરીહરો, સૂર્યવતી પુત્રથી યુક્ત થોડા દિવસોમાં તમને મળશે અને કુશલના વર્તમાન ૭ દિવસમાં મળશે.' મંત્રીઓએ હર્ષથી કહ્યું, 'ગોત્રદેવી લઇ આવી છે તો રાહ જુઓ.' દેવીની સ્તુતિ કરીને, ચિતાને ઠારીને આનંદથી મહોત્સવપૂર્વક પ્રવેશ કર્યો. ગુપ્ત રીતે વૃક્ષને દેખવા ગયા પરંતુ તે દેખાણું નહિ.

## જયની કુટીલ ચાલ!

ભોજન અંતે રાજાએ પૂછ્યું, નાની ઉંમરમાં યોગી કેમ થયા.' ઉદરજો ભાતથી પૂર્ણ હોય તો દેહમાં સ્નેહ, સ્વરની મધુરતા, બુદ્ધિ, લાવણ્ય. લજ્જા, બળ, કામ, વાયુની સમાનતા, ક્રોધનો અભાવ, વિલાસ, ધર્મશાસ્ત્ર, પવિત્રતા, આચારની ચિંતા અને દેવગુરુને નમસ્કારએ સર્વની સંભાવના છે."

'યોગની સાધના અર્થે', ગુદાના મૂળમાં ૪ દલવાળું આધારચક્ર, ૪ અક્ષર લખવાના, મધ્યમાં 'હ' અધિષ્ઠાનચક્ર ૬ ખુણાવાળું, 'બ, ભ, મ, ય, ર, લ,' નાભીમાં મણીપુરકચક્ર ૧૦ દલમાં 'ક થી ઠ' ૧૦ અક્ષર, કંઠમાં વિશુદ્ધ ચક્ર, ૧૬ સ્વર ૧૬ અક્ષર લલાટમાં આજ્ઞાચક્ર, 'હ અને સ' એ પ્રમાણે યોગની સાધના કરાય છે, જેમાં સકળ જનને હિત કરનાર, વર્ણરૂપ છે જેનું એવા બ્રહ્મ બીજને નમસ્કાર કરું છું.

રાજા એ પ્રમાણે દિવસ અને રાત્રિ ચર્ચા કરે છે, પરંતુ સ્વપુત્ર છે એમ જાણતા નથી. અવધૂત સર્વ મર્મને જોતા કોઈ વખત અંતઃપુરમાં જાય છે, ત્યાં જય આદિએ મંત્રણા કરી કે, 'રાજાનું મૃત્યુ થાત પરંતુ અવધૂતે અટકાવ્યું. હવે રાજ્ય કેવી રીતે મળે'? એકે કહ્યું, 'લાખનો મહેલ ૪ દિવસમાં બનાવીએ અને વાસ્તુ મુહૂર્તના બહાને રાજાને બોલાવીને, દ્વાર બંધ કરી સળગાવી દેવું.' તે અદશ્ય શ્રી 'શ્રીચંદ્રે' સાંભળીને, ગુપ્ત રીતે ૪ દિવસમાં મહેલ સુધી ભોયરૂં કરાવ્યું.

પાંચમા દિવસે જયના આગ્રહથી રાજાએ અવધૂતથી યુક્ત પ્રવેશ કર્યો. ત્યારે મંત્રણા પ્રમાણે સળગાવી દીધું! રાજાએ પૂછ્યું 'એમ કેમ બન્યું'? 'રાજલુબ્ધ પુત્રોએ કપટ કર્યું છે,

આ તમને મારવા અર્થે બનાવ્યો છે.' એમને ધિક્કાર છે: પિતાને હણવા તૈયાર થયા.' 'હવે આપણે શું કરીશું'? તત્ક્ષણ અવધૂતે પાદ પ્રહારથી સુરંગનું દ્વાર ખુલ્લું કરીને રાજાથી યુક્ત ભોંયરામાં પ્રવેશ કર્યો, ત્યાં તો મહેલ બળીને પડયો! રાજાએ અવધૂતની વારંવાર પ્રશંસા કરી, ઉતારે પહોંચ્યા

તેમને મૃત્યુ પામેલા માનીને જય આદિ રાજસભામાં છત્ર સ્થાપવા લાગ્યો ત્યારેક્ષોભ પામીને અમાત્યો અને મંત્રીઓ બુદ્ધિ વગરના થઇ ગયા! અવધૂતે કહ્યું. 'નગર હણાઇ ગયું છે. તેઓ રાજ્ય અને ભંડારને લૂંટશે.' રાજાએ અંગરક્ષકોને બોલાવ્યા, ને આવીને રાજાને જીવતા જોઇને, હર્ષથી જય આદિ ૪ને કાષ્ટના પાંજરામાપૂર્યા.

પ્રતાપસિંહ અવધૂથી યુક્ત રાજસભામાં છત્ર ચામર આદિથી શોભતા હતા. તેમણે સુવર્ણ રત્નો આદિ અવધૂતને આપતા હતા પરંતુ તે લેતા નથી. કહ્યું, 'કાર્યસિદ્ધ થયા પછી વાત.' 'તમે મારા જીવિતનું બે વાર રક્ષણ કર્યું છે, તેથી પણ વધુ શું કાર્યસિદ્ધિ થવાની છે? માટે હે ભદ્ર! અર્ધરાજ્ય લઇને મને ઋણ મુકત કર.' એ પ્રમાણે આપે છે. પરંતુ તે લેતા નથી. પરોપકારીને હંમેશા સંપદાઓ પ્રાપ્ત થાય છે.

૭ મા દિવસે બુદ્ધિસાગર મંત્રીને આવેલા જોઇને શ્રી 'શ્રીચંદ્ર'ને હર્ષ થયો. રાજા પાસે પત્રિકાને મૂકી કહ્યું, 'હે દેવ! વીણાપુરમાં સૂર્યવતી રાણી પુત્રથી યુક્ત ક્ષેમ કુશળ છે. ગુણચંદ્રથી યુક્ત શ્રી 'શ્રીચંદ્ર' રાજા જયને પામે છે. હું આપના પુત્રનો મંત્રી છું.' ત્યાંની સર્વ બનેલ હકીકત કહી રાજાએ તે લેખોને શ્રેષ્ઠી આદિને જુદા આપીને, પુત્રનો પત્ર હર્ષથી વાંચ્યો. હરી ભાટ સવિશેષ પદો હર્ષથી બોલ્યો. નગરમાં

વિશાળ મહોત્સવ થયો. શ્રી 'શ્રીચંદ્ર'ની આજ્ઞાથી ધનંજયે ચંદ્રકળા પટ્ટરાણીને લઇ શ્રીગિરિ તરફ પ્રયાણ કર્યું.

## જયકલશ હસ્તિ વિફરે છે!

સર્વ વાજીંત્રોના નાદથી જયકલશમદથી ઉદ્ધત થઇને, સ્થંભને ઉખેડીને, માવતને મારીને, ઘરો, દુકાનો આદિને પાડતો થકો ગભરાટને ફેલાવ્યો! ત્યારે મોટો ભુંભારવ થયો. ત્યારે પ્રતાપસિંહે પૂછ્યું, 'શું શું છે'? કહે છે ત્યાં તો ક્ષણવારમાં વિફરેલા જયકલશને દેખ્યો. આદેશ કર્યો, 'દોડો, દોડો, જલ્દીથી પકડો, છલથી તેના ઉપર ચડી અંકુશથી ઉભો રાખો.' મદથી પરવશ હસ્તિ સૈનિકોને જોઇ વધારે તોફાને ચડયો, અશ્વો, રથ, હસ્તિ, નરનારીઓને હણતો વલોણાની માફક મંથન કરતો રાજમહેલના દ્વાર નજીક આવેલો જોઇને, રાજા આકુળ વ્યાકુળ થયો. જેટલામાં જીવવાની આશા મૂકે છે, ત્યાં તો અવધૂત અંકુશથી યુક્ત આવ્યો.

પ્રતાપસિંહે મના કર્યાં છતાં અને લોકો હા...હા...કાર કર્યા છતાં પણ, ગજશિક્ષામાં દક્ષ શ્રી 'શ્રીચંદ્રે' સ્વવસ્ત્રથી જયકલશને કોપાયમાન કરીને, સર્વલોકો ભયભીત થયા છતાં, તેના મર્મને જાણનાર હસ્તિને કબ્જે કરી, સ્કંધ ઉપર ચડી બેઠા સ્કંધ ઉપરથી પાડતો બીવરાવતો, ક્રીડાને કરતો, સ્થિર રહેલા અવધૂતને લઇને, વેગથી વિશાળ અટવીમાં આવ્યો. અતિ વેગથી દેશને મૂકીને ત્રીજા દિવસે નિર્મદ થયલો જયકલશ પર્વતના નજીકના સરોવરમાં પોતે ઉભો રહ્યો. સ્વયંસુંઢથી શ્રી 'શ્રીચંદ્ર' રાજાને નીચે ઉતાર્યો! સ્નાન કરીને, પાણી પીને, સ્વનાસ્વાભાવિક વેષને ધારણ કરીને, શ્રી 'શ્રીચંદ્રે' જયકલશ અહિં આવ એમ બોલાવીને આરૂઢ થયા.

પ્રતાપસિંહે સૈન્યથી યુક્ત જયકલશનો પીછો પકડયો, સર્વત્ર તપાસ કરીને, પાછા આવીને કહ્યું, 'હસ્તિરત્ન ગયું તેનું જેટલું દુઃખ નથી થતું, તેથી અધિક દુઃખ જીવનું રક્ષણ કરનાર તે અવધૂતના જવાથી થાય છે. તેનો ઉપકાર હું ફેડી શકશો નહિ.' એમ કહીને તેની અતિ પ્રશંસા કરી.

## પંચભદ્ર અશ્વો ભેટ!

જયકલશ લીલાએ ફરી વનમાં પ્રવેશ્યો. ત્યાં ભીલોએ હસ્તિરત્નને પકડવા કહ્યું, 'તું કયાં જાય છે'? ચારે બાજુ બાણોથી સજ્જ ભીલોને જોઇને, શ્રી 'શ્રીચંદ્ર' રાજા સ્થિર થઇને. આવતા બાણોને નષ્ટ કરે છે, સંજ્ઞા કરી એટલે હસ્તિએ વૃક્ષની શાખાને ઉખેડી, તેને ધારણ કરીને, પત્થરોથી તે બળવાન રાજા ભીલોને જીતે છે અને સર્વ ભીલોને હાંકી કાઢયા વૃક્ષ તળે વિશ્રાંતી કરતા તે મહાન કાન્તિવાળા શોભવા લાગ્યા. તેમને જોવા ભીલડીઓ આવી. ત્યાં ભીલ રાજાની પુત્રી મોહિની શ્રી 'શ્રીચંદ્ર' રાજાને જોઇને, મોહિત થઈ.

કહ્યું, 'આપ મારા પતિ થાવ, બીજા કોઇને હું ઇચ્છતી નથી.' તેથી ભીલોના રાજાએ વેગથી આવીને, બે હસ્ત જોડીને કહ્યું, 'મારા અપરાધની ક્ષમા કરો, આપ કોઇ મહાન તેજસ્વી પુરૂષ છો, તો તમે મારી પુત્રી મોહિની ને વરો.' 'હે ભીલોના રાજા! ભીલડીને વરવાથી મારા કુળમાં કલંક લાગે, રાજકન્યા સિવાય કોઇને ન પરણાય.' મોહિનીએ કહ્યું, 'હે પ્રભુ! તમારૂં વસ્ત્ર આપો, તેને હું વરૂં.' વસ્ત્ર આપ્યું નહિ. 'તમારી પાદુકા આપો, તેને ધારણ કરીને મારા જન્મને સફળ કરીશ! 'હે નાથ! તમારી સેવિકા થઇને બહારના હંમેશા કાર્ય કરીશ, જો એ પ્રમાણે નહિ કરો તો અગ્નિમાં પ્રવેશ કરીશ.'

શ્રી 'શ્રીચંદ્રે' પાદુકાને અર્પણ કરી, તેથી ઉત્સવ થયો. ભીલરાજાએ કહ્યું, 'મોહિનીના વિવાહ અર્થે જે તૈયાર કર્યું છે તે સ્વીકારો.' એમ કહી રત્નો, મોતીઓ, ઘણા વસ્ત્રો, પંચભદ્ર અશ્વો, સુવેગ રથથી યુક્ત જોઇને શ્રી 'શ્રીચંદ્ર' હર્ષને પામ્યા. તે બન્ને અશ્વો આવીને સ્વસ્વામીને નમવા લાગ્યા, હર્ષથી હેષારવ અને નૃત્યને કરતાં. તેમને હસ્તથી સ્પર્શ કરીને કહ્યું, 'અહો! આ અદ્ભુત અશ્વો ક્યાંથી આવ્યા'?

'હે દેવ! ભીલો ધાડ પાડવા ગયા હતા, ત્યારે માર્ગમાં ગાયક પાસેથી લઇ આવ્યા હતા. તે દિવસથી આ અશ્વો અતિ દુઃખી અને અશ્રુ ખેરવતા હતા. તેમની સેવામાં મોહિની અને સેવકો હતા. હમણાં આ કેમ આનંદમાં આવ્યા છે, તે તમે બુદ્ધિશાળી કહો.' 'હે ભીલોના રાજા! મારા હૃદયના જીવન સમાન, વાયુવેગ અને મહાવેગ અશ્વો અને સુવેગ રથને હું હમણા સ્વીકારીશ. બાકીનું સર્વ પછી. સૈનિકમાંથી કુંજરને સારથી કર્યો. જયકલશ હસ્તિને કુશસ્થળે અથવા કુંડલપુરમાં મૂકજે, હું હમણા કનકપુર જાઉં છું. આ વીંટીમાં મારૂં નામ જાણવું.' એમ કહી વીંટી બતાવી.

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું, 'હિંસાનો ત્યાગ કરવો. ચાર પર્વોમાં આરંભ ન કરવો. કઇ તિથિમાં લોકનાથ તીર્થંકર પરમાત્માનું કયું કલ્યાણક છે? ભગવતી સૂત્રમાં કહ્યું છે, ૮-૧૪-૧૫ અને ૦)) પર્વ થાય છે. મહિનામાં ૬ પર્વો આવે, પખવાડીઆમાં ૩ પર્વો આવે.' વિષ્ણુ પુરાણમાં કહ્યું છે, આઠમ-ચૌદ-પુનમ પર્વો છે રવિસંક્રાન્તિ પર્વ છે, હે રાજેન્દ્ર! તેલ, માંસ અને સ્ત્રીનો ભોગ આ પર્વોમાં જે કરે છે, તે મરીને નરકે જાય છે, ત્યાં વિષ્ટા અને મૂત્રનું ભોજન કરે છે, મનુસ્મૃતિમાં કહ્યું છે,

'૮-૧૪-૧૫ અને ૦)) પર્વ છે. બ્રહ્મચારી હોય તે સ્નાતક દ્વિજ કહેવાય, કોઇની પણ હિંસા કરવી નહિ.' મહાભારતમાં કહ્યું છે કે, ઘાતક, તેની અનુમોદના કરનાર, ભક્ષણ કરનાર, લેનાર, વેચનાર, હે યુધિષ્ઠિર ! એ પ્રમાણે પ્રાણીના ઘાતક કહેવાય છે. પશુના અવયવોમાં જેટલા રોમ રૂપી કુવા છે, તેટલા હજાર વર્ષો પશુના ઘાતક રંધાય છે. વિષ્ણુભારત શાંતી પર્વના પહેલા પદમાં કહ્યું છે કે, હે ભારત ! જો પ્રાણી વધમાં ધર્મ હોય અને જો સ્વર્ગ મળતું હોય તો અમે સંસારને મુકાવનાર કેવી રીતે સ્વર્ગે જશું ? પશુને હણીને યજ્ઞ કરનાર, રક્તના કાદવ કરીને જો સ્વર્ગે જવાતું હશે ? તો નરકે કોણ જશે.

ઇત્યાદિ શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ કહ્યું, હે ભીલના રાજા ! હું જ્યારે કુશસ્થળમાં સ્થિર થઇશ ત્યારે આ સૈનિકો આદિનો સ્વીકાર કરીશ, એમ શિક્ષા આપીને, સુવેગ રથમાં રહેલા કુંજર સારથીથી યુક્ત પોતાના નગર તરફ વેગથી પ્રયાણ કર્યું. માર્ગમાં કુંડલપુર નગરની બહાર ઉદ્યાનમાં સંધ્યા સમયે રથને મૂકીને, શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ તે નગરમાં પ્રવેશ કર્યો.

## યક્ષ સુકૃત્યથી પ્રસન્ન !

કુંડલપુર નગર જોઇને, બહારના યક્ષના મંદિરમાં ક્ષણવાર શ્રી 'શ્રીચંદ્ર' નિદ્રાધીન થયા. એટલામાં રાજકન્યા સરસ્વતી લગ્નની સામગ્રીથી યુક્ત આવી. સાથે સુનામિકા અને સુરૂપી નામની સખીઓ હતી. મંદિરના મધ્યભાગમાં શ્રી 'શ્રીચંદ્ર'ને નિદ્રાધીન જોઇને, સખીઓએ કહ્યું કે, હે મંત્રીપુત્ર દત્ત ઉઠ અને આ કન્યાને પરણ. શ્રી 'શ્રીચંદ્ર' જાગૃત થયા, એટલે સરસ્વતી બળાત્કારે પરણી કહ્યું છે કે, 'અલ્પ પણ કરેલા સુકૃત્યથી, કરનાર જો ગિરિ ગુફામાં પણ જાય તો પણ હસ્તમાં

દોરી લઈને લક્ષ્મીદેવી તેને શોધતી આવે છે'! ફરી રાજા સુખેથી નિદ્રાધીન થયા.

સરસ્વતીએ પતિને કહ્યું કે, બહાર ઉંટડી છે, આપણે તેના પર બેસીને જલ્દીથી દૂર જઈએ શ્રી 'શ્રીચદ્રે' કહ્યું કે, રાત્રિ છે. ઉંટડી હાંકવાનું મને આવડતું નથી, તો પગે કેવી રીતે જઈએ? પ્રભાતે જઈશું, તે વચન સાંભળી સરસ્વતીએ જાણ્યું કે, દત્ત નથી પરંતુ કોઈ બીજો છે. રત્નના દીપથી ધારીને જોઈને, સરસ્વતીએ કહ્યું કે. હે નાથ! લલાટ ચંદનથી લેપાએલું નથી એવા આપશ્રી ક્યાંથી પધાર્યા? શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હું કુશસ્થળેથી આવ્યો છું. મને તમે શા માટે પરણ્યાં? તમે કોણ છો? અહિં શા માટે આવ્યા? તમને કોનો ભય છે?

એક સખીએ કહ્યું કે, હે સ્વામી! આ નગરના રાજા અગ્નિમર્દનની પુત્રી સરસ્વતી હંમેશા આ યક્ષની પૂજા કરે છે. એક દિવસે રાજાએ, પોતાના ખોળામાં કન્યાને જોઈને અરિમર્દન રાજાએ મંત્રીઓને પૂછ્યું કે, સરસ્વતીને લાયક કયો વર છે? યાચકે કહ્યું કે, કુશસ્થળે પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' જેમને લક્ષ્મીદત્તે ઉછેર્યો હતો, તે મહાત્યાગી રોષાયમાન થઈને ક્યાંક ગયો છે. તે સાંભળીને રાજા મૌન રહ્યો. સરસ્વતી એક રાત્રિના સૂતેલી હતી, ત્યાં સ્વપ્નમાં યક્ષે પ્રસન્ન થઈને કહ્યું કે, આજથી પાંચમે દિવસે, રાત્રિના લગ્ન સમયે મારા મંદિરમાં, હું તારા વરને લઈ આવીશ.

સરસ્વતીએ હર્ષથી સ્વપ્ન, પ્રભાતે સખીને કહ્યું. આ નગરમાં મંત્રી પુત્ર શ્રીદત્ત નામનો છે, તે કુમારીનો રાગી હતો પરંતુ કુમારીની રૂચી ન હતી. શ્રીદત્તે લોભથી અને બુદ્ધિથી મને વશ કરી. મેં ખાનગીમાં સરસ્વતીનું સ્વપ્નું કહ્યું કે, તારે

તારી સ્વામીની પાસે કહેવું કે, હે સ્વામીની! શ્રીદત્તને આ પ્રમાણે સ્વપ્નું આવ્યું છે. તે અસત્ય સ્વપ્નું કહ્યું. સરસ્વતીએ કહ્યું કે, યક્ષનું એવું વચન છે, તો એ પ્રમાણે થાવ. શ્રીદત્ત આજ રાત્રિના લગ્ન સામગ્રીથી યુક્ત આવવાનો હતો. પરંતુ તેના પિતાએ તેને આજે બીજા ગૃહમાં મુકયો હશે, જેથી તે આવી શકયો નથી. પરંતુ તેને પરણવા કુમારી સામગ્રીથી યુક્ત આવી છે. પરંતુ યક્ષનું વચન અન્યથા કેમ થાય?

સરસ્વતીએ કહ્યું કે, હે દેવ! હું આપશ્રીથી કેવી ઠગાઇ? મારૂં પુણ્ય છે, અનિષ્ટ એવો શ્રીદત્ત મારો વર ન થયો. યક્ષે આપેલા આપશ્રી મારા વર છો, મારૂં પરમ ભાગ્યવર્તે છે, હવે આપણે જો અહિં રહેશું, તો પિતા અનર્થ કરશે, શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હે પ્રિય! હું પણ મનુષ્ય છું અને અરિમર્દન રાજા પણ મનુષ્ય છે, પછી ભય કેમ પામે છે? તેમને જોઇએ કે તે કેવાક છે? પ્રભાતે શ્રી 'શ્રીચંદ્રે' જળથી મુખનું પ્રક્ષાલન કરીને, પ્રાતઃ વિધિ કરે છે, એટલામાં સૂર્યરૂપી તેજસ્વી ભાલને જોઇને, સરસ્વતી અતિ હર્ષને પામી.

પૂજારીએ રાજા અને સરસ્વતીને જોઇને, જલ્દી જઇને જે જોયું હતું તે રાજાને કહ્યું. અરિમર્દન રાજાના આદેશથી બળવાન સેનાપતિ આવ્યો, તેને પ્રિયાના અંગને કંપતુ જોઇને શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હે ભદ્ર! તું ભયને ન પામ. આ રાંક ઉપર કેમ જાઉં. સૈનિકો બહાર ઉભા રહ્યા પરંતુ અંદર આવતા નથી. સેનાપતિના મંત્રીએ પૂછયું કે, આપનું શું નામ છે? પરંતુ રાજા નામ આદિને કહેતા નથી.

શ્રી 'શ્રીચંદ્ર'ના સિંહનાદથી સર્વ સૈનિકો ભાગી છુટયા. સૈનિકો પલાયન થયા સાંભળીને અરિમર્દન રાજા જાતે આવ્યા.

સરસ્વતીએ કહ્યું કે, હે સ્વામિન! મારા પિતા આવ્યા છે, તેઓ મને શું કરશે? શ્રી 'શ્રીચંદ્રે' હર્ષથી સરસ્વતીને પોતાની વીંટી ઉપરનું નામ બતાવ્યું. અને કાનમાં કંઈક કહીને, સાર રત્નો ગ્રહીને, અંજન આંજીને વાંદરી બનાવીને, અરિમર્દન રાજા સામે ધસીને, જમણે અને ડાબે પડખે અગ્રેસર રહેલા સૈનિકોને પછાડીને, રાજાના હસ્તિ ઉપર કુદકો મારીને, તલવાર પડાવી, રાજાને બાંધીને શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ આગળ પ્રયાણ કર્યું.

શ્રી 'શ્રીચંદ્ર'ને ઓળખીને ભાટે કહ્યું કે, 'ચોરની મુદ્રામાંથી બાળપુત્રના વિરહથી હણાએલી બ્રાહ્મણમંત્રીની પ્રિયાને, પ્રિય પુત્ર અને પતિ સાથે મેળાપ કરાવ્યો, તે શ્રી 'શ્રીચંદ્ર' રાજા જયને પામો. જેમણે કુંડલપુરનું રાજ મેળવ્યું અને ચંદ્રમુખી રાજકન્યાને પરણ્યા, યક્ષના વચનથી શ્રીચંદ્રપુર નગર વસાવ્યું, તે કુંડલપુરના અધિપતી જે પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો. તે સાંભળી શ્રી 'શ્રીચંદ્રે' ભાટને ધનથી પૂર્ણ કર્યો. અને વનમાં જઈને રથારૂઢ થઈને વેગથી આગળ ગયા.

મંત્રીએ આવીને, અરિમર્દન રાજાના બંધનને છેદ્યું. ભાટના મુખથી શ્રી 'શ્રીચંદ્ર' જાણીને તેમના શૌર્ય અને દાનથી હર્ષ પામ્યા. અહો! આ ધીર કન્યાનો વર જાય છે, તેમને પાછા લાવવા સૈનિકો તેમની પાછળ દોડયા, પરંતુ તે ઉત્તમને કોઈ પણ પ્રાપ્ત કરી ન શકયા. રાજાએ પુત્રીને વાંદરીના રૂપમાં અશ્રુવાળી જોઈને, સખીઓ પાસેથી સર્વ હકીકત જાણીને, તેમની કળાની પ્રશંસા કરી. હે પુત્રી! પ્રતાપસિંહ રાજાનો પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' રાજા તારો વર થયો છે. હસ્તિ, અશ્વો આદિથી યુકત હું તને કુશસ્થળે લઈ જઈશ. ભાટને ઉચિત દાન આપીને નગરમાં વિશાળ મહોત્સવ કર્યો.

## તપનો પ્રભાવ!

શુભ શુકનથી પ્રેરાએલા, શ્રી 'શ્રીચંદ્ર' કોઇ એક અટવીમાં આવીને, રાત્રિ વટવૃક્ષના નીચે ગાળી. સંથારામાં શ્રી 'શ્રીચંદ્ર' રાજા પ્રથમ ઉંઘી ગયા અને કુંજર સારથી જાગે છે. પછી સારથી ઉંઘી ગયો અને પ્રતાપસિંહ રાજાનો પુત્ર જાગે છે. દૂરથી ઢોલના મધુર ધ્વનિને સાંભળીને, સારથીને જણાવીને, શ્રી 'શ્રીચંદ્ર' તે તરફ ચાલ્યા. ગિરિ વનના મધ્ય ભાગમાં, યક્ષના મંદિરના દ્વાર બંધ કરીને, શ્રી 'શ્રીચંદ્ર'ના દુહાઓ સ્ત્રીઓ ગાઇ રહી હતી. તે સાંભળી રાજાએ આ શું અદ્ભુત છે? તે જાણવા અને સંગીત સાંભળવા, મંદિરના દ્વાર પાસે રહીને, છિદ્રમાંથી જોયું તો મદનસુંદરી ૮ કન્યાઓને ગીત, નૃત્ય આદિ કળાઓને શીખવતી હતી.

શ્રી 'શ્રીચંદ્રે' હર્ષ પામીને વિચાર્યું કે, મારી પ્રિયા પ્રાપ્ત થઇ, મુખમાં ગોળી મુકીને અદ્રશ્ય થઇ, પ્રભાતે મંદિરમાંથી સર્વ બહાર આવ્યા, તેમની પાછળ ગયા. ગિરિના મધ્ય ભાગમાં ગુફામાં પ્રવેશ કરીને, બીજા દ્વારમાંથી મણિ દીપથી પ્રકાશિત એવા પાતાળ નગરમાં આવ્યા. મહેલના ઉપરના માળે જઇને મદનસુંદરીએ સખીને કહ્યું કે, આજે મારૂં ડાબુ અંગ અને નેત્ર વારંવાર ફરકે છે, તે શુભ શુકનથી મારા પતિ કે સંદેશો આવશે. કન્યાઓમાં મુખ્ય રત્નચુલાએ કહ્યું, મને પણ એ પ્રમાણે થાય છે, જે દિવસથી તમે આવ્યા, તે દિવસથી જે આયંબિલ, ઉપવાસ આદિતપ કરી રહ્યા છો: તે સમર્થ તપના પ્રભાવે, તેઓ આજે આવવા જોઇએ.

એટલામાં રત્નવેગાએ આવીને કહ્યું કે, માતા આપને ભોજન અર્થે તેડાવે છે. મદનસુંદરી કહ્યું કે, હે બ્હેનો. તમે

જઈને સુખેથી ભોજન કરો, મને આ સમયે ક્ષુધા લાગી નથી, જેથી હું ભોજન કરીશ નહિ. મદનસુંદરીને મુકીને, તેઓ પણ ભોજન અર્થે જતી નથી. તેટલામાં માતાએ આવીને કહ્યું કે, હે પુત્રી! હમણાં ભોજન કેમ કરતી નથી? અશ્રુથી પૂર્ણ નેત્રવાળી એવી મદનસુંદરીએ કહ્યું કે, હે માતા! આજે કોઈ સ્થળે મારે રતિ થતી નથી. માતાએ કહ્યું કે, તારો પતિ, મારી પુત્રીઓથી વરાએલો છે.

નૈમિત્તિકની વાણીથી, શ્રી 'શ્રીચંદ્ર'થી અમને રાજ પાછું મળશે. હે પુત્રી, હું અભાગણી છું, અતિ દુઃખી છું, સ્થાનથી ભ્રષ્ટ થએલી એવી છું. મારો પતિ વનમાં મૃત્યુ પામ્યો છે. દેવર અને પુત્ર સુરગિરિ ઉપર ચિરકાળથી ગયા છે. તેઓના અને કુશસ્થળેથી પણ હજી સુધી કંઈ સમાચાર નથી, હે બુદ્ધિશાળી! તું આ સર્વ જાણે છે. છતાં શા માટે આગ્રહ કરાવે છે? માટે ભોજન અર્થે ચાલ, અમોને અંતરાય ન કર, તો પણ મદનસુંદરી ભોજન કરતી નથી. વિદ્યાધરી મદનસુંદરીને હૃદય સાથે ચાંપીને, દુઃખથી રૂદન કરવા લાગી.

શ્રી 'શ્રીચંદ્રે' વિચાર્યું કે, જે મારાથી પહેલા અજ્ઞાનથી વિદ્યાધર માર્યો ગયો હતો, તેની પત્નિ મારા ઉપર સ્નેહવાળી દેખાય છે. પરંતુ જરાપણ વેરવાળી નથી, નગરના દ્વારે પ્રગટ થઈને રહ્યા. શ્રી 'શ્રીચંદ્રે' દ્વારપાળને વીંટી આપીને અંદર બતાવીને, પાછી લાવવા કહ્યું. મણિવેગા બહાર આવીને, સુંદર રૂપ અને સુંદર આકૃતિ જોઈને પૂછયું કે, આપ કોણ છો? જેટલામાં તેઓ કહેવા જાય છે, તેટલામાં તો મદનસુંદરી સખીઓથી યુકત આવીને, પતિને જોઈને, અતિ હર્ષ પામીને કહ્યું કે, હે માતા! તારા જમાઈરાજ આવ્યા, જેમને તું હંમેશા ઈચ્છી રહી હતી.

હર્ષથી વિદ્યાધરી બહાર આવીને, શ્રી 'શ્રીચંદ્ર'ની પ્રશંસાને કરતી, અંદર લઇ ગઈ. હે પ્રતાપસિંહ રાજાના પુત્ર, અમારા ભાગ્યથી આવ્યા છો. વિદ્યાધરીના આદેશથી ૮ કન્યાઓએ પુષ્પની માળા શ્રી 'શ્રીચંદ્ર'નાં કંઠમાં પહેરાવી. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ કહ્યું કે, હે વિદ્યાધર રાણી! આવી સ્થિતી કેમ થઇ? વિદ્યાધરીએ કહ્યું કે, હે વીર શિરોમણી સાંભળો. વૈતાઢ્ય ગિરિ ઉપર મણિભુષણ નગર છે, રત્નચુડ વિદ્યાધર રાજા અને તેમના નાનાભાઈ મણિચુડ યુવરાજ હતા, રત્નવેગા અને મહાવેગા સ્ત્રીઓ હતી, તેમને રત્નચુલા, મણિચુલા આદિ ૪ મુખ્ય પુત્રીઓ અને રત્નકાંતા આદિ ભાણેજ છે. એક દિવસ ગોત્રી એવા વિદ્યાધરોથી યુક્ત, ઉત્તર શ્રેણીના નાથ સુગ્રીવ વિદ્યાધરે આકાશમાં વિહરતા, અમને જીત્યા.

એ કારણે મણિભુષણ નગરને મુકીને, સહકુંટુંબ ધનાદિ લઇને, આ પાતાલ નગરમાં આવ્યા છીએ, રાજને ફરી મેળવવા અર્થે, રત્નચુડ એક અટવીમાં ચંદ્રહાસ તરવાર આગળ, વિધિ પ્રમાણે ઉંધા મસ્તકે વિદ્યાને સાધતો હતો, એટલામાં કોઇએ હણી નાખ્યો. જેટલામાં પ્રભાતે અમે પૂજા, ઉપહાર લઇને ગયા તો મૃત્યુની ક્રિયા કરીને, પાછા આવ્યા. રત્નચુડના પુત્ર રત્નધ્વજ પિતાના દુઃખથી વ્યાકુલ, કોઇ અટવીમાં આવ્યો. અને ઉદ્યોતના ભ્રમથી, મદનસુંદરીને પતિથી વિખુટી પાડી હરણ કરી આવ્યો.

મેં મદનસુંદરીને સુશીલા પુત્રી તરીકે સ્થાપી, પતિના ચરિત્ર, ગુણો આદિ કહેતી, તે સાંભળીને ૮ કન્યાઓ મદનસુંદરીની પ્રેરણાથી, એવા ગુણવાળા શ્રી 'શ્રીચંદ્ર' અમારા પતિ થાવ એમ નિશ્ચય કર્યો. મણિચુડે નૈમિત્તિકને પૂછ્યું કે, અમારૂં રાજ કોનાથી પ્રાપ્ત થશે? નૈમિત્તિકે કહ્યું કે, ૮ કન્યાના

પતિ મહાસાત્વીક તમારૂં ગયેલું રાજ લેશે. મણિચુડ અને રત્નધ્વજ વિદ્યાને યુક્તિથી સાધે છે, છ માસની વિધિ છે. ચાર મહિના થયા છે, હજી બે મહિના બાકી છે.

અમારા પુણ્યથી તમે અહિં આવ્યા છો, તો કન્યાઓને વરો. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ ચંદ્રના જેવી કાન્તિ અને યશવાળી, કન્યાઓને વર્યા આગ્રહથી ભોજન સાથે કર્યું. મહાવેગા આદિએ પહેરામણી કરી, સાસુએ પૂછયું કે, હે શ્રી 'શ્રીચંદ્ર' રાજા તમે એકલા કેમ આવ્યા ? શ્રી 'શ્રીચંદ્ર' પોતાનું ચરિત્ર યથાયોગ્ય કહ્યું. રત્નવેગાએ કહ્યું કે, હે વત્સ ! મણિચુડ આવે ત્યાં સુધી સુખેથી રહો. તમારા રહેવાથી, અમારા ભાવીનું હિત છે.

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હે માતા ! મારે ઘણા કાર્યો છે, જેથી વિલંબ કરી શકાય તેમ નથી. કનકપુર નગરે મારે જલ્દી જવાનું છે, તે અર્થે હું ઉત્સાહવાળો છું. વિદ્યાધરોને વિદ્યા સિદ્ધ કરી આવતા બે મહિનાની વાર છે, તેઓ આવેથી કુશસ્થળે મને જણાવવું. તમારો મેળાપ થયો તે ઘણું સારૂં થયું છે, ભાવી ભવ્ય જાણવું. વિદ્યાધરીએ કહ્યું કે, મદનસુંદરીનો મને વિરહ ન થાવ, કારણ મને તેની સાથે સ્નેહ છે. શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હે માતા ! વિવાહ આદિ સર્વ તમારા સ્વાધીન છે, તમારૂં રાજ તમને પ્રાપ્ત થશે, ત્યારે વિવાહ થશે, પરંતુ હમણા નહિ. કષ્ટથી અનુમતિ લઇને, મદનસુંદરીથી યુક્ત શ્રી 'શ્રીચંદ્ર' જેટલામાં જાય છે, તેટલામાં રત્નચુલાએ કહ્યું કે, હે નાથ ! આપના વિરહથી અમને દુઃખ થશે, તેથી જો મદનસુંદરી અહિં નહિ રહે તો, અમારી શી સ્થિતી થશે ?

મદનસુંદરીને સ્નેહથી શ્રી શ્રીચંદ્ર' ત્યાં રહેવા કહે છે. પરંતુ તે રહેવા સમર્થ નથી. પ્રિય પતિથી સતી વિખુટી કેમ

પડે? શ્રી 'શ્રીચંદ્ર' સમયની અવધી નક્કી કરીને બળાત્કારે રાખે છે, પરંતુ મદનસુંદરી રહેતી નથી, જેથી સાથે લઇને, જે વનમાં યુક્ત રથ છે તે, વડ વૃક્ષ નીચે આવીને, રથારૂઢ થઇને કનકપુર તરફ પ્રયાણ કર્યું. પરસ્પર પોત પોતાની વાતને કહેતા ક્રમે કરી રૂદ્રપલ્લી નગરીના ઉપવનને પ્રાપ્ત થયા. તેટલામાં તે નગરીનો રાજા, હસ્તિ અને અશ્વોથી યુક્ત ઊભેલા દેખાયા.

## જીવ અને કર્મ!

એક તરફ અગ્નિ વિનાની ચીતા, નજીકમાં કોમળ અંગવાળી અતિ દુઃખી કન્યાને રાજા અટકાવતો અને બીજી બાજુ કોટવાલે કોઇ અદ્ભુત પુરુષને બાંધેલો જોઇને, શ્રી 'શ્રીચંદ્ર' રાજા રથમાંથી ઉતરીને, વૃક્ષ નીચે ઉભા રહ્યા. અને ત્યાં ઊભેલા વનપાલને પૂછ્યું કે આ શું છે? વનપાલે કહ્યું કે, હે સજ્જનોમાં મુગટ સમાન રાજા, રૂદ્રપલ્લી નગરી છે, આ વજ્રસિંહ રાજા છે, પ્રેમવતી રાણી છે, તેમની આ હંસાવલી કન્યા છે. આગળ કહે છે એટલામાં રથ અને રાજાને જોઇને, વિસ્મયથી વજસિંહ રાજાએ, મંત્રી અને આગેવાન લોકોને મોકલ્યા.

હરી ભાટનો ભત્રીજો અંગદ શ્રી 'શ્રીચંદ્ર' રાજાને ઓળખીને, યશ વિસ્તારથી કહ્યું કે, જે કનકધ્વજનું રાજ, કનકપુરમાં કનકાવલી રાજપુત્રી, દેવોએ આપેલો નવલખોહાર ભોગવે છે. તે શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો. વિણાપુરમાં પૂર્વ ભવની પોપટીનો જીવ, જે આ ભવની પદ્મશ્રી રાજપુત્રીએ જાતિસ્મરણથી ઓળખીને પરણી, વિણાપુરમાં માતાથી યુક્ત તે, શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો. શ્રીગિરિ ઉપર પાંચ શિખરો, શ્રીગિરિ દેવીના સાનિધ્યથી, નિત્યફળવાળું આમ્રનું ઉદ્યાન, અગ્નિકુંડમાં સુવર્ણની ખાણ, મધ્ય શિખર ઉપર

શ્રી જિનમંદિર, ક્રિડાના અર્થે બે શિખરો. તે ગિરિ ઉપર ભીલની સહાયથી ગાયા, તે શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો.

શ્રી ગિરિ ઉપર વિજયાદેવીના આદેશથી, શ્રી ગિરિના હૃદયના મધ્ય ભાગમાં, નૂતન ચંદ્રપુર નગર વસાવ્યું, મધ્ય શેરીમાં આદિનાથ ભગવાનનું, ચાર દ્વારનું મનોહર દેરાસરજી કરાવ્યું, તે શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો. મંત્રીઓએ જઈને રાજાને કહ્યું કે, આ શ્રી 'શ્રીચંદ્ર' રાજા આવ્યા છે. રાજપુત્રી હંસાવલીથી યુક્ત આવતા રાજાને જોઈને, શ્રી 'શ્રીચંદ્ર' રાજા સામે ગયા. પરસ્પર નમસ્કાર અને સ્તુતિ કરીને બન્ને રાજા બેઠા. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ મદનસુંદરીને ઉચિત્ત સ્થાને બેસાડીને રાજાને પૂછયું કે, હંસાવલીના દુઃખનું શું કારણ છે? રાજાએ કહ્યું કે, હે નવલક્ષેસ! મારી પુત્રી હંસાવલી અને કનક રાજાની પુત્રી કનકાવલી પરસ્પર સખીઓ છે. કનકાવલી તમને વરી, તેને અને તેના પિતાના રાજને ભોગવતા, અતિ ભાગ્યવાન એવા આપને અને આપના ગુણોને જાણીને, મારી પુત્રીએ સર્વની સાક્ષીએ કહ્યું કે, કનકાવલીનો જે પતિ શ્રી 'શ્રીચંદ્ર' છે, તે મારો પતિ હો.

જેથી મેં વિશ્રુત નામના મંત્રીને કનકપુર મોકલ્યો. તેને લક્ષ્મણ મંત્રી પાસેથી આપ શ્રીમાન્ દેશાંતર ગયાના સમાચાર મળ્યા. વિશ્રુત મંત્રીએ આવીને તે સમાચાર સર્વ જણાવ્યા. ત્યારથી અંતરથી દુઃખી એવી હંસાવલી નિત્ય તમારું સ્મરણ કરી રહી છે આ ચંદ્રસેન કુંડીલ નગરના રાજાનો પુત્ર, જે હંસાવલીમાં અનુરક્ત હોવાથી, કોઇકના પાસેથી હંસાવલીની પ્રતિજ્ઞા સાંભળીને, દુષ્કર્મના યોગથી ચંદ્રસેનને દુષ્ટ બુદ્ધિ ઉત્પન્ન થઇ મિત્ર આદિને પૂછ્યા વિના રાત્રિના રવાના થઇને કનકપુર નગરમાં, આપની સર્વ હકીકત જાણીને, અસત્ય બુદ્ધિના પ્રપંચથી

એક પુરુષથી યુક્ત તમારું નામ અને વેષ ધારણ કરીને કપટથી અહિં રહ્યો.

ચંદ્રસેનના કપટને અમે જાણી શકયા નહિ. એ શ્રી 'શ્રીચંદ્ર' છે એમ અને હંસાવલીએ માનીને, હર્ષથી વિવાહ ઉત્સવ ઉજવ્યો. કોઇ એક દિવસે કોઇ એક વણીકે આવીને, તે દુષ્ટને ઓળખીને, તેને બાંધીને મેથીપાક ચખાડયો ત્યારે તેણે યથાસ્થિત સર્વ કબુલ્યું કે, હું શ્રી 'શ્રીચંદ્ર' નથી, પરંતુ કુંડલ નરેશનો પુત્ર ચંદ્રસેન છું, તેથી અતિ દુઃખી થયેલા અમને પુત્રીનો વિવાહ વિસમ થયો, મંત્રીઓ ચિંતાવાળા થયા. એટલામાં અંગદ ભાટ આવ્યો, તેના મુખથી આપના ગુણો જાણીને, દુઃખથી દુઃખી થઇને કન્યા કાષ્ટભક્ષણ અર્થે તૈયાર થઇ છે, તેનો નિષેધ કરવા છતાં, પણ જલ્દી કાષ્ટભક્ષણ માટે ઉત્સક છે.

જેનું મુખ જોવું પણ યોગ્ય નથી, એવો ચંદ્રસેન અહિ લાવવમાં આવ્યો છે. અહો વિશ્વાસઘાતી પણું ! અહો છળકપટ! અહો અદીર્ઘદર્શીપણું ! અહો કુકૃત્યપણું કર્યું ! અહો અમારૂં અજ્ઞાન! અમે વિવાહમાં વિલંબ ન કર્યો. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ રજસિંહ રાજાને કહ્યું કે એમાં આપનો દોષ નથી, પરંતુ જીવના કર્મની આ યોજના છે! કહ્યું છે કે, કોઇ વખત જીવ બળવાન હોય છે અને કોઇ વખત કર્મ બળવાન હોય છે, જીવે અનેક કર્મો પૂર્વે બાંધેલા હોય છે, તે કર્મો અનુસાર બુદ્ધિ ઉત્પન્ન થાય. જેવી ભાવના, તેવી સહાય મળે છે, જેવી ભવિતવ્યતા હોય, તેમ થાય છે. પારકાના દુઃખને સહન ન કરનારા, શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ, ચંદ્રસેનને મંગાવીને, બંધનથી મુકત કરાવ્યો, પોતાની નજીક બેસાડીને કહ્યું કે, તું સત્ કુળમાં જન્મ્યો છે તો પણ સ્ત્રી અર્થે આવું કપટ કેમ કર્યું ?

હે ભદ્રે? તું દુઃખને શા માટે ધારણ કરે છે? કાષ્ટ ભક્ષણના આ કાર્યને ન કર, આત્મહત્યા કરીને, મનુષ્ય જન્મને કલંકીત કેમ કરે છે? મનથી ચિંતવેલા અને વચનથી સ્વીકારાયેલો, પતિ થઇ શકતો નથી, પરંતુ પતિ તો જે પાણિગ્રહણ કરે છે, તેજ પતિ થાય છે, એવી રૂઢી દેખાય છે. કોઇ બીજાને આપેલી કન્યા, કોઇ બીજાને પરણે છે, પરંતુ પરણેલી સ્ત્રી, કોઇ બીજાની પત્ની થઇ શકતી નથી. કાષ્ટની થાળીમાં અગ્નિ એકજ વખત અપાય છે, કણકમાં પાણી એક વખત નંખાય છે. કન્યા પણ એકજ વખત પરણાવવામ છે.

હંસાવલીએ કહ્યું કે, તે સત્ય છે, પરંતુ કુળસ્ત્રીનો ધર્મ છે કે, જેને મનથી વરે છે, તેના સિવાય બીજા કોઇને વરતી નથી. હું જેને મન, વચન અને કાયાથી વરી છું અને જેમનું નામ ગીત, નૃત્ય આદિમા ગુંથાયું છે, તેજ મારા પતિ છે. તે સિવાયનાને હું કેવી રીતે સેવું? જેમનું ધ્યાન ધર્યું, તેમને મૂકીને હું બીજાને કેવી રીતે પતિ માનું? શું પંડિત પુરુષો વિપર્યાસથી ગ્રહણ કરેલ ધનને, ત્યાગ નથી કરતા? આપશ્રીના ભ્રાંતીથી હસ્ત સ્પર્શ કરલાનો તે પ્રમાણે ત્યાગ કરાય છે. સતી જેને મનથી વરી હોય, તેના સિવાય બીજાને કેવી રીતે વરે? જે રૂઢી કહી તે ચોથા મંગલ ફેરે, લોકોની સ્ત્રીઓ ચિત્તથી જેને વરે તે, તેના પતિ થાય છે. મનથી માનેલું, કહેલું ફળવાળું હોય છે. દેવની આગળ ઢાંકેલી વસ્તુ દૈવી થાય છે, પરંતુ તેનું ભોજન થતું નથી.

કહ્યું છે કે, 'મન જ મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ છે.' જેમ સ્ત્રી અને બહેનને આલિંગન કરાય છે, પરંતુ તેમાં ફકત મનમાં ફેર હોય છે. શ્રી જિનેશ્વર દેવોએ કહ્યું છે કે, 'જે મન ૭ મી નરકે લઇ જાય છે, તે મન મોક્ષે પણ લઇ જાય છે.'

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હે સદાચારીણી! વસ્તુઓનું ખરેખર પરિવર્તન થઇ શકે છે, જેમ કે, મણિ, સુવર્ણ આદિનું પરંતુ પાણિગ્રહણ કરેલી સ્ત્રીનું પરિવર્તન થઇ ન શકે, મતિના ભૂલથી નાખેલું લવણ અન્યથા થતું નથી, પરંતુ ખારૂંજ થાય છે. ખારા પાણીને, મીઠા પાણી માની બાંધેલી કણીકા, મીઠી પ્રાપ્ત ન થાય, પરંતુ જેવી હોય તેવીજ લાગે છે. જેનો હસ્ત મેળાપ થયો, તે સત્ય જ, તેજ ભર્તાર, તે સ્ત્રી બીજાના માટે પરસ્ત્રી થાય છે.

હંસાવલીએ કહ્યું કે, મારા ચિત્તમાં તમે વર છો. ચંદ્રસેન સાથે પાણિગ્રહણ થયું છે, પણ હું એને વર માનતી નથી, તેથી હું સતી છું કે અસતી, તે તો ફક્ત કેવલિ જાણે. માટે જો તમે મને પરસ્ત્રી માનતા હો તો, મને અગ્નિનું શરણ છે કે તપસ્યાનું સરણું છે, પરંતુ મારી બીજી ગતિ નથી પૂર્વે બાંધેલા કર્મના અંતરાય કેમ છુટે? હંસાવલીના શીલની દ્રઢતા દેખીને, શ્રી 'શ્રીચંદ્ર' રાજા અને રાજાનો પુત્રે, હંસાવલીના પ્રશંસા કરીને, ગ્રહણ કરવા યોગ્યને મૂકીને, રાજાને કહ્યું કે, હે રાજન! આવા વિસમ તમારી સ્થિતિ છે.

અહો! પ્રાણીઓ વિષયથી કેવી રીતે મુંઝાય છે! જીવ ધનમાં, ભોગ, આહાર અને જીવનમાં, અતૃપ્ત થયા છે, થાય છે અને થશે! મધ્યમા ત્રણ રેખાઓ છે, તે ત્રણ માર્ગો છે, અતિ સંકટો હોય ત્યાં જવું નહિ, વિષમ પંથે જવું નહિ, મહાપંથમાં જવું નહિ, પરંતુ સમ પંથમા જવું. પરસ્ત્રી અતિ સંકટ છે, વિધવા સ્ત્રી વિષમ છે, વેશ્યા મહાપંથ છે, સ્વસ્ત્રી સમ પંથ છે. અલ્પ રૂપવાળી પણ પરસ્ત્રીને દેખે, તે અપથ્ય છે. તે રૂપ રોગના માટે થાય છે, શરીરને ક્ષિણ કરે છે. વિશાળ રતનરૂપી એક બઝાર છે, સ્ત્રીની ચપળ દ્રષ્ટિમા, સ્ખલના પામેલા

પુરુષને મદન પિશાચ છળે છે. દારુ ત્રણ પ્રકારના છે, લોટના મદ્યના અને ગોળના, ચોથો સ્ત્રી છે, જેથી જગત મોહને પામ્યુ છે. દારુ પિવાથી નશો ચડે છે, પરંતુ સ્ત્રીને તો ફક્ત જોવાથી નશો ચડે છે. માટે દ્રષ્ટિ મધ નારી કહેવાય છે, માટે સ્ત્રીને જોવી નહિ. ઇંદ્રિયોમાં રસના ઇંદ્રિય, કર્મમાં મોહનિય કર્મ, વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત, ગુપ્તિમાં મનોગુપ્તિ અતિ દુઃખે કરી જીતાય છે.

પુષ્પ, ફળનું રસ, દારૂ, માંસ અને સ્ત્રીના રસને જાણતો એવો જે કોઇ વિરલા પુરુષો ત્યાગે છે, તેવા દુષ્કર કરનારાઓને હું નમસ્કાર કરૂં છું. દેવના વિમાનમાં વાસ સુલભ છે. એક છત્રી પૃથ્વી મલવી સુલભ છે પરંતુ જીવોને શ્રી જિનેન્દ્રના શાસનમાં બોધી દુર્લભ છે. એ પ્રમાણે શ્રી 'શ્રીચંદ્ર' રાજાના ધર્મના વાકયો સાંભળીને રાજા, કન્યા, મંત્રી આદિ ચમત્કારને પામ્યા. ચંદ્રસેને પગે પડીને કહ્યું કે, હે સ્વામી! આપશ્રી મારા પ્રાણને આપનારા છો, હું આપશ્રીનો સેવક છું.

હંસાવતીએ પ્રબોધ પામીને કહ્યું કે, હે વર રાજા! તમારાથી કામદેવ તજાએલો છે. હમણા આપની ધર્મ દેશનાથી, આપ જીવિત અને ધર્મને આપનારા છો. તમારા તે વાકયોથી, શ્રી અરિહંત ભગવાન મારા દેવ છે, એમણે પ્રકાશેલું, દયામૂળ એવો ધર્મ છે, તમે ગુરૂ છો! સર્વ રત્નોમાં મુખ્ય શીલરત્ન મારા શરીરનું આભરણ હો, જેથી હું શીલ વ્રતને પાળું. શ્રી 'શ્રીચંદ્ર'ને રૂપ લાવણ્યથી યુકત જોઇને વજ્રસિંહ રાજાએ કહ્યું કે, હે વીર કોટીર! હંસાવલીનો વિવાહ હવે રહ્યો. પરંતુ અમારો મનોરથ છે કે, હંસાવલીની નાની બહેન ચંદ્રાવલીને તમે વરો.

તેઓના આગ્રહથી અને હંસાવલી, મદનસુંદરીની વાણીથી ચંદ્રાવલીને શ્રી 'શ્રીચંદ્ર' રાજા વિસ્તારથી મહોત્સવ પૂર્વક પરણ્યા.

## શ્રી 'શ્રીચંદ્ર'નો વિજય :

શ્રી 'શ્રીચંદ્ર' રાજા બે પત્નિઓથી શોભતા, જાણે રતિ અને પ્રિતિથી યુક્ત જાણે કામદેવ ન હોય, રાજા અને સેવકોથી યુક્ત, અનેક વાજીંત્રોના નાદથી દિશાઓ ગાજી રહી છે, હસ્તિઓ, અશ્વો, સેના, રથો આદિ સાથે ઈંદ્રની પ્રમાણે શોભતા નગરથી પ્રયાણ કરીને, નવલક્ષ દેશની સીમમાં આવ્યા દેશની સીમમાં રહેલી સેનાને પોતાની સેના આદિ જણાવ્યું પદ્મનાભ રાજા, ગુણચંદ્ર અમાત્ય, લક્ષ્મણ મંત્રી આદિ સ્વનાથ આવ્યા છે, જાણીને હર્ષ અને મહોત્સવ પૂર્વક આવીને, સ્તુતિને કરતાં અને અરસપરસ જણાવતા સર્વ વૃતાંત જણાવ્યું, રાજાએ શ્રી 'શ્રીચંદ્ર' રાજાનું ચરિત્ર કહ્યું.

ગુણચંદ્રે કહ્યું કે, હે દેવ! દૂર્જય ગુણવિભ્રમ રાજા હજી જીતાયો નથી પ્રથમ જે દંડ માંગતો હતો, તેથી પણ હમણા ૧૦ ગણું માંગે છે, એ માટે ૭ રાજાથી યુક્ત આદેશને જીતવા લડી રહ્યો છે. જેટલામાં અમે દંડ આપવા તૈયાર થયા, એટલામાં અમારા ભાગ્યથી આપશ્રીનું પધારવું થયું. વાદળ વગરની વૃષ્ટિ થઈ, જેથી આપણું સૈન્ય નાયકવાળું જાણીને હર્ષને પામ્યા છે. શ્રી 'શ્રીચંદ્ર' રૂપી સૂર્ય, ચંદ્રહાશ તરવારની કાન્તિવાળા, સૈન્ય રૂપી ગિરિ ઉપર, જેમ મેરૂ ગિરિ ઉપર સૂર્ય ઉદય પામે તેમ પ્રતાપથી યુક્ત, દેદીપ્યમાન એવા તે શ્રી 'શ્રીચંદ્ર' રાજા શોભવા લાગ્યા.

પ્રતાપસિંહના પુત્ર કેશરીસિંહને આવેલા જાણીને, શત્રુ સૈન્યના સર્વ સુભટો, પક્ષીઓ કંપે તેમ કંપવા લાગ્યા. કેટલાક સુભટો હસ્તિના પ્રમાણે આચરણ કર્યું. કેટલાક સસલાની

પ્રમાણે આચરણ કર્યું, અને મહાન ત્રાસને પામ્યા. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ દૂત દ્વારા ગુણવિભ્રમ રાજાને કહેવડાવ્યું કે તેં જે કનકપુરના રાજા પાસે દંડ પ્રાપ્ત કર્યો હતું, તે ૧૦૦ ગણું કરી આપી દે. નહિ તો યુદ્ધના માટે તૈયાર થા, હું આવ્યો છું. તે સાંભળીને ગુણવિભ્રમ રાજા અંતરથી આર્દ્ર થયો. પરંતુ બહારથી દઢ થઈને, રણક્ષેત્રમાં આવ્યો શત્રુને આવેલા જાણીને શ્રી 'શ્રીચંદ્ર' રાજા રાજાઓ અને મંત્રીઓ, સૈન્ય આદિથી યુક્ત સન્મુખ આવ્યા. બન્ને સૈન્યનું યુદ્ધ દારૂણ જામ્યું

જયલક્ષ્મી ઘંટના લોલકની જેમ આમ તેમ જવા લાગી. ગુણવિભ્રમ રાજાએ, હસ્તિ ઉપર આરૂઢ થયેલા શ્રીનગરના રાજાના સૈન્યને ભગાડયા, પદ્મરાજા, વજસિંહ રાજા, લક્ષ્મણ મંત્રી, હરિષેણ આદિ બાણથી ઘવાએલા જોઈને, શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ હસ્તિ ઉપર આરૂઢ થઈને, ચંદ્રહાસ તરવારથી શત્રુના સૈનિકોને ત્રાસ પમાડતા, હસ્તિ ઉપર આરૂઢ થયેલા ગુણવિભ્રમ રાજા સન્મુખ આવીને કહ્યું કે, તમે શરીરથી મારાથી મોટા છો, તો તમે મને નમીને જાવ. જો લડવું હોય તો તમે પ્રથમ વાર કરો.

ગુણવિભ્રમે કહ્યું કે, તું બાળક છે, તે કેમ યાદ કરતો નથી? તું જતો નથી તો, લે, એમ કહીને તરવારનો પ્રહાર કર્યો. પોતાના મસ્તક ઉપર વાર થયેલો જોઈને કુશાગ્રહ બુદ્ધિવાળા શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ ચંદ્રહાસ તરવારથી તેના હસ્તને કાપી નાખવા વાર કર્યો પરંતુ કવચ હોવાથી હસ્તનો વધ ન થયો, પરંતુ તરવારના ૧૦૦ ટુકડા થઈ ગયા. તે દેખીને રાજાધિરાજ શ્રી 'શ્રીચંદ્ર' ગુણવિભ્રમના કંઠમાં ધનુષ્યની દોરી નાખીને નીચે પાડયો શ્રી 'શ્રીચંદ્ર' રાજાના સૈનિકોએ હસ્તિ ઉપરથી પડતા એવા ગુણવિભ્રમ રાજાને બાંધીને, કાષ્ટના પાંજરામાં કેદ કર્યો.

શ્રી 'શ્રીચંદ્ર' રાજાનો વિજય થયો. સૈન્યને કબ્જે કર્યું અને જય જયકાર ગુંજી ઉઠયો.

૭ રાજાઓથી નમસ્કાર કરાતા, સ્તવના કરાતા અને સેવાતા એવા શ્રી 'શ્રીચંદ્ર' રાજા કલ્યાણપુરમાં પોતાની આજ્ઞા પળાવતા અને ૭ દેશોમાં પોતાના મંત્રીઓ દ્વારા આજ્ઞા પળાવતા, આગળ પ્રયાણ કર્યું. ક્રમે કરી ૯ રાજાઓથી યુક્ત કનકપુરમાં આવ્યા. જયલક્ષ્મી રૂપી કંઠના આભૂષણથી શોભતા શ્રી 'શ્રીચંદ્ર' રાજા નગર પ્રવેશમાં શોભવા લાગ્યા. માતાને નમસ્કાર ઉત્કંઠાવાળા, બન્ને પ્રિયાથી યુક્ત, બીજાઓથી નમસ્કારને કરાતા આગળ પયાણુ કર્યું. માર્ગમાં શ્રી ગિરિના ચંદ્રપુર નગરથી, સૂર્યવતી માતાએ પુત્રનો જન્મ આપ્યો એમ વર્ધાપન સાંભળીને, મહોત્સવ કરીને, વિશાળ દાન આપ્યું. બંદીઓને મુક્ત કર્યાં. સર્વ દેશમાં મહોત્સવ કરાવ્યો, મનોહર ગીત, નૃત્ય, ઠેક ઠેકાણે તોરણો બંધાયા, સર્વત્ર હર્ષનું સામ્રાજ્ય જોઇને, ગુણવિભ્રમ રાજાને પણ મુક્ત કર્યો. સન્માન કરાએલા ગુણવિભ્રમ રાજા, શ્રી 'શ્રીચંદ્ર'ના ચરણકમળમાં પડીને, કહ્યું કે. મારા અપરાધની ક્ષમા કરો, હું આપનો કિંકર છું. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ પોતાની પાસે એને સ્થાપન કર્યો.

## આનંદ મંગલ !

કુંડલેશ શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ ચંદ્રપુર નગરે જઇને, સૂર્યવતી માતાને હર્ષથી નમસ્કાર કર્યો. વધૂઓ રાજાઓ અને મંત્રીઓએ સર્વ વૃત્તાંત પોતાના પુત્ર શ્રી 'શ્રીચંદ્ર'ને કહ્યો. નાનાભાઇને શ્રી 'શ્રીચંદ્રે' પોતાના ખોળામાં લઇને, તેના ગુણોથી નામ એકાંગ-વરવીર વિધિપૂર્વક પાડ્યું. સર્વ સ્થળે કાગળ દ્વારા સમાચાર મોકલ્યા, જેથી બીજા રાજાઓ સેવા અર્થે આવ્યા, તે

રાજાઓમાંથી કેટલાકે શ્રી 'શ્રીચંદ્ર' રાજાને પોતાની કન્યાઓ પરણાવી અને કેટલાકે હસ્તિઓ અને રત્નો ભેટ આપ્યા.

એક દિવસ પ્રિયા પદ્મિની ચંદ્રકાળા. વામાંગ, સુધીર. ધનંજય આદિ વિશાળ સૈન્યથી યુકત, સર્વ સમૃદ્ધિથી આવેલા જોઇને, સર્વ હર્ષને પામ્યા. શ્રી 'શ્રીચંદ્ર' રાજા રૂપી ચંદ્રે. સર્વને જુદી જુદી વ્યવસ્થા સોંપી મામા અને વામાંગને સર્વ કાર્યની ચિંતા સોંપી, ધનંજયને સેનાપતી તરીકે નીમ્યો. બાકીનાને અંગરક્ષકો કર્યા પદ્મિની ચંદ્રકળાને મહાપટ્ટરાણી પદે સ્થાપી. કુંજર. મહામલ અને ભીલને શિક્ષા આપીને, શ્રીગિરિ ઉપર મૂકીને, દેરાસરમાં શ્રીચંદ્ર પ્રભુજીને નમસ્કાર કરીને, માતા, પ્રિયાઓ, મિત્ર આદિથી યુકત કુશસ્થળ તરફ પ્રયાણ કર્યું.

હસ્તિઓ. રથો, અશ્વો, ગાયો, બળદો, ઉંટો, મહાભટો સૈનિકો, પાલખીઓ આદિથી યુકિત વિશાળ સૈન્ય શોભતું હતું. પ્રયાણથી અખિલ વિશ્વ વ્યાકુળ થયું, શેષનાગ સીદાવા લાગ્યો, કાચબો ખેદને પામ્યો, પૃથ્વી ડુબવા લાગી સમુદ્ર ક્ષોભ પામ્યો, પર્વતો પડવા લાગ્યા, દીગ્ હસ્તિઓ આક્રંદ કરવા લાગ્યા, આકાશ લેપાઇ ગયું, દીશાઓ ઢંકાઇ ગઇ. સૂર્ય રજથી રૂંધાઈ ગયો, ત્રણલોક વ્યાકુળ થયું. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ, પ્રાચીન તીર્થ છે, અને પોતાની યાદગીરી અર્થે કોઇ ઠેકાણે દેરાશરજી કરાવ્યા, કોઇ ઠેકાણે શાળાઓ, મઠો, પરબો આદિ સ્થાને સ્થાને કરાવ્યા.

ક્રમે કનકપુર નગરમાં થોડા દિવસો રોકાઇને, ક્રમે પ્રયાણને કરતાં અને પૂર્વની સ્થિતિને યાદ કરતા, કલ્યાણપુર નગરમાં આવ્યા. ગુણવિભ્રમ રાજાએ પોતાની પુત્રી ગુણવતી. શ્રી 'શ્રીચંદ્ર' રાજાને પરણાવી. મદનસુંદરીના મુખથી ત્યાં સુવર્ણ

પુરુષનું સર્વ વૃત્તાંત જાણીને, માતા, રાજાઓ આદિ આશ્ચર્યને પામ્યા. શ્રી શ્રીચંદ્ર' રાજા, મદનસુંદરી આદિ અટવીમાં સુવર્ણ પુરુષને, વડવૃક્ષના નીચેના ભોંયરાથી મણિગૃહમાં આવીને, સાર રત્નો ગ્રહણ કરીને, પ્રયાણને કરતાં, ક્રમે કરીને વિદ્યાધર રત્નચુડના મૃત્યુ સ્થળે શ્રી જિનેશ્વર ભગવાનનું ચૈત્ય કરાવ્યું. નરસિંહ રાજાએ હર્ષથી પછી કાન્તિનગરીમાં પુર પ્રવેશ કરાવ્યો નજીકમાં વડગામમાં રહેતા ગુણંધર પાઠકને, પ્રિયાઓથી યુક્ત શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ પ્રણામ કરીને, ગુરૂ પત્નિને અપૂર્વ ભેટણું આપીને, પ્રણામ કર્યા. આપના પુત્રો મારા બાંધવો છે, જેથી એમનો પણ સત્કાર કર્યો.

પ્રિયંગુમંજરી રાણીથી યુક્ત શ્રી 'શ્રીચંદ્ર' રાજા અને નરસિંહ રાજા હેમપુર આવ્યા, મદનપાળના પિતા મકરધ્વજ ત્યાં રાજા છે, મદનસુંદરીએ પોતાનું સર્વ વૃતાંત જણાવ્યું, તેથી સર્વ હર્ષને પામ્યા. ક્રમે કંપીલપુર આવ્યા, જીતશત્રુ રાજાએ, મહાન પ્રવેશ મહોત્સવ અને કનકવતી આદિ ચાર કન્યાઓને, માતાના આગ્રહથી, શ્રી 'શ્રીચંદ્ર' રાજા વિસ્તારથી મહોત્સવ પૂર્વક પરણ્યા.

વિણારવે આવીને હર્ષથી શ્રી 'શ્રીચંદ્ર' રાજાનું અદ્‌ભુત વર્ણન કાવ્યમાં કર્યું, વિશાળ અશ્વોથી ખુંદાઇ છે પૃથ્વી અને રણક્ષેત્ર, ભેદાયેલા હસ્તિઓને કુંભસ્થળમાંથી, મોતી નીકળ્યા, મોતીના કણીઆને, તરવાર બીજની શ્રેણી પોખી રહી છે, હે કુંડલપતિ! ત્રણ લોક રૂપી મંડપમાં તમારી કીર્તિ વિશાળતા પ્રાપ્ત કરી, તમારી તરવાર બીજ પોખી રહી છે. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ પાંચ લાખ સોના મહોર તેને દાનમાં આપી. બીજાઓને સુંદર વસ્ત્રો આદિ ભેટ આપ્યા. વિણારવને પૂર્વનું વૃતાંત પૂછ્યું.

તેણે કહ્યું. તેને વિસર્જન કરતા, હર્ષ પામીને સોનામહોર આદિ લઇને પોતાના ઉતારે ગયો.

## અદ્ભુત વિદ્યા અને કળા !

૫,૦૦,૦૦૦, સોના મહોર આદિ તેજ રાત્રિના વિણારવ પાસેથી કોઇ અદ્ભુત ચોરો ચોરી ગયા. પ્રભાતે તે હકીકત રાજાને જણાવી તે સાંભળીને જીવશત્રુ રાજાએ વિનંતી કરી કે, હે દેવ ! અહિં ત્રણ ચોરો છે, તેમણે સર્વ નગર લૂંટયું છે, પરંતુ પકડાતા નથી. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ વિણારવને બેવડી દશ લાખ સોના મહોર આપી. વિણારવ પોતાના ઉતારે ગયો.

શ્રી 'શ્રીચંદ્ર' રાજા મુખમાં ગોળી રાખીને, અદ્રશ્ય થઇને, ફરતા હતા એટલામાં ત્રણ પુરુષોને દેખી, બરોબર જયાં જુએ છે, ત્યાં તો બન્નેને ઓળખ્યા, એક રત્નખુર અને લોહખુર હતા. વિચાર્યું કે આ ત્રીજો કોણ હશે? આ શું કરતા હશે? એટલામાં તેમાંથી અગ્રણી લોહખુરે કહ્યું કે, વિણારવને શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ, બેવડું ૧૦,૦૦,૦૦૦, સોના મહોર આપી છે. ચાલો તેને આપણે ગ્રહણ કરીએ. વજ્રજંગે કહ્યું કે, મેં પૂર્વે નગરનાં સાંભળ્યું છે કે, આવતા એવા રાજાના ભંડારમાં સુવર્ણ પુરૂપ છે, તો આપણે તેજ ગ્રહણ કરીએ, બીજી ચોરીનું શું કામ છે? તારી પાસે અવસ્વાપિની વિદ્યા છે, તારો ભાઇ ધનના ગંધને જાણનારો છે, તારો ભત્રીજો હું ગંધથી એક વખત દેખીલી વસ્તુને યાદ કરાવું છું. લોહખુરે કહ્યું કે, હે ભદ્ર? શ્રી 'શ્રીચંદ્ર' રાજા ધર્મનિષ્ટ, ભાગ્યવાન અને ન્યાયી હોવાથી, એમનું કંઇપણ લેવા કોઈ શકિતમાન નથી, જેથી તારો ઉદ્યમ ફોગટ છે. લોહખુરે રજ ઉપાડીને મંત્રીને ઉછાળીને વિણારવના ઘર સન્મુખ ફુત્કાર કર્યો.

ત્રણે ચોર ચાલ્યા, રક્ષકો સર્વ ઉંઘી ગયા. તેઓના મર્મને જાણનારા રાજા, પણ નિદ્રાવિન ગાયકના ઘરની પાછળની બાજુ ગયા. ચોરોએ ધનના ગંધથી, ધન લૂંટીને, નગર બહાર નીકળ્યા. ત્યાં તેમણે કરાવેલ મઠમાં આવીને, પાછળની બાજુ શીલા ઉપાડીને, ગુફામાં ધન નાંખીને, શીલાથી બંધ કરીને, અવધૂતાને વેષ પહેરીને, મઠમાં ઉંઘી ગયા. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ તેઓનું સર્વ કાર્ય જોઈને, પાછા મહેલમાં ગયા. પ્રભાતે તે સર્વ ચોરાઈ ગયું છે એમ દેખીને, વિચારવે તે રાજાને જણાવ્યુ. શ્રેષ્ટ મંત્રી અને રાજાઓની હાજરીમાં કુંડલનરેશે ગુસ્સાથી જીતશત્રુ રાજાને કહ્યું કે, તમારા રાજમાં પ્રજાને શું સુખ છે? તમારૂં રાજ કેવું છે? જે નગરમાં ચોરો વારંવાર ચોરીને કરે છે.

તે સાંભળી જીવશત્રુ રાજાએ અવનત મુખ કર્યું. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ કહ્યું કે, કોઈ વીર શ્રેષ્ટ હોય તે, આ તાંબુલને ગ્રહણ કરીને જે કોઈ ચોરોને પકડી લાવશે, તેને મારા વિવાહની પહેરામણી આપીશ? સભામાંથી કહ્યું કે, હે દેવ? તાંબુલને ગ્રહણ કરનારા કોઈ નથી, પહેલા પણ તાંબુલ વ્યર્થ ગયા છે, સર્વ ચિંતાવાળા થયા. મધ્યાહ્ન વેળા થવાથી એટલે એ વ્યતીકરને ન જાણતી એવી સૂર્યવતી માતાએ, કહેવડાવ્યું કે, દેવપૂજા અને ભોજન વેળા થઈ છે, સર્વને ક્ષુધા પીડા છે માટે તમે જલ્દી આવો.

'ક્ષુધા સર્વ રૂપનું નાશ કરનારી, સ્મૃતિને હણનારી, પાંચ ઇંદ્રિયોની આકર્ષણ કરનારી, ચક્ષુ, કાન લલાટને દીનતા કરનારી, વૈરાગ્યને ઉત્પન્ન કરનારી, ચારિત્રને નાશ કરનારી, પંચભૂતને દમન કરનારી અને પ્રાણને હણનારી એવી ક્ષુધા ઉત્પન્ન થઈ છે.'

શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, હજી સુધી મારું એક પણ તાંબુલ નિષ્ફળ થયું નથી. જ્યારે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે, ત્યારે જ હું ભોજન ગ્રહણ કરીશ ગુણચંદ્રે કહ્યું કે, હે દેવ! સાહસથી આવી પ્રતિજ્ઞા ન કરો. ચોરો ક્યારે પકડાશે? તત્કાળ શ્રી 'શ્રીચંદ્ર' રાજાઓ આદિથી યુકત, પગે ચાલતા ઉદ્યાનમાં વનક્રીડાને કરતાં, મઠમાં આવ્યા. ત્યાં ૫-૬ અવધૂતોમાં તે ત્રણ અવધૂતો તાંબુલ ચાવેલા મુખવાળા દેખ્યા. મઠના મુખ આગળ ઓટલા ઉપર બેસીને અવધૂતોને બોલાવ્યા, તે સર્વ અવધૂતોએ રાજાને, આશીર્વાદ આપ્યા.

શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ પૂછ્યું કે, તમારામાંથી કોણ અવધૂત અને કોણ ભોગી છો? તેમણે કહ્યું કે, અમે અવધૂતો છીએ અને તમે ભોગી છો. રાજાએ કહ્યું કે, તમારા મુખમાં તાંબુલનો ભોગ કેમ છે? તે ત્રણ અવધૂતો શ્યામ મુખવાળા થયા, પરંતુ બીજા નહિ. ગુણચંદ્રે સંજ્ઞા કરવાથી, ત્રણ અવધૂતોને ઘેરી લીધા.

## 'નમો જિણાણં'!

શ્રી 'શ્રીચંદ્ર' રાજા 'નમો જિણાણં' કહીને ઉભા થયા. મઠનું નિરીક્ષણ કરીને, સૈનિકોને આદેશ કર્યો કે, આ મઠમાં ઘણા અવધૂતો અને મુસાફરો આવે છે, માટે નજીક નવી ધર્મશાળા કરો. આદેશ કરાએલા સૈનિકો, પૃથ્વીને ખોદવા અર્થે શીલાને ઊંચકીને બીજે મૂકી, એટલામાં અદ્દભૂત ગુફાને, રાજાએ તેમાંથી, સર્વ સુવર્ણ મોતીઓ આદિ બહાર કઢાવીને જુએ છે. તો, તે સર્વ વસ્તુઓ તે ચોરોએ હમણાં અને પૂર્વે ચોરેલી વસ્તુઓ હતી. હે રાજન! આપશ્રીનું પુણ્ય છે! આપશ્રીની બુદ્ધિ પણ લોકોત્તર છે! આપશ્રીએ કરેલી પરીક્ષા પણ ઉત્તમ છે! પરોપકારમાં પણ અનન્ય છે! એ પ્રમાણે સ્તવનાને કરાતા,

શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ ધન વિણારવને અને અને જેવું હતું તેને આપી દીધું.

જીવશત્રુ રાજાને ત્રણ ચોરોને સોંપ્યા. શેષધન પોતે લઈને મહોત્સવપૂર્વક મહેલમાં આવ્યા. જીવશત્રુ રાજા ચોરોને ચાબુકથી ફટકારાવે છે, પરંતુ ચોરો પોતાનું નામ કહેતા નથી. ચોરોને કોટવાળ હણવા માટે લઇ ગયો. તે જાણીને બુદ્ધિશાળી શ્રીચંદ્રરાજાએ પાસે બોલાવીને, પૂછ્યું કે, તમે કોણ છો? તમારૂં નામ શું છે? તો પણ ચોરો કહેતા નથી. રાજાએ કહ્યું કે, અહો લોહખુર તું મને કેમ ઓળખતો નથી? આ ત્રીજો કોણ છે? તને મહેન્દ્રપુરના સીમાડે, તારી પુત્રીથી યુકત જીવતા મૂકયા હતા. હું તારી અવસ્વાપિની વિદ્યાને જાણું છું. કેમ બોલતો નથી? હે રત્નખુર પહેલાના આમ્રફળના દાનને કેમ યાદ કરતો નથી? આ ત્રીજાનું સ્વરૂપ કહે!

ત્રણે ચોરોએ શ્રી 'શ્રીચંદ્ર' રાજાના ચરણને નમસ્કાર કરીને, મુખ્ય લોહખુરે કહ્યુ કે, અમારા અપરાધને ક્ષમા કરો. જે લોહજંઘ ચોર હતો, તેને ત્રણ પુત્રો વજ્રખુર, લોહખુર, નામે હતા. તેઓ કુંડલગિરિ, તિલકગિરિ અને મહેન્દ્રગિરિમાં અનુક્રમે રહેતા હતાં. વજ્રખુર પાસે તાળા ખોલવાની વિદ્યા હતી, તે પ્રથમ મૃત્યુને પામ્યો. તેનો આ પુત્ર વજ્રજંઘ તે વિદ્યા અને અદૃશ્ય થવાની ગોળી આપી હતી પરંતુ ગોળી ગઇ. હું લોહખુર છું, મારી પાસે અવસ્વાપિની વિદ્યા છે, તે વેળાનું સર્વ યથાસ્થિત વર્ણન કર્યું. આપશ્રી અમારા સ્વામી છો. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ ચોરોને બોધ પમાડી, પોતાની પાસે બેસાડયા.

તેમની પાસેથી વિદ્યાને ધારણ કરીને, શ્રી 'શ્રીચંદ્ર' રાજા મહેન્દ્રપુરમાં ગયા. તેઓ સુતા, બેસતાં, ચાલતા 'નમો-જિણાણં'નું

રટન કરે છે, પરંતુ તેને મૂકતા નથી. ચાર પર્વોમાં તપ કરે છે અને આર્હંત ધર્મને આરાધતા શ્રી 'શ્રીચંદ્ર' આસ્તિક થયા. ગુફામાંથી તેમણે ધન ગ્રહણ કરીને, સુલોચના સાથે વિસ્તારથી પાણીગ્રહણ કર્યું. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ ૧૪ રાજાઓથી યુક્ત ગુણચંદ્ર અમાત્યને, કુંડલપુર નગરમાંથી સૈન્ય લાવવા માટે મોકલ્યા.

લક્ષ્મણ, સુધીરાજ, સુંદર, બુદ્ધિસાગર એ ચાર મંત્રીઓને, પ્રતાપસિંહ રાજાને ભક્તિથી ભેટણું આપવા અર્થે મોકલ્યા. તેઓએ કુશસ્થળે જઈને, વધામણી આપી કે, હે પ્રતાપસિંહ રાજા આપશ્રીના પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' રાજા, માતા અને ભાઈથી યુક્ત મહેન્દ્રપુરમાં આવ્યા છે, ત્યાંથી તિલકપુર, સિંહપુર થઈને, આપશ્રીના ચરણ કમલમાં અલ્પ સમયમાં આવીને નમસ્કારને કરશે.

ગુણચંદ્રે આવીને શ્રી 'શ્રીચંદ્ર' રાજાને વિનંતી કરી કે, કુંડલપુરમાં ગંધહસ્તિ, ભીલને આપ્યો હતો, તે ગંધહસ્તિ અમારાથી પ્રેરાયો, પરંતુ તે હમણા પણ આવતો નથી. તો હે પ્રભુ! તેને શિક્ષા આપો. ગુણચંદ્રની વિનંતીથી શ્રી 'શ્રીચંદ્રે' રાજા, માતા અને સૈન્યથી યુક્ત, કુંડલપુરથી પ્રયાણ કર્યું. સુવેગ રથમાં આરૂઢ થઈ, ધનંજય સારથી સાથે ધીમે ધીમે કુંડલપુરની તે પલ્લીમાં આવ્યા. સર્વ સત્કાર કરાએલા રાજાઓએ શ્રી 'શ્રીચંદ્ર' રાજાને નમસ્કાર કર્યો માતાને પણ નમસ્કાર કર્યો. શ્રીગિરિ અને ગંધહસ્તિને દેખીને સાસુ અને વધૂ પાસેથી તેમનું ચરિત્ર જાણીને, માતા અને સર્વ યથાયોગ્ય કાર્ય કર્યું.

ગજ રાજેન્દ્રને તેના નામથી શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ બોલાવીને, તેના ઉપર આરૂઢ થઈને, ચંદ્રમુખી ચંદ્રલેખા, વીરવર્માનું કુટુંબ અને વિશારદ મંત્રી આદિ સર્વને લઈને મહેન્દ્રપુરમાં આવ્યા.

ત્યાં તિલકરાજાએ નમસ્કાર કર્યો. પ્રયાણને કરતાં, નગરથી ત્રિલોચન રાજાથી યુકત, શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ, ચંદ્રકળા પટ્ટરાણીથી યુકત, તે તે દેશના રાજાઓથી સેવાતા આગળ પ્રયાણ કર્યું. વસંતપુરમાં જઈને, વીરવર્માને રાજા તરીકે સ્થાપીને, પ્રયાણમાં કેટલાક સ્વયં આવીને, કેટલાક લેખ દ્વારા, પુત્રીઓ અને દંડથી યુક્ત, એવા આવતા અનેક રાજાઓથી સેવાતા, હસ્તિ ઉપર આરૂઢ થએલા મુગટ અને કુંડળની ઉજવળ ઋદ્ધિએ કરીને, જેમ 'ઐરાવણ ઉપર જેમ ઇંદ્ર શોભે' તેમ શોભતા આગળ ચાલ્યા, ક્રમે કરીને ધ્વજાઓથી શોભતા એવા તિલક નગરમાં આવ્યા. તિલક રાજાએ મહાન મહોત્સવ કર્યો.

## પિતા પુત્રનું મિલન!

પ્રતાપસિંહે પુત્રનું આગમન જાણીને, તેને શીઘ્ર ભેટવાની ઉત્કંઠાવાળા, મંત્રીઓ, વાજીંત્રો, નાટકો, નગરના લોકો, અંતપુર આદિ સર્વ સામગ્રીથી યુક્ત, કુશસ્થળથી જલ્દી પ્રયાણ કર્યું. અલ્પ પ્રયાણે તિલકપુર નગરી નજીક આવ્યા. માર્ગમાં ચર પુરુષો દ્વારા પુત્રના સમાચાર જાણી હર્ષ પામવા લાગ્યા. પ્રતાપસિંહ રાજાના આદેશથી, લક્ષ્મીદત્ત શ્રેષ્ઠી, લક્ષ્મીવતી આદિથી અને સર્વ સામગ્રંથી યુક્ત શ્રી 'શ્રીચંદ્ર' રત્નપુરીમાં આવ્યા.

શ્રી 'શ્રીચંદ્ર' રાજા પિતાનું આગમન જાણીને, સર્વ ઋદ્ધિથી યુકત સન્મુખ ગયા. તે બન્ને વાજીંત્રોના ધ્વનિથી અને સૈન્યને જોઈને હર્ષથી વ્યાપ્ત થયા. શ્રી 'શ્રીચંદ્ર' પિતાના હસ્તિને જોઈને, તત્કાળ પોતાના હસ્તિ ઉપરથી ઉતર્યાં સૈનિકોની બે શ્રેણી, વચમાં માર્ગ રાખીને થઈ ગઈ. પ્રતાપસિંહ રાજા પણ હસ્તિ ઉપરથી ઉતર્યા. શ્રી 'શ્રીચંદ્રે' પિતાના ચરણ કમળમાં પડીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સિંહાસન ઉપર બેસીને

પ્રતાપસિંહ રાજાએ, પુત્રને ખોળામા લઇને, આલિંગન કરીને, દીર્ઘકાળના વિયોગ રૂપી દાવાનળને ક્ષણવારમાં હર્ષના અશ્રુથી શાંત કર્યો. હર્ષના અશ્રુવાળી સૂર્યવતી પણ પતિને મળી.

સર્વ વહુઓ, જેમાં પદ્મિની ચંદ્રકળા મુખ્ય છે, પોતાની સખીઓથી યુકત, જેમનું વૃત્તાંત સાસુએ જણાવ્યું છે, એવી તે સસરાના ચરણે નમી. પદ્મનાભ આદિ રાજાઓ. ગુણચંદ્ર આદિ મંત્રીઓ, રાજાના ચરણ કમલમાં નમસ્કાર આદિ કર્યો. કનક અને કૌંડલ દેશનું રાજ લક્ષ્મણ અને વિશારદ મંત્રીઓએ, ભક્તિથી ભેટ કર્યું. વામાંગ, વરચંદ્ર, ધનંજય સેનાપતિ અને મદનપાળ આદિ રાજાને નમસ્કાર કરીને પાસે રહ્યા. શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ રત્નો, અપૂર્વ સુવર્ણ પુરૂષ, પારસમણિ, ચિંતામણિ, નરમાદા મોતી, ખજાનો, સુવેગ રથ વાયુવેગ અને મહાવેગ અશ્વો, ગંધહસ્તિ આદિ સર્વ સાર વસ્તુઓ, સર્વ સાક્ષીએ પિતા પાસે મૂકયું.

શ્રી 'શ્રીચંદ્ર' રાજાને મતિરાજ આદિ મંત્રીઓએ નમસ્કાર કર્યો. વહુઓએ સાસુને, પત્નીઓએ અને સેન્દ્રીં આદિ સખીઓએ પરસ્પર નમસ્કાર કર્યો અને કુશળના પ્રશ્નપૂર્વક સર્વ પરસ્પર વાર્તા કરી, પ્રતાપસિંહ રાજા ગુણચંદ્રના મુખથી શ્રી 'શ્રીચંદ્ર'નું સર્વ ચારિત્ર જાણીને, અતિ હર્ષ પામ્યા. શ્રી શ્રીચંદ્ર' રાજાએ પોતાના ભાઈ વરવીરને માતા પાસેથી લાવીને, પિતાના ખોળામાં મૂકયો. પિતાએ પુત્ર પાસે પોતાનું સર્વ ચરિત્ર કહ્યું. પ્રિયાના વિયોગનું દુઃખ, અવધૂતનું વચન, તે ઉપકારીની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા, મારાથી તેનો કોઇ ઉપકાર થઈ શકયો નહિ અને પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા.

શ્રી 'શ્રીચંદ્રે' હસીને કહ્યું કે, હે પિતા! આપના પસાયથી, તેનું સર્વ ભાવી સારૂં થશે. દીર્ઘદર્શી હૃદયવાળા શ્રી 'શ્રીચંદ્રે'

સર્વને સાર વસ્તુઓ ભેટ આપી. તિલક રાજાના અતિ આગ્રહથી રાજા પુત્રોથી યુકત ઉત્સવપૂર્વક તિલકપુરમાં પ્રવેશ કર્યો. રત્નપુરથી લક્ષ્મીદત્ત શ્રેષ્ટીને આવતા જાણીને, શ્રી 'શ્રીચંદ્ર' રાજા સન્મુખ ગયા અને પૂર્વની ભકિતથી લક્ષ્મીવતીના ચરણ કમલમાં, રાજાઓ અને શ્રેષ્ટીઓ આદિથી યુકત, નમસ્કાર કર્યો. શ્રેષ્ટીએ સર્વને નમસ્કાર કરી, શ્રી 'શ્રીચંદ્ર'થી યુકત, પ્રતાપસિંહ રાજા પાસે રહ્યા. લક્ષ્મીવતી વહુઓથી યુક્ત, સૂર્યવતી પાસે રહી.

પ્રતાપસિંહ રાજા, સૂર્યવતી, લક્ષ્મીદત્ત, લક્ષ્મીવતી, અને શ્રી 'શ્રીચંદ્ર'ને ત્યારે હર્ષનો કેટલો ઉત્કર્ષ થયો, તે તો કેવલિ જાણે. સિંહપુરથી શુભગાંગ રાજા અને દીપશીખાથી દીપચંદ્ર રાજા આવ્યા. અતિ પુણ્યશાળી, ધન્ય તિલકમંજરીનો પાણી ગ્રહણ શ્રી 'શ્રીચંદ્ર' સાથે, વિસ્તારથી પ્રતાપસિંહ રાજાએ કરાવ્યો. તિલકમંજરી કન્યા વખણાઈ તેનો મનોરથ ફળ્યો, એ બન્ને અદ્ભુત યોગ થયો. તિલકમંજરીની વરમાળા, શ્રી 'શ્રીચંદ્ર' રાજાને દિવસે, દિવસે યશ રૂપ સુગંધને કરતી હોય, તેમ ફૂલે, ફૂલે ફળ આપનારી થઈ.

તેઓ માતા–પિતા આદિથી યુક્ત, સર્વ રાજાઓ અને અતિ શોભાવાળા ક્રમે કરીને રત્નપુરમાં આવ્યા. ત્યાં અનેક લવીંગ, એલચીના મંડપો અને જુદા જુદા વૃક્ષોની છાયાવાળા સમુદ્રના કીનારે આવ્યા. જ્યાં માતા પિતાનો પરસ્પર મેળાપ થયો હતો. ત્યાં શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ મેલકપુર નામનું નવું નગર વસાવ્યું અને સમુદ્ર કીનારે પ્રતાપપુર નામનું નવું નગર વસાવ્યું. પ્રતાપસિંહના નામનું સુવર્ણ અને ચાંદી નાણું બનાવ્યું.

રવિપ્રભ રાજાનો પુત્ર કનકસેન ૯ બહેનોથી યુકત ચિત્ર નામના. વહાણમાં કરકોટ દ્વિપથી, ૫૦૦ વહાણો, દશ હજાર

હસ્તિઓ, ત્રીશ હજાર અશ્વો અને ક્રોડો સૈનિકો આદિથી કર્યું ત્યાં કીનારે ઊતર્યા. ત્યારે પ્રતાપસિંહ રાજા વનમાં ક્રીડા અર્થે ગયા હતા. એટલામાં કરકોટથી ઊંચી જાતના હસ્તિઓ, અશ્વો આદિ આવેલા જાણીને, સર્વ રાજાઓ ત્યાં જોવા માટે આવ્યા અને પૂછ્યું કે, અહિંયા શું છે? કનકસેને કહ્યું કે, અમે કરકોટ દ્વિપથી આવ્યા છીએ, પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' રાજા માટે કુશસ્થળે જઇએ છીએ.

આ શ્રી 'શ્રીચંદ્ર' રાજાની ૯ પત્નીઓ છે, મામાથી યુક્ત અને કરમોચન સમયે આ પ્રાપ્ત કરેલુ, તેમનું હસ્તિઓ આદિ સર્વ છે. તેઓ એકલા જ આવીને, કન્યાઓને પરણ્યા હતા અને પોતાનું નામ સ્પષ્ટ અક્ષરોમાં લખી, કોઇ ઠેકાણે ચાલ્યા ગયા. પિતાના આદેશથી, કન્યાઓનો હું ભાઇ, તેમના પતિના ગૃહે મૂકવા અર્થે સમૃદ્ધિ યુક્ત આવ્યો છું. તે સ્વામિન્ કયાં છે રાજા હર્ષને પામીને કહ્યું કે, પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રી 'શ્રીચંદ્ર' રાજા અહીંયા તેઓ આ નગરના રાજા છે. તેમનું જ આવું સૌભાગ્ય હોઇ શકે, પરંતુ બીજાનું નહિ. કનકસેન હર્ષ પામીને, પ્રતાપસિંહ રાજાના ચરણ કમલને નમસ્કાર કરીને, કહ્યું કે, હે પૂજય! આપશ્રીના પુત્રનું ઊપાર્જન કરેલું, સ્વીકારો, તે વહુઓ અને સમૃદ્ધિ આદિ જોઇને અને તેમના ચરિત્રને સાંભળીને, પ્રતાપસિંહ રાજા વિશેષ કરીને મહા આશ્ચર્યને, પામ્યા.

પ્રતાપસિંહ રાજાએ શ્રેષ્ઠ સિંહાસન ઊપર બેસીને, શ્રેષ્ઠ સભા ભરીને, પોતાના પુત્રને પરિવારથી યુકત બોલાવ્યો ગુણચંદ્ર આદિ મંત્રીઓ, સામંતોથી યુકત, શ્રી 'શ્રીચંદ્ર' રાજા હંસની માફક આવ્યા. અર્ધ ઊઠેલા પિતાને નમસ્કાર કરીને, તેમના ખોળામાં બેઠા. સૂર્યવતી માતા વહુઓથી યુકત આવ્યા કનકસેને

નમસ્કાર કર્યો અને યથાતથ્ય કહીને, હસ્તિઓ, અશ્વો, સૈનિકો આદિ સર્વ આપ્યા. ૯ રાજ પુત્રીઓ અદ્‌ભુત પતિને જોઈને હર્ષને પામી. રુપ અને કાન્તિથી અને કલાથી યુક્ત વહુઓએ સાસુ સસરાને નમસ્કાર કર્યો. મામાએ સર્વ લક્ષ્મીને ધારણ કરીને, રાજાને નમસ્કર કર્યો.

પિતાએ પૂછયું કે, હે પુત્ર! કયારે અને કેવી રીતે ત્યાં ગયો? શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું કે, શ્રેષ્ટીની વહુઓ સાથે વૃક્ષ ઉપર જેવી રીતે ગયા હતા તે કહ્યું. ખર્પરા અને ભીમાના યોગે, કુશસ્થળે જે બન્યુ હતું તે, અવધૂતનો વેષ, ગંધ હસ્તિને વશ કરવું આદિ લોકોત્તર ચરિત્રવાળા તે શ્રી 'શ્રીચંદ્રે' કહ્યું. પ્રતાપસિંહ રાજા અને સર્વ વિસ્મિત થયા. પ્રતાપસિંહે પુત્રનો શ્રેષ્ટ પુરપ્રવેશ મહોત્સવ કરાવ્યો. પ્રતાપસિંહ રાજાએ કહ્યું કે, મારૂં પૂર્વનું સર્વ દુઃખ શાંત થયું, તારી ઉપકાર પરાયણતા જાણી. તારા ગુણથી ઊપાર્જન કરેલું સર્વ રાજ્ય અને અનેક પ્રકારના પ્રાણને આપનાર તું છે, માટે આ રાજ્યને તું સ્વીકાર કર. શ્રી શ્રીચંદ્ર' હસ્તની અંજલી કરીને કહ્યું કે, હું તો આપશ્રીનો સેવક છું, આપશ્રીના ચરણ કમળમાં રહેલા મને રાજ જ છે.

## પૂર્વ જન્મની સ્મૃતિ!

ત્યાં કેટલોક વખત રહીને, સ્વગના ઇન્દ્રની માફક આગળ ચાલ્યા. ભીલોના રાજાએ નમસ્કાર કર્યો. સૂર્યવતી માતાના કહેવાથી, ભીલોના રાજાને વાસુકી દેશ આપીને, સિંહપુરમાં આવ્યા. દેવી ચંદ્રકળા હર્ષને પામી. તે પૂર્વ ભવની ભૂમિને જોઈને, ગુણચંદ્રને પૂર્વ જન્મની સ્મૃતિ થવાથી, શ્રી 'શ્રીચંદ્ર'ની પાસે મૂર્છિત થઈને પડયો. ઉપાય કરવાથી શુદ્ધિમાં આવ્યો

ત્યારે શ્રી 'શ્રીચંદ્રે' પૂછવાથી ગુણચંદ્રે, પોતાનો પૂર્વ ભવ જણાવ્યો. તે સાંભળી તેની સ્ત્રી કમલશ્રીને પૂર્વ ભવતું સ્મરણ થવાથી, પોતાના પૂર્વ ભવને કહ્યો. તેથી સર્વ બોધને પામ્યા. ધરણ નામનો નિમિત્તને જાણનારો હું હતો, શ્રી સિદ્ધગિરિ તીર્થમાં આરાધનથી અને નમસ્કાર મહામંત્રના પ્રભાવથી. આ ભવમાં ગુણચંદ્ર થયો છું મારી પત્ની શ્રીદેવી, જે બીજા ભવમાં જીનદત્ત, હતી, તે આ ભવમાં મારી પત્ની કમલશ્રી થઇ છે. મારો મિત્ર શોમદેવ આદિ બોધને પામ્યા. ખર્પરા અને ઉમા ક્યાં પણ ગયા. એ સાંભળીને લોકોએ શ્રી સિદ્ધગિરિ તીર્થનો અને શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા કર્યો.

શુભગાંગ રાજાએ પ્રથમ લાવેલી સર્વ પહેરામણી, શ્રી 'શ્રીચંદ્ર' જમાઇરાજને આપીને, વિવાહ મહોત્સવ કર્યો. ચંદ્રાવતીને નમસ્કાર કરીને, રાજાથી યુક્ત પૂર્વ પરિચિત એવી દીપશિખા નગરીમાં આવ્યા. શ્રી 'શ્રીચંદ્રે' હર્ષથી દાદીના ચરણ કમળમાં નમસ્કાર કર્યો. પ્રદીપવતીએ તેને હર્ષથી ખોળામાં લઇને, ચુંબન કર્યું. કહ્યું કે, તારો વિવાહ મારાથી અજાણતા કરાયો હતો, તે આજે હૃદયને આનંદ કરનારો થયો, તે વખતે મેં કહ્યું હતું કે, ચંદ્રકળા પદ્મિનીને તું વર, એના હસ્ત સ્પર્શથી, તને ઘણી રાજ કન્યાઓ વરશે, તે તું યાદ કર.

પિતાના આદેશથી, કનકદત્ત શ્રેષ્ઠીની પુત્રી રૂપવતીને શ્રી 'શ્રીચંદ્ર' રાજા વિસ્તારથી પરણ્યા. કેટલાક દિવસ રહીને, મિત્ર આદિથી યુક્ત કુશસ્થળ તરફ પ્રયાણ કર્યું. કુશસ્થળે જઇને શ્રી 'શ્રીચંદ્રે' વિનંતી કરી કે, હે પિતાજી! મારા બન્ધુઓ જય આદિને કારાગૃહમાંથી મુક્ત કરો તેથી તેઓને મુક્ત કર્યા. જય આદિ પોતાના આત્માની નિંદાને કરતાં સન્મુખ થયા.

## વિમાનમાં !

વિદ્યાધરો મણિચુડ અને રત્નધ્વજ, મેરુ ગિરિના નંદન વનમાંથી વિદ્યાને સાધીને, પોતાના પાતાલ નગરે આવ્યા. રત્નવેગાના મુખથી શ્રી 'શ્રીચંદ્ર'નું સર્વ વૃતાંત જાણીને, હર્ષથી વિમાન રચીને, જ્યાં શ્રી 'શ્રીચંદ્ર'નો કુશસ્થળના બહાર પડાવ હતો, ત્યાં આકાશમાંથી ઉતરતા એવા, રત્નની કાન્તિથી આકાશને દેદીપ્યમાન કર્યું. તેમને શ્રી 'શ્રીચંદ્ર' દેખીને પરસ્પર નમસ્કાર કરીને, પર્ષદામાં પોતાની પરિસ્થિતી જણાવીને શત્રુનો જય કરવાની, શ્રી 'શ્રીચંદ્ર' રાજાને પ્રાર્થના કરી.

શ્રી 'શ્રીચંદ્ર' માતા, પિતા, લક્ષ્મીદત્ત, લક્ષ્મીવતી, મિત્ર અને પોતાની પ્રિયાઓથી યુકત, વિમાનમાં બેસીને ઉડયા. પાતાળનગરમાં જઇને સર્વ સામગ્રીથી યુકત તે બન્નેની સાથે વૈતાઢ્ય ગિરિ ઉપર આવ્યા. ત્યાં મણિભૂષણ નગરમાં અનેક વાજીંત્રોના નાદથી સર્વ દિશાએ બધીર કરાઇ છે, વિમાનમાંથી શ્રી 'શ્રીચંદ્ર' રાજા વનમાં ઉતરે છે. મનુષ્યોથી ભરચક સભા દેખાઇ ચર પુરુષોએ વિનંતી કરી કે, હે દેવ! પૂ આચાર્ય દેવ શ્રી ધર્મઘોષ સૂરિશ્વરજી અત્રે બીરાજમાન છે. તેઓની ધર્મવાણી, સુગ્રીવ આદિ વિદ્યાધરો સાંભળી રહ્યા છે, તે સાંભળીને તેઓ સર્વ ત્યાં ગયા.

## તપના અદ્‌ભુત ફળો !

શ્રી ધર્મઘોષ સૂરિશ્વરજી, તપ ઉપર વિસ્તારથી કથાને કહી રહ્યા હતા. શ્રી 'શ્રીચંદ્ર'ને આવેલા જોઇને, મૂળથી વિશેષ કરીને, તપના પ્રભાવની દેશના આપતા ફરમાવ્યું કે, 'પોતાની શકિતથી કરેલો તપ, નીચ કુળમાં જન્મને આપતો નથી, તપથી રોગ

થતો નથી તપથી અજ્ઞાનપણું પણ રહેતું નથી. તપથી દરિદ્ર પણું પણ રહેતું નથી, તપથી કોઇથી પણ પરાભવ થતો નથી, કોઇ પણ વસ્તુને પ્રાપ્ત કરતાં દુઃખ પડતું નથી, તપ ઇષ્ટને આપનાર છે, તપસ્યાથી જીવોને સર્વ પ્રકારની સંપદાઓ પ્રાપ્ત થાય છે! તે તપ નિશ્ચયથી શ્રી 'શ્રીચંદ્ર'ની પ્રમાણે સર્વ પ્રકારે કલ્યાણકારી થાય છે. તે આ પ્રમાણે.

ભરત ક્ષેત્રના કુશસ્થળ નગરમાં, પ્રતાપસિંહ રાજા જેમના પિતા છે અને સૂર્યવતીના કુક્ષીરૂપી સરોવરમાં શ્રી 'શ્રીચંદ્ર' જયને પામે છે. તે ગર્ભમાં ઉત્પન્ન થયો, ત્યારે સૂર્યવતી માતા શુભ સ્વપ્નમાં જુએ છે કે, ૧. મસ્તક ઉપર પૂર્ણ ચંદ્રને દેખે છે. ૨. મસ્તક ઉપર છત્રને દેખે છે. ૩. હસ્તમાં કમળને દેખે છે. ૪. મણિમય જિન ભવન કરાવે છે.

શ્રી 'શ્રીચંદ્ર'નો જન્મ થયો, સાવકા પુત્રના ભયથી કરમાએલા પુષ્પોના પુંજમાં છુપાવ્યા છે, ત્યાં તે પુત્ર પોતાના પુણ્યથી રક્ષાએલા હતા. કુળદેવીએ આપેલા સ્વપ્નથી, લક્ષ્મીદત્તે શ્રી 'શ્રીચંદ્ર'ને ગૃહે લાવીને, લક્ષ્મીવતીને આપ્યો. સૂર્યવતીને પુત્રના વિરહ સમયે, કુળદેવી સ્વપ્નમાં કહે છે, હે ભદ્રે! શ્રી 'શ્રીચંદ્ર તને બાર વર્ષે ભેટશે. (હસ્ત લખીત રાસમાં ૨૪ વર્ષે ભેટશે એમ લખ્યું છે.) શ્રેષ્ઠ કમળના ગર્ભ જેવા, વય પ્રમાણે ઉજવળ છે, દાંતની શ્રેણી, જાણે મનોહર સૂર્યજ ન હોય? અને ભાલરૂપી સૂર્ય છે જેમનું, ચંદ્રની જેવા ઉજવળ શ્રી 'શ્રીચંદ્ર' કુમાર છે, ઇત્યાદિ, પિતાનો યોગ થયો, ત્યાં સુધીનું સર્વ ચરિત્ર કહ્યું.

એટલામાં સ્વયં જ્ઞાની ગુરુએ કહ્યું કે, હે રાજન! હે સુગ્રીવ! તે આ 'શ્રીચંદ્ર' રાજા અને તેમની આ માતા

સૂર્યવતી અને આ પ્રતાપસિંહ રાજા, અને આ ચંદ્રકળા ગુણચંદ્ર, આદિ છે. જે શ્રી 'શ્રીચંદ્ર'નું દૃષ્ટાંત કહેવાય છે તે પોતે. તે સર્વ વિદ્યાધરોએ પ્રમોદથી શ્રી 'શ્રીચંદ્ર'ને નમસ્કાર કરીને, પ્રશંસા કરી. અને બીજાએ પણ નમસ્કાર કર્યો.

શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ વિનંતી કરી કે, હે પ્રભુ! પૂર્વ ભવે મેં શ્રી જિનેશ્વરોએ કહેલું કયું પુણ્ય કર્યું હતું? શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજીએ કહ્યું કે, તેં પૂર્વ ભવમાં ભાવથી વિધિ પૂર્વક શ્રી આચામ્બલ તપ, ઐરવત ક્ષેત્રે કર્યો હતો. તે આ પ્રમાણેઃ- ઐરવત ક્ષેત્રમાં ચંદનના ભવમાં આચામ્બલ તપ કરીને, અચ્યુત ઇન્દ્ર થયો, ત્યાંથી ચ્યવીને તપના મહાત્મ્યથી રાજાધિરાજ શ્રી 'શ્રીચંદ્ર' થયો. તે આ પ્રમાણેઃ-

શ્રી જમ્બુદ્વીપમાં ઐરવત ક્ષેત્રે, બૃહણ નામની નગરી હતી, ત્યાં જયદેવ નામનો રાજા હતો, તેની પ્રિયા જયાદેવી હતી, તેમને નરદેવ નામનો પુત્ર હતો. તે નરદેવને એક દિવસે વિદ્યા ભણવા રાજાએ, પંડિત પાસે મૂકયો તે નગરીમાં રાજાનો મિત્ર વર્ધન નામનો શ્રેષ્ઠી હતો, તેને વલ્લભાદેવી પ્રિયા હતી, તેમને ચંદન નામે પુત્ર હતો. પિતાએ ચંદનને તેજ દિવસે તેજ પંડિત પાસે ભણવા મૂકયો. ત્યારથી નરદેવ અને ચંદન મિત્ર થયા. ક્રમે કરીને તે સર્વ કળાઓમાં કુશળ થયા. બન્નેની ક્રિયા સરખી છે, વચન અને ચિત્ત પણ સરખા છે, ક્રમે કરીને યૌવન વય પામ્યા.

ક્ષિતિ પ્રતિષ્ઠિત નામની નગરીમાં, રાજા પ્રજાપાળે, પુત્રી અશોકશ્રીના વિવાહ અર્થે નગર ઉદ્યાનમાં સ્વયંવર મંડપની રચના કરાવી, અનેક રાજપુત્રોને કુંકુમપત્રિકાથી આમંત્રણ કરીને બોલાવ્યા. જેથી નરદેવ ચંદનથી યુક્ત ત્યાં આવ્યો.

અશોકશ્રીએ પૂર્વ ભવના પ્રેમથી, રાજપુત્રોને મૂકીને, ચંદનને વરમાળા પહેરાવી. અશોકશ્રી પોતાના મિત્રને વરી, તે જોઈને નરદેવ હૃદયમાં અતિ હર્ષને પામ્યો. તે જોઈને પ્રજાપાળ રાજાએ, ભાણેજ શ્રી કાંતાને નરદેવને આપી, તે બન્નેનો મહાન વિવાહ મહોત્સવ કર્યો.

બન્ને મિત્રો પોતાના નગરે ગયા. ૭ મહિના પછી, પૂર્વ કર્મના ઉદયથી, ચંદન સેવકોથી યુક્ત દેશાંતર ગયો પાંચ વહાણો સાથે, રત્નદ્વિપ પહોંચ્યો, ત્યાં અતિ લાભ પ્રાપ્ત કરીને, તે કોણપુર ગયો. સમુદ્રમાં તોફાની પવનના કારણે, તે સંકટમાં સપડાયો, એક વહાણ ભાગ્યુ. તે વહાણ સાથે જોડાએલા બીજા વહાણો છુટા પડી ગયા. દૈવના યોગથી ચંદનનું વહાણ સર્વરમંદિરના બંદરે પહોંચ્યું, ત્યાંથી મોતીઓ ભરી પરીભ્રમણ કરતો ૧૨ વર્ષે કોણપુર બંદરે આવ્યો.

તે પહેલા ભાંગેલા વહાણમાંથી, પાટીઆના યોગથી કોણપુર, પહોંચેલા લોકોએ, ચંદનના વહાણ ડૂબ્યાના સમાચાર આપ્યા. શ્રેષ્ઠી, મિત્રો અશોકશ્રી અને લોકો તેથી દુઃખી થયા તેમણે સમુદ્રમાં શોધખોળ કરાવી. પરંતુ ચંદન મળ્યો નહિ. ૬ થી ૭ વર્ષ પછી લોકોના અપવાદથી અશોકશ્રીને વિધવાનો વેષ પહેરાવ્યો. પરંતુ અંગના સ્ફુરણ આદિ નિમિત્તથી નહિ.

૧૨ વર્ષે ચંદન કોણપુર બંદરે આવ્યાના સમાચાર સાંભળીને, શ્રેષ્ઠી, અશોકશ્રી નરદેવ આદિ અતિ હર્ષને પામ્યા. શ્રેષ્ઠી, સાસુ-સસરા, મિત્ર અને નગરના લોકો આદિ ચંદનના સન્મુખ ગયા. ચંદન યથા ઉચિત દાનને આપતો અને સર્વને હર્ષ પમાડતો, મહોત્સવથી નગરમાં આવ્યો. અશોકશ્રીને ધર્મ કલ્પદ્રુમ ફળ્યો. ક્રમે નરદેવ રાજા થયો અને તે રાજાને પ્રિય ચંદન નગરશેઠ થયો.

૫૦૦

એક દિવસ જ્ઞાની ગુરુદેવ પધાર્યા. રાજા, શ્રીકાંતા, ચંદન, અશોકશ્રી આદિ લોકોથી યુકત આવ્યા. વિધિપૂર્વક વંદન કરીને, સર્વ ઉચિત આશને બેઠા. આચાર્યદેવશ્રીએ ધર્મલાભપૂર્વક ધર્મદેશના આપી. 'છાશમાંથી માખણ, કાદવમાંથી કમળ, સમુદ્રમાંથી મોતી, તેમ મનુષ્ય ભવમાં ધર્મ જ સાર છે, દેશનાના અંતે નરદેવ રાજાએ પૂછયું કે, કયા કર્મના યોગથી ચંદન અને અશોકશ્રીનો વિયોગ અને સંયોગ થયો? આચાર્યશ્રીએ કહ્યું કે, જીવ પોતાના કર્મથી સુખ અને દુઃખ ભોગવે છે. પરંતુ બીજો કોઈપણ કર્મ બાંધતો નથી તેમજ ભોગવતો પણ નથી.

પૂર્વ ભવમાં ચંદનનો જીવ કુળપુત્ર હતો, ત્યાં અશોકશ્રીનો જીવ, તેની પત્નિ હતી, હાસ્યથી વિયોગને કરવાવાળું કર્મ બાંધ્યું. તે પછીના ભવમાં સુલસ અને ભદ્રા નામે પ્રિયા થઇ, ત્યાં તે વિયોગ કર્મથી ૨૪ વર્ષનો અને આ ભવમાં ૧૨ વર્ષનો વિયોગ થયો.

સુલસ કથાઃ– સુલશે ૫૦૦ આયંબિલ આંતરાથી કર્યા અને ભદ્રાએ બે વખત અખંડ ૫૦૦ આયંબિલ કર્યા. (હસ્ત લિખીત અને જ્ઞાન બિમલસૂરિશ્વરના રાસમાં સુલસે ૫૦૦ અખંડ અને ભદ્રાએ ૧૦૦૦. અખંડ કર્યા, એ પ્રમાણે ફરક છે, સત્ય જ્ઞાની જાણે.) તે તપના પ્રભાવે સુલસ અને ભદ્રા દેવલોકે ગયા. ત્યાથી ચ્યવીને ભદ્રા, રાજપુત્રી અશોકશ્રી અને સુલસ, ચંદન થયો પૂર્વભવના સ્નેહથી અશોકશ્રી ચંદનને વરી. સુલસને રસના કુવામાંથી જેણે કાઢયો હતો, તે દેવલોકથી ચ્યવીને એનો શ્રેષ્ટ મિત્ર તું નરદેવ થયો છે.

હસ્ત લખીત રાસમાં છે કે, અમરપુરી નામે નગરી હતી. ત્યાં ઋષભદત્ત નામે શ્રેષ્ઠી હતો, તેને દીનદેવી નામે પત્ની હતી. તેમને સુલસ નામે પુત્ર થયો, તેને સુભદ્રા પરણાવી. બન્ને ધર્મપ્રેમી હતા. તેમણે બન્ને ગુરુ મહારાજ પાસે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. ધર્મધ્યાન અતિ ઉલ્લાસે કરતાં હતાં. તે દીનદેવી માતાને રૂચ્યું નહિ. સુલસને સંસારનો રંગ લગાડવા, કોઇ એક અઠંગ જુગારીને સોપ્યો જુગારીની સોબતથી, સુલસે કામપતાકા વેશ્યાની સાથે ૧૬ વર્ષ ભોગને ભોગવ્યા. માતાપિતા મૃત્યુ પામ્યા. સર્વ ધન ખલાશ થયું, તેથી નિર્ધન સુલસને અક્કાએ, ધક્કો મારી બહાર કાઢયો.

સુલસે ધન કમાવવા અર્થે દેશાંતર પ્રયાણ કર્યો, માર્ગમાં એક શ્વેત આકડાને જોયો, તેના નીચે ધન હશે, એમ માનીને ધરણેંદ્રને નમસ્કાર કરીને, આકડા નીચેથી, હજાર સોના મહોરને કાઢીને, ગુપ્ત રીતે સાથે લઇને. તે આગળ ચાલ્યો. એક નગર આવ્યું તેમાં બજારમાં ઘણી દુકાનોમાંથી, એક દુકાને જઇને, વેપારીને ઘરાકોને માલ આપવામાં સહાય કરી, તેથી તેને વિશાળ દ્રવ્યનો લાભ થવાથી, પ્રસન્ન થઇને વેપારીએ પૂછ્યું કે, તમે કોના મહેમાન છો? સુલસે કહ્યું કે, આપનો મહેમાન છું. તેને પોતાના ઘરે લઇ જઇને, સ્નાન, ભોજન આદિ કરાવે છે. અને સુલસને એક દુકાન કરી આપી, તે દુકાનમાં સુલસને લાભ થયો. ત્યાંથી તિલકપુર જઇને, કરીઆણાના વહાણ ભરીને, રત્નદ્વિપ ગયો. અતિ લાભ પ્રાપ્ત કરીને, રત્નો લઇને, અમરપુરી તરફ વહાણ હંકાર્યું, માર્ગમાં વહાણ ભાંગી જવાથી, લાકડાના પાટીયાની સહાયથી કીનારે ઊતર્યો.

કીનારે કેળાં આરોગીને, ચિંતામાં ને ચિંતામાં આગળ ચાલ્યો એક શબના વસ્ત્રના છેડેથી, પાંચ રત્નો લઇને આગળ

જતાં, વેળાકુલ નગર આવ્યું, રત્નો વેંચીને કરીઆણાં ખરીદ કરીને, અમરપુરી તરફ પ્રયાણ કરતાં, માર્ગમાં ભીલોએ લૂટયો! કોઇ સાર્થ આગળ જતાં, એક ઠેકાણેથી પારસરસ મળ્યો ! તે વેંચીને દ્રવ્ય લઇને આગળ ચાલ્યો, માર્ગમાં સુલસનું રક્તથી પૂર્ણ લાલ શરીર જોઇને, ભારંડ પક્ષીએ ઉઠાવ્યો! રોહણગિરિ ઉપર સુલસને મૂકીને, કોઈ બીજા પક્ષી સાથે લડવા માંડયું. તે સુઅવસરનો લાભ લઇને, સુલસ નાઠીને એક ગુફામાં ભરાઇ ગયો. પક્ષીઓ લડીને ગયા, એટલે છુટકારાનો દમ લઇ, મુક્ત થવા માટે હર્ષ પામીને, જ્યાં વાગ્યું હતું, ત્યાં ઔષધી ચોપડી.

એટલામાં કોઇ પુરુષને જોઇને, સુલસે પૂછ્યું કે, આ કયો ગિરિ છે? તેણે કહ્યું કે, રોહણગિરિ છે, પુરુષનું ભાગ્ય અહિંઆ ફળે છે! સુલસે રાજાની અનુમતી લઇને, રોહણગિરિ ઉપર ખોદતાં, ઘણા રત્નો મળ્યા! તે વેંચીને, કરીઆણાં ખરીદીને, અમરપુરી તરફ પ્રયાણ કર્યું. ગાઢ વનમાં કરીઆણાં દાવાનળથી ભસ્મ થઇ ગયાં. આગળ જતાં એક અવધૂતને જોયા, તે રસ કુંપીકાની વાતો કરતો હતો, તેથી સુલસને આનંદ થયો. અવધૂતે સુલસને એક માચીમાં બેસાડી અને ભેંસની પૂંછડીની દીવી આપીને, કુવામાં ઉતાર્યો સુલસે રસથી કુંપી ભરી એટલે તેને ઉપર ખેંચીને, અવધૂતે પહેલા રસની કુંપી માંગી સુલસે પહેલા પોતાને બહાર કાઢવા કહ્યું અને રસની કુંપી ન આપી જેથી અવધૂતે ગુસ્સે થઇને માંચીની દોરી કાપી નાખી. સુલસ માંચીથી યુક્ત કુવામાં પડયો, પરંતુ પુણ્યથી વચમાં બચી ગયો, પરંતુ રસમાં ન પડયો. કુવામાં તેના પહેલા જિનશેખર નામનો શ્રાવક પડયો હતો, તે સ્વામી ભાઇને, સુલસે કુવામાંથી બહાર નીકાળવા માટે ઉપાય પૂછયો, જિન શેખરે કહ્યું કે, ફકત એકજ ઉપાય છે કે, જયારે ઘો પારસ રસ પીવા આવે, ત્યારે તેના

પૂંછડે વળગી પડવાથી, એ બહાર નીકળશે ત્યારે એના ભેગા બહાર નીકળી શકાશે. પારસ રસથી બહાર નીકળી શકું તેમ નથી. જિનશેખર મૃત્યુ પામી દેવલોકોમા દેવ થયો. જ્યારે ઘો રસ પીવા આવી ત્યારે તેની પૂંછડી પકડી, તેની સાથે સુલસ કુવામાંથી બહાર નીકળ્યો.

સુલસ વૃક્ષ નીચે સ્વસ્થ થાય છે, એટલામાં એક હસ્તિ આવ્યો, હસ્તિને જોઇને સુલસ નાઠો, એટલામાં સિંહે આવીને, હસ્તિને ફાડી નાખ્યો. સુલસે રાત્રિ વૃક્ષ ઉપર ગાળી, ત્યાં. વૃક્ષ ઉપર ઉદ્યોતને જોઇને, લઇ લીધો. પ્રભાતે વૃક્ષ નીચેથી બે સિંહો નાઠા. સુલસે અટવી ઓળંગીને શિર્ષ નગરમાં આવ્યો, ધાતુવાદીઓ રત્નો પડાવી ગયા, તેથી ઘણી ચિંતા થઇ. એક પછી એક આવતી આપત્તિઓથી ગભરાઇને, કાળી ચઉદશે સ્મશાનમાં જઇને આપઘાત કરવાની તૈયારી કરી, ત્યારે આઠમા જિનશેખરદેવે ઉપયોગ મૂકીને જોયું, તો સુલસની તે તૈયારી જોઇને, તત્કાળ વિમાનમાં આવીને સુલસને આપઘાત કરતા અટકાવ્યો પોતાની ઓળખ આપીને. દેવે ધનની વૃષ્ટી કરીને, ધન અને સુલસને જિનેશેખરદેવે તત્કાળ અમરપુરીમાં પહોંચાડયો.

સુલસે રાજાને ભેટ ધરીને, નમસ્કાર કર્યો. પોતાની ગૃહે સગા-સબંધીને ભેટે છે. કામ પતાકાને પોતાના ગૃહે લાવીને, તેની સાથે સુભદ્રા સાથે ભોગવે છે. વિલાસ કરતા કરતાં ધન ખુટ્યું જેથી જિનશેખર દેવને યાદ કરતા, તત્કાળ તે આવ્યો. અને ક્રોડ ધનની વૃષ્ટી કરી. સુલસે પરિમાણનો નિયમ સ્વીકાર્યો. કાઇક વેળા બહાર શરીર ચિંતા અર્થે ગયો હતો, ત્યાં ધન દેખ્યું પરંતુ નિયમના કારણે સુલસે ધન લીધું નહિં તે સાંભળીને રાજાએ પ્રેમથી ખજાનચી બનાવ્યો.

એક દિવસ જ્ઞાની ગુરુદેવ પધાર્યા અને ધર્મ દેશના આપી. નરદેવ રાજા, સુલસ અને સુભદ્રાએ, સંસાર ત્યાગીને, સંયમની સાધનામાં આગમનો રસ પીધો, જ્ઞાન, ધ્યાન, તપ આદિમાં પ્રગતિ કરી, ૫૦૦ અખંડ આયંબિલ કર્યા. સંયમની સાધના અને ૫૦૦-૧૦૦૦ આયંબિલ તપના મહાન પ્રભાવથી પ્રભાવિક ઉપાર્જન કર્યું. કાળક્રમે કાળધર્મ પામીને, સર્વોત્તમ પુણ્યના પ્રભાવે બન્ને દેવલોકમાં દૈવી સુખો ભોગવ્યા. આ ભવમાં ૨૪ વર્ષનો સુલસ અને સુભદ્રાને વિયોગ થયો. જિનશેખર દેવ-ચ્યવીને તારો મિત્ર નરદેવ થયો. 'શ્રીચંદ્ર કેવલિ' હસ્ત લખીત રાસમાંથી રચનાર શ્રી લલીત પ્રભસૂરિ, સં. ૧૬૫૫ પાટણમાં ઢંઢેરવાડે, મહા સુદ ૧૦ ગુરુવાર રોહણી નક્ષત્ર. શ્રી શામળા પાર્શ્વનાથજીની છાયામાં, પાના ૯૩ થી ૯૮ માંથી.

## શ્રી વર્ધમાન આયંબિલ તપ !

જ્ઞાની ગુરુને ચંદને પૂછ્યું કે, જો મારા કર્મો હજી ભોગવવાના હોય તો તે કર્મો. ભોગવા ન પડે ! અને તે કેવી રીતે નાશ પામે ? ગુરુ મહારાજે ફરમાવ્યું કે, હે મનોહર આત્મા ! જો તું કર્મોનો ક્ષય ઇચ્છતો હોય તો જિનેશ્વર દેવે કહેવા તત્ત્વને સાંભળ. આગમ યુક્તિથી જે આચામ્બલ વર્ધમાન તપ એવી રીતે કર, કે જેથી નિકાચિત કર્મો પણ હણાશે.

ગુરુ મહારાજના ઉપદેશથી, ચંદન અને અશોકશ્રી, સગાવહાલાં અને લોકોએ પણ, હર્ષથી તે તપનો શુભ પ્રારંભ કર્યો તેમાં ધાવમાતા. શ્રેષ્ટીનો સેવક હરી અને પડોશની ૧૬ સ્ત્રીઓએ, લજ્જાથી, સ્નેહથી, પ્રિતીથી ઘણા લોકોએ, તપનો પ્રારંભ કર્યો, પરંતુ પુણ્યશાળી અલ્પ સંખ્યાએ તપને પૂર્ણ કર્યુ. ચંદન અને અશોકશ્રીએ પોતાના ગૃહે, દહીં, દુધ ઘી,

પકવાન, ખાદિમ, સ્વાદિમ આદિથી પૂર્ણ ગૃહ હોવા છતાં પણ મહાન તપમાં તત્પર રહીને, ચંદન અને અશોકશ્રીએ તે તપને પૂર્ણ કર્યું. નરદેવ રાજાએ મિત્રના તપની પ્રશંસા કરી, પરંતુ તેમાં મુખ–શુદ્ધિ કરવાની ન હોવાથી, તે અર્થે સુગ કરી ચંદને તપ પૂર્ણ થતાં વિધિથી વિસ્તારથી ઉદ્યાપન આદિ કરીને, ૭ ક્ષેત્રમાં પોષણ કરીને, અચ્યુત ઈન્દ્ર થયો અને અશોકશ્રીનો જીવ સામાનિક દેવ થયો. બારમા દેવલોકે દૈવી સુખો ભોગવ્યાં !

શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજીએ કહ્યું, 'તે અચ્યુત ઇન્દ્ર ચ્યવીને, કુશસ્થળે, શ્રી 'શ્રીચંદ્ર' જનમ્યો. તેમનો સામાનિક દેવ ચંદ્રકળા પદ્મિની તરીકે જન્મીને પટ્ટરાણી થઇ. તારો મિત્ર નરદેવ સુગ કરવાથી, ઘણા ભવો ભ્રમણ કરીને, સિંહપુરમાં ધરણ બ્રાહ્મણ થયો. શ્રી સિદ્ધાચળે જઈને, તે આ ભવમાં ગુણચંદ્ર મંત્રીપુત્ર, જે તારો પ્રાણપ્રિય મિત્ર છે, હરી અને ધાવમાતા આ ભવમાં લક્ષ્મીદત્ત અને લક્ષ્મીવતી થઇને, પૂર્વના સ્નેહથી તને પુત્રવત્ પાળ્યો. સોળ સખીઓ, રાજપુત્રીઓ થઇને, તારી પ્રિયા થઈ. કામપતાકા સુલસના ભવમાં હતી તે ભીલ્લ રાજાની મોહિની કન્યા થઈ, એ પ્રમાણે સર્વ ચરિત્ર કહ્યું !

તે સાંભળીને શ્રી 'શ્રીચંદ્ર', ચંદ્રકળા, ગુણચંદ્ર આદિને જાતિ-સ્મરણ જ્ઞાન થવાથી, ગુરુમહારાજે કહેલા સ્વના પૂર્વભવો, તેજ પ્રમાણે સર્વ સાક્ષાત્ જોયું. તેમણે આચાર્યદેવની સ્તવના કરી. સુગ્રીવની પુત્રી રત્નવતી જાતિસ્મરણ જ્ઞાનથી, પૂર્વભવના અધિક કાન્તિવાળા શ્રી 'શ્રીચંદ્ર'ને વરી. શ્રી 'શ્રીચંદ્રે' રત્નવેગ આદિ વિદ્યાધરોને અજ્ઞાનતાથી અજાણતા, રત્નચુડનો વધ કર્યાની હકીકત કહીને ખમાવ્યા. સુગ્રીવ અને મણિચુડે પરસ્પર ખમાવ્યા.

શ્રી 'શ્રીચંદ્રે' તે સર્વથી યુક્ત મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. દક્ષિણ અને ઉત્તર શ્રેણીના અધિપતિ વિદ્યાધરો રત્નો અને પુત્રીઓ લઈ આવીને, શ્રી 'શ્રીચંદ્ર'ને નમ્યા. રત્નવતી, રત્નચુલા,

મણિચુલિકા અને રત્નકાંતા આદિ અને વિદ્યાધરોની બીજી પુત્રીઓ શ્રી 'શ્રીચંદ્ર'ને પરણી અને કરમોચન સમયે 'આકાશગામિની' અને 'કામરૂપિણી' આદિ વિદ્યાઓને પ્રાપ્ત કરી !

૧૧૦ સુગ્રીવ આદિ વિદ્યાધર અધિપતિઓએ, ભાગ્યથી અધિક એવા શ્રી 'શ્રીચંદ્ર' મહારાજાનો, વિદ્યાધરોના ચક્રવર્તી તરીકે વિધિ પ્રમાણે મહોત્સવપૂર્વક અભિષેક કર્યો. શ્રી સિદ્ધગિરિના શિખરે યાત્રા વિસ્તારપૂર્વક કરીને, માતાપિતા, પત્નીઓ, વિદ્યાધરોથી યુક્ત, વિદ્યાધરોની વિનંતીથી તેમના નગરોનું નિરીક્ષણ કર્યું. આકાશને ચિત્ર-વિચિત્ર કરતા, વિદ્યાધરોના શ્રેષ્ઠ સૈન્યથી યુક્ત, રત્નોના દીવા અને વિજળીના દંડથી, અનેક વાજિંત્રોના સરોદથી ગાજતા એવા શ્રી 'શ્રીચંદ્ર' રૂપી મેઘ કુશસ્થળે આવ્યા.

હસ્તિઓના ઝરતા એવા મદરૂપી જળથી ભૂમિને સિંચતો, રસાત્મક શ્વેત ધ્વજારૂપી વાદળા અને ચારે કોર અનાજને વૃદ્ધિ પમાડનારૂં, પ્રાણિઓના દારિદ્રયરૂપી ગ્રીષ્મઋતુને શાંત કરતા, એવા શ્રી 'શ્રીચંદ્ર' રૂપી ગાઢ મેઘ ક્રમે આવ્યા

કુશસ્થળનગરમાં અલ્પ અને વિશાળ માંચડાઓ બંધાયા છે, કેળના થાંભલાઓ રોપાયા છે, ઘણા તોરણો બંધાયા છે, જેમના હસ્તમાં કેસર ચમકી રહ્યું છે, એવા હસ્તથી મોતીના સ્વસ્તિકો થઈ રહ્યા છે, જેઓના હસ્તમાં પુષ્પોની માળાઓ રહી છે! વિચિત્ર વસ્ત્રોના મંડપો બંધાઈ રહ્યા છે! જુદી જુદી જાતના ધ્વજો લેહેરાઈ રહ્યા છે અને અનેક ગીત નૃત્ય આદિ થઈ રહ્યું છે.

નારીઓ ધવલ મંગળ ગીતો ગાઈ રહી છે, સ્થળે સ્થળે ચંદન અને કુંકુમના જળથી સંસ્કૃત કરાયેલાં રાજભુવનો છે, સુંદર શૃંગારથી ઓપતી એવી નારી અને નરથી મનોહર કુશસ્થળ નગરમાં શ્રીમાન શ્રી 'શ્રીચંદ્ર' શુભ પ્રવેશ કર્યો! મંગળ અર્થે પૂર્ણ કુંભ અને અક્ષતના પાત્રોથી, રાજભુવન સાંકડું પડી ગયું ! સોહાગણ સ્ત્રીઓ અને કન્યાઓએ

મોતી અને અક્ષતથી વધાવ્યા ! કવિઓ અને ભાટોએ સ્તવના કરી. સિંહાસન ઉપર બેઠેલા પિતાના ચરણકમળની નજીકમાં રહેલા વિદ્યાધરોથી શોભના એવા શ્રી 'શ્રીચંદ્ર' શોભવા લાગ્યા !

દ્વારપાળ દ્વારા સૂચના કરાવીને, કુંડલપુર નરેશ ભેટણું ધરીને, વાંદરીને મૂકીને, સભાને વિસ્મય પમાડતો ભક્તિથી નમસ્કાર કરીને કહ્યું. 'મારાથી પૂર્વે અજાણતા થયેલ અપરાધની ક્ષમા કરો.' શ્રી 'શ્રીચંદ્ર' રાજાએ પૂછ્યું, 'આ કોણ છે? તેં શો અપરાધ કર્યો છે? નરેશે હસ્ત જોડીને સ્વચરિત્ર યથાસ્થિત કહ્યું. પ્રતાપસિંહના કહેવાથી વાનરીની આંખમાં કૃષ્ણ અંજન આંજીને, શ્રી 'શ્રીચંદ્રે' સરસ્વતી બનાવી ! લજ્જાથી સાસુ સસરાને નમસ્કાર કરીને, ચંદ્રકળા આદિને નમસ્કાર કરીને, સખીથી યુક્ત ત્યાં રહી.

અરિમર્દન રાજા સ્વપુત્રને ધિઃક્કારતા શ્રી 'શ્રીચંદ્રે' અટકાવ્યા છતાં તેમના ચરણકમળનો આશ્રય કર્યો. મોહિની રત્નો અને ભીલ્લોથી યુક્ત આવી. તેને શ્રી 'શ્રીચંદ્રે' સ્વમહેલના દ્વાર આગળ સ્થાપન કરી. બ્રહ્મચારિણી મોહિની મસ્તકે શ્રી 'શ્રીચંદ્ર'ની પાદુકા વહન કરે છે ! બ્રાહ્મણી શિવમતીને નાયક નગર અર્પણ કર્યું અને ચોરની ગુફામાંથી ધન લાવીને શ્રી 'શ્રીચંદ્ર' વાપરે છે !

વિદ્યાના બળથી, વિદ્યાધર રાજાઓના બળથી ચતુરંગી સૈન્ય બળથી અને સ્વબુદ્ધિબળથી, સમુદ્ર સુધી ત્રણ ખંડની ભૂમિ, ઋદ્ધિ સર્વ હેલાએ કરીને સાધી ! સોળ હજાર દેશના રાજાઓએ શ્રી 'શ્રીચંદ્ર'ને નમસ્કાર કર્યો. હસ્તિઓ, અશ્વો, રથો અને સૈનિકોથી યુક્ત, અર્ધ ચક્રી થયા ! પ્રતાપસિંહ રાજાએ શુભ દિન, શુભ વેળાએ વિદ્યાધર રાજાઓ અને બીજા રાજાઓએ, અતિ આનંદથી શ્રી 'શ્રીચંદ્ર' નો મહાન રાજ્યાભિષેક કર્યો, એકછત્રી રાજ્યને ધારણ કરતા રાજાધિરાજ થયા ! મહાપટ્ટરાણી પદ્મિની, ચંદ્રકળા અને સોળ પટ્ટરાણીઓ ૧. કનકાવલી. ૨. પદ્મશ્રી, ૩. મદનસુંદરી, ૪. પ્રિયંગુમંજરી, ૫. રત્નચુલા,

૬. રત્નવતી, ૭. મણિચુલા, ૮. તારાલોચના, ૯. ગુણવતી, ૧૦. ચંદ્રમુખી, ૧૧. ચંદ્રલેખા. ૧૨. તિલકમંજરી, ૧૩. કનકવતી, ૧૪. કનકસેના, ૧૫. સુલોચના, ૧૬. સરસ્વતી.

ચંદ્રાવલી. રત્નકાન્તા, ધનવતી આદિ, રૂપ, લાવણ્ય, સૌભાગ્ય લક્ષ્મીના સ્થાનભુત ૧૬૦૦ રાણીઓ થઈ, ચતુરા, કોવિદા, આદિ સખીઓ ભોગપત્નીઓ હજારો થઈ. પૂર્વ પુણ્યના ભોગફલથી, વિદ્યાથી, સ્વઈચ્છા અનુસાર રૂપ કરીને, શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજ ઇચ્છા અનુસાર ભોગ ભોગવે છે. સુગ્રીવને ઉત્તર શ્રેણીનું રાજ્ય આપ્યું અને દક્ષિણ શ્રેણીનું રાજ્ય રત્નધ્વજ અને મણિચુલને આપ્યું ! જય આદિ ચાર ભાઈઓને કેટલાક દેશોનાં રાજ્ય આપ્યાં. સર્વ સ્થળે ધર્મરાજ્યને ચલાવે છે !

સોળહજાર મંત્રીઓમાં સોળસો મુખ્ય મંત્રીઓ હતા, લક્ષ્મણ આદિ સોળ મહાઅમાત્ય થયા ! તે સર્વેમાં મુખ્ય મંત્રીરાજ ગુણચંદ્ર થયો. ૪૨ લાખ હસ્તિઓ, ૪૨ લાખ ઉત્તમ અશ્વો, ૪૨ લાખ રથો, ૪૨ લાખ ઊંટો, ૪૨ લાખ ગાડાં, ૧૦ ક્રોડ અશ્વો, અડતાલીશ કરોડ ધનુર્ધારી સૈનિકો, ઉત્તમ સેનાધિપતિ ધનંજયથી યુક્ત હંમેશાં શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજ સેવાતા હતા.

૪૨ હજાર ઊંચા ધ્વજો, ૪૨ હજાર વાજિંત્રો અને એટલા વગાડનારા, ૪૨ હજાર સેવકો રાજેશ્રી 'શ્રીચંદ્ર' ને છત્ર, ચામરને ધારણ કરનારા પુરુષો, ૪૨ હજાર મહાવતો શોભતા હતા. હરિ, તારક આદિ ભાટો, વીણારવ આદિ ગાયકો અને બીજા કવીન્દ્રોથી સ્તવના કરાતા શ્રી 'શ્રીચંદ્ર' શોભતા હતા.

સર્વ દેશોમાં, સર્વ જાતિઓમાં લોકોને બળના બહાનાથી ઇચ્છિત ધન આપીને, સર્વ પૃથ્વીને અનૃણી કરીને, સર્વ નિમિત્તો અને સર્વ શાસ્ત્રોની આદિમાં શ્રી 'શ્રીચંદ્ર' સંવત્સર અંકિત કરાયો ! દાનશાળાઓ, પરબો, મઠો, મંદિરો, પ્રત્યેક સોળ હજાર કરાવ્યાં.

સત્તર વાર સર્વ જીવોને બોધિબીજને આપનારી માતાપિતાથી યુક્ત મહાયાત્રાઓ કરી. દરરોજ શ્રીજિનપૂજા, આવશ્યક ક્રિયા અને માત પિતાની ભક્તિ, ગુરુ મહારાજના પાદને વંદન, સર્વ સામગ્રીથી કરતા હતા. સર્વ દેશોમાં અમારી પ્રવર્તાવી અને અમારી પટઘોષણા કરાવી, અહિંસાને ફેલાવી.

ગામે, ગામે, ગિરિએ, ગિરિએ, શ્રી જિન મંદિર, જિનબિંબોની સ્થાપના કરીને, પૃથ્વીને શ્રી જિનેશ્વર દેવથી મંડિત કરી. શ્રી જિન-આજ્ઞાના પાલક એવા તે, સાત ક્ષેત્રોમાં ધનને વાવતા. ચાર પર્વોમાં કુવેપારનો નિષેધ કરતા, શ્રી જિનવચનમાં અને શ્રી જિનેશ્વરે કહેલા તત્ત્વોમાં શ્રદ્ધા કરતા. ઉદ્યાપન જિન યુક્તિથી વિસ્તારથી કરતા

આનંદ પૂર્વક ઘણો સમય ગયો, મુખ્ય ત્રણ ધર્મ, અર્થ અને કામને સેવતા, ચંદ્રકળાની કુક્ષીએ ચંદ્ર સ્વપ્નથી સૂચિત પુત્ર જન્મ્યો. દાદાએ 'પૂર્ણચંદ્ર' નામ પાડ્યું. સર્વ દેશોમાં જન્મમહોત્સવ થયો. બીજી રાણીઓને પણ અનેક પુત્રો જનમ્યા. તે પુત્રોથી શ્રી 'શ્રીચંદ્ર' રૂપી રાજા ઇંદ્ર જેવો શોભતો હતો.

મહામલ્લ રાજા અને શશિકલા રાણીને પ્રેમકલા પુત્રી થઈ, તેની સાથે એકાંગવીર ભાઈને રાજાએ પરણાવ્યો.

કુટુંબના દિવસો ઉત્સવપૂર્વક જઈ રહ્યા છે. નગરના ઉદ્યાનમાં મુનિ સમુદાયથી પરિવરેલા, પુણ્યના પુંજ જેવા શ્રી સુવ્રતાચાર્ય પધાર્યા. ઉદ્યાનપાળે તે શુભ સમાચાર આપ્યા. પ્રતાપસિંહ રાજા આદિ સર્વ આનંદ પામ્યા.

પ્રતાપસિંહ રાજા, શ્રી 'શ્રીચંદ્ર' રાજા અને બીજા રાજાઓ સહપ્રિયાઓથી યુક્ત, મંત્રીઓ, લોકો આદિ ગુરુમહારાજ પાસે આવીને, વિધિપૂર્વક નમસ્કાર કરી ઉચિત આસને બેઠા. ધર્મલાભથી યુક્ત ગુરુ મહારાજે દેશના આપી:—

'વિશ્વમાં શ્રી જિનેશ્વરદેવોએ સાધુ અને શ્રાવક એમ બે ધર્મ કહ્યા છે. સાધુધર્મ પાંચ મહાવ્રત, ત્રણ ગુપ્તી અને પાંચ સમિતી, શ્રાવકને ૧૨ વ્રતો, દેવ-પૂજા આદિ ધર્મ કહ્યો છે. શ્રી જિનેશ્વરદેવની પૂજાથી મનની શાંતિ થાય છે, મનની શાંતિથી શુભ ધ્યાન થાય છે, શુભ ધ્યાનથી મોક્ષનું અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે.' 'દ્રવ્યસ્તવનાથી ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોક સુધી જઇ શકાય છે. અને ભાવ સ્તવનાથી અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન પામી, નિર્વાણ પામી મોક્ષ પ્રાપ્ત કરે છે.'

'શ્રી જિનભુવને જવાની મનથી ઇચ્છા કરે તો એક ઉપવાસનું ફળ, ઊઠવાથી છઠ્ઠનું ફળ, પ્રયાણના પ્રારંભથી અઠ્ઠમનું ફળ, ચાલતા ૧૦ ઉપવાસનું ફળ, માર્ગમાં ૧૫ ઉપવાસનું, દેરાસરજીના દર્શન થતાં મહિનાના ઉપવાસનું, શ્રી જિનેશ્વરપ્રભુના દર્શનથી એક વર્ષના ઉપવાસનું, ત્રણ પ્રદક્ષિણાએ એકસો વર્ષના ઉપવાસનું, શ્રી જિનેશ્વરદેવની પૂજાથી હજાર વર્ષનું ફળ, શ્રી જિનસ્તવનાથી અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે.' કહ્યું છે, 'નવણ સ્નાત્ર કરવાથી એકસોગણું, વિલેપનથી હજારગણું, પુષ્પની માળા પહેરાવવાથી લાખગણું થાય છે અને ગીત, નૃત્ય, વાજિંત્ર આદિ ભાવપૂજાથી અનંતગણું થાય છે.'

'કંચન, મણિ અને સુવર્ણના હજાર થાંભલાવાળું, સુવર્ણની તળભૂમિ, શ્રી જિનભુવન કરાવે તેનાથી તપ અને સંયમ અધિક છે!' એ સાંભળીને શ્રી 'શ્રીચંદ્ર' ની બળાત્કારે અનુમતી લઇને, અષ્ટાહ્નિકા મહોત્સવ કરી શ્રી સુવ્રતાચાર્ય પાસે પ્રતાપસિંહ રાજા અને સૂર્યવતી પટ્ટરાણી આદિ કેટલીક રાણીઓ, લક્ષ્મીદત્ત પ્રિયાથી યુક્ત અને મતિરાજ આદિ મંત્રીઓએ દીક્ષા લીધી. કેટલાકોએ સર્વવિરતિ, કેટલાક સમ્યક્ત્વ અને દેશવિરતિ યથાશક્તિ પામ્યા.

શ્રી 'શ્રીચંદ્ર, રાજાધિરાજે પ્રિયાઓથી યુક્ત શ્રાવકધર્મ પ્રાપ્ત કર્યો. સમ્યક્ત્વમૂળ પાંચ વ્રતો અને ૭ ઉત્તર વ્રતો એમ શ્રાવકના ૧૨ વ્રતો લીધા. શ્રી અરિહંત ભગવાનને નમસ્કાર કરીને, અભિગ્રહનું

પ્રમાણ કરે છે, 'અરિહંત મારા શ્રેષ્ઠ દેવ છે, નિર્ગ્રંથ સુસાધુ મારા ગુરુ છે અને જિનેશ્વરદેવે કહ્યું તે જ તત્ત્વ છે, એ જાવજીવનું. એ પ્રમાણે સમ્યક્ત્વ સ્વીકાર્યું. શ્રી જિનેશ્વરદેવની હું ત્રિકાળ પૂજા કરીશ. ઉભયકાળ આવશ્યક ક્રિયાને કરીશ.'

'શ્રી જિનેશ્વરદેવના ગર્ભગૃહમાં દશવિધ આશાતના ટાળીશ. તંબોળ, અશુચી નાંખવું, વિકથા, ઊંઘવું, ભોજન, પાણી, ક્રિડા, કલહ, પગરખા અને હાસ્યકથા એ દશ ટાળીશ. દરરોજ એક હજાર શ્રી મહામંત્ર નમસ્કાર ગણીશ. ૩૦૦ ગાથાનો સ્વાધ્યાય કરીશ. એક લાખ પ્રતાપ નાણું સાત ક્ષેત્રમાં વાપરીશ.'

'પહેલું સ્થુલ પ્રણાતિપાત વિરમણ વ્રત, અપરાધ વિના કોઈ પણ જીવનો વિકલ્પપૂર્વક વધ કરીશ નહિ, અને કરાવીશ નહિ.' બીજું સ્થુલ મૃષાવાદ વિરમણ વ્રત, પાંચ પ્રકારના મોટા અસત્ય બોલીશ નહિ. ૧. કન્યા ૨. ગાય ૩. ભૂમિ સંબંધી ૪. થાપણ સંબંધી અને ૫. ખોટી સાક્ષી.' ત્રીજું સ્થુલ અદત્તાદાન વિરમણ વ્રત્ત, અપરાધી સિવાય, કોઈ પણ વસ્તુ આપ્યા સિવાય ગ્રહણ કરવી નહિ.' ચોથું સ્થુલ બ્રહ્મચર્ય વ્રત, સ્વપત્નીઓ મૂકીને કાયાથી જાવજીવનું શીલવ્રત પાળીશ. પારકી સ્ત્રીને ભોગવીશ નહિ.' પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત, નવવિધ પરિગ્રહમાં ત્રણ ખંડના રાજ્ય સિવાયનું પરિગ્રહ ઓછો કરીશ. ધન, ધાન્ય, રૂપું–સુવર્ણ, ખેતરો, મહેલો, બે પગવાળા અને ચાર પગવાળા આદિના માટે આ પ્રમાણે પ્રમાણ કર્યું છે.' છઠ્ઠા દિગ્ વિરમણ વ્રતમાં, ત્રણ ખંડમાં, નીચે એક કોસથી વધારે નહિ. ઊંચે વૈતાઢ્ય ભૂમિને મૂકીને, શ્રી જિનેશ્વરદેવની યાત્રા સિવાય જઈશ નહિ.'

'સાતમું ભોગોપભોગ વિરમણ વ્રતમાં, અનંતકાય, અભક્ષ્ય, ભોજન, પાણીનો ત્યાગ. વસ્ત્રો અને આભૂષણોનું માન કરવું. સચિત્ત વસ્તુઓનો ત્યાગ. કંદ, સુરણકંદ, લિલી હળદર, લિલો કચુરો, સતાવલી, વીરાલી, કુમાર પાઠું, થોર, ગળો, વિરૂધ, લસણ, વાંસ, કારેલું, ગાજર, લોએણની ભાજી, લોઢની ભાજી, ગિરિકરણ, કોમળ પાન, કીશલય,

કોમળ વનશેરૂગ, થેગ, અલમુથા, ભૂમિરૂઆ, વથુલાની ભાજી, પલ્યંકની ભાજી, કોમળ આંબલી એમ ૩૨ અનંતકાયનો ત્યાગ.'

'૧. મધ ૨. મદિરા ૩. માંસ ૪. માખણ ૫. ઉંદુબર વૃક્ષના પાંચ અંગો, રાત્રિ ભોજન, બોળ અથાણું, બોળ અદા, હીમ, કરા, કાચા દહીં-દૂધ-છાશ સાથે કઠોળ, તે વિદલ કહેવાય. ફુગવાળું, ચલિત રસવાળું, અજ્ઞાત ફળ, તુચ્છ ફળ, બહુબીજ. એ પ્રમાણે ૨૨ અભક્ષ્યનો ત્યાગ.'

'૧૫ કરમાદાન. અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ગાડી, અશ્વ આદિ ભાડેથી ફેરવવા ખેતી, બોરીંગ, પૃથ્વી ખોદાવવી, દંત વાણિજ્ય, કસ્તુરી, દાંતવાળા, પીંછા, ઊન, હાલતા ચાલતા પ્રાણીના અંગનો વેપાર ન કરવો. મદ્ય, માખણ, માંસ, દૂધ, ઘૃત, તેલ આદિનો વેપાર ન કરવો. વિષ, અફીણ, સોમલ ઝેર, શસ્ત્ર, હળ, કોદાળી, પાવડા આદિનો વેપાર ન કરવો.

'જીન, ઘંટી ઘાણી, પશુ-પંખીના પુચ્છ કાપવા, પીઠ ગાળવી, ડામ દેવા, ખસી કરવી, દવ, ધન, ખેતરમાં અગ્નિ, કુવા-તળાવ ઉલેચવા, નહેર કાઢવી, પાણી સુકવવું, અસતીનું પોષણ, મેના-પોપટ, વેશ્યા આદિને પોષવી અને તેમની કમાણી લેવી આદિ ધંધાનો ત્યાગ.'

'આઠમું અનર્થદંડ વિરમણ વ્રતઃ—આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન, પાપનો ઉપદેશ ન કરવો. હિંસક વસ્તુઓનું દાન ન દેવું, પ્રમાદ ન કરવો. શસ્ત્ર, અગ્નિ, સાંબેલા યંત્ર, ઔષધ, પક્ષિઓનું યુદ્ધ આદિ કરીશ નહિ, કરાવીશ નહિ.

'નવમું સામાયિક વ્રતઃ—આર્ત, રૌદ્ર ધ્યાન મૂકીને, મુહૂર્ત માત્ર (૪૮ મીનીટ) સમભાવમાં યથાશક્તિ રહીશ.' ૧૦ મું દેશાવકાશિક વિરમણ વ્રતઃ—દિશિવ્રતનું પરિમાણ, દિવસે સંક્ષેપ કરીશ અને રાત્રિના અભિગ્રહ કરીશ.' ચઉદ નિયમમાં ભોજન, વિગઈ, વાહન, સચિત્ત વસ્તુઓનો ત્યાગ, દિશા આદિનું વર્જવું. દ્રવ્ય, તંબોળ, આસન,

વિલેપન, પગરખા, સ્નાન, સુગંધી, બ્રહ્મચર્ય, ૧–૨ સચિત્તનો ત્યાગ, વિગઈ ૨–૩ સિવાયનો ત્યાગ, ચાર પગવાળા, ફળ, ફુલ આદિની જયણા. શય્યા, પાંચ, આસન આઠ, દ્રવ્ય દશ.'

'અગીયારમું પૌષધોપવાસ વ્રતઃ—ચાર પર્વીમાં પાપ કર્મનો વેપાર ન કરીશ, ન કરાવીશ. ચાર પ્રકારે પૌષધ કરીશ.' બારમું અતિથી સંવિભાગ વ્રતઃ—તે દિવસે અતિથી, સાધુ–સાધ્વીજીને આહાર, પાણી, વસતિ, શયન, આસન, વસ્ત્ર, પાત્ર આપીશ.' એ પ્રમાણે પાંચ અણુવ્રતો, ચાર શિક્ષાવ્રતો અને ત્રણ ગુણવ્રતો, એમ બાર વ્રતો.'

'બાકીના શેષ આરંભોમાં ત્રસ, થાવર, જીવોની યતનાપૂર્વક રક્ષા કરીશ.' 'રાજા, ગુરુ, ગણ સમુદાયના બળે, દેવના બળે, અભિયોગે, જયણા, વ્રતના કારણે વનમાં જવાનું, સર્વ પ્રકારના સમાધિના કારણ સિવાય મને નિયમ છે.' અરિહંત, સિદ્ધ, સાધુ, સમ્યગ્દ્રષ્ટિ દેવોના અને સ્વ–સાક્ષીએ મેં ધર્મ ગ્રહણ કર્યો છે.' શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજે ગ્રહણ કર્યો.

'જેમાં સમ્યક્ત્વ મૂળ, છે,–ગુણરૂપી કયારો છે, જેમાં શીલરૂપી પ્રવાલ છે, વ્રતરૂપી જેની શાખાઓ છે, એવો શ્રાવક ધર્મ જે શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન છે.' 'શાશ્વત સુખ આપનાર મને ફળો.' એમ કહીને ગુણચંદ્રથી યુક્ત ગુરુ મહારાજને નમસ્કાર કરીને, પ્રતાપસિંહ રાજર્ષિ આદિ નવદીક્ષિત સાધુઓ અને સૂર્યવતી આદિ સાધ્વીજી આદિ પ્રત્યેકને નમસ્કાર કરીને, જેમની આંખમાંથી આંસુ ઝરી રહ્યા છે, એવા શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજ તેઓના ગુણને યાદ કરતા મહેલમાં ગયા. ચંદ્રકળા મહાપટ્ટરાણી આદિ સ્વમહેલમાં ગઈ. શ્રી સુવ્રતાચાર્ય આદિએ રાજાની અનુમતિ લઇને પૃથ્વીતલ ઉપર વિહાર કર્યો.

શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજ શ્રાવક ધર્મ પાળતા, આકાશગામિની વિદ્યાથી જેમાં આદિમાં ભાઈ છે, એવા શ્રીસંઘથી યુક્ત શ્રી સિદ્ધક્ષેત્ર આદિ શાશ્વત તીર્થ ક્ષેત્રોની અને વિંધ્યાચલ, નંદીશ્વર આદિ શાશ્વત

તીર્થોની યાત્રા કરી. પિતાના દીક્ષા લીધા બાદ ૧૮ લબ્ધિઓથી યુક્ત સ્વરાજ્ય સુખેથી કરતા ઘણો કાળ ગયો. જેમની બુદ્ધિ દેદીપ્યમાન છે એવા શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજ ધર્મરાજ્ય પાળે છે.'

પ્રતાપસિંહ રાજર્ષિ, સૂર્યવતી સાધ્વીજી આદિ શુદ્ધ ચારિત્ર પાળીને એકાવતારી થયા. એ સ્થાને વિશેષ શુદ્ધિ અર્થે શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજે મહાન સ્તુપો કરાવીને સર્વ દેશોમાં રથયાત્રા કરાવી. પદ્મિની ચંદ્રકળા મહાપટ્ટરાણી આદિ રાણીઓએ જુદી રથયાત્રા કરાવી.

ક્રમથી શ્રી 'શ્રીચંદ્ર' રાજાધિરાજને ૧૬૦૦ પુત્ર-પુત્રીઓ થઈ. તેમાં સત્તર અદ્‌ભુત પુત્રો થયા. આદિમાં પુર્ણચંદ્ર, ભાગ્યશાળી કનકસેન આદિ ભાઇઓથી યુક્ત અતિ ધર્મવાન થયા! શ્રી 'શ્રીચંદ્ર' રૂપી ઈન્દ્ર બાર વર્ષ કુમારપણામાં સર્વ કળાઓ પ્રાપ્ત કરી. એકસો વર્ષ એકછત્રી રાજ્યને પાળીને, વૈરાગ્યથી યુક્ત મનવાળાએ વરવીરને શ્રીગિરિમાં શ્રીચંદ્રપુર નગરનું રાજ્ય આપ્યું. સ્વયં દીક્ષાની ઈચ્છાવાળા શ્રી 'શ્રીચંદ્રે' કુશસ્થળે ચંદ્રકળાના પુત્ર પુર્ણચંદ્રનો અતિ વિસ્તારથી પટ્ટાભિષેક કર્યો. કનકસેનને કનકપુરનો રાજ્યભિષેક કરીને, નવલક્ષ દેશનો રાજા કર્યો.

વૈતાઢ્ય ગિરિની ઉત્તર અને દક્ષિણ શ્રેણીનું રાજ્ય રત્નચુલાના પુત્રને આપ્યું. રત્નપુરનું રાજ્ય રત્નમાલાના પુત્રને આપ્યું. મદનચંદ્રને મલયદેશનું રાજ્ય આપ્યું. તારાચંદ્રને નંદીપુરનું રાજ્ય આપ્યું. એ પ્રમાણે સ્વપુત્રોને કોઈ દેશનું રાજ્ય આપીને, તેમને સ્થાપીને શ્રી 'શ્રીચંદ્ર' રાજરાજેન્દ્ર ૯ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને, ચંદ્રકળા આદિ રાણીઓ, ગુણચંદ્ર આદિ મંત્રીઓથી યુક્ત, આઠહજાર પુરૂષો અને ચારહજાર નારી સાથે શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી પાસે દીક્ષા લઈને, તેમની સાથે મુનિઓથી યુક્ત પૃથ્વીતળ ઉપર વિચરવા લાગ્યા.

શ્રી 'શ્રીચંદ્ર' રાજર્ષિ દ્વાદશાંગી ભણ્યા અને અતિ દારૂણ તપ તપીને, આઠ વર્ષ છદ્મસ્થપર્યાય પાળીને, ચાર ઘાતીકર્મોને ખપાવીને અતિ ઉત્તમ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું દેવો અને રાજાએ મહાન મહોત્સવ

કર્યો. દેવોએ સુવર્ણનું કમળ અને સિંહાસન આદિ સર્વ કર્યું. શ્રી 'શ્રીચંદ્ર' કેવલિ હંમેશાં વિચરતા ૧૬ હજાર સાધુઓ અને ૮ હજાર સાધ્વીજીઓને કુલ ૨૪ હજાર ધર્મદેશનાની, શક્તિથી દીક્ષા આપી. અને ઘણાને સમકિત આદિ ક્રિયા દાને કરીને ઘણા શ્રાવકો બનાવ્યા.

ગુણચંદ્ર આદિ ઘણા સાધુઓ અને ચંદ્રકળા આદિ ઘણી સાધ્વીજીઓએ કર્મ ક્ષય કરીને, ઉત્તમ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કમલશ્રી અને મોહિની શીલવ્રત પાળીને, પહેલે દેવલોકે ગઈ! ત્યાંથી ચ્યવીને પછી મોક્ષ પ્રાપ્ત કરશે.'

શ્રી 'શ્રીચંદ્ર' પાંત્રીશ વર્ષનો કેવલિપર્યાય પાળીને, ભવ્ય જીવોને પ્રતિબોધને કરતા, સંપૂર્ણ આયુષ્ય ૧૫૫ વર્ષનું પરિપૂર્ણ કરીને નિર્વાણપદને પ્રાપ્ત કર્યું.

(શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુની શીતલ છાયામાં અને અસીમ કૃપાથી પ્રભાતે ૧૧ વાગે આ પ્રકરણ અલ્પ લખાયું, ત્યાં તો દૈવી પુષ્પોની સુગંધ મહેકી ઉઠી! તે પાંચ મિનિટ ટકી! વીર સં. ૨૪૮૭ વિક્રમ સં. ૨૦૧૭ના ચૈત્રવદ ૫ ને ગુરુવારે બંગલીમાં ઉપર દેરાસરજીથી ૯૮ ડગલા દૂર! દેરાસરજીમાં તપાસ કરી, પરંતુ એવી સુગંધ કે પુષ્પો દેખાણા નહિ. અર્થાત્ શ્રી વર્ધમાન તપના પ્રેમી, શ્રી વર્ધમાનસૂરિનો જીવ હાલના અધિષ્ઠાયક શ્રી પાર્શ્વયક્ષ છે તે પાંચ મિનીટ પધાર્યા હતા, તેમના ગળામાં અને હસ્તમાં પુષ્પોની માળા હોય તેની મને સુગંધ આવી! શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુની કૃપા અને એમની સહાયથી પાંચમી આવૃત્તિ પ્રગટ થાય છે. એ સમયે પ્રથમ આવૃત્તિની પ્રેસ કોપી લખી રહ્યો હતો.)

૧૦૦ વર્ષ સુધી ત્રણ ખંડના સર્વ રાજાઓ જેમના ચરણકમળની સેવા કરી. ચંદ્રની જેમ એકછત્રી રાજને પાળતા એવા શ્રી 'શ્રીચંદ્ર' જયને પામો! જોગરૂપી શસ્ત્રથી આઠ કર્મોની ગાંઠો જેમણે ખપાવી, એવા શ્રી 'શ્રીચંદ્ર' કેવલિ જયને પામો! ભવિકરૂપી કમળને વિકસિત કરતા અને સૂર્યની પ્રમાણે બોધને કરતા જે વિચરે છે, એવા શ્રી

'શ્રીચંદ્ર' રાજઋષિને હું વંદુ છું ! ૧૫૫ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને, નિર્વાણરૂપી ધર્મતીર્થમાં જે સિદ્ધિપદને પામ્યા તે મહા શ્રી 'શ્રીચંદ્ર'ને હંમેશાં નમસ્કાર હો !' શ્રી 'શ્રીચંદ્ર'ના વખતે નવ હાથની કાયા હતી.

શ્રી 'શ્રીચંદ્ર' જ્ઞાનીએ જે સાધુ–સાધ્વીજીને દીક્ષા આપી તેમાંથી કેટલાએક કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે પધાર્યા, કેટલાક સર્વાર્થસિદ્ધ દેવવિમાન પ્રાપ્ત કર્યું. બાકીના સર્વ દેવલોકમાં ગયા. તેઓ એકાવતારી થઈને, સર્વ સિદ્ધપદને પ્રાપ્ત કરશે ! આ પ્રમાણે શ્રી આયંબિલ વર્ધમાન તપની કથા શ્રી વીરસ્વામીએ પહેલા શ્રેણીક મહારાજા પાસે કહી હતી, તે પ્રમાણે હે ચેટક ! તારા બોધ અર્થે, શ્રી 'શ્રીચંદ્ર' કેવલિ કથા મેં (ગૌતમસ્વામી ગણધરે) કહી છે.

શ્રી 'શ્રીચંદ્ર' કેવલિ ૮૦૦ ચોવીશી સુધી આ તપને કરતા જ્ઞાનીઓ દ્વારા વર્ણન કરાશે. ચેટક મહારાજા તપ કરવાને ઉદ્યમવાળા થયા. શ્રી સિદ્ધર્ષિગણિએ ૫૯૮ વર્ષ પ્રાકૃત ચરિત્ર રચીને, તેમાંથી આ સંસ્કૃત રચ્યું. જેમાં વિવિધ અર્થની રચના કરેલી છે, તેમાંથી ઉદ્ધૃત કરાએલી કથામાં, કાંઈ ઓછુ વધુ કહેવાયું હોય, તો તે મિથ્યા દુષ્કૃત થાઓ.'

જ્યાં દયારૂપી એલચી, ક્ષમારૂપી લવલી વૃક્ષ છે, સત્યરૂપી શ્રેષ્ઠ લવીંગ, કારૂણ્યરૂપી સોપારી તેણે જાણ્યું છે, ચુરણરૂપી તત્ત્વનો ઉદય છે.' હે ભવ્યજનો ! મુનિરૂપી કપુર, ઉત્તમ ગુણરૂપી શીલ, સુપાત્રનો સમૂહ, શ્રી જિનેશ્વરદેવે કહેલો એવો, ગુણને કરનાર એવા તાંબુલને ગ્રહણ કરો !'

'આ સંઘ ગુણોરૂપી રત્નોનો રોહણાચલ ગિરિ છે, સજ્જનોનું ભૂષણ છે, એ પ્રબલ પ્રતાપરૂપી સૂર્ય છે, મહામંગલ છે, ઈચ્છિત દાન દેનાર કલ્પવૃક્ષ છે ! ગુરુનો પણ ગુરુ છે. અને શ્રી જિનેશ્વરોથી પૂજાએલો છે ! તે શ્રી સંઘ લાંબા સમય સુધી જયને પામો !'

卐